G.U.P. 1412-350-3-66

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૬૬ના વર્ષની પ્રથમ સભા ગુરુવાર, તા. ૨૭-૧-૧૯૬૬ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને શુક્રવાર, તા. ૨૮-૧-૧૯૬૬ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ સંભાળ્યું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૨૭-૧-૧૯૬૬	૨૮-૧-૧૯૬૬
૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર	હાજર
૨. શ્રી. ક. ચં. પરીખ, રજિસ્ટ્રાર	હાજર	હાજર
૩. શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ	હાજર	હાજર
૪. આચાર્ય ફા. એચ. ડી. નોરોન્હા	હાજર	હાજર
૫. આચાર્ય ટી. એમ. પરીખ	હાજર	હાજર
૬. આચાર્ય એમ. ડી. માણેક	હાજર	હાજર
૭. ફા. ટી. બી. પટેલ	હાજર	હાજર
૮. આચાર્ય એચ. કે. બુખારી	હાજર	હાજર
૯. શ્રી. એસ. બી. પંડ્યા	હાજર	હાજર
૧૦. આચાર્ય ફા. એચ. જી. પંડ્યા	હાજર	હાજર
૧૧. પ્રો. બી. આર. શેનોય	ગેરહાજર	ગેરહાજર
૧૨. પ્રો. ઉમાશંકર જે. જોશી	ગેરહાજર	હાજર
૧૩. ફા. પી. એચ. પ્રભુ	હાજર	હાજર
૧૪. ફા. જે. જે. ચિનોય	હાજર	હાજર
૧૫. આચાર્ય વાય. ડી. ભાવે	ગેરહાજર	ગેરહાજર
૧૬. આચાર્ય એચ. એમ. શુકલ	હાજર	હાજર
૧૭. આચાર્ય એમ. એન. તોલાની	ગેરહાજર	ગેરહાજર
૧૮. આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર	ગેરહાજર

	તા. ૨૭-૧-૧૯૬૬	૨૮-૧-૧૯૬૬
૧૯. આચાર્ય ડૉ. એચ. એ. ડિસોઝા	ગેરહાજર	ગેરહાજર
૨૦. શ્રી. ડી. આર. ભાંકડ	ગેરહાજર	ગેરહાજર
૨૧. શ્રી. ડી. ડી. માલવણિયા	હાજર	હાજર
૨૨. ડૉ. સી. આર. નાયક	હાજર	હાજર
૨૩. ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૨૪. ડૉ. ડી. એચ. સુતરિયા	હાજર	હાજર
૨૫. ડૉ. તારાબહેન પટેલ	હાજર	હાજર
૨૬. આચાર્ય આઈ. વી. ત્રિવેદી	હાજર	હાજર
૨૭. આચાર્ય ડૉ. કે. જી. નાયક	ગેરહાજર	હાજર
૨૮. આચાર્ય ય. પ્રા. શુક્લ	ગેરહાજર	હાજર
૨૯. ડૉ. લીલાબહેન સી. શાહ	હાજર	હાજર
૩૦. શ્રી. સી. પી. પટેલ	હાજર	હાજર
૩૧. શ્રી. વી. જે. ત્રિવેદી	હાજર	હાજર
૩૨. શ્રી. જયવંત ઠાકર	હાજર	હાજર
૩૩. આચાર્ય એ. એચ. આઈ. બોરા	હાજર	હાજર
૩૪. આચાર્ય ડૉ. કે. જી. દેસાઈ	હાજર	હાજર
૩૫. આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર
૩૬. આચાર્ય સી. જે. પટેલ	હાજર	ગેરહાજર
૩૭. આચાર્ય ડી. એમ. શીખ	હાજર	હાજર
૩૮. શ્રી. એમ. પી. પંડ્યા	હાજર	હાજર
૩૯. આચાર્ય ડી. જી. વશી	ગેરહાજર	ગેરહાજર
૪૦. આચાર્ય એન. એમ. પરીખ	હાજર	હાજર
૪૧. શ્રી. જી. એસ. દેસાઈ	હાજર	ગેરહાજર
૪૨. ડૉ. પી. સી. વૈદ્ય	હાજર	હાજર
૪૩. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક	હાજર	હાજર
૪૪. આચાર્ય ડૉ. એન. એમ. શાહ	હાજર	હાજર
૪૫. આચાર્ય જે. ડી. ઓઝા	હાજર	હાજર
૪૬. આચાર્ય બી. પી. મેનન	હાજર	હાજર
૪૭. આચાર્ય ડૉ. સી. સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૪૮. આચાર્ય એસ. આર. મહેતા	હાજર	હાજર
૪૯. આચાર્ય એમ. સી. શાહ	હાજર	હાજર
૫૦. આચાર્ય ડૉ. કે. એમ. તલાટી	હાજર	હાજર
૫૧. આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર
૫૨. આચાર્ય એચ. એસ. સંધની	હાજર	હાજર
૫૩. આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર	હાજર

	તા. ૨૭-૧-૧૯૬૬	તા. ૨૮-૧-૧૯૬૬
૫૪. શ્રી. ટી. એ. દેસાઈ	ગેરહાજર	હાજર
૫૫. આચાર્ય પી. એસ. કુલવચવાળા	હાજર	ગેરહાજર
૫૬. ડૉ. એચ. એચ. શાહ	હાજર	ગેરહાજર
૫૭. ડૉ. એસ. એમ. સેન	હાજર	ગેરહાજર
૫૮. આચાર્ય ડૉ. સી. એસ. શાહ	હાજર	હાજર
૫૯. ડૉ. એ. એમ. મલાવવાલા	હાજર	હાજર
૬૦. ડૉ. જી. એ પટેલ	ગેરહાજર	ગેરહાજર
૬૧. શ્રી. આર. જે. ખારા	હાજર	હાજર
૬૨. આચાર્ય એ. આર. દેસાઈ	હાજર	હાજર
૬૩. આચાર્ય વી. એ. વ્યાસ	ગેરહાજર	હાજર
૬૪. આચાર્ય જે. બી. સાણ્ડિલ્ય	હાજર	ગેરહાજર.

૧. તા. ૧૯-૧૧-૧૯૬૫ના રોજ મળેલ એકૅડેમિક કાઉન્સિલની ૧૯૬૫ના વર્ષની પાંચમી સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૭-૧૧-૧૯૬૫ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૬૫ની ચોથી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

તે પછી શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ સૂચવ્યું કે, કેટલીક અભ્યાસસમિતિઓ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫(૨) પ્રમાણે જે ત્રણ સભ્યોને કો-ઑપ્ટ કરવાના હોય છે તે બધા જ સભ્યો પ્રત્યેક જે તે બોર્ડ પર કો-ઑપ્ટ થયા ન હોય તે સંજોગોમાં તે બોર્ડના અધ્યક્ષની થયેલી ચૂંટણી કાનૂનશુદ્ધ છે કે કેમ તે મુદ્દા અંગે કુલપતિશ્રીને ઘટતો પત્ર લખીને ચોખવટ મંગાવવી.

ઉપકુલપતિશ્રીએ સંમતિ દર્શાવી કે, તે અંગે કુલપતિશ્રીને ઘટતો પત્ર લખીને ચોખવટ માગવામાં આવશે.

૨. માર્ચ-એપ્રિલ ૧૯૬૬માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિક-પરીક્ષકોની નિમણૂકો અંગે જુદી જુદી વિદ્યાશાખાની પરીક્ષા-સમિતિઓએ પ્રાશ્નિક-પરીક્ષકોનાં નામોની કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણોની નોંધ લેવી અને ઘટતું કરવા માટે સિન્ડિકેટને મોકલી આપવી.

(ભલામણોની નકલ આ સાથે સામેલ કરવામાં આવી નથી.)

૩. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર અને ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે જોડાણની અરજીઓના સામાન્ય સંદર્ભમાં એમ સૂચવવામાં આવ્યું કે, જે શ્રેણીના અને જે વિષયના અભ્યાસક્રમના શિક્ષણ માટે જોડાણ આપવાની ભલામણ કરવામાં આવે તે શ્રેણીના અને વિષયના શિક્ષણ માટે જરૂરી શિક્ષકગણની નિમણૂકોની આવશ્યકતા હોય તે શરતમાં બતાવવામાં આવે, પણ તે પૈકીના જે કક્ષાના શિક્ષક કે શિક્ષકો હોય તે કક્ષાના શિક્ષક કે શિક્ષકોની વધારાની નિમણૂકો કાર્યબોજ અંગેના નિયમો જોતાં જરૂરી હોય તે જ નિમણૂકો વધારાની કરવાની રહેશે.

(નોંધ.—ઉપર જણાવેલ સ્પષ્ટતા જોડાણ અંગેની બધી કૉલેજોની અરજીઓને લાગુ પાડવામાં આવે, પણ તેનો ઉલ્લેખ બધા ઠરાવોમાં જુદો કરવાની જરૂર નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં (૧) સમાજશાસ્ત્ર, અને (૨) ભૂગોળના વિષયોમાં તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:
   (૧) આગામી શૈક્ષણિક વર્ષના આરંભથી સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૨) ભૂગોળના એક પ્રાધ્યાપક
   (૩) ભૂગોળના એક વ્યાખ્યાતા;
૨. ભૂગોળની પ્રયોગશાળા માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૩. કૉલેજના ગ્રંથાલય માટે રૂા. ૩,૦૦૦નો વાર્ષિક આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. ઓછામાં ઓછા પચીસ(૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૪. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં હિંદી, સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.માં અંગ્રેજીનું વધારાનું જોડાણ આપવા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, હિન્દી અને સમાજશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ, તથા બી.એ.(સંયો.)માં અંગ્રેજીનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. અંગ્રેજીના તથા મનોવિજ્ઞાનના એક એક વધારાના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;
૨. અંગ્રેજીના વિષયનાં પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા માટે જુદો ખંડ તથા ફર્નિચર વગેરેની જોગવાઈ કરવામાં આવે.

૫. શ્રી હરિવલ્લભ કાળિદાસ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી પત્રકારિત્વના ડિપ્લોમા માટે બંને વર્ષ, નાટ્યના ડિપ્લોમા અને બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(રૂપે.)માં સમાજશાસ્ત્ર તથા પત્રકારિત્વ અને નાટ્યવિદ્યાના ડિપ્લોમાના અભ્યાસક્રમો માટે કાયમી જોડાણ; અને બી.એ.(ગૌણ)માં

ગણિતના વિષયમાં તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધી વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(૧) કૉલેજના પુસ્તકાલયમાં પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૨) ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૬. શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન; તથા બી.એ.માં ફારસી, ઉર્દૂ, રાજ્યનીતિશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(રૂપે.)માં અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાન; તથા બી.એ.(જન.)માં ફારસી, ઉર્દૂ, રાજ્યનીતિશાસ્ત્ર, ગણિત, આંકડાશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના વિષયોમાં તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) તત્ત્વજ્ઞાન માટે એક પ્રાધ્યાપક

(૨) ઉર્દૂ માટેના એક વ્યાખ્યાતા

(૩) સંસ્કૃત તથા હિન્દી માટે અલગ અલગ પૂરા સમયના વ્યાખ્યાતાઓ;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૭. સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી પ્રથમ વર્ષ બી.એ. સુધીના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન; તથા બી.એ.(સબો.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, હિંદી, સંસ્કૃત, અર્ધમાગધી, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સરસપુર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને એફ.વાય.બી.એ. સુધીનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં હિન્દી, સંસ્કૃત, અર્ધમાગધી, રાજ્યનીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના વિષયોમાં તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧ નીચેની વધારાની નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૨) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૩) ગુજરાતીના એક પ્રાધ્યાપક

(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા

(૫) મનોવિજ્ઞાનના બે વ્યાખ્યાતા (જેમાંથી એક મનોવિજ્ઞાનના પ્રયોગો લઈ શકે તેવા હોવા જોઈએ.)

(૬) સ્ટેટિસ્ટિકસના એક વ્યાખ્યાતા

(૭) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૮) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૯) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૧૦) હિન્દીના એક વ્યાખ્યાતા

(૧૧) અર્ધમાગધીના એક વ્યાખ્યાતા;

૨. અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને ગુજરાતી સ્પેશિયલ વિષયો તરીકે શીખવવા માટે પુસ્તકાલયમાં તે પ્રત્યેક વિષયના રૂા. ૨,૦૦૦ તથા ગૌણ વિષયો હિંદી, સંસ્કૃત, અર્ધમાગધી, રાજ્યનીતિ-શાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર—એ પ્રત્યેક વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦(ત્રણ હજાર)નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કૉલેજના અત્યારના મકાનમાંથી બાલમંદિર તાત્કાલિક ખસેડવું જોઈએ અને જૂન ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર થશે તેવી બાંયધરી આપવામાં આવે;

૫. મનોવિજ્ઞાનનો સ્પેશિયલ વિષય શીખવવા માટે મનોવિજ્ઞાનની પ્રયોગશાળા તા. ૧૫મી જૂન ૧૯૬૬ સુધીમાં પ્રયોગોનાં સાધનોથી સજ્જ થવી જોઈએ;

૬. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૮. ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુરને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન, હિન્દી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ, અંગ્રેજી, અર્થશાસ્ત્ર અને ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, ગાંધીધામ આર્ટ્સ કૉલેજ, આદિપુર, નીચેની શરતનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને હિન્દી; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ, અંગ્રેજી અને ગુજરાતીના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૯. માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ગુજરાતી, અંગ્રેજી, ઇતિહાસ, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ; તથા બી.એ.(સબો.)માં હિન્દી, મનોવિજ્ઞાન અને અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, માતુશ્રી વીરબાઈમા મહિલા કૉલેજ, રાજકોટ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ગુજરાતી, અંગ્રેજી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ; તથા બી.એ.(સબો.)માં હિન્દી, મનોવિજ્ઞાન, ઇતિહાસ તથા ભૂગોળના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) ઇતિહાસના વિષય માટે એક પ્રાધ્યાપક
(૨) સમાજશાસ્ત્રના વિષયમાં પૂરા સમયના એક પ્રાધ્યાપક
(૩) સંસ્કૃતના એક પ્રાધ્યાપક
(૪) તત્ત્વજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૫) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૬) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૭) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૮) ઇતિહાસ તથા અંગ્રેજી અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિષયો.માં વધતા કાર્યભાર અનુસાર વધારાના એક એક વ્યાખ્યાતા;

૨. ઇતિહાસનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. જરૂરી વધારાના ખંડોની જોગવાઈ કરવામાં આવે.

૧૦. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, તત્ત્વજ્ઞાન અને માનસશાસ્ત્ર; બી.એ.(સબો.)માં સંસ્કૃત અને રાજ્યશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સંસ્કૃત; તથા બી.એ. (સબો.)માં સમાજશાસ્ત્ર, હિન્દી, ઇતિહાસ અને અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, તત્ત્વજ્ઞાન અને મનોવિજ્ઞાન; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત અને રાજ્યનીતિશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર અને સંસ્કૃત; તથા બી.એ. (સબો.)માં હિન્દી, ઇતિહાસ અને અંગ્રેજીનું વધારાનું જોડાણ તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮

સુધી આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક, એક વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
(૨) રાજ્યશાસ્ત્રના એક પ્રાધ્યાપક અને એક ટ્યૂટર
(૩) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક, એક વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
(૪) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા (જેઓ મનોવિજ્ઞાનના પ્રયોગો લઈ શકે તેવા હોવા જોઈએ)
(૫) તત્ત્વજ્ઞાનના એક પ્રાધ્યાપક, એક વ્યાખ્યાતા અને એક ટ્યૂટર
(૬) સંસ્કૃતના એક પ્રાધ્યાપક અને એક ટ્યૂટર
(૭) ગુજરાતીના એક પ્રાધ્યાપક અને એક ટ્યૂટર
(૮) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૯) અંગ્રેજીના એક વ્યાખ્યાતા;

૨. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૩. હાલના મકાનમાં વિનયન વિભાગ માટે મધ્યમ કદના વધારાના ૧૪ ઓરડાઓ ઉમેરવામાં આવે;

૪. વિદ્યાર્થીઓ માટે અલગ ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૫. અધ્યાપકો માટે હાલ છે તેને બદલીને સુસજ્જ ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૬. વિદ્યાર્થિનીઓના હાલના ખંડને બદલે સંલગ્ન બાથરૂમ, સંડાસ ઇત્યાદિ સુવિધાવાળા ખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૭. કૉલેજના વિકાસને માટે જરૂરી ભંડોળ ઊભું કરવાની તથા ખોટને પહોંચી વળવાની સંચાલકો તરફથી લેખિત બાંયધરી આપવામાં આવે;

૮. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૧૨. શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોરડીને જૂન ૧૯૬૬થી ફર્સ્ટ ઇયર બી.એ. તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ, માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોરડી, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને એફ.વાય.બી.એ.; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ અને મનોવિજ્ઞાનના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના પૂરા સમયના એક વ્યાખ્યાતા

(૨) અર્થશાસ્ત્રના ખંડ સમયના એક વ્યાખ્યાતા

(૩) ગુજરાતીના ખંડ સમયના એક વ્યાખ્યાતા અથવા ટ્યૂટર;

૨. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૧૨. વિદ્યામંદિર કૉલેજ ફૉર વિમેન, સુરતને જૂન ૧૯૬૬થી એફ.વાય.બી.એ.નું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન, ગુજરાતી, ઇતિહાસ; તથા બી.એ.(સમે.)માં ગૃહવિજ્ઞાન, હિંદી, સંસ્કૃત, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યામંદિર કૉલેજ ફૉર વિમેન, સુરત, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને એફ.વાય.બી.એ. સુધીનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન, ગુજરાતી અને ઇતિહાસ; તથા બી.એ.(સમે.)માં હિન્દી, સંસ્કૃત, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) ગૃહવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક

(૩) ઇતિહાસના એક પ્રાધ્યાપક

(૪) હિન્દીના એક વ્યાખ્યાતા

(૫) મને.વિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૬) સંસ્કૃતના એક વ્યાખ્યાતા

(૭) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. ગ્રંથાલય માટે વધારાના જોડાણના મુખ્ય વિષયો—ગૃહવિજ્ઞાન, ઇતિહાસ અને ગુજરાતી—એ પ્રત્યેક વિષય દીઠ રૂા. ૨,૦૦૦ની તથા ગૌણ વિષયો—હિન્દી, સંસ્કૃત, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર—એ પ્રત્યેક વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે વધારાના રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૧૩. સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી એફ.વાય. બી.એ. તથા બી.એસસી.નું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૅ.)માં રસાયણશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન તથા પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સી. યુ. શાહ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એસસી. સુધીના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:

(૧) હાલના રટાફ ઉપરાંત એક વધારાના ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક જરૂર પ્રમાણે કરવામાં આવે
(૨) યોગ્ય રીતે લાયકાત ધરાવતા શારીરિક તાલીમના શિક્ષક;

૨. રસાયણો અને સાધનો માટે રૂા. ૧૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. જૂન ૧૯૬૭થી એસ.વાય.બી.એસસી. અને જૂન ૧૯૬૮થી ટી.વાય.બી.એસસી.ના વર્ગો ચાલુ કરવામાં આવશે એની લેખિત બાંયધરી સંચાલકમંડળ તરફથી આપવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આગળના વર્ગો ચાલુ કરવા અંગેની બાંયધરીનું પાલન કરવામાં તેનું સંચાલકમંડળ નિષ્ફળ જશે તો કૉલેજને આગળનાં વર્ષો માટે ચાલુ તથા વધારાનું જોડાણ આપવા માટેની અરજી પર ભવિષ્યમાં કોઈ વિચારણા થઈ શકશે નહિ તેની સમજથી આ જોડાણ માટે ભલામણ કરવામાં આવે છે, તેની કૉલેજના સંચાલકમંડળને જાણ કરવી.

૧૪. ગુજરાત કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી બી.એસસી.(રૂપે.)માં આંકડાશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને મનોવિજ્ઞાનનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, તથા બી.એ.(સબો.)માં આંકડાપદ્ધતિ; તથા બી.એસસી. (રૂપે.)માં આંકડાશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૨. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૧૫. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢને જૂન ૧૯૬૬થી બી.એસસી.(ગૌણ)માં વનસ્પતિ-વિજ્ઞાન; તથા બી.એસસી.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રનું વધારાનું જોડાણ; તથા બી.એસસી.

(જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર; તથા બી.એસસી. (રસે.)માં વનસ્પતિવિજ્ઞાન અને બી.એસસી (જન.)માં પ્રાણીવિજ્ઞાનના વિષયો શીખવવા તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. સમાજશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૧૬. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં હિન્દી; તથા બી.એ.(સંસ્કૃ.)માં સમાજશાસ્ત્ર; તથા બી.એસસી.(રસે.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી ચાલુ જોડાણ મેળવવા માટે આવેલ અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ, નીચેની શરતનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં હિંદી; તથા બી.એ.(સંસ્કૃ.)માં સમાજશાસ્ત્ર; અને બી.એસસી.(રસે.)માં ભૌતિકવિજ્ઞાનના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૫થી ગણી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

પુસ્તકો તથા સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૧૭. પેટલાદ કૉલેજ, પેટલાદને જૂન ૧૯૬૬થી બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્ર, પ્રાણીવિજ્ઞાન; તથા બી.એ.(સંસ્કૃ.)માં મનોવિજ્ઞાનનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રસે.)માં વનસ્પતિવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, પેટલાદ કૉલેજ, પેટલાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્રનું અને પ્રાણીવિજ્ઞાનનું; તથા બી.એ. (સંસ્કૃ.)માં મનોવિજ્ઞાનના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રસે.)માં વનસ્પતિવિજ્ઞાન અને ભૌતિક-વિજ્ઞાનના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬ થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:

(૧) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક તથા એક ડેમોન્સ્ટ્રેટર

(૨) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક;

૨. ગ્રંથાલય માટે વંચારાના જોડાણના મુખ્ય વિષયો—વનસ્પતિવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન એ પ્રત્યેકમાં રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૬૦,૦૦૦નો ખર્ચ નીચે પ્રમાણે કરવામાં આવે :

રૂા. ૩૦,૦૦૦ વનસ્પતિવિજ્ઞાનની પ્રયોગશાળા માટે

રૂા. ૩૦,૦૦૦ ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા માટે;

૫. વનસ્પતિવિજ્ઞાનનો બાગ વિકસાવવામાં આવે.

૧૮. આર. આર. લાલન કૉલેજ, ભૂજને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગણિત; બી.એસસી.(રૂપે.)માં ગણિત; બી.એ.(સમો.)માં રાજ્યશાસ્ત્ર, ફારસી અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, આર. આર. લાલન કૉલેજ, ભૂજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી અને ગણિત; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સમો.)માં રાજ્યશાસ્ત્ર અને ફારસી તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકશાસ્ત્ર અને બી.એ.(સમો.)માં આંકડાશાસ્ત્રના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વંચારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા તથા એક ટ્યૂટર

(૨) હિન્દીના એક વ્યાખ્યાતા (બંડ સમયના)

(૩) ફારસીના પૂરા સમયના એક વ્યાખ્યાતા

(૪) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા

(૫) ગુજરાતીના એક ટ્યૂટર

(૬) રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક અને બે ડેમોન્સ્ટ્રેટર

(૭) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક અને એક ડેમોન્સ્ટ્રેટર

(૮) જીવવિજ્ઞાનના એક પ્રાધ્યાપક અને એક ડેમોન્સ્ટ્રેટર

(૯) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક અને એક ટ્યૂટર;

૨. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૧૯. જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન; બી.એ.(સમો.)માં અંગ્રેજી, સંસ્કૃત, ફારસી, ઇતિહાસ, હિંદી, રાજ્યશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ અને ગણિતશાસ્ત્ર; તથા

બી.એસસી.(સપ્ટે.)માં રસાયણવિજ્ઞાન; બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિ-વિજ્ઞાન અને ગણિતશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત અને ફારસી; તથા બી.એસસી.(સપ્ટે.)માં વનસ્પતિવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને ભૂસ્તરવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન; તથા બી.એ.(સમો.)માં અંગ્રેજી, સંસ્કૃત, ફારસી, ઇતિહાસ, હિન્દી, રાજ્યનીતિશાસ્ત્ર, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(સપ્ટે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન તથા ગણિત શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, સંસ્કૃત, ફારસી અને હિન્દી; તથા બી.એસસી.(સપ્ટે.)માં વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને ભૂસ્તરવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૨) પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એક પ્રાધ્યાપક અને એક વ્યાખ્યાતા
(૩) સંસ્કૃતના એક પ્રાધ્યાપક તથા બે વ્યાખ્યાતા
(૪) ફારસીના એક પ્રાધ્યાપક તથા બે વ્યાખ્યાતા
(૫) હિન્દીના એક પ્રાધ્યાપક
(૬) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક તથા એક વ્યાખ્યાતા
(૭) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૮) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક તથા એક વ્યાખ્યાતા
(૯) ભૂસ્તરવિજ્ઞાનના એક પ્રાધ્યાપક, એક વ્યાખ્યાતા તથા એક ડેમોન્સ્ટ્રેટર;

૨. ગ્રંથાલય માટે વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે તથા જૂની શરતોની બોટ પેટેનાં પુસ્તકો તાત્કાલિક વસાવવામાં આવે :

(૧) અંગ્રેજી
(૨) પ્રાચીન ભારતીય સંસ્કૃતિ
(૩) સંસ્કૃત
(૪) ફારસી
(૫) હિન્દી
(૬) વનસ્પતિવિજ્ઞાન
(૭) ગણિત
(૮) ભૌતિકવિજ્ઞાન, અને
(૯) ભૂસ્તરવિજ્ઞાન;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૭૦,૦૦૦નો ખર્ચ નીચે પ્રમાણે કરવામાં આવે:

(૧) વનસ્પતિવિજ્ઞાનની પ્રયોગશાળા માટે ... રૂા. ૩૦,૦૦૦
(૨) ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા માટે ... રૂા. ૩૦,૦૦૦
(૩) ભૂસ્તરવિજ્ઞાનની પ્રયોગશાળા માટે ... રૂા. ૧૦,૦૦૦;

૫. જૂન ૧૯૬૬ સુધીમાં કૉલેજનું ચાલુ બાંધકામ તથા વધારાના વર્ગો અને પ્રયોગશાળાનું બાંધકામ પૂરું કરવામાં આવે.

૨૦. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં માનસશાસ્ત્રનું કાયમી જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધી ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં આંકડાશાસ્ત્રનો વિષય શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:
(૧) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) આંકડાશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. મનોવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્રનાં પુસ્તકો માટે વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. મનોવિજ્ઞાનના પ્રાયોગિક કામ માટે હાલ છે તે ઉપરાંત રૂા. ૨,૦૦૦નાં વધુ સાધનો વસાવવામાં આવે તથા આંકડાશાસ્ત્રના પ્રાયોગિક કામ માટે દર ત્રણ વિદ્યાર્થી દીઠ એક કૅલકયુલેટિંગ મશીન ખરીદવામાં આવે;

૫. આંકડાશાસ્ત્રની લેબોરેટરી માટે અલાયદો ખંડ ફાળવવામાં આવે;

૬. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૨૧. બાલાભાઈ દામોદરદાસ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી બી.એ.(સોશિ.)માં અર્ધમાગધી, ફારસી અને ઇતિહાસ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, બી. ડી. કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પરિપાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર; તથા બી.એસસી.(સ્પે.)માં ગણિતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૨) ગણિતના એક પ્રાધ્યાપક
   (૩) સમાજશાસ્ત્રના એક પૂરા સમયના વ્યાખ્યાતા તથા એક ટ્યૂટર;

૨. સમાજશાસ્ત્ર તથા ગણિતનાં પુસ્તકો માટે વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછી પચીસ (૨૫) વિદ્યાર્થિનીઓ રહી શકે તેનું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૨૨. ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગરને જૂન ૧૯૬૬થી બી.એસસી. (પ્રિન્સિ.)માં રસાયણશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર; બી.એસસી.(સબો.)માં ભૌતિકશાસ્ત્ર અને વનસ્પતિશાસ્ત્ર; તથા બી.એ.(જન.)માં પરિશયનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગર, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એ.(સબો.)માં ફારસીના વિષયના અભ્યાસક્રમ માટે તા. ૧૫-૫-૧૯૬૬થી કાયમી જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં રાજ્યશાસ્ત્ર અને સંસ્કૃત; તથા બી.એસસી.(સ્પે.)માં વનસ્પતિ-વિજ્ઞાનના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) રાજ્યશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૨) સંસ્કૃતના એક પ્રાધ્યાપક
   (૩) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૪) રાજ્યશાસ્ત્રના એક ટ્યૂટર
   (૫) સંસ્કૃતના એક ટ્યૂટર
   (૬) વનસ્પતિવિજ્ઞાન માટે જરૂર પ્રમાણેના ડેમોન્સ્ટ્રેટરો
   (૭) ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક તથા ફારસીના ટ્યૂટરની ખાલી જગાઓ પૂરવામાં આવે;

૨. રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત તથા વનસ્પતિવિજ્ઞાનનાં પુસ્તકો માટે વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. વનસ્પતિવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૨૩. એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગરને જૂન ૧૯૬૬થી બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનનું કાયમી જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત અને રાજ્યશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગર, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ.(સમો.)માં અંગ્રેજી, ગણિત, સંસ્કૃત, હિન્દી, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ અને રાજ્યનીતિશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૫થી ગણી તા. ૧૪-૬-૧૯૭૧ સુધી ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી અને મનોવિજ્ઞાન; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા ગણિત; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધી ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, રાજ્યનીતિશાસ્ત્ર તથા ગણિત; તથા બી.એસસી.(રૂપે.)માં વનસ્પતિવિજ્ઞાન તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) સંસ્કૃતના એક પ્રાધ્યાપક
(૨) રાજ્યનીતિશાસ્ત્રના એક પ્રાધ્યાપક તથા એક વ્યાખ્યાતા
(૩) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક તથા એક ડેમોન્સ્ટ્રેટર
(૪) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા તથા એક ડેમોન્સ્ટ્રેટર;

૨. સંસ્કૃત, રાજ્યનીતિશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનનાં પુસ્તકો માટે વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રાણીવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૪૫,૦૦૦નો ખર્ચ નીચે પ્રમાણે કરવામાં આવે :
(૧) વનસ્પતિવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૩૦,૦૦૦
(૨) પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૧૫,૦૦૦.

૨૪. પાટણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, હિન્દી, અર્ધમાગધી અને અંગ્રેજી; બી.એ. (સમો.)માં હિન્દી, ઇતિહાસ; બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર,

વનસ્પતિવિજ્ઞાન; અને બી.એસસી.(સ્પે.)માં ભૌતિકશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, રસાયણશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ એમ. એન. સાયન્સ અને શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને અંગ્રેજી; તથા બી.એ.(સમો.)માં ઇતિહાસ; અને બી.એસસી.(સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને રસાયણવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૨) અર્થશાસ્ત્રના એક પૂર્ણ સમયના પ્રાધ્યાપક
   (૩) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૪) જરૂર પ્રમાણેના ડેમોન્સ્ટ્રેટરો;

૨. પુસ્તકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો વાર્ષિક આવર્તક ખર્ચ કરવામાં આવે.

૨૫. સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસ સાયન્સ કૉલેજ અને સોમાલાલ કસ્તૂરચંદ અને શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાને જૂન ૧૯૬૬થી બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાન તથા બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સર પી. ટી. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી. એસ. કે. શાહ એન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનમાં તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસના વિષય માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેના નિમણૂકો કરવામાં આવે :
   (૧) ઇતિહાસના એક પ્રાધ્યાપક
   (૨) ઇતિહાસના એક વ્યાખ્યાતા
   (૩) ઇતિહાસના એક ટ્યૂટર;

૨. ઇતિહાસનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. રેક્ટરને માટે ભાડામુક્ત યોગ્ય રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૨૬. લલ્લુભાઈ હકમચંદ સાયન્સ અને સાંકળચંદ હાથીભાઈ આર્ટ્સ ઇન્ટરમીડિયેટ કૉલેજ, માણસાને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર; હિન્દી, ઇતિહાસ અને મનોવિજ્ઞાન બી.એ.(સંયો.)માં અંગ્રેજી; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણ-વિજ્ઞાનનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

"આથી ફરાવવામાં આવે છે કે, લલ્લુભાઈ હકમચંદ સાયન્સ અને સાંકળચંદ હાથીભાઈ આર્ટ્સ કૉલેજ, માણસા, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી, મનોવિજ્ઞાન, સંસ્કૃત, ગણિતશાસ્ત્ર; તથા બી.એ.(સંયો.)માં અંગ્રેજી, સંસ્કૃત; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ; તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનમાં તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધી વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક પૂરા સમયના પ્રાધ્યાપક
(૨) ભૌતિકવિજ્ઞાનના એક પૂરા સમયના પ્રાધ્યાપક
(૩) ઇતિહાસના એક પૂરા સમયના પ્રાધ્યાપક
(૪) સંસ્કૃતના એક પૂરા સમયના પ્રાધ્યાપક
(૫) વનસ્પતિવિજ્ઞાનના એક પૂરા સમયના પ્રાધ્યાપક
(૬) હિન્દીના એક પૂરા સમયના પ્રાધ્યાપક
(૭) મનોવિજ્ઞાનના પૂરા સમયના પ્રાધ્યાપક
(૮) અંગ્રેજીના યોગ્ય લાયકાત ધરાવતા એક વ્યાખ્યાતા
(૯) ઇતિહાસના યોગ્ય લાયકાત ધરાવતા એક વ્યાખ્યાતા
(૧૦) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા અને એક ડેમોન્સ્ટ્રેટર
(૧૧) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા અને એક ડેમોન્સ્ટ્રેટર;

૨. ગ્રંથાલય માટે ઇતિહાસ, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના વિષયોમાં પ્રત્યેક વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે તથા પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા માટે અસ્તાયદા ખંડની વ્યવસ્થા કરવામાં આવે અને તે માટે જરૂરી પ્રયોગનાં સાધનો વસાવી લેવામાં આવે;

૪. ભૌતિકવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાનની પ્રયોગશાળાઓ નીચે પ્રમાણે રૂા. ૬૦,૦૦૦ના ખર્ચે સુસજ્જ કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાન ... રૂા. ૩૦,૦૦૦
(૨) વનસ્પતિવિજ્ઞાન ... રૂા. ૩૦,૦૦૦.

૨૭. શ્રી. ઉમેદરામ પંચાલ આર્ટ્સ કૉલેજ એન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, અર્થશાસ્ત્ર; બી.એ.(સંયો.)માં અંગ્રેજી, ઇતિહાસ, મનોવિજ્ઞાન તથા સમાજશાસ્ત્ર; અને બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર; અને બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ઉમેદરામ પંચાલ આર્ટ્સ કૉલેજ એન્ડ સર્વોદય સાયન્સ કૉલેજ, પિલવાઈ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સંયો.)માં અંગ્રેજી, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને સમાજશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન વિષય શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. અર્થશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. મુખ્ય વિષયોમાં ગ્રંથાલય સમૃદ્ધ બનાવવા માટે યોગ્ય ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. છાત્રાલયમાં સેનિટરી બ્લોકની વ્યવસ્થા કરવામાં આવે.

૨૮. શેઠ હીરાલાલ પ્રભુદાસ આર્ટ્સ અને શ્રીમતી શાન્તાબહેન મોતીલાલ શંકરલાલ પંચાલ સાયન્સ ઇન્ટરમીડિયેટ કૉલેજ, તલોદને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં હિંદી, અંગ્રેજી; તથા બી.એ.(સંયો.)માં મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્ર; બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સંયો.)માં હિંદી, સંસ્કૃત; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્રનું કાયમી જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ એચ. પી. આર્ટ્સ અને એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિંદી, અંગ્રેજી; તથા બી.એ.(સંયો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(૧) સમાજશાસ્ત્રના એક અધ્યાતાની નિમણૂક કરવામાં આવે;

(૨) સમાજશાસ્ત્રનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે, તથા દરેક મુખ્ય વિષયમાં કુલ રૂા. ૨,૦૦૦નાં અને ગૌણ વિષયમાં કુલ રૂા. ૧,૦૦૦નાં પુસ્તકો થાય તેટલો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) ભૌતિકવિજ્ઞાન તથા રસાયણવિજ્ઞાન માટે ખૂટતાં પી. એચ. મીટર વગેરે સાધનો ખરીદવામાં આવે;

(૫) રેક્ટર માટે ભાડામુક્ત યોગ્ય રહેઠાણ માટેની વ્યવસ્થા કરવામાં આવે.

૨૯. શેઠ પુરુષોત્તમદાસ ઠાકુરદાસ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, ગણિતશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, મનોવિજ્ઞાન, હિંદી, ઇતિહાસ, સમાજશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણ-વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, કીટાણુવિજ્ઞાનનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને સંસ્કૃત; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, મનોવિજ્ઞાન, હિંદી અને ઇતિહાસ; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને કીટાણુવિજ્ઞાનનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગણિત; અને બી.એસસી.(રૂપે.)માં કીટાણુવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાનનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) કીટાણુવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૨) કીટાણુવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૩) કીટાણુવિજ્ઞાનના એક ટ્યૂટર

(૪) કીટાણુવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર

(૫) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર;

૨. કીટાણુવિજ્ઞાનનાં પુસ્તકો તથા સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૩૦. શ્રી. વિઠ્ઠલભાઈ શિવાભાઈ પટેલ કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરાને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિંદી, ગણિતશાસ્ત્ર; બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, ઇતિહાસ, સંસ્કૃત, આંકડાશાસ્ત્ર; બી.એસસી. (રૂપે.)માં આંકડાશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, રસાયણવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, અને વનસ્પતિવિજ્ઞાનનું કાયમી જોડાણ આપવા આવેલી અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે આ કૉલેજની સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આવ્યેથી જોડાણ ી શરતો સુચવતો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ ઘડવા અંગે ઘટતું કરવા અંગે ઉપકુલપતિશ્રીને સત્તા આપતા.

૩૧. પારેખ ધ્રુધર્સ આર્ટ્સ એન્ર સાયન્સ કૉલેજ, કપડવંજને જૂન ૧૯૬૬થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, અર્ધમાગધી, ફારસી, અંગ્રેજી, હિન્દી, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(મુખ્ય)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (ગૌણ)માં ભૌતિકવિજ્ઞાન, અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, પારેખ ધ્રધર્સ સાયન્સ કૉલેજ એન્ડ શાહ કેશવલાલ સોમાભાઈ આર્ટ્સ કૉલેજ, કપડવંજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, હિંદી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, અર્ધમાગધી, ફારસી, અંગ્રેજી, હિંદી, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાન તથા પ્રાણીવિજ્ઞાનનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક

(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૩) હિંદીના એક પ્રાધ્યાપક

(૪) ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક

(૫) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૬) પ્રાચીન ભારતીય સંસ્કૃતિના એક વ્યાખ્યાતા

(૭) અર્ધમાગધીના એક વ્યાખ્યાતા

(૮) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૯) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૧૦) ફારસીના એક ટ્યૂટર

(૧૧) ગણિતશાસ્ત્રના એક ટ્યૂટર;

૨. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૩૨. શ્રી કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલીને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર; બી.એ.(સબો.)માં હિંદી, મનોવિજ્ઞાન, રાજ્યનીતિશાસ્ત્ર; અને તત્ત્વજ્ઞાન; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્ર અને રસાયણવિજ્ઞાન; અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, આ કૉલેજની સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આગેથી જોડાણની શરતો સૂચવતો એકૅડેમિક કાઉન્સિલનો ઠરાવ ઘડવા અંગે ઘટતું કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૩. મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળાને જૂન ૧૯૬૬થી બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા (જન.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન તથા પ્રાણીવિજ્ઞાનનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્રનું બી.એ.(સબો.)માં ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર અને સંસ્કૃતનું ચાલુ જોડાણ તથા બી.એ.(પ્રિન્સિ.)માં હિંદી અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી (જન.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન તથા પ્રાણીવિજ્ઞાનનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં હિંદી અને મનોવિજ્ઞાન; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) હિંદીના એક પ્રાધ્યાપક
(૨) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૩) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) હિંદીના એક વ્યાખ્યાતા
(૫) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૬) ગણિતના બે વ્યાખ્યાતા

(૭) હિંદીના એક ટચૂટર
(૮) મનોવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર
(૯) સંસ્કૃતના એક ટચૂટર
(૧૦) રસાયણવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર
(૧૧) અંગ્રેજીના એક ટચૂટર;

૨. અંધાલય માટે હિંદી, મનોવિજ્ઞાન અને ગણિત—એ પ્રત્યેક વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. મનોવિજ્ઞાન માટે યોગ્ય પ્રયોગશાળા રૂા. ૩,૦૦૦ના ખર્ચે સજ્જ કરવામાં આવે;

૫. રસાયણવિજ્ઞાનની વધુ એક પ્રયોગશાળા અને એક ફિઝિકલ-કેમિસ્ટ્રીની પ્રયોગશાળાની જોગવાઈ કરવામાં આવે.

૩૬. ભવન્સ કૉલેજ, ડાકોરને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત તથા ગણિતશાસ્ત્ર; બી.એ.(સંયો.)માં આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્ર; અને બી.એસસી.(જન.)માં આંકડાશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં હિંદી તથા મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, ભવન્સ કૉલેજ, ડાકોર, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત તથા બી.એ.(સંયો.)માં ગણિતશાસ્ત્ર અને આંકડાપદ્ધતિ તથા બી.એસસી.(રૂપે.)માં ગણિત અને આંકડાશાસ્ત્રના વિષયો માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગણિત, હિંદી તથા મનોવિજ્ઞાન માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) હિંદીના એક પ્રાધ્યાપક
(૨) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૩) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતાની ખાલી જગ્યા પૂરવી, તથા ટચૂટરને બદલે વધારાના એક વ્યાખ્યાતા નીમવા;
(૫) મનોવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર:

૨. અંધાલય માટે હિંદી અને મનોવિજ્ઞાનના વિષયો માટે પ્રત્યેક વિષય દીઠ રૂા. ૨,૦૦૦; તથા પ્રાણીવિજ્ઞાન અને ભૂસ્તરવિજ્ઞાનના વિષયો માટે વિષય દીઠ રૂા. ૧,૦૦૦; તથા ગણિતના વિષય

માટે એસ.વાય.બી.એસસી. અને ટી.વાય.બી.એસસી. કક્ષાનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. દર ત્રણ વિદ્યાર્થી દીઠ એક કૅલ્યુલેટિંગ મશીન ખરીદવામાં આવે; તથા આંકડાશાસ્ત્રની પ્રયોગશાળામાં પૂરતા પ્રમાણમાં ફર્નિચર વસાવવામાં આવે;

૫. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા માટે અલગ રૂમ અને રૂા. ૩,૦૦૦ પ્રયોગ-સામગ્રી, ચાર્ટ્સ મૉડેલ્સ વગેરે વસાવવામાં આવે;

૬. છાત્રાલયના ગૃહપતિ માટે છાત્રાલય નજીક ભાડામુક્ત યોગ્ય રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૩૫. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, બારડોલીને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ.(ગૌણ)માં સંસ્કૃત, હિંદી, મનોવિજ્ઞાન અને ઇતિહાસ; બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સમો.)માં અંગ્રેજી; તથા બી.એસસી.(મુખ્ય)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકુર કૉલેજ માટેની સ્થાનિક તપાસ સમિતિનો અહેવાલ આવ્યેથી જોડાણની શરતો સૂચવતો એકૅડેમિક કાઉન્સિલનો ઠરાવ ઘડવા માટે ઘટતું કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૩૬. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરને જૂન ૧૯૬૬થી ફર્સ્ટ યર બી.એ., તથા ફર્સ્ટ યર બી.એસસી.; તથા બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સમો.)માં અંગ્રેજી, હિંદી, ઇતિહાસ; તથા બી.એસસી.(મુખ્ય)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાનનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગણિતશાસ્ત્ર; તથા બી.એ.(સમો.)માં તત્ત્વજ્ઞાન અને રાજ્યશાસ્ત્ર તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. નટવરસિંહજી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, છોટા-ઉદેપુર, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; બી.એ.(સમો.)માં ઇતિહાસ, ગણિત, અંગ્રેજી, હિન્દી; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનનું **તા. ૧૫-૬-૧૯૬૬**થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, ગણિતશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં તત્ત્વજ્ઞાન, રાજ્યશાસ્ત્ર; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્રનું

તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) સંસ્કૃતના એક પ્રાધ્યાપક
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૩) ગણિતના એક પ્રાધ્યાપક
(૪) તત્ત્વજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૫) રાજ્યશાસ્ત્રના એક વ્યખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૮) રસાયણવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. ગ્રંથાલય માટે ગણિત, સંસ્કૃત અને ગુજરાતી — એ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો; તથા તત્ત્વજ્ઞાન અને રાજ્યનીતિશાસ્ત્ર — એ પ્રત્યેક વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૩૭. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સંયો.)માં ઇતિહાસ તથા મનોવિજ્ઞાન; બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સંયો.)માં ઇતિહાસ અને માનસશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાનનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૪) ગુજરાતીના એક ટ્યૂટર
(૫) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર
(૬) રસાયણશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા.

૨. ભૌતિકવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે તથા અગાઉના વર્ષોમાં પુસ્તકોની ખરીદીની ઊણપ પૂરી કરવા માટે રૂા. ૧૦,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬૬. એલ. એ. શાહ લૉ એન્ડ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી (૧) સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ, અને (૨) ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ એમ વિભાગીકરણ કરવા; તથા (૧) સર એલ. એ. શાહ લૉ કૉલેજને જે કાયમી જોડાણ મળેલ છે તે કાયમી રાખવા, તથા (૨) ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગુજરાતી, સંસ્કૃત, હિંદી, આંકડાશાસ્ત્ર તથા રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સર એલ. એ. શાહ લૉ એન્ડ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને જૂન ૧૯૬૬થી (૧) સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ, અને (૨) ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ — એમ વિભાગીકરણ કરવા, તથા (૧) સર એલ. એ. શાહ લૉ કૉલેજને દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો માટે જૂન ૧૯૬૬થી કાયમી જોડાણ આપવા, તથા (૨) ગુજરાત લૉ સોસાયટી

આર્ટ્સ કૉલેજને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ અને ગુજરાતી; તથા બી.એ. (સમો.)માં સંસ્કૃત, હિંદી, આંકડાશાસ્ત્ર તથા રાજ્યશાસ્ત્રના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. વિનયનની કૉલેજ માટે આચાર્યની નિમણૂક કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિનયન કૉલેજ માટે રૂા. ૩,૦૦૦ અને કાયદાની કૉલેજ માટે રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. વિનયન વિદ્યાશાખા માટે અંગ્રેજીનાં પુસ્તકો માટે રૂા. ૨,૫૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે પ્રત્યેક કૉલેજ માટે અલાયદી જોગવાઈ કરવામાં આવે તથા પ્રત્યેકના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૬૭. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટને જૂન ૧૯૬૬થી બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ, હિંદી, ભૂગોળ અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ, હિન્દી, ભૂગોળ અને સમાજશાસ્ત્રના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
(૧) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૨) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિનયન વિદ્યાશાખા માટે રૂા. ૩,૦૦૦નો તથા કાયદાની વિદ્યાશાખા માટે ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૬૮. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાને જૂન ૧૯૬૬થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ., સુધીના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. વિદ્યાર્થીઓની સંખ્યા વધે તો બે વધારાના વ્યાખ્યાતાઓની નિમણૂક કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણ માટે એક અલાયદો ખંડ કરવામાં આવે.

૬૯. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી ટી.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસ-સમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ, તથા શિક્ષણના ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) એક પ્રાધ્યાપક
   (૨) એક વ્યાખ્યાતા
   (૩) બે ટ્યૂટરો;

૨. શૈક્ષણિક સાધનો માટે વધારાના રૂા. ૨,૦૦૦ ખર્ચવામાં આવે;

૩. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૭૦. માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગરને જૂન ૧૯૬૬થી ટી.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસ-સમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને શિક્ષણના ડિપ્લોમા સુધીના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) એક પ્રાધ્યાપક
   (૨) એક વ્યાખ્યાતા
   (૩) બે ટ્યૂટરો;

૨. શૈક્ષણિક સાધનો માટે રૂા. ૨,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, શિક્ષણના ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે આ કૉલેજમાં ૩૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ.

૭૧. પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગરને જૂન ૧૯૬૬થી બી.એસસી. (સ્પે.)માં કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, પી. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ, ભાવનગર, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (જન.)માં

કીટાણુવિજ્ઞાનના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. કીટાણુવિજ્ઞાનના એક વ્યાખ્યાતા, એક ડેમોન્સ્ટ્રેટર તથા એક લેબોરેટરી આસિસ્ટન્ટની નિમણૂક કરવામાં આવે;
૨. ગ્રંથાલય માટે કીટાણુવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. ગ્રંથાલય માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નું આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૧૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;
૫. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળા માટે યોગ્ય કદના ખંડોની વ્યવસ્થા કરવામાં આવે."

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, આ કૉલેજને કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમ માટે વધુમાં વધુ ૪૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પરવાનગી આપવી.

૭૨. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરતને જૂન ૧૯૬૬થી બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ત્રણ વિદ્યાર્થી દીઠ એક કૅલ્કયુલેટિંગ મશીન વસાવવામાં આવે;
૨. આંકડાશાસ્ત્ર અને પ્રાણીવિજ્ઞાન એ દરેક વિષયનાં સામયિકો મંગાવવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૭૩. બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારીને જૂન ૧૯૬૬થી બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, કીટાણુવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(સમો.)માં રસાયણવિજ્ઞાન, કીટાણુવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો માટે કાયમી જોડાણ; તથા બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. બી. પી. બારિયા સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવસારી, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના વિષય માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા કીટાણુવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના વિષયો માટે તા. ૧૫-૬-૧૯૬૬થી કાયમી જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૨. રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિત માટે પૂર્વસ્નાતક કક્ષાનાં વધારે પુસ્તકો અને ચાર્ટ્સ વસાવવામાં આવે તથા ગણિતનાં સામયિકો મંગાવવામાં આવે;

૩. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વિજ્ઞાન કૉલેજ માટે અલાયદી વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્ય માટેનો સ્વતંત્ર ખંડ
(૨) શિક્ષકો માટેનો એક ખંડ
(૩) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ
(૪) કાર્યાલય માટેનો એક ખંડ;

૪. કૉલેજ માટે અલાયદા કાર્યાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૫. પ્રાણીવિજ્ઞાનના વિષય માટે પ્રાણીસંગ્રહસ્થાન માટે વધારાની જગ્યા ફાળવવામાં આવે;

૬. રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળામાં 'ફ્યુમિંગ'ની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે.

૭૪. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને જૂન ૧૯૬૬થી બી.એસસી.(સ્પે.)માં કીટાણુવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં બાયોકેમિસ્ટ્રીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (સ્પે. અને જન.)માં કીટાણુવિજ્ઞાન શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) કીટાણુવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૨) કીટાણુવિજ્ઞાનના એક લેક્ચરર
(૩) કીટાણુવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર તથા એક લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. કીટાણુવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળા માટે યોગ્ય માપના ખંડોની વ્યવસ્થા કરવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, કિટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમ માટે વધુમાં વધુ ૫૦ વિદ્યાર્થીઓ દાખલ કરવા આ કૉલેજને પરવાનગી આપવી.

૭૫. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદને જૂન ૧૯૬૬થી બી.એસસી. (પ્રિન્સિ.)માં વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર અને કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર અને કીટાણુવિજ્ઞાનના વિષયો શીખવવા માટેનું

તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક;
   (૨) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા માટે અલગ વ્યવસ્થા કરવામાં આવે;
૪. પ્રાણીવિજ્ઞાનના પ્રયોગો માટે જોઈતાં પ્રાણીઓ રાખવા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;
૫. મ્યુઝિયમ, હર્બેરિયમ, બોટેની ગાર્ડન વગેરેની સુવિધા વિકસાવવામાં આવે.

૭૬. એન. કે. એમ. સાયન્સ કૉલેજ, વલસાડને જૂન ૧૯૬૬થી બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનનું કાયમી જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, એન. કે. એમ. સાયન્સ કૉલેજ, વલસાડ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્રના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાનના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૨) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા;
૨. અગાઉનાં વર્ષોમાં પુસ્તકોની ખરીદીની ઊણપ પૂરી કરવા માટે જરૂરી પુસ્તકો ખરીદવામાં આવે અને પ્રાણીવિજ્ઞાનનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. પ્રયોગશાળાઓ માટે જરૂર મુજબ વધારાના ખંડોની જોગવાઈ કરવામાં આવે;
૫. પ્રયોગશાળા સુસજ્જ કરવા નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાન	...	૩૦,૦૦૦
(૨) વનસ્પતિવિજ્ઞાન	...	૩૦,૦૦૦
(૩) પ્રાણીવિજ્ઞાન	...	૧૫,૦૦૦
		કુલ રૂા. ૭૫,૦૦૦

૬. આચાર્ય તથા ગૃહપતિ માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૭૭. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો માટે કાયમી જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્રના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્રનો વિષય શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:
   (૧) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૨) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૩) આંકડાશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. ગણિતશાસ્ત્રનાં પુસ્તકો માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. આંકડાશાસ્ત્રની પ્રયોગશાળા માટે અલગ ખંડની જોગવાઈ કરવામાં આવે તથા ત્રણ વિદ્યાર્થી દીઠ એક કૅલ્કયુલેટિંગ મશીન ખરીદવામાં આવે;

૫. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૭૮. મહારાજા મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબીને જૂન ૧૯૬૬થી બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્ર તથા આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, મહારાજા શ્રી. મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબી, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્ર તથા આંકડાશાસ્ત્રના વિષયો શીખવવા તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:
   (૧) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૨) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૩) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૪) આંકડાશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર
   (૫) રસાયણવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. ગ્રંથાલય માટે રસાયણવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના વિષયો માટે વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૭૯. શ્રીમતી ભીખુબહેન ચંદુલાલ જલુન્ધવાલા સાયન્સ કૉલેજ, ખંભાતને જૂન ૧૯૬૬થી બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી ભીખુબહેન ચંદુલાલ જલુન્ધવાલા સાયન્સ કૉલેજ, ખંભાત, નીચેની શરતનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન વનસ્પતિવિજ્ઞાનના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધી ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૮૦. સાયન્સ કૉલેજ, કડીને જૂન ૧૯૬૬થી એફ.વાય.બી.એસસી.નું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સાયન્સ કૉલેજ, કડી, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને એફ.વાય.બી.એસસી. સુધીનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, અને પ્રાણીવિજ્ઞાનના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૨) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) ગણિતના એક વ્યાખ્યાતા
(૪) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૫) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૬) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૭) ગણિતના એક ટ્યૂટર
(૮) વધારાના કાર્યબોજ પ્રમાણે જરૂરી સંખ્યામાં ડેમોન્સ્ટ્રેટરો તથા લેબોરેટરી આસિસ્ટન્ટો;

૨. ગ્રંથાલય માટે, રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર વિષયો માટે, રૂા. ૨,૦૦૦નો તથા ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના વિષયો માટે વિષયદીઠ રૂા. ૧,૦૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે નીચે પ્રમાણે રૂા. ૮૫,૦૦૦નો ખર્ચ કરવામાં આવે :

(૧)	રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા માટે	રૂા. ૪૦,૦૦૦
(૨)	ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા માટે	રૂા. ૧૫,૦૦૦
(૩)	વનસ્પતિવિજ્ઞાનની પ્રયોગશાળા માટે	રૂા. ૧૫,૦૦૦
(૪)	પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા માટે	રૂા. ૧૫,૦૦૦
	કુલ	રૂા. ૮૫,૦૦૦

૫. કૉલેજના મકાન માટે નીચે મુજબની જરૂરી વધારાના ખંડોની વ્યવસ્થા કરવામાં આવે :

(૧) જરૂરી વર્ગખંડો
(૨) દરેકમાં ૩૦ વિદ્યાર્થીઓ કામ કરી શકે એવી ત્રણ પ્રયોગશાળા માટેના ખંડો
(૩) ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા માટેના ખંડો
(૪) ગ્રંથાલય માટે એક મોટો ખંડ.

૮૧. મંગળદાસ જેસિંગભાઈ કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરને જૂન ૧૯૬૬થી બી.કૉમ.માં એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, બૅંકિંગ, ઇકૉનોમિક્સ ઑફ કૉટન, આંકડાશાસ્ત્ર અને ટ્રાન્સપોર્ટના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.કૉમ.માં (૧) એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, (૨) બૅંકિંગ, (૩) ઇકૉનોમિક્સ ઑફ કૉટન, (૪) સ્ટેટિસ્ટિક્સ, અને (૫) ટ્રાન્સપોર્ટના વિષયોમાં તા. ૧૫-૬-૧૯૬૬થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષક નીમવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૮૨. શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને જૂન ૧૯૬૬થી બી.કૉમ.માં આંકડાશાસ્ત્રનો અભ્યાસક્રમ શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ

આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(૧) પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૨) ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૮૩. શ્રીમતી જી. જે. કૉમર્સ કૉલેજ, મોરબીને જૂન ૧૯૬૬થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શેઠ ગુલાબ જમનાદાસ કૉમર્સ કૉલેજ, મોરબી, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) બૅંકિંગના એક પ્રાધ્યાપક

(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૩) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક

(૪) ગુજરાતીના એક વ્યાખ્યાતા

(૫) બૅંકિંગના એક વ્યાખ્યાતા

(૬) એકાઉન્ટન્સીના એક ટ્યૂટર;

૨. ગ્રંથાલય માટે બૅંકિંગના વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૮૪. વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજને જૂન ૧૯૬૬થી ફર્સ્ટ ઇયર બી.કૉમ. તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગમાં તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) કૉમર્સના એક પ્રાધ્યાપક

(૨) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક

(૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૪) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક
(૫) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) કૉમર્સના એક વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ટી.વાય.બી.કૉમ.ના વર્ગ માટે એક વધારાના વર્ગ-ખંડની જોગવાઈ કરવામાં આવે.

૮૫. પ્રભુદાસ ઠક્કર કૉમર્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી ફર્સ્ટ ઇયર બી.કૉમ.; તથા ફર્સ્ટ ઇયર બી.એસસી.નું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રભુદાસ ઠક્કર કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એસસી. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના એક પ્રાધ્યાપક
(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) વાણિજ્યના એક પ્રાધ્યાપક
(૪) વાણિજ્યના એક વ્યાખ્યાતા
(૫) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૬) હિન્દીના એક વ્યાખ્યાતા
(૭) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૮) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૯) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૦) બે પૂરા સમયના કેમિસ્ટ્રીના ડેમોન્સ્ટ્રેટરો;

૨. અગાઉનાં વર્ષોમાં પુસ્તકોની ખરીદીની ઊણપ પૂરી કરવા માટે રૂા. ૬,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે અને એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ માટે રૂા. ૨,૦૦૦નાં પુસ્તકો ખરીદવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. પ્રયોગની તૈયારી માટેના ખંડની તથા વિજ્ઞાનના વર્ગ-ખંડોમાં નિર્દેશન કરી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવે;

૬. જૂન ૧૯૬૭થી એસ.વાય.બી.એસસી. અને જૂન ૧૯૬૮થી ટી.વાય.બી.એસસી.ના વર્ગો ચાલુ કરવામાં આવશે એવી લેખિત બાંયધરી સંચાલક મંડળ તરફથી આપવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આગળના વર્ગો ચાલુ કરવા માટેની બાંયધરીનું પાલન કરવામાં કૉલેજનું સંચાલક મંડળ નિષ્ફળ જશે તો કૉલેજને આગળનાં વર્ષો માટે ચાલુ તથા વધારાનું જોડાણ આપવા માટેની અરજી પર ભવિષ્યમાં કોઈ વિચારણા થઈ શકશે નહિ તેવી સમજથી આ જોડાણ આપવામાં આવ્યું છે તેની કૉલેજના સંચાલક મંડળને જાણ કરવી.

૮૬. શ્રી. એમ. પી. શાહ મ્યુનિસિપલ કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ લૉ જામનગરને જૂન ૧૯૬૬થી બી.કૉમ.માં એડવાન્સ્ડ અૅકાઉન્ટિંગ અૅન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકુર કૉલેજ માટેની સ્થાનિક તપાસ સમિતિનો હેવાલ આવ્યેથી જોડાણની શરતો સૂચવતો એકૅડેમિક કાઉન્સિલનો ઠરાવ ઘડવા માટે ઘટતું કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૮૭. શ્રી. એમ. પી. શાહ કૉમર્સ અૅન્ડ લૉ કૉલેજ, સુરેન્દ્રનગરને જૂન ૧૯૬૬થી ફર્સ્ટ ઇયર બી.કૉમ. તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ અૅકાઉન્ટિંગ; તથા ફર્સ્ટ એલએલ.બી.નું ચાલુ જોડાણ; તથા સેકન્ડ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. પી. શાહ કૉમર્સ અૅન્ડ લૉ કૉલેજ, સુરેન્દ્રનગર, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.કૉમ. તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ અૅકાઉન્ટિંગ અૅન્ડ ઑડિટિંગ તથા ફર્સ્ટ એલએલ.બી.ના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા સેકંડ એલએલ.બી.ના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) વાણિજ્યના એક પ્રાધ્યાપક

(૨) મર્કન્ટાઇલ લૉના એક પ્રાધ્યાપક

(૩) કાયદાના એક પ્રાધ્યાપક

(૪) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૫) વાણિજ્યના એક વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વાણિજ્ય વિદ્યાશાખા માટે રૂા. ૩,૦૦૦નો તથા કાયદાની વિદ્યાશાખા માટે રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૮૮. એચ. જે. લૉ કૉલેજ, ભાવનગરને જૂન ૧૯૬૬થી પ્રથમ અને દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, એચ. જે. લૉ કૉલેજ, ભાવનગર, નીચેની શરતનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને દ્વિતીય એલએલ.બી. સુધીના વર્ગો માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

ગ્રંથાલય માટે પ્રતિવર્ષ રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૮૯. સરદાર વલ્લભભાઈ રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, સુરતને જૂન ૧૯૬૬થી બી.ઈ.(સિવિલ, મિકેનિકલ એન્ડ ઇલેક્ટ્રિકલ)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સરદાર વલ્લભભાઈ રીજિયોનલ કૉલેજ ઑફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી, સુરતને બી.ઈ.(સિવિલ, મિકેનિકલ એન્ડ ઇલેક્ટ્રિકલ)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૯૦. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરને જૂન ૧૯૬૬થી દ્વિતીય અને તૃતીય વર્ષ એમ.બી., બી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને દ્વિતીય અને તૃતીય એમ.બી.,બી.એસ. સુધીના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની જગ્યાઓ પર નિમણૂકો કરવામાં આવે :
   (૧) એનેટોમીના એક પ્રોફેસર
   (૨) ફિઝિયોલોજીના એક પ્રોફેસર
   (૩) પેથોલોજીના એક પ્રોફેસર
   (૪) ઓપ્થાલ્મોલોજીના એક પ્રોફેસર
   (૫) રેડિયોલોજીના એક પ્રોફેસર
   (૬) ઑર્થોપેડિક્સના એક પ્રોફેસર
   (૭) મેડિસિનના બે પ્રોફેસર
   (૮) સર્જરીના બે પ્રોફેસર
   (૯) પેથોલોજીના બે વ્યાખ્યાતા
   (૧૦) ફાર્મેકોલોજીના એક વ્યાખ્યાતા
   (૧૧) પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિનના એક વ્યાખ્યાતા

(૧૨) મેડિસિનના ચાર વ્યાખ્યાતા
(૧૩) ઇ-ફેકિશયસ ડિસીઝના એક વ્યાખ્યાતા
(૧૪) પેડિયાટ્રિકસના એક વ્યાખ્યાતા
(૧૫) સર્જરીના ચાર વ્યાખ્યાતા
(૧૬) રેડિયોલોજીના બે વ્યાખ્યાતા
(૧૭) ડેન્ટિસ્ટ્રીના એક વ્યાખ્યાતા
(૧૮) એનેસ્થેસિયોલોજીના એક વ્યાખ્યાતા
(૧૯) ખાલી પડેલી જુનિયર લેક્ચરરની જગ્યાઓ;

૨. કૉલેજ-હૉસ્પિટલમાં ૭૦૦ પથારીઓ સુધીની વ્યવસ્થા કરવામાં આવે.

૯૧. શ્રીમતી નાથીબા હરગોવિંદદાસ લક્ષ્મીચંદ મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ.બી., બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી નાથીબા હરગોવિંદદાસ લક્ષ્મીચંદ મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ; નીચેની શરતનું પાલન તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ.બી.બી.એસ.ના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેનું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૯૨. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૬થી તૃતીય બી.ડી.એસ.ના ચાલુ જોડાણ તથા ચતુર્થ બી.ડી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને તૃતીય બી.ડી.એસ. સુધીના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ તથા ચતુર્થ બી.ડી.એસ.ના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની ખાલી જગ્યાઓ પૂરવામાં આવે:
(૧) ઓરલ સર્જરીના એક પ્રાધ્યાપક
(૨) પીરિયોડોન્શિયાના એક પ્રાધ્યાપક
(૩) ઓર્થોડોન્શિયાના એક પ્રાધ્યાપક
(૪) ઑપરેટિવ ડેન્ટિસ્ટ્રીના એક પ્રાધ્યાપક
(૫) ઓરલ ડાયેગ્નોસિસના એક સીનિયર લેક્ચરર

(૬) તે ઉપરાંત પીરિયોડોન્શિયા અને પ્રિવેન્ટિવ ડેન્ટિસ્ટ્રી એ બે વિષયોમાં એક એક સીનિયર લેક્ચરરની નવી જગ્યા કાઢવામાં આવે અને તે જગ્યાઓ પર જૂન ૧૯૬૭ સુધીમાં નિમણૂકો કરવાની બાંયધરી આપવામાં આવે;

૨. ૨૦ વધારાની ડેન્ટલ ખુરસીઓ તથા વધારાના ૨૦ યુનિટો માટે વ્યવસ્થા કરવામાં આવે;

૩. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવું છાત્રાલય ન હોય તો તે માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૯૩. ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરતને જૂન ૧૯૬૬થી તૃતીય એમ.બી.,બી.એસ.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરત, નીચેની શરતનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને તૃતીય એમ.બી.,બી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરી:

નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે:

(૧) ફિઝિયોલોજીના એક પૂર્ણ સમયના પ્રાધ્યાપક
(૨) એનેટોમીના એક વ્યાખ્યાતા
(૩) ફિઝિયોલોજીના એક વ્યાખ્યાતા
(૪) ફાર્મેકોલોજી અને પેથોલોજીમાં ખાલી જગ્યાઓ પૂરવામાં આવે
(૫) મેડિસિન અને સર્જરીમાં હાઉસમેન અને રજિસ્ટ્રારોની વ્યવસ્થા કરવામાં આવે.
(૬) ગાયનેકોલોજીના શિક્ષકોની ખાલી જગાઓ પૂરવામાં આવે.

૯૪. નવીનચંદ્ર મફતલાલ એગ્રિકલ્ચર કૉલેજ, નવસારીને જૂન ૧૯૬૬થી એફ.વાય.-બી.એસસી.(એગ્રિ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, નવીનચંદ્ર મફતલાલ એગ્રિકલ્ચર કૉલેજ, નવસારી, નીચેની શરતનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને એફ.વાય.બી.એસસી. (એગ્રિ.) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા એસ.વાય.બી.એસસી (એગ્રિ.)સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરી:

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે:
(૧) એગ્રોનોમીના એક વ્યાખ્યાતા
(૨) બોટેનીના એક વ્યાખ્યાતા
(૩) ફિઝિક્સના એક વ્યાખ્યાતા

(૪) એગ્રિ. કેમિસ્ટ્રીના એક વ્યાખ્યાતા
(૫) એગ્રિ. ઇકોનોમિક્સના એક વ્યાખ્યાતા
(૬) એગ્રોનોમીના એક ડેમોન્સ્ટ્રેટર
(૭) બોટેનીના એક ડેમોન્સ્ટ્રેટર
(૮) એનિમલ સાયન્સના એક ડેમોન્સ્ટ્રેટર
(૯) એગ્રિ. કેમિસ્ટ્રીના એક ડેમોન્સ્ટ્રેટર
(૧૦) એગ્રિ. ઇકોનોમિક્સના એક ડેમોન્સ્ટ્રેટર
(૧૧) એગ્રિ. આસિસ્ટન્ટ કુલ ૧૦.

૬૫. એલ. ડી. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદને જૂન ૧૯૬૬થી પીએચ.ડી.માં પ્રાકૃત, સંસ્કૃત અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમો શીખવવા માટે માન્યતા ચાલુ રાખવા માટેની અરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિર, અમદાવાદને પ્રાકૃત, સંસ્કૃત અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિષયોમાં પીએચ.ડી.ના અભ્યાસક્રમો માટેની માન્યતા તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધી ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાગૃહની સંમતિથી બાબત ક્રમાંક ૧૪૯ની વિચારણા હાથ ધરવામાં આવી.

૧૪૯. કલેક્ટર, દમણ તરફથી જૂન ૧૯૬૬થી દમણ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ માટે આવેલ જોડાણઅરજી તથા તે પર સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

સદરહુ કૉલેજના જોડાણ અંગે રાજ્ય સરકાર તરફથી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫(૪) હેઠળ જરૂરી મંજૂરી આપી છે તેની નોંધ લઈને, ઠરાવવામાં આવે છે કે, ગવર્નમેન્ટ ઑફ ગોવા, દમણ અને દીવ તરફથી દમણ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૬ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૭ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૫) હિંદીના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) તર્કશાસ્ત્ર અને માનસશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) ઇતિહાસ અને રાજ્યવ્યવસ્થાના એક વ્યાખ્યાતા
(૯) ગણિતના એક વ્યાખ્યાતા
(૧૦) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૧૧) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૨) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૩) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન એ પ્રત્યેકને માટે એક એક ડેમોન્સ્ટ્રેટર
(૧૪) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન એ પ્રત્યેકને માટે એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ
(૧૫) એક વ્યાયામ શિક્ષક;

[નોંધ:—(૧) ઉપર જણાવેલા વિષયો સિવાયના વિષયો શીખવવા ઇચ્છતા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી.
(૨) આચાર્ય જે વિષય શીખવવાની લાયકાત ધરાવતા હોય તે વિષય માટે જુદા શિક્ષક નીમવાની જરૂર નથી.]

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્યનો એક ખંડ
(૨) કાર્યાલય માટેનો એક ખંડ
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો એક ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો એક ખંડ
(૬) ગ્રંથાલય માટેનો એક ખંડ
(૭) વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ સ્કેવર ફૂટ પ્રમાણે) વર્ગ તથા ટ્યૂટોરિયલ ખંડો અને પ્રયોગશાળા માટેના ખંડો;

૩. મે ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવાની સંસ્થા તરફથી બાંયધરી આપવામાં આવે;

૪. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૬. રમતગમત માટે સુયોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે;

૭. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

પુસ્તકો	...	રૂા. ૫,૦૦૦
સંદર્ભગ્રંથો	...	રૂા. ૧,૦૦૦
સામયિકો	...	રૂા. ૧,૦૦૦
		(કુલ રૂા. ૧૪,૦૦૦);

૮. આચાર્ય અને ગૃહપતિ માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૬૬. આ યુનિવર્સિટી તરફથી લેવાતી જે તે પરીક્ષાઓના વિષયોમાં કે હેડ ઑફ પાસિંગમાં જ્યાં જ્યાં પાસ થવાનું ઘોરણ ટકાવારી પ્રમાણે મુકરર કરેલું હોય છે ત્યાં ત્યાં ટકાવારી ગણતાં અપૂર્ણાંક આવે ત્યારે ૫ કે તેથી વધારે આવે તો તેને વધુ એક ગણીને

અને જો ·૫ કરતાં ઓછા હોય તો તે અપૂર્ણાંક ગણતરીમાં ન લેવા અંગેના કાર્યાલયે સૂચવેલ ઑર્ડિનન્સ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૪૨–એ મંજૂર કરવા, તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(ઑર્ડિ. ૧૪૨–એનો પાઠ આ સાથે પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૯૭. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૨૨–૯–૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"ત્રણ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમના સંદર્ભમાં (૧) એમ.એ., ભાગ ૧ અને ભાગ ૨ નો ગુજરાતી વિષયનો અભ્યાસક્રમ; તથા (૨) એમ.એ., ભાગ ૧ની ૧૯૬૭ના વર્ષમાં લેવાનાર અને એમ.એ., ભાગ ૨ની ૧૯૬૮ના વર્ષમાં લેવાનાર પરીક્ષાઓ માટેનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(એમ.એ., ભાગ ૧ અને ભાગ ૨ના ગુજરાતી વિષયના સુધારેલા અભ્યાસક્રમ તથા એમ.એ., ભાગ ૧ અને ભાગ ૨નાં અનુક્રમે ૧૯૬૭ અને ૧૯૬૮માં લેવાનાર પરીક્ષાઓ માટેનાં પાઠ્ય-પુસ્તકોની યાદી પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૯૮. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૨૯–૯–૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, ખેતીવાડી; તથા ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ બી.એ ની ૧૯૬૭ના વર્ષમાં લેવાનારી ગુજરાતી વિષયની પરીક્ષાઓ માટેનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા ભલામણ કરવામાં આવે છે."

(૧) સદરહુ બાબતની ચર્ચાવિચારણાના સંદર્ભમાં પાઠ્યપુસ્તકોની બાબતમાં પ્રી-યુનિવર્સિટી વિનયન, પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન, પ્રી-યુનિવર્સિટી વાણિજ્ય, તથા પ્રથમ વર્ષ ખેતીવાડી અને ફર્સ્ટ ડિપ્લોમા ઇન ફાર્મસીની પરીક્ષાઓ માટે ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, અર્ધમાગધી અને ફારસી વિષયનાં પાઠ્યપુસ્તકોની નકલોના સ્ટોકની સ્થિતિને અનુલક્ષીને ઠરાવવામાં આવ્યું કે, ૧૯૬૭માં લેવાનારી સદરહુ પરીક્ષાઓ માટે પસંદ કરવામાં આવેલ કૃતિઓના જે સંગ્રહો યુનિવર્સિટીએ પ્રસિદ્ધ કરેલા છે તે સંગ્રહોને જે તે પરીક્ષા માટેનાં પાઠ્યપુસ્તકો તરીકે વધુ એક વર્ષ ચાલુ રાખવા.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ સંગ્રહો ૧૯૬૮ની પરીક્ષાઓ માટે ચાલુ રાખવા નહિ.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે, ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ બી.એ.ની ૧૯૬૭ના વર્ષમાં લેવાનારી ગુજરાતી વિષયની પરીક્ષા માટેનાં પાઠ્યપુસ્તકોની યાદી મંજૂર કરવી.

(૧૯૬૭ની પરીક્ષા માટે ગુજરાતી વિષયનાં પાઠ્યપુસ્તકોની મંજૂર કરેલી યાદી પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૯૬. સિંધીની ઍડ-હૉક સમિતિની તા. ૧૮-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય; તથા ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ બી.એ. ૧૯૬૭ના વર્ષમાં લેવાનાર પરીક્ષાઓનાં પાઠ્યપુસ્તકો અને એમ.એ., પાર્ટ ૧ની ૧૯૬૭ના વર્ષની અને એમ.એ., પાર્ટ ૨ની ૧૯૬૮ના વર્ષની પરીક્ષાનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કરવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૧૦૦. મરાઠીની ઍડ-હૉક સમિતિની તા. ૮-૧૦-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય; તથા ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ બી.એ ની ૧૯૬૭ના વર્ષમાં લેવાનારી પરીક્ષા માટે મરાઠી ભાષાનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા ભલામણ છે.

એમ.એ., પાર્ટ ૧ અને પાર્ટ ૨ માટે ૧૯૬૭ના વર્ષ માટે નિયત કરેલ જૂની ચોપડીઓ ચાલુ રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૧૦૧. પ્રાકૃત-પાલિની અભ્યાસસમિતિની તા. ૨૧-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"પ્રી-યુનિવર્સિટી વિનયન; ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ બી.એ.ની ૧૯૬૭ના વર્ષની પરીક્ષાનાં તથા એમ.એ, પાર્ટ ૧, ૧૯૬૭ અને એમ.એ., પાર્ટ ૨, ૧૯૬૮ના વર્ષમાં લેવાનાર પ્રાકૃત-પાલિ વિષયની પરીક્ષાનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કરવા ભલામણ છે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિવર્સિટી આર્ટ્સની ૧૯૬૭ની પરીક્ષા માટે સદરહુ વિષયમાં પાઠ્યપુસ્તક ઉપર બાબત નં. ૯૮માં જણાવેલા ઠરાવ મુજબ રાખવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે, ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ બી.એ.ની ૧૯૬૭ની પરીક્ષાઓ તથા એમ.એ., ભાગ ૧, ૧૯૬૭ અને એમ.એ., ભાગ ૨, ૧૯૬૮ની પરીક્ષાઓ માટેનાં સદરહુ વિષયનાં પાઠ્યપુસ્તકોની યાદી મંજૂર કરવી.

(સદરહુ વિષય માટે મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે, પાલિના વિષયમાં એમ.એ.ના પ્રશ્નપત્ર નં. ૬ માટેની વિગતો અભ્યાસસમિતિના અધ્યક્ષ પાસેથી સૂચનો મગાવીને મંજૂર કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૨. ભૂગોળની અભ્યાસસમિતિએ તેની તા. ૨૦-૧૧-૧૯૬૫ની સભામાં કરેલી નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"પ્રી-યુનિવર્સિટી વિનયન, પ્રથમ, દ્વિતીય અને તૃતીય બી.એ.ના ભૂગોળના અભ્યાસક્રમને સુધારવાના હેતુથી તા. ૨૧-૯-૧૯૬૫ની ભૂગોળની અભ્યાસસમિતિની સભાએ કૉલેજોમાં હાલ ભૂગોળ વિષયનું શિક્ષણ આપનાર પ્રાધ્યાપકોને સમાવતી ઉપસમિતિએ તેની તા. ૧૮-૧૦-૧૯૬૫ અને તા. ૬-૧૧-૧૯૬૫ની સભાઓમાં તૈયાર કરેલા ભૂગોળના અભ્યાસક્રમને, ભૂગોળની આ અભ્યાસ-સમિતિની સભા સર્વાનુમતે મંજૂર કરે છે.

સદર સુધારેલા ભૂગોળના અભ્યાસક્રમ પ્રમાણે ૧૯૬૭ની પ્રી-યુનિ. વિનયન, પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષ બી.એ.ની પરીક્ષાઓ લેવાય તે માટે સુધારેલા અભ્યાસક્રમને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા જરૂરી વિધિ કરવા આ સભા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, ભૂગોળના વિષયમાં પ્રાયોગિક કામ અગત્યનું ગણાય અને તેથી તેને અભ્યાસક્રમમાં ઘટતું સ્થાન આપવું ઘટે તેમ એકેડેમિક કાઉન્સિલનું મંતવ્ય છે એમ જણાવીને સદરહુ બાબત ભૂગોળની અભ્યાસસમિતિને પુનર્વિચારણા માટે મોકલવી.

ત્યાર બાદ સભાગૃહની સંમતિથી બાબત ક્રમાંક ૧૬૪ હાથ ધરવામાં આવી.

૧૬૪. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૨૦-૧-૧૯૬૬ની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે, ઇજનેરી વિદ્યાશાખાના પાંચ વર્ષના સુયોજિત અભ્યાસક્રમના બીજા વર્ષના અભ્યાસક્રમ અંગેનાં ધારાધોરણો સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલની સંયુક્ત અભ્યાસસમિતિએ સૂચવ્યા પ્રમાણે આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાશાખાએ ઘડેલા અભ્યાસક્રમ અંગેનાં ધારાધોરણોમાંથી નીચેનો સૂચિત ઑર્ડિનન્સ ક્રમી કરીને બાકીનાં ધારાધોરણો મંજૂર કરવા તથા જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

O. New

"The annual examination of the Second B.E. (Second year of the five year integrated course in Engineering) shall be held and conducted by the college concerned. The final consolidated result-sheets, subject of headwise, shall be submitted by Principals of the colleges concerned to the University on or before 1st June of each year. No correction in the entries of the result sheets submitted by the colleges will be entertained by the University after the same have been submitted to the University."

(સુધારેલા ઑર્ડિનન્સ ન્યૂ ૪, તથા રેગ્યુ. ન્યૂ ૬, ન્યૂ ૭ તથા ન્યૂ ૧૦ના પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૧૦૩. એગ્રિકલ્ચર ફૅકલ્ટીની તા. ૪-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે—

(૧) બી.એસસી.(એગ્રિ.)ની પરીક્ષામાં વર્ગ આપવા અંગે બહારની યુનિવર્સિટીમાંથી આવતા વિદ્યાર્થીઓના, સેકન્ડ બી.એસસી.(એગ્રિ.)ની પરીક્ષામાં ટેકનિકલ વિષયોમાં જે માર્ક્સ મેળવ્યા હોય તે વર્ગ આપવા માટે ગણતરીમાં લેવા.

(૨) જે વિદ્યાર્થીઓએ સેકન્ડ બી.એસસી.(એગ્રિ.)ની પરીક્ષા હપતેથી પાસ કરી હોય પરંતુ ટેકનિકલ વિષયમાં એકસાથે પાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓને બી.એસસી.(એગ્રિ.)ની પદવી પરીક્ષામાં વર્ગ મેળવવા માટે લાયક ગણવા.

(૩) રેગ્યું. ૧૩૧-એમ ના સુધારેલા પાઠની નકલ આ સાથે સામેલ છે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ નં. ૧ મંજૂર કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, ભલામણ નં. ૨ મંજૂર કરવી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે, ભલામણ નં. ૩માં રેગ્યુ. ૧૩૧-એમમાં નીચેની નોંધ ઉમેરવી :

Note.—The expression "a technical subject in relation to this regulation shall mean a subject other than a language subject".

(સુધારેલા રેગ્યુ. ૧૩૧-એમનો પાઠ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૧૦૪. લૉજિક-ફિલોસોફીની અભ્યાસસમિતિની તા. ૨૭-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે, ફિલોસોફી વિષયનો નવા ત્રિવાર્ષિક અભ્યાસક્રમનો અમલ ક્રમશઃ નીચે મુજબ કરવામાં આવે :

ફર્સ્ટ બી.એ.	...	અધ્યાપન માટે જૂન ૧૯૬૬
		પરીક્ષા માટે માર્ચ ૧૯૬૭
સેકન્ડ બી.એ.	...	અધ્યાપન માટે ૧૯૬૭
		પરીક્ષા માટે માર્ચ ૧૯૬૮
થર્ડ બી.એ.	...	અધ્યાપન માટે ૧૯૬૮
		પરીક્ષા માટે ૧૯૬૯

વધુમાં આ સભા ઠરાવે છે કે, અભ્યાસક્રમના અમલનાં વર્ષોમાં ફેરફાર કરવાની સત્તા પ્રમુખશ્રીને આપવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, ફિલોસોફી વિષયનો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરવો અને સુધારેલા અભ્યાસક્રમનો અમલ નીચે મુજબ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ફર્સ્ટ બી.એ.	...	અધ્યાપન માટે જૂન ૧૯૬૭
		પરીક્ષા માટે માર્ચ ૧૯૬૮
સેકન્ડ બી.એ.	...	અધ્યાપન માટે જૂન ૧૯૬૮
		પરીક્ષા માટે માર્ચ ૧૯૬૯

થર્ડ બી.એ. ... અભ્યાપન માટે જૂન ૧૯૬૯
પરીક્ષા માટે માર્ચ ૧૯૭૦.

(ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ બી.એ.ના સુધારેલા અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૧૦૫. લૉજિક-ફિલોસોફીની અભ્યાસસમિતિની તા. ૨૭-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

આ અભ્યાસસમિતિ ઠરાવે છે કે, પ્રી-યુનિ. આર્ટ્સનો લૉજિક અને જગતના ધર્મોનો સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૬૬થી અધ્યાપન માટે તથા માર્ચ ૧૯૬૭થી પરીક્ષા માટે અમલમાં આવે.

વધુમાં આ સભા ઠરાવે છે કે, અભ્યાસક્રમના અમલના વર્ષમાં ફેરફાર કરવાની સત્તા પ્રમુખશ્રીને આપવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત લૉજિક-ફિલોસોફીની અભ્યાસસમિતિને નીચેનાં સૂચનો સાથે પુનર્વિચારણા માટે મોકલવી:

"સદરહુ વિષય માટે જે સંદર્ભગ્રંથો સૂચવવામાં આવે તે ગ્રંથો સર્વમાન્ય ધોરણવાળી કૃતિઓ (standard works) હોય તે જરૂરનું છે. જગતના ધર્મોના સૂચિત અભ્યાસક્રમના આપેલા મુદ્દાઓ પર પણ પુનર્વિચારણા કરવાની જરૂર જણાય છે."

૧૦૬. પરિશિયન, અરેબિક અને ઉર્દૂની અભ્યાસસમિતિની તા. ૨૦-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય તથા ફર્સ્ટ બી.એ., સેકન્ડ અને થર્ડ બી.એ.ની ૧૯૬૭ના વર્ષની પરીક્ષા માટે તથા એમ.એ., ભાગ ૧ની ૧૯૬૭ના વર્ષની પરીક્ષા માટે તથા એમ.એ., ભાગ ૨ની ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી પરીક્ષા માટે ફારસી, ઉર્દૂ અને અરબી વિષય માટેનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કરવા ભલામણ છે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, પરિશિયનના વિષયમાં પ્રી-યુનિવર્સિટી ૧૯૬૭ની વિનયનની પરીક્ષા માટે પાઠ્યપુસ્તક ઉપર બાબત નં. ૬૮માં જણાવ્યા પ્રમાણેનું રાખવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉર્દૂના વિષયમાં પ્રી-યુનિવર્સિટી વિનયન, પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન અને પ્રી-યુનિવર્સિટી વાણિજ્યના વિષયમાં ૧૯૬૭ના વર્ષની પરીક્ષા માટેનું પાઠ્યપુસ્તક ઉપર બાબત નં. ૬૮માં જણાવ્યા પ્રમાણે રાખવું.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ. અને થર્ડ બી.એ. અને એમ.એ., ભાગ ૧, ૧૯૬૭ના વર્ષની પરીક્ષા માટે તથા એમ.એ., ભાગ ૨, ૧૯૬૮ના વર્ષની પરીક્ષા માટે ફારસી, ઉર્દૂ અને અરબી વિષયમાં પાઠ્યપુસ્તકોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "૭" તરીકે સામેલ છે.)

૧૦૭. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૨૨-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિ. વિનયન તથા ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ બી.એ.ની ૧૯૬૭ના વર્ષમાં લેવાનારી પરીક્ષા તથા એમ.એ., ભાગ ૧ની ૧૯૬૭ના વર્ષમાં લેવાનારી પરીક્ષા

માટે તથા એમ.એ., ભાગ ૨ની ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી પરીક્ષા માટે સંસ્કૃત વિષયનાં પાઠ્ય-પુસ્તકોની યાદી આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્કૃત વિષયમાં પ્રી-યુનિવર્સિટી વિનયન માટેનું પાઠ્યપુસ્તક ઉપર બાબત નં. ૯૮માં જણાવ્યા પ્રમાણે રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ બી.એ. અને એમ.એ., ભાગ ૧ની ૧૯૬૭ના વર્ષની પરીક્ષા માટે અને એમ.એ., ભાગ ૨ની ૧૯૬૮ના વર્ષની પરીક્ષા માટે સંસ્કૃતના વિષયની પરીક્ષા માટેનાં પાઠ્યપુસ્તકોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૧૦૮. લલિતકળાની અભ્યાસસમિતિની તા. ૩૦-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે, વિનયનના અભ્યાસક્રમની સાથે સાથે હ્યુમેનિટી એના વિષયો સાથે સંવાદિત રીતે અમલ ચલાવી શકાય તેવો અભ્યાસક્રમ રજૂ કરવામાં આવ્યો.

તેના શૈક્ષણિક કાર્ય માટે આ અભ્યાસસમિતિ સૂચવે છે કે, સાહિત્યનો વિષય શીખવતા (અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત અને હિંદી) કોઈ પણ અધ્યાપક આ અભ્યાસક્રમ શીખવી શકે, અને વધુમાં પ્રાયોગિક વિભાગનું શિક્ષણકાર્ય કરવા માટે પ્રાધ્યાપક અથવા વ્યાખ્યાતાની કક્ષાના નાટ્ય વિદ્યાના અનુભવી અને નિષ્ણાત શિક્ષકો હોવા જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર રેગ્યુ. ૨, રેગ્યુ. ૭ અને રેગ્યુ. ૧૨ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(મંજૂર કરવામાં આવેલા અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૧૦૯. ઇતિહાસ વગેરેની અભ્યાસસમિતિની તા. ૨૩-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"પ્રી-યુનિ. વિનયનના 'એન આઉટ લાઇન ઑફ ધી વર્લ્ડ'ના અભ્યાસક્રમ અંગે વિચારણા કરી ઠરાવવામાં આવ્યું કે, રેગ્યુ. પ્રી-૯ના સંબંધકર્તા ભાગમાં આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારા કરવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં લાવવા ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તે પ્રમાણે રેગ્યુ. પ્રી-૯ સુધારવો તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧૦. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૩-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"બી.કૉમ.ના ઐચ્છિક વિષયોના પ્રોફેસરની નિમણૂક માટે લાયકાતનાં ધોરણો અંગે વાણિજ્ય વિદ્યાશાખાએ નીમેલી સમિતિની ભલામણો ઉપર ચર્ચાવિચારણા કરી આ વિદ્યાશાખા ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે, આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ લાયકાતનાં ધોરણો સ્વીકારવાં."

માટે તથા એમ.એ., ભાગ ૨ની ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી પરીક્ષા માટે સંસ્કૃત વિષયનાં પાઠ્ય-પુસ્તકોની યાદી આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સંસ્કૃત વિષયમાં પ્રી-યુનિવર્સિટી વિનયન માટેનું પાઠ્યપુસ્તક ઉપર બાબત નં. ૯૮માં જણાવ્યા પ્રમાણે રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ બી.એ. અને એમ.એ., ભાગ ૧ની ૧૯૬૭ના વર્ષની પરીક્ષા માટે અને એમ.એ., ભાગ ૨ની ૧૯૬૮ના વર્ષની પરીક્ષા માટે સંસ્કૃતના વિષયની પરીક્ષા માટેનાં પાઠ્યપુસ્તકોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૧૦૮. લલિતકળાની અભ્યાસસમિતિની તા. ૩૦-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, વિનયનના અભ્યાસક્રમની સાથે સાથે હ્યુમેનિટી એના વિષયો સાથે સંવાદિત રીતે અમલ ચલાવી શકાય તેવો અભ્યાસક્રમ રજૂ કરવામાં આવ્યો.

તેના શૈક્ષણિક કાર્ય માટે આ અભ્યાસસમિતિ સૂચવે છે કે, સાહિત્યનો વિષય શીખવતા (અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત અને હિંદી) કોઈ પણ અધ્યાપક આ અભ્યાસક્રમ શીખવી શકે, અને વધુમાં પ્રાયોગિક વિભાગનું શિક્ષણકાર્ય કરવા માટે પ્રાધ્યાપક અથવા વ્યાખ્યાતાની કક્ષાના નાટ્ય વિદ્યાના અનુભવી અને નિષ્ણાત શિક્ષકો હોવા જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર રેગ્યુ. ૨, રેગ્યુ. ૭ અને રેગ્યુ. ૧૨ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(મંજૂર કરવામાં આવેલા અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૧૦૯. ઇતિહાસ વગેરેની અભ્યાસસમિતિની તા. ૨૩-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"પ્રી-યુનિ. વિનયનના 'એન આઉટ લાઇન ઑફ ધી વર્લ્ડ'ના અભ્યાસક્રમ અંગે વિચારણા કરી ઠરાવવામાં આવ્યું કે, રેગ્યુ. પ્રી-૯ના સંબંધકર્તા ભાગમાં આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારા કરવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં લાવવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તે પ્રમાણે રેગ્યુ. પ્રી-૯ સુધારવો તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧૦. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૩-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"બી.કૉમ.ના ઐચ્છિક વિષયોના પ્રોફેસરની નિમણૂક માટે લાયકાતનાં ધોરણો અંગે વાણિજ્ય વિદ્યાશાખાએ નીમેલી સમિતિની ભલામણો ઉપર ચર્ચાવિચારણા કરી આ વિદ્યાશાખા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે, આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ લાયકાતનાં ધોરણો સ્વીકારવાં."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સંલગ્ન કૉલેજોમાં બી.કૉમ.ના ઍચ્છિક વિષયોમાં પ્રોફેસરની લાયકાતનાં સુધારેલાં ધોરણોની નકલ આ સાથે પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૧૧૧. ફાર્મસીની અભ્યાસસમિતિની તા. ૧૨-૪-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ સ્વીકારવા માટે મેડિકલ ફૅકલ્ટીની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"(અ) આથી ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, ડિપ્લોમા-ઇન-ફાર્મસી અને બી.ફાર્મ.ની પરીક્ષાઓમાં 'હેડ્ઝ ઑફ પાસિંગ' વધારે હોવાથી વિદ્યાર્થી ત્રણ કે તેથી ઓછા 'હેડ્ઝ ઑફ પાસિંગ'માં નાપાસ થતો હોય તો તેને આગલા વર્ષના અભ્યાસક્રમમાં સત્રો રાખવાની છૂટ આપવી અને તે માટે ફાર્મ. રેગ્યુ. ૭-એ, ફાર્મ. ઑર્ડિ. ૧૦ અને ફાર્મ ઑર્ડિ. ૧૩ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ સુધારવા.

(બ) આથી ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, ડિપ્લોમા-ઇન-ફાર્મસી અને બી.ફાર્મ.ની પરીક્ષાઓમાં વિદ્યાર્થી નાપાસ થાય પરંતુ કેટલાક વિષયોમાં નિયમ મુજબ ઍક્ઝમ્પશન મેળવવા જેટલા માર્ક્સ મેળવ્યા હોય અને જો જે તે વિષયમાં ઍક્ઝમ્પશન રાખે તો પછીનાં વર્ષોમાં પરીક્ષા પાસ કરવા માટે કુલ સરવાળો ગણવા માટે જે તે વિષયના માર્ક્સ (કૅરી ફૉરવર્ડ) કરવા અને તે માટે ફાર્મ. રેગ્યુ. ૭, ફાર્મ. રેગ્યુ. ૮-બી, ફાર્મ. રેગ્યુ. ૧૫, ફાર્મ. રેગ્યુ. ૧૬, ફાર્મ. રેગ્યુ. ૨૨, ફાર્મ. રેગ્યુ. ૨૩, ફાર્મ. રેગ્યુ. ૨૯, ફાર્મ. રેગ્યુ. ૩૦, ફાર્મ. રેગ્યુ. ૩૭ અને ફાર્મ. રેગ્યુ. ૩૮ સુધારવા."

(અ) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણો મંજૂર કરવી અને તે અનુસાર ફાર્મ. રેગ્યુ. ૭-એ, ને ફાર્મ. ઑર્ડિ. ૧૦ અને ફાર્મ. ઑર્ડિ. ૧૩ સુધારવા તથા તેને ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ (બ) મંજૂર કરવી તથા તે અનુસાર સુધારેલા રેગ્યુલેશનો — ફાર્મ રેગ્યુ. ૭, ફાર્મ. રેગ્યુ. ૮-બી, ફાર્મ. રેગ્યુ. ૧૫, ફાર્મ. રેગ્યુ. ૧૬, ફાર્મ. રેગ્યુ. ૨૨, ફાર્મ. રેગ્યુ. ૨૩, ફાર્મ. રેગ્યુ. ૨૯, ફાર્મ. રેગ્યુ. ૩૦, ફાર્મ રેગ્યુ. ૩૭, અને ફાર્મ. રેગ્યુ. ૩૮ને મંજૂર કરવા તથા તેને એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(સદરહુ ઑર્ડિનન્સો તથા રેગ્યુલેશનોની નકલ પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.)

૧૧૨. સમાજશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૨-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, સોશ્યિયોલોજીની એમ.એ.ની પરીક્ષા માટે વિદ્યાર્થીઓ તરફથી માસ્ટર એસેઝ જે રજૂ કરવામાં આવે છે તેમાંથી જે છાપવા જેવા લાગે (પ્રસિદ્ધ કરવા જેવા લાગે) તે યુનિવર્સિટીએ છપાવવા માટેની યોજના પર વિચારણા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રત્યેક અનુસ્નાતક વિદ્યાભવન સંશોધન સામયિક પ્રગટ કરે તે માટે ઘટતી વ્યવસ્થા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ઉપરની ભલામણનો અમલ થાય તે દરમિયાન વચગાળાની વ્યવસ્થા તરીકે યુનિવર્સિટીના હાલના સામયિક "વિદ્યા"માં એબ્સ્ટ્રેક્ટનો વિભાગ શરૂ કરવા માટે ઘટતાં પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧૫. સમકક્ષતા અંગે મંજૂર કરવામાં આવેલી ઇક્વિવેલેન્સ સમિતિની ભલામણો તથા પરસ્પર માન્યતાના ધોરણે સમકક્ષ ગણાતી બીજી યુનિવર્સિટીઓની પરીક્ષાઓને અનુલક્ષીને સુધારેલ રેગ્યુ. ૭ને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલો રેગ્યુ. ૭ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા રેગ્યુ. ૭ની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૧૬. બંગાળીની ઍડ-હોક સમિતિની તા. ૧૬-૧૨-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય; તથા પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષ બી.એ.ની ૧૯૬૬ની પરીક્ષાઓ માટે જે પુસ્તકો નિયત કરેલાં હતાં તે ૧૯૬૭ની પરીક્ષાઓ માટે ચાલુ રાખવાં."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઍડ-હોક સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(૧૯૬૭ની પરીક્ષાઓ માટે ચાલુ રાખવામાં આવેલ બંગાળી વિષયનાં પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૧૧૭. ડેન્ટલ સર્જરીની અભ્યાસસમિતિની તા. ૧૦-૧-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"બી.ડી.એસ.ના અભ્યાસક્રમમાં ઇન્ટર્નલ ઇવેલ્યુએશન દાખલ કરવું ખાસ જરૂરી છે એમ આ અભ્યાસસમિતિ માને છે અને આ અંગે ઘટતું કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો અને તે બાબતમાં ઘટતી વિચારણા કરીને જરૂરી ધારાધોરણો ઘડવા માટે તે અભ્યાસસમિતિને જણાવવું.

૧૧૮. ઍજ્યુકેશનની અભ્યાસસમિતિની તા. ૨૨-૯-૧૯૬૫ની સભાની ભલામણ અનુસાર ઓ. ૧૮૩ અને ઓ. ૧૮૬ નીચે મુજબ સુધારવા અંગે વિચારણા કરવા બાબત:

"**O. 183:**

No candidate shall be admitted to the Examination for Diploma in Teaching unless he has passed the Pre-University Examination in Arts, Science or Commerce at this University or any equivalent Examination.

O. 186:

The Examination for Part-I may be taken after two terms of attendance at a training college as required in Ordinance 185 (*i*)."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૮૩ અને ઑર્ડિ. ૧૮૬ સુધારવાનો સદરહુ પ્રસ્તાવ શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિની પુનર્વિચારણા માટે મોકલવો.

આ પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૧૬૦ હાથ ધરવામાં આવી.

૧૬૦. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૩-૧-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર નીચે જણાવેલા વિદ્યાર્થીનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય અંગે આવેલ મહાનિબંધો અંગે નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

Name of the Candidate	*Degree*	*Subject*	*Referees*
			Internal
Shri I. M. Bhatt	Ph.D.	Chemistry "Studies in Compled Dithiocarbonates".	Dr. A. M. Trivedi
			External (Abroad)
			1. Prof. W. C. Purdy, Ph.D., Institut for Ernahrungswissenschaft, der Jutus Liebig-Universitat Glessen, Wilhelmstrass-20,Germany.
			2. Prof. R. E. Connick, Ph.D., Dean, College of Chemistry, University of California, Berkeley-4, U.S.A.
			3. Prof. F.J.C. Rossotti, Ph.D., Department of Chemistry, University of Edinbuggh, Edinburgh, Scotland, U.K.
			4. Prof. J. E. Salmon, Ph.D., Professor and Head of the Chemistry Department, Rattersea Park Rord, S.W.-11, London, England.
			5. Prof. A. Earnshaw, Ph.D., Department of Chemistry, Battersea College of Technology, Battersea Park Road, S. W.-11, London, England.
			6. Prof. H. B. Jonassen, Ph.D., Department of Chemistry, Tulane University, New Orleans, Louisiana, U.S.A.

Name of the Candtdate Degree	*Subject*	*Referees* **Internal** / **External (India)**
		1. Prof. A. K. Dey, D.Sc., Department of Chemistry, University of Allahabad, Allahabad, India.
		2. Prof. R. C. Merhotra, Ph.D., Department of Chemistry, University of Rajasthan, Jaipur.
		3. Prof. B. C. Haldar, D.Sc., Department of Chemistry, Institute of Science, Mayo Road, Fort, Bombay, India.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે અનુસાર રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આ પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૧૩૫ હાથ ધરવામાં આવી.

૧૩૫. સ્ટે. ૯૯, ૧૦૮ અને ૧૭૬માં નીચે પ્રમાણે સુધારો સૂચવતી આચાર્ય એ. આર. દેસાઈની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત :

Item No 1 :

Amendment to Statute 99

I propose that under "(7) Faculty of Commerce" in Statute 99 (*i*) after the "Co-operation" add "Labour Welfare" (*ii*) and in place of "Accounting and Acturial Science" put "Accounting including Costing and Acturial Science" by adding the words "including Costing after the word "Accounting".

Item No. 2 :

Amendment to Stateute 108

Under "Faculty of Commerce" in "(38) Accounting" add the words "including Costing" so as to read as follows :

"(38) Accounting including Costing."

Item No. 3 :

Amendment to Statute 179

After "22. Diploma in Banking (D. Banking)" add "23. Diploma in Costing" (D. Costing) "and renumber subsequent Diplomas as "24", "25", "26" respectively.

(નોંધ.—'લેબર વેલ્ફેર' વિષય હાલના રૂટે. ૯૬માં છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, રૂટે. ૯૬માં નીચેનો સુધારો કરવા માટે ઘટતાં પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"(૭) ફેકલ્ટી ઓફ કોમર્સ" હેઠળ "Accounting and Acturial Science"ને બદલે "Accounting including Costing and Acturial Science" એ શબ્દો રાખવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, રૂટે. ૧૦૮માં નીચેનો સુધારો કરવા માટે ઘટતાં પગલાં લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

"ફેકલ્ટી ઓફ કોમર્સ" હેઠળ "(૩૮) Accounting" ને બદલે "(૩૮) Accounting including Costing" શબ્દો રાખવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, રૂટે. ૧૭૬માં નીચેનો સુધારો કરવા માટે ઘટતાં પગલાં લેવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"22. Diploma in Banking (D.Banking)" add "23. Diploma in Costing (D.Costing)".....શબ્દ મૂકવા અને તે પછીના ડિપ્લોમાના ક્રમાંક "૨૪, ૨૫, ૨૬, ઇત્યાદિ" આપીને તે રીતે સુધારવા.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૧૧૬ અને ૧૨૫ સાથે આની સાથે વિચારણા એકસાથે કરવામાં આવી.

૧૧૬. એગ્રિકલ્ચર ફેકલ્ટીની તા. ૪-૬-૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, પ્રી-યુનિવર્સિટી સાયન્સ(એ.ગ્રે.)માં દાખલ થવા માટે વિદ્યાર્થીએ એસ.એસ.સી. પરીક્ષા અગ્રેજી, ફિઝિક્સ, કેમેસ્ટ્રી, મેથેમેટિક્સ અથવા જનરલ સાયન્સ વિષય સાથે પાસ કરી હોવી જોઈએ અને તે માટે રૂટે. ૧૭૬માં ફેરફાર કરવો."

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિવર્સિટી સાયન્સ(એગ્રિ.)માં દાખલ થવા માટે વિદ્યાર્થીએ એસ.એસ.સી. પરીક્ષામાં અંગ્રેજી ઉપરાંત (૧) ફિઝિક્સ-કેમેસ્ટ્રી મેથેમેટિક્સ અથવા ફિઝિક્સ-બાયોલોજી, અને (૨) ફિઝિક્સ-કેમિસ્ટ્રી અથવા જનરલ સાયન્સના વિષયો સાથે પાસ કરવી આવશ્યક અને તે રીતે રૂટે. ૧૭૬માં જરૂરી ફેરફાર માટે ઘટતાં પગલાં લેવા અને તેને જેનુ ૧૯૬૮થી અમલી બનાવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨૫. નીચેની બાબત (અ) અને (બ) ઉપર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭/૮-૪-૧૯૬૫ની સભામાં કરેલા ઠરાવ ઉપર વિચારણા કરવી : વિનયન, વિજ્ઞાન અને

વાણિજ્ય વિદ્યાશાખાના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

(અ) ગણિત મંડળ તરફથી આવેલ નીચેનો પ્રસ્તાવ:

"ગુજરાત ગણિત મંડળની આ સભા યુનિવર્સિટીઓને વિનંતી કરે છે કે, ફક્ત એ જ વિદ્યાર્થીઓને વિજ્ઞાનશાખામાં પ્રવેશ આપવો કે જેમણે એસ.એસ.સી. પરીક્ષા બીજગણિત તથા ભૂમિતિ સાથે પાસ કરી હોય."

(બ) વિજ્ઞાનવિદ્યાશાખાની તા. ૨૭-૨-૧૯૬૫ની સભાની ભલામણ:

"ફિઝિકસની અભ્યાસસમિતિની ભલામણ ઉપર વિચારણા કરી આ વિદ્યાશાખા યુનિવર્સિટીના અધિકૃત સત્તામંડળને ભલામણ કરે છે કે, પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના અભ્યાસક્રમમાં દાખલ થનાર વિદ્યાર્થીઓ અંગ્રેજી ઉપરાંત (૧) એલ્જીબ્રા-જ્યોમેટ્રી અથવા એલિમેન્ટરી મૅથેમેટિકસ, અને (૨) ફિઝિકસ-કેમિસ્ટ્રી અથવા જનરલ સાયન્સ વિષયો સાથે એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરી હોવી જોઈએ, તે મુજબની શરત રાખવી જોઈએ અને તે માટે ઘટતું કરવા ભલામણ છે."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ (તા. ૭/૮-૪-૧૯૬૫)

"યુનિવર્સિટીમાં પ્રવેશ અંગે સ્ટે. ૧૭૩માં ઓછામાં ઓછી લાયકાત અંગે જે ધોરણ નક્કી કરવામાં આવ્યું છે તે ધોરણમાં કશો ફેરફાર કરવો નહિ અને સ્ટે. ૧૭૬માં સુધારો કરવો નહિ, પણ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓને જણાવવું કે, એસ.એસ.સી.ની પરીક્ષા માટેના અભ્યાસક્રમના અનુસંધાનમાં આ યુનિવર્સિટીમાં દાખલ થતો વિદ્યાર્થી કાયદાકીય રીતે પોતાનો અભ્યાસ ચાલુ રાખી શકે તે દૃષ્ટિએ જે જે વિષયના અભ્યાસક્રમમાં ફેરબદલ કરવાની જરૂર જણાય તે તે વિષયની અભ્યાસસમિતિને પોતપોતાના ક્ષેત્રમાં પ્રી-યુનિવર્સિટી અને તેની આગળના વર્ષોના અભ્યાસક્રમો જોઈતપાસીને જરૂરી સુધારાવધારા કરવા માટે પોતાની ભલામણો રજૂ કરવી."

વિનયન વિદ્યાશાખાનો ઠરાવ (તા ૨-૬-૧૯૬૫)

"અથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલના ઉપરના ઠરાવના સંદર્ભમાં જો તે વિષયના અભ્યાસક્રમમાં જો ફેરફાર કરવાની જરૂર જણાય તો તે અંગે ઘટતું કરવા આ બાબત વિનયન વિદ્યાશાખાની પ્રત્યેક અભ્યાસસમિતિ સમક્ષ રજૂ કરવી."

વિજ્ઞાન વિદ્યાશાખાનો ઠરાવ (તા. ૨-૬-૧૯૬૫)

"વિજ્ઞાન વિદ્યાશાખામાં યુનિવર્સિટીના અધિકૃત સત્તામંડળને ફરીથી ભારપૂર્વક ભલામણ કરે છે કે, પ્રી-યુનિ. વિજ્ઞાનના અભ્યાસક્રમમાં દાખલ થનાર વિદ્યાર્થીએ અંગ્રેજી ઉપરાંત (૧) એલ્જીબ્રા-જ્યોમેટ્રી અથવા એલિમેન્ટરી મૅથેમેટિકસ, અને (૨) ફિઝિકસ-કેમિસ્ટ્રી અથવા જનરલ સાયન્સ વિષયો સાથે એસ.એસ.સી.ની પરીક્ષા પાસ કરેલી હોવી જોઈએ તે મુજબની શરત રાખવી જોઈએ.

જો આ સૂચન સ્વીકારવામાં નહિ આવે તો ક્રમે ક્રમે શિક્ષણનું ધોરણ નીચું ને નીચું આવતું જશે તેમ આ વિદ્યાશાખાનો દૃઢ મત છે."

વાણિજ્ય વિદ્યાશાખાનો ઠરાવ (તા. 3-૯-૧૯૬૫)

"એકેડેમિક કાઉન્સિલના ઉપરના ઠરાવના સંદર્ભમાં વાણિજ્ય વિદ્યાશાખા ઠરાવે છે કે, એસ.એસ.સી.ના અભ્યાસક્રમના મંડળોને અનુરૂપ બની આપવામાં અભ્યાસક્રમોનો ફેરવિચારણા કરવાનો પ્રશ્ન રહેતો નથી, કારણ કે, એસ.એસ.સી. બોર્ડની જેમ જ વાણિજ્ય વિદ્યાશાખા અભ્યાસક્રમની બાબતમાં સંપૂર્ણપણે સ્વાયત્ત છે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, વિનયન વિદ્યાશાખાની ઉપરની ભલામણ ની નોંધ લેવી.

(૨) આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના અભ્યાસક્રમમાં દાખલ થનાર વિદ્યાર્થીએ એસ.એસ.સી. પરીક્ષામાં અંગ્રેજી ઉપરાંત (૧) ઓલ્જેબ્રા-ટ્રી મેથેમેટિકસ અથવા એલ્જિબ્રા-જ્યોમેટ્રી, અને (૨) ફિઝિકસ-કેમિસ્ટ્રી અથવા જનરલ સાયન્સના વિષયો સાથે પાસ કરવી આવશ્યક બને તે રીતે રૂટ. ૧૭૩માં જરૂરી ફેરફાર કરવા માટે ઘટતાં પગલાં લેવા અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨૦. ફ્રેંચ-જર્મનની અભ્યાસસમિતિએ તેની તા. ૧૨-૧૧-૧૯૬૫ની સભામાં નીચે મુજબ ભલામણ કરી છે તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિ. વિનયન તથા ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ બી.એ.ના ૧૯૬૬ના વર્ષ માટે નિયત કરેલાં ફ્રેંચ અને જર્મનનાં પાઠ્યપુસ્તકો ૧૯૬૭ની પરીક્ષા માટે ચાલુ રાખવાં."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(૧૯૬૭ના વર્ષ માટે ચાલુ રાખવામાં આવેલ ફ્રેન્ચ અને જર્મનનાં પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "ન" તરીકે સામેલ છે.)

૧૨૧. મેથેમેટિકસ અને સ્ટેટિસ્ટિકસની અભ્યાસસમિતિની તા. ૨૯-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"The Board feels and recommends that the courses at all stages of examinations for corresponding B.A. and B.Sc. levels must be identical and as such proposes that from June 1966. The following papers should be taught to special Mathematics students at S.Y.B.Sc., S.Y.B.A. and from June 1967 to T.Y.B.Sc. and T.Y.B.A. students :

Papers III, IV & V to S.Y.B.A., S.Y.B.Sc. (Special)

Papers VI, VII, VIII, IX, X to T.Y.B.A., T.Y.B.Sc. (Special).

Eeventhough 6 papers are required to be offered by other students for the T.Y.B.A. year, Mathematics. The total number of question-papers should be only 5. It required the total number of marks alloted to these papers could be 600 for T.Y.B.A. instead of 500 as in the case with T.Y.B.Sc. to bring the same in agreement with other subjects of Arts Faculty."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત વિનયન અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, એસ.વાય.બી.એ.માં ગણિતના ત્રણ પ્રશ્નપત્રો રાખવા અને તે ત્રણ પ્રશ્નપત્રોનો અભ્યાસક્રમ એસ.વાય.બી.એસ્સી.માં ગણિતના ત્રણ પ્રશ્નપત્રો મુજબ જ રાખવો. આ ઠરાવનો અમલ જૂન ૧૯૬૬થી કરવાનું રાખવું.

૧૨૨. હિંદીની અભ્યાસસમિતિની તા. ૨૦-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"રેગ્યુ. આર્ટ્સ-૭માં હિંદી વિષયના પ્રશ્નપત્ર ૩, ૪ અને ૫ની ગોઠવણ નીચે મુજબ રાખવા ભલામણ કરવામાં આવે છે :

Paper III : Poetry
Paper IV : Prose
Paper V : Literary Criticism (Details remain the same)'.'

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા અને તે પ્રમાણે રેગ્યુ. આર્ટ્સ-૭માં પ્રશ્નપત્ર ૩, ૪ અને ૫ની ગોઠવણ અંગેનો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ સુધારવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨૩. ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૬૫ની નીચેની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, ધારાશાસ્ત્રના અનુસ્નાતક અભ્યાસક્રમ માટે યુનિવર્સિટીમાં બીજા વિષયો માટે જે પ્રમાણે અલગ અલગ ડિપાર્ટમેન્ટ્સ છે તે પ્રમાણે કાયદાના વિષયના અનુસ્નાતક કક્ષાના અભ્યાસ માટે એક ડિપાર્ટમેન્ટ ખોલવાની ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીમાં ધારાશાસ્ત્ર(A post-graduated epartment of Law)નું અનુસ્નાતક વિદ્યાભવન સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૧૨૪. ડેન્ટલ સર્જરીની અભ્યાસસમિતિની તા. ૧૭-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"સેકન્ડ બી.ડી.એસ.ના અભ્યાસક્રમમાં General and Dental Materia Medicaને બદલે General and Dental Pharmacology એ પ્રમાણે વિષયનું મથાળું રાખવું અને સંબંધકર્તા રેગ્યુલેશનોમાં તે પ્રમાણે સુધારો કરવા ભલામણ કરવામાં આવે છે."

(નોંધ.—ભલામણ સ્વીકારાય તો રેગ્યુ. ૨૫૩-એ અને રેગ્યુ. ૨૫૩-બીમાં જરૂરી સુધારો કરવો જોઈશે.)"

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે અનુસાર સંબંધકર્તા રેગ્યુ. ૨૫૩-એ અને ૨૫૩-બી સુધારવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

બાબત ક્રમાંક ૧૨૫ની વિચારણા બાબત નં. ૧૧૬ની સાથે કરવામાં આવેલ હોઈ, તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવેલી છે.

૧૨૬. (૧) ફર્સ્ટ બી.એસસી.માંથી જિયોલોજી વિષયનો અભ્યાસક્રમ રદ કર્યો છે (જે સેકન્ડ બી.એસસી.માં જ લઈ શકાય છે) તેથી ફર્સ્ટ બી.એસસી.ના વિષયોના માળખા અંગેના રેગ્યુ. સાયન્સ માંથી જિયોલોજી વિષય રદ કરવા, તથા (૨) ભૂગોળ અને જિયોલોજી અંગેનો ટ્રાન્ઝિટરી ઓર્ડિનન્સ (સેકન્ડ બી.એસસી.) જે નીચે મુજબ છે તેમાંથી જિયોલોજી વિષય રદ કરવા બાબત:

"Notwithstanding anything contained elsewhere, it shall be competent for any candidate who has passed his First B.Sc. Examination of this University or any examination recognised as equivalent thereto to choose Geography or Geology, as his optional subject in Second B.Sc. provided that such a student shall undergo a course of instruction in Geography or Geology as the case may be, prescribed both for the 1st and 2nd B.Sc. Examinations and elect only one more Science subject."

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. સાયન્સ ૧માંથી ભૂસ્તરવિજ્ઞાન(જિયોલોજી)નો વિષય રદ કરવો તથા ભૂગોળ અને ભૂસ્તરવિજ્ઞાનના વિષયને લગતો ટ્રાન્ઝિટરી ઑર્ડિનન્સ સેકન્ડ બી એસસી. જે ઉપર મુજબ છે તેમાંથી પણ ભૂસ્તરશાસ્ત્રનો વિષય રદ કરવો, અને તે પ્રમાણે સુધારેલા રેગ્યુલેશનને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા રેગ્યુ. ૧ અને ટ્રાન્ઝિટરી ઑર્ડિ. સેકન્ડ બી.એસસી.ની નકલ પરિશિષ્ટ "૫" તરીકે સામેલ છે.)

૧૨૭. ભૂગોળની અભ્યાસસમિતિની તા. ૨૭-૧૧-૧૯૬૫ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"ફર્સ્ટ બી.એસસી.ની અંદર બધાય વિદ્યાર્થીઓ કેમિસ્ટ્રી, ફિઝિકસ, મેથેમેટિકસ અને બાયોલોજી વિષયમાંથી જ ત્રણ વિષય પસંદ કરે છે તેમ વિદ્યાર્થીઓ સેકંડ બી એસસી.થી જ ભૂગોળનો વિષય લઈ શકે તેની વ્યવસ્થા સ્વીકારવા ભૂગોળની આ અભ્યાસસમિતિ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૨૮. ભૂગોળની અભ્યાસસમિતિએ તેની તા. ૨૧-૬-૧૯૬૫ની સભામાં એમ.એ.ના ડિઝર્ટેશન અંગે કરેલા નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત:

"એમ.એ. ભૂગોળના પ્રશ્નપત્ર અંગેના ઉપરોક્ત પત્ર અંગે ચર્ચાવિચારણા કરવામાં આવતાં ઠરાવવામાં આવ્યું કે, ડિઝર્ટેશન રદ કરવું અથવા બીજા કોઈ પ્રશ્નપત્ર સાથે વિકલ્પે મૂકવું તે શૈક્ષણિક દૃષ્ટિએ હિતાવહ નહિ હોવાથી ડિઝર્ટેશનના પ્રશ્નપત્રમાં ફેરફાર કરવાની જરૂર નથી અને તે ચાલુ રાખવું.

ડિઝર્ટેશન ચાલુ રાખવું, પરંતુ તેના ૧૦૦ ગુણને બદલે ૨૦૦ ગુણ રાખવા અને પ્રયોગાત્મક કાર્યના ૨૦૦ ગુણ નીચે પ્રમાણે રાખવા :

ક્રમાંક	ટોપિકસ	માર્કસ
૧.	મેપિંગ મેથડ્સ અને મેપ-રીડિંગ	૧૦૦
૨.	સર્વેઇંગ	૫૦
૩.	મેપ-પ્રોજેક્શન	૫૦
	(ટોપિક ચાર રદ કરવામાં આવે છે.)"	૨૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી, અને તે પ્રમાણે સુધારેલા રેગ્યુ. ૨૯-સી.ને મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨૯. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૨૨-૬-૧૯૬૫ની સભાની ભલામણ અનુસાર સેકંડ બી.એ.ના રેગ્યુ. આર્ટ્સ-૭ના ગુજરાતી વિષયના પ્રશ્નપત્ર ૩માં નીચે મુજબની નોંધ ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત :

"Books prescribed for this paper will be for General Study only, and Reference to Context will not be asked."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. આર્ટ્સ-૭માં ગુજરાતી વિષયના પ્રશ્નપત્ર ૩ હેઠળ ઉપર મુજબની નોંધ ઉમેરવા અને તે પ્રમાણે સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૭ને મંજૂર કરવા તથા તેને એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩૦. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૨૨-૬-૧૯૬૫ની સભાની ભલામણ અનુસાર થર્ડ બી.એ.ના રેગ્યુ. આર્ટ્સ-૧૨ના સંસ્કૃત વિષયના પ્રશ્નપત્ર-૭માં તેના ગુણનું વિભાગીકરણ નીચે પ્રમાણે બદલવા અંગેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Paper VII :

(1) Translation from unseen Sanskrit passages	..	30 marks
(2) Translation from Gujarati into Sanskrit	..	25 marks
(3) Simple Essay in Sanskrit	..	15 marks.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે પ્રમાણે રેગ્યુ. આર્ટ્સ-૧૨માં સંસ્કૃત વિષયના પ્રશ્નપત્ર ૭માં તેના ગુણનું વિભાગીકરણ ઉપર મુજબ રાખવા તથા તે પ્રમાણે રેગ્યુ. આર્ટ્સ-૧૨ સુધારીને તેને એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૧૨ની નકલ પરિશિષ્ટ "ફ" તરીકે સામેલ છે.)

૧૩૧. વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૯-૬-૧૯૬૫ની સભાની ભલામણ અનુસાર પ્રી-યુનિ. વિજ્ઞાનના બેઠાની વિષયના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. પ્રી.-૧૪માં નીચે મુજબ સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

"Elementary external morphology of root, stem, leaf, inflorescence, flower and fruit of typical monocot and dicot not involving modifications છે તેમાંથી 'not' શબ્દ રદ કરવો.

સુધારેલો ભાગ નીચે મુજબ વંચાશે :

"Elementary external morphology of root, stem, leaf, inflorescence, flower and fruit of typical monocot and dicot, involving modifications."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે પ્રમાણે રેગ્યુ. ૧૪માં ઉપર મુજબનો સુધારો કરવા અને તેને એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩૨. ઝૂલોજીની અભ્યાસસમિતિની તા. ૨૬-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, સેકંડ બી.એસસી. અને થર્ડ બી.એસસી.માં દરેક પ્રશ્નપત્ર બે કલાકનો હોવાથી તેમાં વધુમાં વધુ ચાર પ્રશ્નોના જવાબ વિદ્યાર્થીઓ આપે તે રીતે પ્રશ્નપત્ર કાઢવા તેવી સૂચના પ્રશ્નપત્ર કાઢનારાઓને આપવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી નહીં.

૧૩૩. પ્રોફેસર ઓફ ફિઝિકલની જગ્યા પર બો. ઠ મુજબ એકેડેમિક કાઉન્સિલે નીમવાના એક પ્રતિનિધિ નીમવા અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.— સિન્ડિકેટે તેની તા. ૨૦/૨૧-૧૧-૧૯૬૫ની સભામાં બાબત નં. ૧૧૪થી ઠરાવ્યું છે કે, આ જગ્યા માટે વરણીસમિતિની રચના નવેસરથી કરવી. આ સમિતિ પર નીચેના સભ્યો હતા :

(૧) શ્રી. આર. સી. મજમુદાર (દિલ્હી)
(૨) શ્રી. આર. એસ. ક્રિશ્ચિયન (બેંગલોર)
(૩) ડૉ. નાગ ચોધરી (કલકત્તા)
(૪) ડૉ. અજિતરાય વર્મા (બનારસ).

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિ પર એકેડેમિક કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે પ્રો. અજિતરાય વર્મા (દિલ્હી)ની નિમણૂક કરવી.

૧૩૪. સિન્ડિકેટની તા. ૧૧/૧૨-૪-૧૯૬૪ની સભાએ નીમેલ ૧૯૬૪ની પરીક્ષાઓ માટેની આંતરિક ગુણાંકન સમિતિના અહેવાલ પર સિન્ડિકેટની તા. ૭-૮-૧૯૬૫ની સભામાં બાબત નં. ૧૮ના ઠરાવ પ્રમાણે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

બાબત ક્રમાંક ૧૩૫ની વિચારણા બાબત નં. ૧૧૮ અને ૧૬૦ પછી કરવામાં આવેલ હોઈ તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવેલ છે.

૧૩૬. એન્જિનિયરિંગના અભ્યાસક્રમ માટેનું બીજું સત્ર હવે ૩૧ માર્ચે પૂરું થતું હોવાથી સેસનલ ગુણ મોકલવા માટેની છેલ્લી તારીખ ૧૦મી માર્ચને બદલે ૫મી એપ્રિલ કરીને રેગ્યુ. ૩માં જરૂરી સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. ૩માં "10th March" એ શબ્દોને બદલે "5th April" એ શબ્દો મૂકીને તેને સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩૭. ફર્સ્ટ બી.કૉમ. પરીક્ષામાં રે. કૉમ.-૪ અને સેકન્ડ બી.કૉમ. પરીક્ષામાં રે. કૉમ. ૯ પ્રમાણે વર્ગ આપતી વખતે ફક્ત જનરલ એજ્યુકેશન વિષયના ગુણ ગણવા નહિ તે પ્રમાણે છે, જ્યારે રે. કૉમ.-૧૪માં ધર્ડ બી.કૉમ.માં વર્ગ આપવામાં અંગ્રેજી અને જનરલ એજ્યુકેશનના ગુણ ગણવા નહિ એમ છે. તેથી રે. કૉમ. ૧૪માં ફેરફાર કરવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. કૉ.મ.-૧૪ સુધારવા અને તેને એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા રેગ્યુ. કૉમ.-૧૪ની નકલ પરિશિષ્ટ "બ" તરીકે સામેલ છે.)

૧૩૮. રે. આર્ટ્સ ૫, રે. એસસી.-૬ અને રે. એસસી.-૧૧માં કરવામાં આવેલા સુધારાને અનુલક્ષીને સેકંડ બી.એ., ફર્સ્ટ બી.કૉમ. અને સેકન્ડ બી.કૉમ. પરીક્ષાના રે. આર્ટ્સ-૧૦, રે. કૉમ.-૬ અને રે. કૉમ.-૧૭ના પાઠમાં નીચેની પંક્તિઓ ઉમેરીને સુધારવા બાબત :

> "Provided, however, on his reappearing in the Examination subject, in which he has failed if he obtains at least the minimum marks required for passing in that subject, notwithstanding his failure to clear all the subjects, at the one and same attempt he will not be required to reappear in it."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ રેગ્યુ. આર્ટ્સ-૧૦, રેગ્યુ કૉમ.-૬ અને રેગ્યુ. કૉમ.-૧૦ના પાઠમાં ઉપર મુજબની પંક્તિઓ ઉમેરીને તે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩૯. વાણિજ્યની વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોમાં "રાજ્યનીતિશાસ્ત્રમાં મૂળતત્ત્વો" એ વિષય કેવળ પ્રી-યુનિ. કૉમ. પૂરતો જ હોઈ તે વિષયને માટે અધ્યાપકો-વ્યાખ્યાતાઓની નિમણૂક આવશ્યક રાખવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, વાણિજ્યની વિદ્યાશાખામાં રાજ્યનીતિશાસ્ત્રનાં મૂળતત્ત્વો એ વિષય શીખવવા માટે ઓછામાં ઓછા એક ખંડ સમયના રાજ્યનીતિશાસ્ત્રના વિષયમાં જરૂરી લાયકાત ધરાવતા વ્યાખ્યાતાની નિમણૂક આવશ્યક ગણવી.

૧૪૦. અર્થશાસ્ત્ર સાથે એમ.એ.ની પદવી ધરાવનાર શિક્ષકને "સ્ટેટિસ્ટિકલ મેથડ્ઝ"ના વિષય શીખવવાની પરવાનગી અપાય કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૧૪૧. પ્રી-યુનિવર્સિટી વિનયન અને પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના અભ્યાસક્રમ માટે કૉલેજમાં એક સત્ર રાખ્યા બાદ પ્રી-યુનિ. વાણિજ્યના અભ્યાસક્રમમાં જોડાવા માટે કોઈ જોગવાઈ ન હોવાથી તેવી જોગવાઈ કરવા અંગે એસ. બી. ગાર્ડા કૉલેજના આચાર્ય તરફથી આવેલ પત્ર અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત વાણિજ્યની વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૧૪૨. આ યુનિવર્સિટીની સેકંડ બી.એસસી.ની પરીક્ષા એક વાર પાસ કરી, વિષય બદલી, ફરી સદરહુ પરીક્ષા નવેસર સત્રો ભરી વિદ્યાર્થી આપવા માગે તો તેણે અગાઉ જે વિષય પાસ કર્યો હોય તે વિષય ગૌણ વિષય તરીકે રાખે તો તેને ગૌણ વિષયમાં તેમ જ ફરજિયાત અંગ્રેજી અને જનરલ એજ્યુકેશનના ફરજિયાત પ્રશ્નપત્રોમાં મુક્તિ આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

ડીનનો અભિપ્રાય

"આવા વિદ્યાર્થીઓને અગાઉ જે વિષયોમાં પાસ હોય તેમાં મુક્તિ આપવી, પરંતુ વર્ગ સંબંધકર્તા નિયમોને આધીન આપવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૧૪૩. નીચે જણાવેલ વ્યક્તિઓનાં નામ સામે જણાવેલ પદવી માટે આવેલ મહાનિબંધો અંગે આવેલા રેફરીઓના અહેવાલો (જાણ સારુ):

ક્રમાંક	નામ	વિષય	પદવી
(૧)	શ્રી. એસ. કે. આમુરકર	ભૌતિકવિજ્ઞાન	પીએચ.ડી.
(૨)	શ્રી. પી. એન. ભટ્ટ	પ્રાચીન ભારતીય સંસ્કૃતિ	,,
(૩)	શ્રી. પી. એન ખન્ના	ફાર્માકોગ્નોસી	,,
(૪)	શ્રી. પી. એસ. જેટ્વા	સમાજશાસ્ત્ર	,,
(૫)	કુ. એસ. પી. જાડેજા	પ્રાચીન ભારતીય સંસ્કૃતિ	,,

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અહેવાલોની નોંધ લેવી.

૧૪૪. ઉપકુલપતિશ્રીનાં મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) સેકંડ બી.એ. ૧૯૬૬ના વર્ષની વિષયની ગુજરાતી પરીક્ષાનાપ્રશ્ન પત્ર ૪માં નિયત કરેલ "૨. નર્મદનું ગદ્યમંદિર, સંપાદક વિશ્વનાથ ભટ્ટ" મળવા અંગેની મુશ્કેલી હોવાથી આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબના નર્મદાશંકરના લેખો અભ્યાસક્રમ માટે નિયત કર્યાના.

(૨) થર્ડ બી.એ. ૧૯૬૬ અને ૧૯૬૭ના વર્ષની ગુજરાતી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૫ માટે "સૂચિત અભ્યાસ-સામગ્રી" આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખ્યાના.

(૩) થર્ડ બી.એ. ૧૯૬૬ અને ૧૯૬૭ના વર્ષમાં લેવાનાર ગુજરાતી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૬ માટેના ગુણનું વિભાગીકરણ નીચે મુજબ રાખ્યાના :

પ્રશ્નપત્ર ૬ : અનુવાદ, સારાંશ લેખન, અપઠિત કંડિકાઓનું વિવરણ

૧. અનુવાદ ... ૨૦ ગુણ
(આશરે ૨૦ લીટીનો એક અથવા કુલ વીસેક લીટીના બે એ ગદ્ય ફકરાઓનો અનુવાદ.)

૨. સારાંશ લેખન (ગદ્ય ખંડનું) ... ૧૫ ગુણ

૩. અપઠિત કંડિકાઓનું વિવરણ
(અ) બે ગદ્ય કંડિકાઓમાંથી એકનું વિવરણ ... ૧૫ ગુણ
(બ) બે પદ્ય કૃતિઓમાંથી એકનું છંદ, અલંકાર ધ્વનિ આદિ દૃષ્ટિએ વિવરણ ... ૨૦ ગુણ.

(૪) થર્ડ બી.એ.ના તત્ત્વજ્ઞાનના પ્રશ્નપત્ર ૩(Contemporray Philosophy)ના અભ્યાસ-ક્રમમાં ૧. અરવિંદ, ૨. ડ્યૂઈ, ૩. બર્ગસાં—એ ત્રણને અભ્યાસક્રમ માટે નિયત કરવામાં આવ્યા હતા. પરંતુ અધ્યયનકાર્ય સરળ અને ધાર્યા મુજબનું કરી શકાય તે દૃષ્ટિથી ૧૯૬૬ અને ૧૯૬૭ના વર્ષની પરીક્ષાઓ માટે ઉપર જણાવેલ ત્રણમાંથી ગમે તે બે તત્ત્વચિંતકોને અભ્યાસ માટે નિયત કર્યાના.

(૫) ૧૯૬૬ના વર્ષમાં લેવાનારી થર્ડ બી.એ.ના ઉર્દૂ વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૭માં Poetry—"Fasana-i-Ajaib" by Rajab Ali Beg Suroor ને બદલે Poetry—"A Shar-i-Momin" by Abdul Mannan Bedil (Ramnarayanlal, Allahabrad) મંજૂર કર્યાના.

(૬) એમ.એ.ની ૧૯૬૬ અને ૧૯૬૭ની પરીક્ષા માટે ઉર્દૂ વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૩માં નિયત કરેલા પાઠ્યપુસ્તક ૧માં "ખ્વાન્તિખાબ"ને બદલે "મકદમાહ" જોઈએ. તેથી તે પ્રમાણે સુધારો કરવા તથા તે પ્રમાણે પાઠ્યપુસ્તકનું નીચે મુજબનું કામ સુધાર્યાના :

1. "Muqaddamah-i-Kalam-i-Atish" by Kalimur-Rahman-Azami.

(૭) એમ.એ. ૧૯૬૭ના વર્ષમાં લેવાનાર ગુજરાતી વિષયની પરીક્ષાનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કર્યાના.

(૮) ફર્સ્ટ બી.એ.ની ૧૯૬૬ના વર્ષમાં લેવાનાર અંગ્રેજી (મુખ્ય અને ગૌણ) વિષયના Paper IV માં નિયત કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકો પૈકી "1. Johnson's Life of Dryden (O. U. P.)" અપ્રાપ્ય હોવાથી તેના વિકલ્પે "Johnson's Life of Milton" નિયત કર્યાના.

(૯) થર્ડ બી.એ.ની ૧૯૬૬ના વર્ષમાં લેવાનાર પ્રાકૃત વિષયના પ્રશ્નપત્ર ૧માં ભાષાશાસ્ત્રમાં વિગતો તરીકે નીચે મુજબ ઉમેરો કરવામાં આવ્યો છે તથા તે અંગેના સૂચિત ગ્રંથોની યાદીમાં

નીચે જણાવેલ સૂચિત ગ્રંથોનો પણ ઉમેરો કરવામાં આવ્યો છે, તથા પ્રશ્નપત્ર ૨, ૩ અને ૫ માં પણ નીચે જણાવ્યા પ્રમાણે ફેરફાર કર્યાના :

પ્રશ્નપત્ર ૧

૧. ભાષાશાસ્ત્ર ... ૨૦ ગુણ

(અ) પ્રાકૃતની ઉત્પત્તિ તથા પ્રકાર

(બ) પ્રાકૃત ધ્વનિ

(ક) પ્રાકૃત પદરચના.

સૂચિત ગ્રંથો

1. "Introduction to Ardhamagadhi" by Dr. Ghatge
2. "Prakrit by" Dr. P. B. Pandit.

પ્રશ્નપત્ર ૨

સૂયગડમાં પ્રથમ ૬ અધ્યયનને બદલે પ્રથમ ત્રણ અધ્યયન અભ્યાસક્રમ માટે નિયત કરવામાં આવ્યા છે.

પ્રશ્નપત્ર ૩

પવયણસારના પ્રથમ બે અધિકાર અભ્યાક્રમ માટે નિયત કરવામાં આવ્યા છે.

પ્રશ્નપત્ર ૫

૧. નન્દીસૂત્ર (મૂળમાત્ર) દૃષ્ટિપાદ પરિચય સિવાય અભ્યાસક્રમ માટે નિયત કરેલ છે.

૨. ધમ્મપદના પ્રથમ ૬ વર્ગો અભ્યાસક્રમ માટે નિયત કરવામાં આવ્યા છે.

(૧૦) ઑર્ડિનન્સ સાયન્સ પની કલમ (૪) નીચે મુજબ વંચાય તે રીતે સુધાર્યાના :

(*iv*) A student offering Physics as a special subject at the Second B.Sc. Examination must have offered Mathematics at the First B.Sc. Examination and taken Mathematics as the second subject at the Second B.Sc. Examination.

(૧૧) ગણિત વિષય સાથે બી.એ.(જૂના અભ્યાસક્રમ)ની પરીક્ષા પાસ કરી ઓ. ૩૦૯ હેઠળ બી.કૉમ.ના વર્ગમાં જોડાનાર વિદ્યાર્થી બી.કૉમ.માં સ્ટેટિસ્ટિક્સ વૈકલ્પિક વિષય રાખે તો તેવા વિદ્યાર્થીએ, વાણિજ્ય વિદ્યાશાખાના ડીનના અભિપ્રાય મુજબ, ફર્સ્ટ બી.કૉમની ફરજિયાત એકાઉન્ટન્સી ઉપરાંત સદરહુ પરીક્ષાના આંકડાશાસ્ત્રના વૈકલ્પિક વિષયના પ્રશ્નપત્ર એકની પરીક્ષા પણ આપવી જોઈએ તે મુજબની પરવાનગી સુરતની કૉમર્સ કૉલેજના એક વિદ્યાર્થીને આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

(કાર્ય નં. ૧, ૨ અને ૭માં જણાવેલ બાબતો પરિશિષ્ટ "ભ" તરીકે સામેલ છે.)

૧૪૫. સેનેટે તેની તા. ૧૫/૧૬-૧૦-૧૯૬૫ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ ઑર્ડિનન્સો પૈકી, ઑર્ડિ. આર્ટ્સ ૬, ઑર્ડિ. એકસ્ટ. આર્ટ્સ ૬, ઑર્ડિ. ૬૫-એફ એફ

(૪), ઑર્ડિ. ૬૫-એમ (૫) (૫), અને ઑર્ડિ. ૧૨૦-એ સિન્ડિકેટે એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪૬. મેડિસિન સર્જરીની અભ્યાસસમિતિની તા. ૨-૯-૧૯૬૫ની સભાની ભલામણ મુજબ રે. ૧૮૫માં બ્રાન્ચ ૮ તરીકે પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિનનો અભ્યાસક્રમ ઉમેરી રે. ૧૮૫ સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. ૧૮૫ સુધારવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા રેગ્યુ. ૧૮૫ની નકલ પરિશિષ્ટ "મ" તરીકે સામેલ છે.)

૧૪૭. મેડિસિન સર્જરીની અભ્યાસસમિતિની તા. ૨-૯-૧૯૬૫ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

એમ.ડી. બ્રાન્ચ-૮ પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિન માટે શિક્ષકની લાયકાત તથા પરીક્ષકની લાયકાત નીચે મુજબ રાખવી:

(*a*) Minimum qualification for recognition as a teacher in this Branch.

(*b*) Minimum qualification for Examiners in this Branch.

The Examiners in all the papers, clinical, practical and viva-voce should be persons with post-graduate Degree or Diploma in Public Health or Preventive and Social Medicine with ten years' experience after obtaining the Post-graduate qualification, five years out of which he must have spent in the subject of Preventive and Social Medicine as a Professor. When such persons are not available, the teaching experience may not be insisted upon but ten years of administrative experience in Public Health work after post-graduate qualifications should suffice.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે સંબંધકર્તા ધારાધોરણોમાં જરૂરી સુધારો કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૪૮. મેડિસિન સર્જરીની અભ્યાસસમિતિની તા. ૨-૯-૧૯૬૫ની ભલામણ અનુસાર ઑ. ૨૮૨ના પેટાવિભાગ ૨માં નીચેની નોંધ ઉમેરી ઑ. ૨૮૨ નો પાઠ સુધારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવા બાબત :

For M. D. Branch VIII—Preventive and Social Medicine, the following,

in addition to the above, subject to clause (*i*) will apply :

(*a*) Those candidates who are already holding a recognised post-graduate Diploma in Public Health will be exempted for one year in post-graduate study.

(*b*) Those who have a recognised post-graduate Diploma (as in *a*) and have held teaching post in the Department of Preventive and Social Medicine for three years or who have worked in Community health work for three years, i.e., Health Officer of a Municipality with more than 50,000 population, M.O.H. or Dy. M.O.H. of a Municipal Corporation with more than ten lachs population, and District Health Officers will be exempted from trainings for one and half year and will be required to submit Dissertation.

(*c*) Those who have worked as Medical Officers in Primary Health Centre or Training Health Units, for three years or more and possessing the post-graduate Diploma in Health (D.P.H.) will be exempted for one and half year.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૨૮૨ના પેટાવિભાગ ૨માં ઉપરની નોંધ ઉમેરીને તે સુધારવા માટે તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

બાબત ક્રમાંક ૧૪૯ની વિચારણા બાબત નં. ૯૫ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવેલી છે.

૧૫૭. મેડિસિન સર્જરીની અભ્યાસસમિતિની તા. ૨-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણો અનુસાર ડિપ્લોમા-ઇન-ઇન્ડસ્ટ્રિયલ હેલ્થ(ડી.આઈ.એચ.)ના અભ્યાસક્રમો અંગેના ઑર્ડિ. તથા રેગ્યુલેશન્સ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવા બાબત.

ભલામણ

"અભ્યાસસમિતિએ નીમેલી સમિતિના અહેવાલ પર વિચારણા કરી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે, ડિપ્લોમા-ઇન-ઇન્ડસ્ટ્રિયલ હેલ્થ(ડી.આઈ.એચ.)નો એક વર્ષના ગાળાનો અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમ તથા તેને લગતાં ધારાધોરણો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવાં."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(અભ્યાસક્રમ તથા તેને લગતાં ધારાધોરણોની નકલ પરિશિષ્ટ "ય" તરીકે સામેલ છે.)

૧૫૧. મેડિસિન સર્જરીની અભ્યાસસમિતિની તા. ૨-૯-૧૯૬૫ની સભાની, ડી.આઈ.એચ. ડિપ્લોમાના શિક્ષકો માટેની લઘુતમ લાયકાત અંગેની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે, ડિપ્લોમા-ઇન-હેલ્થ (ડી.આઈ.એચ.) માટે શિક્ષકોની માન્યતા માટે નીચે મુજબ ધોરણ રાખવું :

"Recognition of Teachers for recognition a Post-graduate teacher should possess higher qualification like D.P.H., D.I.H. or M.D. (P.S.M.) and should have at least 3 years' teaching experience in Industrial Health at the under-graduate level after obtaining the higher qualifications or seven years standing after obtaining the qualifications of D.P.H., D.I.H., M.D. (P.S.M.). The Medical Faculty may also invite any medical man with post-graduate qualifications associated with Industrial Health work for at least a period of ten years."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવી.

૧૫૨. મેડિકલ ફેકલ્ટીની તા. ૧૦-૧-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, એમ.ફાર્મ.ની પરીક્ષા વર્ષમાં બે વખત લેવી અને તે માટે ધારાધોરણોમાં ઘટતો ફેરફાર કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૫૩. મેડિકલ ફેકલ્ટીની તા. ૩-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ અનુસાર ઓર્ડિ ૨૮૪ તથા ઓર્ડિ. ૨૯૭નો પાઠ સુધારવા અંગે સિન્ડિકેટને ભલામણ કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, ઓર્ડિ. ૨૮૪ તથા ઓર્ડિ. ૨૯૭ અન્વયે વિદ્યાર્થી સ્નાતક થયા પછી ચાર વર્ષ બાદ અથવા ચાર વર્ષના શૈક્ષણિક અનુભવ પછી રજિસ્ટર કરાવી શકે અને તે માટે ઓર્ડિ. ૨૮૪ તથા ઓર્ડિ. ૨૯૭માં જરૂરી નોંધ ઉમેરી સુધારેલા ઓર્ડિ. ૨૮૪ તથા ઓર્ડિ. ૨૯૭ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા."

આથી ઠરાવવામાં આવે છે કે, ઓર્ડિ. ૨૮૪ તથા ઓર્ડિ. ૨૯૭ સુધારવા અને તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા ઓર્ડિ. ૨૮૪ અને ઓર્ડિ. ૨૯૭ની નકલ પરિશિષ્ટ "૨" તરીકે સામેલ છે.)

૧૫૪. મેડિસિન સર્જરીની અભ્યાસસમિતિની તા. ૨-૯-૧૯૬૫ની ભલામણ અનુસાર ઓર્ડિ. ૨૬૩માં બ્રાન્ચ ૮ તરીકે પ્રિવેન્ટિવ અને સોશિયલ મેડિસિનની બ્રાન્ચ ઉમેરી ઓર્ડિ. ૨૭૩નો પાઠ સુધારવા અંગે સિન્ડિકેટને ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૨૭૩માં બ્રાન્ચ ૮ તરીકે પ્રિવેન્ટિવ અને સોશિયલ મેડિસિનની બ્રાન્ચ ઉમેરવા માટે ઑર્ડિ. ૨૭૩ સુધારવા અને તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા ઑર્ડિ. ૨૭૩ની નકલ પરિશિષ્ટ "લ" તરીકે સામેલ છે.)

૧૫૫. જૂન ૧૯૬૫માં લેવાયેલ એમ.એડ. પરીક્ષામાં ડિઝર્ટેશનમાં ૪૫ ટકા ગુણ પ્રાપ્ત કરનારના ગુણ સુધારેલા રે. ૬૩-૬૪ના અનુસંધાનમાં હવે પછી લેવાનાર પરીક્ષામાં કેવી રીતે ગણવા તે અંગે વિચારણા કરવા બાબત.

(સુધારેલા રે. ૬૩-૬૪ નીચે મુજબ છે:

R. 63 :

To pass the M.Ed. Examination —

(*i*) a student will be required to obtain at least 36 per cent of the marks in each paper and at least 48 per cent of the marks in the dissertation, and

(*ii*) at least 48 per cent of the total marks obtainable in grand total.

Those of the successful students obtaining 60 per cent or more of the total marks obtainable will be placed in the First Class and those obtaining less than 60 per cent of the total marks will be placed in the Second Class. Provided that a candidate whose marks are carried over under R. 64 shall not be eligible for the First Class or any University awards.

R. 64 :

If a candidate passes in the dissertation, but fails in the papers, the marks obtained by him in the dissertation shall be carried over to the subsequent year or years. If a candidate passes in the papers and fails in the dissertation only, the marks obtained by him in the papers shall be carried over to the subsequent year or years and he shall be at liberty to revise or re-submit the dissertation on or to submit another dissertation in the subsequent year or years. Provided, always that no such carrying over shall be permitted, unless the candidate has obtained at least 48 per cent of the full marks in the dissertation or in all the papers taken together as the case may be.)

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુ. ૬૩માં નીચેની નોંધ ઉમેરવા તથા તેને એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"*Note.*—Any candidate who, having appeared at the M.Ed. Examination in April 1965 or prior thereto, has failed thereat and obtained not less than 45 per cent of marks but less than 48 per cent of marks in his dissertation, shall be deemed to have obtained 48 per cent of marks therein and shall be given credit in the statement of his marks accordingly."

૧૫૬. કો ઑપરેશનની અભ્યાસસમિતિની તા. ૧૯-૧-૧૯૬૬ની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"એમ.એ. અર્થશાસ્ત્રના અભ્યાસક્રમમાં 'સહકાર' વિષયને વૈકલ્પિક વિષય તરીકે દાખલ કરવો અને તેના બે પેપર રાખવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૧૫૭. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૯-૧-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"This Board is of the opinion that prescribing 25 or more topics in Essay paper makes it highly impracticable to give any effective instruction in this paper and therefore, a change in this paper is necessary"

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૧૫૮. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૨૧-૬-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે, સીનિયર સર્ટિફિકેટ અભ્યાસક્રમમાંથી હિસ્ટ્રી ઑફ ઈંગ્લિશ લેંગ્વેજનો ભાગ કાઢી નાખવો અને તેથી રેગ્યુ. ૨૫૭-બીના પ્રશ્નપત્ર ૧માંથી નીચેનો મુદ્દો અભ્યાસક્રમમાંથી રદ્દ કરવો :

A Brief Survey of the Development of the English Language."

Book recommended

F. T. Wood : 'History of the English Language'.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા અને તે મુજબ રેગ્યુ. ૨૫૭-બી ના પ્રશ્નપત્ર ૧ ના અભ્યાસક્રમમાંથી ઉપરનો મુદ્દો કમી કરી તે પ્રમાણે સુધારેલા રેગ્યુ ૨૫૭-બી ને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૫૯. એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ની પરીક્ષા ભાગ ૧ અને ભાગ ૨માં લેવાનું નક્કી થયેલું હોઈ તે અંગેનાં ધારાધોરણો તથા અભ્યાસક્રમ અંગે વિચારણા કરવા બાબત :

(નોંધ.—એમ.કૉમ. ભાગ ૨ની પરીક્ષા માટે કૉ-ઑપરેટિવ ઍન્ડ રૂરલ ડેવેલપમેન્ટ વિષય માટે કૉમર્સની અભ્યાસસમિતિએ અને કૉ-ઑપરેશનની અભ્યાસસમિતિઓએ અભ્યાસક્રમો સૂચવ્યા છે તેમાંથી કયો અભ્યાસક્રમ સ્વીકારવો તે વિચારવાનું થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

બાબત ક્રમાંક ૧૬૦ની વિચારણા બાબત નં. ૧૧૮ પછી કરવામાં આવેલ હોઈ તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવેલી છે.

૧૬૧. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૨૧-૯-૧૯૬૫ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"પ્રી.યુનિ. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, પ્રથમ વર્ષ ફાર્મસી ડિપ્લોમા; તથા ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ બી.એ., બી.એસસી. બી.કૉમ.; તથા ફર્સ્ટ અને સેકન્ડ બી.એસસી. (એગ્રિ.); તથા ફર્સ્ટ એન્જિનિયરિંગની ૧૯૬૭ના વર્ષમાં લેવાનારી પરીક્ષા માટે આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ પાઠ્યપુસ્તકો નિયત કરવા ભલામણ કરવામાં આવે છે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિવર્સિટી વિનયન, પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન તથા પ્રી-યુનિવર્સિટી વાણિજ્ય અને પ્રથમ વર્ષ ફાર્મસી ડિપ્લોમાની ૧૯૬૭ના વર્ષની પરીક્ષાઓ માટે બાબત નં. ૯૮માં જણાવ્યા અનુસાર અંગ્રેજીનાં પાઠ્યપુસ્તકો ચાલુ રાખવાં.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ., અને થર્ડ બી.એ.; તથા ફર્સ્ટ બી.એસસી., સેકન્ડ બી.એસસી. અને થર્ડ બી.એસસી.; તથા ફર્સ્ટ બી.કૉમ., સેકન્ડ બી.કૉમ. અને થર્ડ બી.કૉમ. તથા ફર્સ્ટ બી.એસસી. (એગ્રિ) અને સેકન્ડ બી.એસસી. (એગ્રિ.); તથા ફર્સ્ટ એન્જિનિયરિંગની ૧૯૬૭ના વર્ષમાં લેવાનારી પરીક્ષાઓ માટેનાં પાઠ્યપુસ્તકો મંજૂર કરવાં.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "વ" તરીકે સામેલ છે.)

૧૬૨. હિન્દીની અભ્યાસ સમિતિની ભલામણ અનુસાર પ્રી.યુનિ. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય; તથા પ્રથમ વર્ષ ફાર્મસી, ફર્સ્ટ બી.એ.; પ્રથમ વર્ષ બી.એસસી. (એગ્રિ.), દ્વિતિય વર્ષ ફાર્મસી (ડિપ્લોમા), સેકન્ડ બી.એ. તથા થર્ડ બી.એ. ૧૯૬૭ના વર્ષમાં લેવાનાર પરીક્ષા તથા એમ.એ. ભાગ-૧ની ૧૯૬૭ના વર્ષમાં લેવાનાર પરીક્ષા તથા ભાગ-૨ની ૧૯૬૮ના વર્ષમાં લેવાનાર પરીક્ષાનાં પાઠ્યપુસ્તકો નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, પ્રી-યુનિવર્સિટી વિનયન, પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન અને પ્રી-યુનિવર્સિટી વાણિજ્યના ૧૯૬૭ના વર્ષમાં લેવાનારી પરીક્ષાઓ માટે બાબત નં. ૯૮માં જણાવ્યા પ્રમાણે પાઠ્યપુસ્તકો ચાલુ રાખવાં.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે, પ્રથમ વર્ષ ફાર્મસી, ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.એસસી. (એગ્રિ.), દ્વિતીય વર્ષ ફાર્મસી (ડિપ્લોમા), સેકન્ડ બી.એ., તથા થર્ડ બી.એ.ની ૧૯૬૭ના વર્ષમાં લેવાનારી પરીક્ષાઓ માટે હિન્દીના વિષયમાં નિયત કરવામાં આવેલાં પાઠયપુસ્તકોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠયપુસ્તકોની યાદી **પરિશિષ્ટ "શ"** તરીકે સામેલ છે.)

૧૬૩. ઇતિહાસ વગેરેની અભ્યાસ સમિતિની તા. ૧૯-૧-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"પ્રિ. ચાતુર્વેદીની દરખાસ્ત ઉપર ચર્ચા વિચારણા કરી ઠરાવવામાં આવ્યું કે, ઓર્ડિ. આર્ટ્સ ૬ (૧) ગ્રૂપ ૧માં છેડે નં. ૨૦ હિસ્ટરી એવો એક વિષય ઉમેરવામાં આવે, એવી ભલામણ એકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

બાબત ક્રમાંક ૧૬૪ની વિચારણા આગળ બાબત નં. ૧૦૨ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં આપવામાં આવેલી છે.

૧૬૫. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૯-૧-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"Resolved that the allotment of marks to Theory and Statistics in paper in experimental Psychology (Theory and Statistics) and the allotment of marks to the performance of Practical, Viva Voce, and Journal in the paper in Experimental Psychology (Practicals) at J. Y. D. A. examination in 1966 and 1967 will be as follows :

1. Experimantal Psychology Theory and Statistics :

Theoyy	*Statistics*	*Total*
45 marks	25 marks	70 marks.

2. Experimental Psychology Practicals :

Perfcrmance	*Viva Voce*	*Journal*	*Total*
10 marks	15 marks	15 marks	70 marks.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે પ્રમાણે રેગ્યુ. ૧૨ નો સંબંધકર્તા ભાગ સુધારવા તથા તેને એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૬૬. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિએ તેની તા. ૧૩-૧-૧૯૬૬ની સભામાં કરેલા નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"નવું સ્ટેટિસ્ટિકસ બોર્ડ આર્ટ્સ, સાયન્સ અને કોમર્સ એમ ત્રણે ફેકલ્ટીમાં શીખવાતા સ્ટેટિસ્ટિકસ વિષયનો અભ્યાસક્રમ, પરીક્ષકોની પેનલો વગેરે કામ પણ કરવાનું રહે છે એમ આ અભ્યાસસમિતિ માને છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૬૭. સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના વિષય માટે રૂ. ૨૦ (વીસ)ની એક એવી બે વધુ શિષ્યવૃત્તિઓ સ્થાપવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજવિદ્યા ભવનમાં ઇતિહાસના વિષય માટે માસિક રૂા. ૨૦-૦૦ (વીસ)ની એક—એવી બે શિષ્યવૃત્તિઓ સ્થાપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૧૬૮. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિએ તેની તા. ૨૯-૯-૧૯૬૫ની સભામાં દ્વિતીય અને તૃતીય બી.એસસી. રસાયણવિજ્ઞાન વિષયના અભ્યાસક્રમમાં યોગ્ય સુધારાવધારા કરી રિપોર્ટ કરવા સારુ નીમેલ સમિતિની તા. ૯-૧૦-૧૯૬૫ની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

"દ્વિતીય અને તૃતીય વર્ષ બી.એસસી. રસાયણવિજ્ઞાનનો સુધારેલો અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા અને સેકન્ડ બી.એસસી. અને થર્ડ બી.એસસી.ની પરીક્ષાઓ માટે રસાયણવિજ્ઞાનનો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરીને તે મુજબ રેગ્યુ.માં સુધારો કરવા તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા રેગ્યુ.નો સંબંધકર્તા ભાગ પરિશિષ્ટ "સ" તરીકે સામેલ છે.)

૧૬૯. ઑક્ટોબર ૧૯૬૩માં લેવાયેલ ઇન્ટર આર્ટ્સની પરીક્ષામાં બેઠક નં. ૮૬થી બેઠેલ વિદ્યાર્થીએ પ્રી-યુનિ. વિનયનના બાકીના વિષયની પરીક્ષા પાસ કરી નહિ હોવાથી તેનું પરિણામ ઓ. ૧૨૭ હેઠળ અનામત રાખવામાં આવેલ છે. ઑક્ટોબર ૧૯૬૫માં કૉલેજના નિયમિત વિદ્યાર્થીઓ માટે પરીક્ષા લેવાતી નહિ હોવાથી મજકૂર વિદ્યાર્થીનું ઓ. ૧૨૭ હેઠળનું પરિણામ રદ કરવું કે ખાસ કેસ તરીકે એપ્રિલ ૧૯૬૬ની પ્રી.યુનિ. વિનયનની પરીક્ષામાં બેસવા પરવાનગી આપવી કે કેમ તે માટે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે સિન્ડિકેટને ઘટતું કરવા માટે ભલામણ કરવી.

૧૭૦. ફાર્મસી વિદ્યાશાખામાંથી વિજ્ઞાન વિદ્યાશાખામાં આવતા વિદ્યાર્થીઓને વિજ્ઞાનની કૉલેજમાં પ્રવેશ આપવા માટે સિન્ડિકેટની તા. ૧૪, ૧૫-૧૧-૧૯૬૪ની બાબત નં. ૮૦થી બદલ નિયમને ઑર્ડિ. સી. ૪માં નીચે મુજબ ઉમેરો ઉમેરવા અંગે વિચારણા કરવા બાબત :

O. Sc. 4(iv) :

A student who has passed First Year Diploma in Pharmacy Examination of this University will be considered elligible to be admitted to First B.Sc. class of an affiliated college on the following conditions :

(*a*) Such a student will be required to appear and pass in subject of Mathematics at Pre-Uni. Science Examination either before

or in the same season as he appears in the First B.Sc. Examination, but he will not be declared to have passed the First B.Sc. Examination, unless he has passed in Mathematics at Pre-Uni. Science Examination.

(*b*) Such a student will not be allowed to keep terms for further course even though he might have passed the First B.Sc. Examination in such a way that he may be elligible for keeping terms for a higher examination.

(*c*) Such a student shall not be allowed to offer Mathematics as an optional subject at First B.Sc. Examination.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. એસસી.-૪માં ઉપર મુજબ ઉમેરો કરીને તે સુધારવા માટે તથા તેને જૂન ૧૯૬૬થી અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૭૧. ફાર્મસી વિદ્યાશાખામાંથી વિજ્ઞાન વિદ્યાશાખામાં આવતા વિદ્યાર્થીઓના પ્રી-યુનિ. વિજ્ઞાનની પરીક્ષાના ગણિતશાસ્ત્ર વિષયના ગુણ પ્રો-રેટા ગણી નક્કી કરવા અંગે નીચે પ્રમાણેનો રેગ્યુલેશન ઘડી મંજૂર કરવા બાબત.

R. Sc :

A student who after having passed First Year Diploma in Pharmacy Examination, is admitted to the First B.Sc. class will be required to appear at and pass in the subject of Mathematics at the Pre-Uni. Science Examination, either before or in the same season in which he appears at the First B.Sc. Examination.

Such a student will not be required to appear in Internal Evaluation Test of the subject of Mathematics at the Pre-Uni. Science Examination held by the college and his marks in the subject at the University Examination will be considered on Pro-rata basis.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરનો રેગ્યુલેશન મંજૂર કરવા તથા તેને એપ્રિલ ૧૯૬૬ની પરીક્ષાથી અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૭૨. યુનાઇટેડ આરબ રિપબ્લિકના શ્રી. એ. એ. હેલીશ નામના વિદ્યાર્થી શ્રી. એસ. આઈ. આર.ની યોજના હેઠળ પીએચ.ડી. પદવી રસાયણવિજ્ઞાન વિષયમાં અટીરા, અમદાવાદમાં ડૉ. પી. સી. મહેતાના માર્ગદર્શન હેઠળ નોંધાયા છે. તેમણે કૈરો યુનિવર્સિટીમાં જર્મન ટેસ્ટની પરીક્ષા પસાર કરી હોવાથી તેમના પીએચ.ડી. પદવી માટેના આ અંગેના તે વિષયના ટેસ્ટમાંથી મુક્તિ આપવાની અટીરાના અધ્યક્ષ તરફથી આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીને જર્મન ભાષાની પરીક્ષા(ટેસ્ટ)માંથી મુક્તિ આપી શકાય નહિ તેમ સદરહુ સંસ્થાના અધ્યક્ષને જણાવવું.

૧૭૩. ગ્રંથાલય ભવનમાં ગ્રંથાલયશાસ્ત્ર માટે ફી, માફીનું ધોરણ કુલ વિદ્યાર્થીઓની કુલ ટયુશન ફીના ૫ ટકાને બદલે ૧૦ ટકાનું રાખવા માટે વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુનિવર્સિટીનાં બીજાં ભવનોમાં આ અંગેનું ધોરણ ૧૦ ટકાનું સેનેટે તેની તા. ૨૦/૨૧–૧૨–૧૯૬૦ તથા તા. ૧૫–૧૦–૧૯૬૫ની સભાએ નક્કી કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રન્થાલયશાસ્ત્રના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ફી-માફીનું ધોરણ કુલ વિદ્યાર્થીઓની કુલ ટયૂશન ફીના પાંચ ટકાને બદલે દશ ટકા રાખવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૧૭૪. યુનિવર્સિટી પરીક્ષાઓમાં બેસતા વિદ્યાર્થીઓને કૃપાગુણ આપવા અંગેના ઑ. ૧૪૦ અને ઑ. ૧૪૧ના લાભ જે તે પરીક્ષાના તમામ વિષયોની પરીક્ષાના તમામ વિષયોની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીને જ આપવા અંગે સ્પષ્ટતા કરવા માટે અને તે અંગે ઑ. ૧૪૦ અને ઑ. ૧૪૧માં નીચેના પાઠ ઉમેરવા બાબત.

"The benefit of this Ordinance shall be given only to those candidates who are appearing at a time in all the papers and practicals if any, Examination, without availing himself of exemption from any subject or subjects.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૪૦ તથા ઑર્ડિ. ૧૪૧ બેઉના પાઠમાં નીચેની નોંધ સ્પષ્ટતા ખાતર ઉમેરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

"The benefit of this Ordinance shall be given only to a candidate who appears at a time in all the papers and practicals (if any), without availing himself of exemption from any subject or subjects or a part thereof."

૧૭૫. આંતરિક કસોટી પરીક્ષાના ગુણાંકનને લગતા હાલના ઑ. ૧૫૬–એમાં ફેરબદલ પ્રી-યુનિ. પરીક્ષાઓનો જ ઉલ્લેખ હોઈ, નવા સુગ્રથિત ત્રિવાર્ષિક ડિગ્રી અભ્યાસક્રમની પરીક્ષાઓને પણ આવરી લેવાય તે રીતે સુધારા કરવા બાબત.

સુધારેલ ઑ. ૧૫૬–એનો પાઠ નીચે આપેલ છે:

O. 156–A. :

(Common for Arts, Science and Commerce at the Pre–Uni, First Second and Third Degree Examinatiods.)

(a) A Mark statement obtained by a candidate in Internal valuation in different subjects at an affiliated college duly certified by the Principal

shall be sent alongwith the Transference Certificate when he joins another college in a Second or a subsquent term for the same class. *In case of candidate joining another college for a Higher Ezamination on the basis of the benifit of keeping terms for Higher Examination availed by him, marks obtained by him in Internal Evaluation in the subjects which he yet requires to pass at Lower Examination shall be sent alongwith the transference Certificate.*

(b) If a candidate fails at a University Examination and appears as an Ex-student at a subsquent Examination, the marks obtained by him in Internal Evaluation in various subjects at the Last preceeding Examination, shall be carried forward in the respective subjects at the next Examination.

(c) If candidate having failed at an Examination, joins a college he will forfeit his status as an Ex-student and be treated as a fresh candidate and the marks obtained by such a candidate in Internal Evaluation (if any) in any or all his subjects will be declared as cancelled, provided he desires to carry forward these marks in Internal Evaluation of the head of any subject in which he passed previously and provided further that the subject or subjects in which he has been exempted under the relevant rules in this behalf, his marks in those subjects shall also be carried forward as per provision in (b) above.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિ. ૧૫૬-એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એ.કા./૦૩૭૬૦૧/૧૯૬૬
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
માર્ચ ૧૦, ૧૯૬૬.
ફાલ્ગુન ૧૯, ૧૮૮૭ (શક).

કં. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૯૬

O. 142-A :

Where the standard of passing in a particular examination in any papers head of passing is prescribed on a percentage basis according to the relevant rules in force from time to time; for the perpose of calculating minimum marks for passing in the paper or head of passing, concerned a fraction of marks, which is half or more than half i.e. ·5 or more than ·5 shall be computed as one and a fraction less than half i.e., less than ·5 shall be ignored.

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૯૭

એમ.એ., ભાગ ૧ (૧૯૬૭)ની પરીક્ષા માટે

[નોંધ.—પ્રશ્નપત્ર ૧ (મુખ્ય અને ગૌણ) બાકીના મુખ્ય]

પ્રશ્નપત્ર ૧

નવલકથાના સાહિત્યસ્વરૂપનો અભ્યાસ, તેને ઘડનારાં બળો અને ગુજરાતી સાહિત્યમાં તેના વિકાસની રૂપરેખાના અધ્યયન સહિત. આ સાહિત્યસ્વરૂપ સમજવામાં મદદરૂપ થાય તે માટે નીચેનાં પુસ્તકો સૂચવવામાં આવે છે :

૧. 'બ્રધર્સ કેરેમેઝોવ' : ફ્યોદોર દોસ્તોયેવ્સ્કી
૨. 'ટેસ' : થૉમસ હાર્ડી
૩. 'ગોરા' : રવીન્દ્રનાથ ઠાકુર
૪. 'સરસ્વતીચંદ્ર' : ગોવર્ધનરામ ત્રિપાઠી
૫. 'ગુજરાતનો નાથ' : કનૈયાલાલ મુનશી
૬. 'માનવીની ભવાઈ' : પન્નાલાલ પટેલ
૭. 'ઝેર તો પીધાં છે જાણી જાણી' : મનુભાઈ પંચોળી (દર્શક)

પ્રશ્નપત્ર ૨ (સાહિત્યમીમાંસા)

(અ) ભારતીય સાહિત્યમીમાંસા

૧. રસસ્વરૂપ :

રસપ્રક્રિયા તથા તેના અનુલક્ષમાં અભિનવગુપ્તે ચર્ચેલાં ભિન્ન ભિન્ન દૃષ્ટિબિંદુઓ. (અભિનવ ભારતી)

૨. ધ્વનિ—પ્રતીયમાન અર્થનું સ્વરૂપ :
તેના પ્રકારો : વસ્તુધ્વનિ, અલંકારધ્વનિ, રસધ્વનિ (આનન્દવર્ધન)

૩. વક્રોક્તિ—તેનું સ્વરૂપ અને તેના માર્ગો :
કાવ્યમાં તેનું સ્થાન (કુન્તક)

૪. શબ્દનું રમણીયાર્થ-પ્રતિપાદકત્વ (જગન્નાથ).

(આ) પાશ્ચાત્ય સાહિત્યમીમાંસા

૧. એરિસ્ટોટલની ટ્રેજેડીની વિભાવના
૨. લોન્જાઇનસની 'ભવ્યતા'ની વિભાવના
૩. મેન્યુ આર્નલ્ડના કવિતાવિષયક વિચારો
૪. ક્રોચેનો અભિવ્યક્તિવાદ
૫. ટી. એસ. એલિયટના કવિતાવિષયક વિચારો.

સૂચિત પુસ્તકો

૧. "કાવ્યવિચાર" : સુરેન્દ્રનાથ દાસગુપ્તા અને નગીનદાસ પારેખ
2. "The Making of Literature" : Scott James
3. "Critical Approach to Literature" : David Daiches.

પ્રશ્નપત્ર 3

(અ) ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ...૫૦ ગુણ.

સૂચિત પુસ્તકો

૧. "ભારતીય સંસ્કાર અને તેનું ગુજરાતીમાં અવતરણ" : દુર્ગાશંકર શાસ્ત્રી
૨. "ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ", ખંડ ૧ : રત્નમણિરાવ જોટે
૩. "કાવ્યાનુશાસન", ગ્રંથ ૨ (પ્રસ્તાવના) : રસિકલાલ છો. પરીખ
૪. "સમાજસુધારાનું રેખાદર્શન" : નવલરામ ત્રિવેદી
૫. "અર્વાચીન ગુજરાતનું રેખાદર્શન" : હીરાલાલ પારેખ

(બ) મધ્યકાલીન સાહિત્યની નીચેની ત્રણ પ્રશિષ્ટ કૃતિઓનો અભ્યાસ — પ્રત્યેક સાહિત્યસ્વરૂપના અભ્યાસ સહિત ... ૫૦ ગુણ

૧. "કાન્હડદે પ્રબંધ" : પદ્મનાભ
૨. "રણયજ્ઞ" : પ્રેમાનંદ
૩. "મદનમોહના" : શામળ

એમ.એ., ભાગ ૨ (૧૯૬૮)ની પરીક્ષા માટે

[નોંધ.— પ્રશ્નપત્ર ૪ (મુખ્ય અને ગૌણ) બાકીના મુખ્ય]

પ્રશ્નપત્ર ૪

(અ) "સરસ્વતીચન્દ્ર", ભાગ ૪નો અભ્યાસ ... ૫૦ ગુણ
(બ) (૧) અંગ્રેજી ફકરાનો ગુજરાતી ભાષામાં અનુવાદ ... ૨૦ ગુણ
(૨) કાવ્યકૃતિનું વિવેચન ... ૧૫ ગુણ
(૩) ગદ્યકંડિકાનું વિવરણ ... ૧૫ ગુણ.

પ્રશ્નપત્ર ૫

૧. **ગુજરાતીનું ભાષાવૈજ્ઞાનિક અધ્યયન**

ખંડ પહેલો : ભાષાવિજ્ઞાનના સામાન્ય સિદ્ધાંતોનો પરિચય ... ૩૪ ગુણ
ખંડ બીજો : ગુજરાતી ભાષાનો ઇતિહાસ ... ૩૪ ગુણ
ખંડ ત્રીજો : અર્વાચીન ગુજરાતી ભાષા ... ૩૨ ગુણ.

૨. **ગુજરાતીનું ભાષાવૈજ્ઞાનિક અધ્યયન**

સૂચિત અભ્યાસસામગ્રી

ખંડ પહેલો — ભાષાવિજ્ઞાનના સામાન્ય સિદ્ધાંતોનો પરિચય :

૧. ભાષાવિજ્ઞાનનો પ્રદેશ અને વિષય, ભાષાની વ્યાખ્યા, ભાષાવિજ્ઞાનની શાખાઓ, ભાષાવિજ્ઞાનના ઇતિહાસની રૂપરેખા.

સૂચિત પુસ્તકો

"ધ સ્ટડી ઑફ લેંગ્વેજ", જે. બી. કેરોલ, ૧૯૬૧ : હાવર્ડ યુનિવર્સિટી પ્રેસ, કેમ્બ્રિજ, પૃ. ૧થી ૬૮

"લિન્ગ્વસ્ટિક્સ — ધ સ્ટડી ઑફ લેંગ્વેજ", સી. સી. ફ્રાઇસ, ૧૯૬૪ : હોલ્ટ રાઇનહાર્ટ ઍન્ડ વિન્સ્ટન, ઇન્કો. લંડન, ન્યૂયૉર્ક.

૨. ધ્વનિવિચાર, રૂપવિચાર, વાક્યવિચાર.

સૂચિત પુસ્તકો

"આઉટલાઇન ઑફ લિન્ગ્વસ્ટિક ઍનાલિસિસ" : બ્લોક અને ટ્રેગર, ૧૯૫૦
"લિંગ્વસ્ટિક સોસાયટી ઑફ અમેરિકા", : બાલ્ટિમોર
"ધ્વનિસ્વરૂપ અને ધ્વનિપરિવર્તન" : પ્ર. બે. પંડિત, ૧૯૬૫, ગુજરાત યુનિ., અમદાવાદ, પૃ. ૧થી ૧૦૩
"ભાષાવિજ્ઞાન", ખંડ પહેલો : કા. બ. વ્યાસ, ૧૯૬૪; ઍન. ઍમ. ત્રિપાઠી (પ્રા.) લિ. પૃ. ૧૦૪થી ૧૯૮, મુંબઈ

૩. ઐતિહાસિક ભાષાવિજ્ઞાન :

ભાષાઓનું આનુવંશિક અને પ્રકૃતિનિષ્ઠ વર્ગીકરણ, લેખી સામગ્રી અને લિપિઓ, તુલનાત્મક પદ્ધતિ અને આંતરિક પુનર્ઘટનાની પદ્ધતિ, ભાષાનું સ્વરૂપવૈવિધ્ય, બોલીઓ, ભાષાભૂગોળ, ભાષાપરિવર્તન, ધ્વનિતંત્રનું, રૂપતંત્રનું (સાદૃશ્યમૂલક) અર્થનું પરિવર્તન, ભાષાઓનો પારસ્પરિક પ્રભાવ, આદાનપ્રદાન.

સૂચિત પુસ્તકો

1. Technical terms commonly used in classical architecture study of general principles of proportion and composition.
2. Elements of perspective drawing.
3. Planning, designing and preparing working drawings of residential buildings, simple educational and industrial buildings.

Term work :

(*i*) Complete set of drawings, giving plans, elevations, sections and details of any one type of residential building and one type of non-residential building, in not less than four sheets, finished in ink.

(*ii*) Perspective drawing of any one of the building in (*i*) above.

(*iii*) Design reports for (*i*) above.

Practical and sketching :

This shall comprise of the sketching exercise based on the theory and oral test on term work.

Sessional work shall be based on the course under Civil Engineering Drawing.

Renew the following is the scheme of instruction and Examination for the Third Examination in Mechanical and Electrical Engineering

Sr. No.	*Name of the subject*	*Teaching scheme—lecture periods of 45 minutes each*		*Scheme of Examination*				
		Theory	*Lab./practicals or Drawing*	*Theory*	*Practical sketching*	*Sessional*	*Term work*	*Total*
301.	C.M.E. Engineering Mathematics–V	3	—	100	—	50	—	150
302.	C.M.E. Strength of Materials–I	3	1½	100	—	50	25	175
303.	C.M.E. Theory of Structures–I	3	1½	100	—	50	25	175
304.	C.M.E. Hydraulics & Hydraulic Machineries	3	1½	100	—	50	25	175
305.	M.E. Heat Power–II	3	1½	100	50	50	25	225
306.	M.E. Electronics	3	1½	100	—	50	25	175
307.	M.E. Theory of Machines	3	—	100	—	50	—	150
308.	M.E. Machine Design–I	3	3	100	—	50	50	200
309.	M.E. Electrical Machines–I	3	3	100	50	50	25	225
310.	M.E. Mechanical Technology–II	—	4½	—	100	—	50	150
	Total..	27	18	900	200	450	250	1,800

Note.—Provided further that any student appearing at the above examination shall appear in not less than one test in each subject in each term conducted by the college for the purpose of sessional work of his class done during the year.

THIRD YEAR MECHANICAL AND ELECTRICAL ENGINEERING

305. M.E.—Heat Power-II

Theory Paper : 100 marks, 3 periods per week
Practical : 50 marks
Sessional : 50 marks
Term work : 25 marks, 1½ periods per week.

1. Thermodynamics of water vapour:

Thermal properties of steam, enthalpy and Entropy of water and steam, Temperature and Entropy diagrams. Total heat and Entropy diagrams. Isothermal, adiabatic, constant told heat and other thermodynamic operations on these charts. Carnot cycle for steam, Rankine cycle and its modification for steam P–V and T–Q diagrams of these cycles and their efficiency, Steam consumption of the cycles.

Steam calorimeters, Determination of quality of steam, condensation inside the cylinder, cylinder feed, indicated steam and missing quantity Willian's line. Losses in steam engine, methods of improving the efficiency, superheating of steam.

2. Compound steam engines:

Componnd expansion of steam, types of compound engines, mean effective pressure referred to L. P. cylinder, cylinder dimensions, distribution of work between cylinders, piston loads, P–V digrams. Governing of compound engines. Uniflow engine.

3. Condensers:

Necessity of condensation of steam, types of condensers, cooling water required, Law of partial pressures, Air in condensers. Wet and Dry air pumps, Air egectores.

4. Fuels and combustion:

Types and varieties of fuels, Higher and lower calorific values, Air required for complete combustion. Analysis of fues gases and products of combustion, Weight of combustion products per unit, weight of fuel burnt. Excess air and heat carried away by products of combustion.

Laboratory course, Term-work and Sessional work shall be based on the course of study under Heat Power–II.

Volumetric and Gravimetric analysis of fuels and exhaust gases, calculations of air supply and weight of products of combustion from the analysis, Gas producer. Air to steam ration.

5. I. C. Engines :

T-diagrams of air standard cycles of I. C. engines, values of pressure, temperature and volume at critical points of the cycles, heat received or rejected during expansion or compression of a gas, change of entropy during polytopic operations of a gas.

Gas, petrol and oil engines: Methods of fuel supply, working principles of carburettor, Fuel pump, injector, Methods of ignition, cooling and scavenging of engines, valve timing diagrams, governing of I. C. engines.

THIRD YEAR CIVIL, MECHANICAL & ELECTRICAL

306. M.E. — Electronics

Theory Paper :	100 marks	3 periods per week
Sessional :	50 marks	
Term Work :	25 marks	1½ periods per week.

1. **Circuits :** Series and parallel reasonance, Selectivity impedance-Coupled circuits-Maximum power transfer and impedance matching.
2. **Electron Emission :** Work function-Thermionic, secondary photoelectric and field emission-Richardson's equation-Thermionic cathodes of different types.
3. **Thermionic Vacuum Tubes :** Construction and operational charact eristics of diode, triode, tetrode, beam tube and pentode-Valve parameters-Operating points and bias arrangements-Multi-electrode and multi-unit tubes-Magic eye-Cathode ray tube.
4. **Gas Tubes :** Conduction of electricity through gases-Ionisation-Glow and Arc discharge-Cold cathode and thermionic gas diodes-Thyratrons.

Laboratory practice. Sessional work, and term work shall be based on the course under Electronics.

5. **Rectifiers :** Single phase and three phase rectifiers circuits–Voltage doubler–Filters–controlled rectifiers.

6. **Amplifiers :** Low frequency voltage and power amplifier Resistance, impedance and transformer coupling–Push-pull operation–Class A, B and C amplifiers–Frequency response–High-frequency amplifiers–Feedback.

7. **Oscillators :** L. C. Oscillators–Multivibrators–Saw–tooth generator Syndhronisation.

8. **Semiconductors :** Properties of intrinsic and doped semiconductors P. N. Junction–Junction diodes and junction transistors–Elementary transistor–amplifier and Oscillator circuits-Field effect and unijunction transistors–Silicon-controlled rectifiers.

9. **Photo-electricity :** Photo-conductive, photo-voltaic and photo-emissive effects–Photo–tubes-Photo-multipliers and photo-transistors–Photo-tube relays.

10. **Application :** Cathode-ray Oscilloscope and its use–Vacuum tube valtmeter–Applications of electronic devices for measurement of non-electrical quantities like temperature, pressure, displacement, velocity, acceleration, vibrations, strain, etc. Strain gauge.

THIRD YEAR MECHANICAL AND ELECTRICAL ENGINEERING

307. M.E.—Theory of Machines

One paper	—	100 marks	3 periods per week.
Sessional	—	50 marks	

Mechanisms, kinematic chains, pairing and inversions, rectilinear and rotational motion in a plane, simple harmonic motion, compound pendulum, equivalent dynamical system.

Turning moment diagram fluctuation of speed, fluctuation of energy and flywheel governing.

Velocity and acceleration in machine parts. Instantaneous centre, centrode, Velocity and acceleration diagram. Velocity accleration images. Kleih's construction. Analytical determination of volecity, and velocity and acceleration of piston of reciprocating mechanisms.

Sessional work shall be based on the course under theory of machines

Cams, types of follower, cams with specified contours.

Friction, Limiting angle, friction of a screw and nut, pivot and collar friction. Thrust bearing, plate and disc cultches, Friction circle and friction axis. Film, lubrication. Mitchell and Kingsley bearings, Journal bearing ball and roller bearings.

Belt and rope derive effect of centrifugal stress on power transmitted, creep effect — Use of Jockey pulleys, chain drive, types of chain.

Brakes and dynamometers, simple block and shoe brake, Braking vehicle, Absorption, trasmission and torsional dynamometers.

THIRD YEAR MECHANICAL AND ELECTRICAL ENGINEERING

308. M.E. — Machine Design-I

One Paper : 100 marks, 3 periods
Term work : 50 marks, 3 periods per week.
Sessional : 50 mark, per week.

Design of machine parts subjected to—

1. Pure direct and shear stresses such as pin joints, cotter joints, Rivetted joints. Thin Cylinders subjected internal pressures, turn buckle, screw fastenings and cylinder cove cover bolts.

2. Bending such as levers, beam scale, Rocker arm, etc.

3. Torsion : Such as keys, splines, shafts, couplings, Helical compression or tension springs.

4. Thrust—Such as pillars with direct leading, push rods, connecting rods and piston rods.

5. Design of simple machines like screw jack, train coupler, belt pulley drive, plummer block, etc.

6. Eccentric loading on rivets and bolts.

(*N.B*—Sessional work and term work shall be based on the course under Machine Design–I.)

THIRD YEAR MECHANICAL AND ELECTRICAL ENGINEERING

309. M.E. — Electrical Machine–I

Theory Paper : 100 marks, 3 periods per week
Practical : 50 marks

Sessional : 50 marks

Term work : 25 marks, 3 periods per week.

1. *D.C. Generators :* Construction, Operation, Charateristics, losses and efficiency, and applications.

2. *D.C. Motors :* Operation, Characteristics, speed control, losses and efficiency applications–Study of motor starters and simple controllers.

3. *Transformers :* Construction and principles of single and three-phase transformers–Vector diagram and equivalent circuit–Efficiency and regulation–Three-phase transformer connections such as star–star–star, delta, star–delta, Vee, and Scott–Parallel operation of single phase transformers with equal voltage ratios.

4. *Altenators :* Construction and principle of operation E.M.F. equation–Synchronous impedance–Voltage regulation by Synchronous impedance method and by simple armature "Ampere–turn" method–Synchronizing.

5. *Synchronous Motors :* Principle of operation–Vector diagram–operation on constant power curves, V–curves–starting–Applications including simple cases of p.f. improvement.

6. *Induction Motors :* Construction and principle of operation on constant flux–Torque–ship curves–Mechanical Starting torque–Equivalent circuit–Simple circle diagram, starting and speed control–Descriptive study of common types of single phase motors–Applications of 3-phase and 1-phase motors.

7. *Synchronous Convertors :* Construction and Principle of operation–Voltage and current ratios–Method of Voltage control starting.

8. *Mercury-arc Rectifiers :* Construction and operation–Types and general characteristics–Voltage and Current relations–Voltage control by grid–Control method.

—Laboratory practice, Sessional work, and Term work shall be based on course under Electro-Technology–I.

THIRD YEAR MECHANICAL AND ELECTRICAL ENGINEERING

310. M.E.—Mechanical Technology-II

Term work : 50 marks, 4½ periods per week
Practical : 100 marks

1. Instruction in the use of hand tools and machinery used in Foundry and Machine shop.

2. Demonstration of making of moulds and cores, charging of a cupola and casting. Operations of various machine tools such as taper turning and screw cutting on lathe. Gear cutting on milling machines. Use of measuring instruments like vernier callipers, micrometers, depth gauges, etc.

Term work :

In addition to practice jobs each candidates shall submit the following term work for assessment :

(*i*) Pattern making	..	2 jobs
(*ii*) Precission fitting	..	2 „
(*iii*) Plain taper turning	..	2 „
(*iv*) Moulding and casting	..	2 „
(*v*) Forging and grinding of tools	..	2 „
(*vi*) Notes on demonstrations in machine tools and instruments as mentioned in 1 and 2 above.		

Practical Examination : The practical examination will consist of preparation of jobs in three shops on three separate days.

Marks and time allotted for jobs will be as under :

(1) Pattern making	one job	3 hours	30 marks
(2) Fitting	one job	6 hours	40 marks
(3) Forging	one job	3 hours	30 marks

Practice and term-work shall be based on the course under Mechanical Technology-II.

R. New-13 :

(*a*) To pass the third examination in Engineering a candidate must obtain at least 35% of the full marks in each subject in theory and 50% marks separately in (*i*) practicals including oral, sketches if any, (*ii*) term work, and (*iii*) sessional work and in addition, he must obtain a minimum of 45% of marks in the aggregate for being declared to have passed the examination. For the purpose of determining whether a candidate has secured 45% of marks in the aggregate, the marks of the candidate at the previous examination or examinations in the subject or subjects in which he has claimed exemptions, shall be carried over.

In case of a candidate who fails at an examination, the marks assigned to all term work, and sessional work in which he passes, shall be carried over.

(*b*) Those of the candidates who secure 45% or more but less than 60% marks in the aggregate and have passed an examination at one sitting will be declared to have passed the examination in the second class.

(*c*) Those of the candidates who secure 60% or more but less than 66% marks in the aggregate and have passed an examination at one sitting will be declared to have passed the examination in the first class.

(*d*) Those of the candidates who secure 66% or more marks in the aggregate and have passed the examination at one sitting will be declared to have passed the examination in the first class with distinction.

R. New-14 :

A candidate who fails in an examination but secures 50% or more marks in a subject may, at his option, be exempted from appearing in that subject at a subsequent examination and will be declared to have passed the examination if he passes in the remaining subject or subjects of that examination and secure 45% of marks in the aggregate, in accordance with R. New.

Candidate passing the examination in compartments will not be eligible for a class or a prize or a scholarship at the examination.

The marks assigned to each candidate for the total sessional work in each subject shall be sent to the University by 5th April every year,

by the Principal of the college from where the candidate is sent up for the examination.

The modified R. New-3 will be read as under :

A candidate who fails in an examination but secures 50% or more marks in a subject may, at his option, be exempted from appearing in that subject at a subsequent examination and will be declared to have passed the examination if he passes in the remaining subject or subjects or that examination and secure 45% of marks in the aggregate, in accordance with R.

Candidate passing the examination in compartment will not be eligible for a class or a prize or a scholarship at the examination.

The marks assigned to each candidate for the total sessional work in each subject shall be sent to the University by 10th March every year, by the Principal of the college from where the candidate is sent up for the examination. Provided further that the term work and practical in all subjects will be assessed by the college periodically. The marks assigned to such term works and practicals shall also be sent to the University by 5th April every year by the Principal of the college from where the candidate is sent up for examination.

R. New -15 :

A student who has passed in all heads of passing but three at the third examination in Engineering and has obtained a minimum of 45 per cent of marks in the aggregate will be permitted to keep terms and appear for the fourth examination in engineering, but will not be declared to have passed the fourth examination in engineering until he has passed in the subject of which the head of passing concerned is a part at the Third Year Examination in Engineering.

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૬૨

રેટેન્ડંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની સભા, મંગળવાર તા. ૨૧-૬-૧૯૬૬ના રોજ બપોરે ૧-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈના પ્રમુખપદે મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ	હાજર
૩. પ્રિ. એચ. ડી. નોરોન્હા	ગેરહાજર
૪. પ્રિ. એચ. કે. બુખારી	ગેરહાજર
૫. પ્રિ. એમ. ડી. માણેક	ગેરહાજર
૬. ડૉ. ટી. બી. પટેલ	ગેરહાજર
૭. પ્રિ. બી. આર. ત્રિવેદી	હાજર
૮. પ્રિ. ટી. એમ. પરીખ	ગેરહાજર
૯. પ્રિ. ડૉ. એચ. જી. પંડ્યા	હાજર.

૧. તા. ૪-૩-૧૯૬૬ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૪-૩-૧૯૬૬ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને બહાલી આપવામાં આવી, અને તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. સરદાર પટેલ યુનિવર્સિટીની સેકન્ડ બી.એસસી.ની પરીક્ષાને પરસપરના ધોરણે માન્ય કરવા માટેના મહારાજા શ્રી. મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબીના પ્રિન્સિપાલના પત્ર નંબર સ્ટાફ-પીએફ-૮૮, તા. ૧૮-૪-૧૯૬૬થી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

ફેકલ્ટી ઑફ સાયન્સના ડીનનો અભિપ્રાય :

"In view of these differences, I am of opinion that the grant of equivalence of the S. V. Vidyapeeth S.Y.B.Sc. course to the S.Y.B.Sc. course of this University is not desirable. If such equivalence is granted, students coming from the Vidyapeeth will have the advantage over our students, in that they will be able to select their principal subject in the final year. Such a concession may also be claimed by students of this University.

It should be noted, however, that if equivalence is granted, a student from the Vidyapeeth admitted to the T.Y.B.Sc. class will need to pass the

Paper V and practical V of the S.Y.B.Sc. course of this University also. This may introdace complications both in teaching and administration."

(અ) ગુજરાત રાજ્યની યુનિવર્સિટી પૈકીની એક યુનિવર્સિટીમાંથી બીજી યુનિવર્સિટીમાં જવાની સરળતા થાય તે દૃષ્ટિએ જોઇન્ટ બોર્ડ ઑફ વાઇસ-ચાન્સેલર્સના તા. ૩૦-૮-૧૯૬૨ની બાબત ઉપરના ઠરાવના સંદર્ભમાં સ્ટેટ યુનિવર્સિટીઓની પરીક્ષા પરસ્પરના ધોરણે માન્ય કરવી. તે ભલામણ લક્ષમાં રાખીને સરદાર પટેલ યુનિવર્સિટીની સેકન્ડ બી.એસસી. પરીક્ષા પરસ્પરની માન્યતાને ધોરણે માન્ય કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

(બ) સરદાર પટેલ યુનિવર્સિટીની સેકન્ડ બી.એ. તથા સેકન્ડ બી.કૉમ. પરીક્ષાઓ તેમ જ એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાની સેકન્ડ બી.એ., સેકન્ડ બી.કૉમ. તથા સેકન્ડ બી.એસસી.ની પરીક્ષાઓની માન્યતા સ્ટેટ યુનિવર્સિટીઓની પરીક્ષાઓ જોઈ, માન્ય કરવા અંગે ડીનનો અભિપ્રાય લઈ ઉપકુલપતિશ્રીને ઘટતું કરવા સત્તા આપવામાં આવે છે.

(ક) ઉપરની પરીક્ષાઓમાં પાસ થનાર વિદ્યાર્થીઓને ચાલુ (૧૯૬૬-૬૭ના) વર્ષ માટે તદર્થ (ad-hoc) ધોરણે પ્રવેશપાત્ર ગણવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

૩. સરદાર પટેલ યુનિવર્સિટીની બી.એડ., એમ.એડ., એમ.ઈ.(સી., એમ. ઍન્ડ ઈ.) અને એમ.કૉમ. પરીક્ષાઓને પરસ્પરના ધોરણે માન્ય કરવા માટેના શ્રી. રજિસ્ટ્રાર, સરદાર પટેલ યુનિવર્સિટીના નં. ડી-૯-૨૦૫૪, તા. ૧૭-૧૧-૧૯૬૬ના પત્રથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

ફેકલ્ટી ઑફ આર્ટ્સ ઇન્ક્લ્યુડિંગ એજ્યુકેશનના ડીનનો અભિપ્રાય :

સરખા અભ્યાસક્રમ છે તો Reciprocity જાળવીને આપવામાં વાંધો નથી.

ફેકલ્ટી ઑફ એન્જિનિયરિંગના ડીનનો અભિપ્રાય :

1. M.E.(Mech.) of S. V. V. could be considered as equivalent to M.E.(Mech.) of Gujarat University as the subjects and syllabi are practically the same.
2. M.E.(Elect.) in (*a*) Electrical Power system, and (*b*) Electrical Machine Design of S. V. V. are equivalent to M.E.(Elect.) Power and M.E. (Elect.) Machine Design of Gujarat University respectively.
3. M.E.(Civil) is not conducted at this University.

ફેકલ્ટી ઑફ કૉમર્સના ડીનનો અભિપ્રાય :

There is no harm, if we consider M.Com. Examination of Sardar Vallabhbhai Vidyapeeth, Vallabh Vidyanagar, as equivalent to our M.Com. Examination on reciprocal basis."

સરદાર પટેલ યુનિવર્સિટીની બી.એડ., એમ.એડ., એમ.ઈ. (સી., એમ. ઍન્ડ ઈ.) અને એમ.કૉમ. પરીક્ષાઓને પરસ્પરની માન્યતાને ધોરણે માન્ય કરવા એકૅડેમિક કાઉન્સિલને આથી ભલામણ કરવામાં આવે છે.

૪. બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, રાજસ્થાનની હાયર સેકન્ડરી પરીક્ષા ૧૯૬૪માં પસાર કરીને આવનાર બહેન કુ. કુંજલતા સી. શાહને પ્રી-યુનિ. આર્ટ્સની પરીક્ષામાં એક્સ્ટર્નલ વિદ્યાર્થિની તરીકે નામ નોંધાવવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવા માટે ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૫. બિહાર સ્કૂલ એક્ઝામિનેશન બોર્ડની હાયર સેકન્ડરી સ્કૂલ એક્ઝામિનેશન પરીક્ષા પસાર કરીને આવનાર બહેન કુ. વોરા જ્યોતિ એન.ને ફર્સ્ટ બી.એ.માં પ્રવેશ આપવા અંગે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૬. યુ. પી. એગ્રિકલ્ચર યુનિવર્સિટી, પંતનગરના તા. ૮-૭-૧૯૬૫ના પત્રથી એમ.એસસી. (એગ્રિ.) પરીક્ષાને માન્ય કરવા અંગે તેમણે તા. ૮-૭-૧૯૬૫ના પત્રથી કરેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— આ અંગે હજુ સુધી ડીનનો અભિપ્રાય આવેલ નથી.)

યુ. પી. એગ્રિકલ્ચર યુનિવર્સિટી, પંતનગરની એમ.એસસી. (એગ્રિ.) પરીક્ષાને પરસ્પરની માન્યતાને ધોરણે માન્ય કરવા એકૅડેમિક કાઉન્સિલને આથી ભલામણ કરવામાં આવે છે.

૭. યુનિવર્સિટી ઑફ બિહાર, મુઝફ્ફરપુરની નીચે મુજબની પરીક્ષાઓને માન્ય કરવાની તેમના તા. ૨૮-૪-૧૯૬૫ના પત્રથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— ઉપરોક્ત બાબત, ઇક્વિવેલેન્સ કમિટીની તા. ૪-૩-૧૯૬૬ની સભામાં, આઇટેમ નં. ૧૭થી મૂકવામાં આવી હતી, તેનો ઠરાવ નીચે મુજબ છે:

"આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબત હાલ મુલતવી રાખવી અને સદરહુ યુનિવર્સિટી યુનિવર્સિટીના કાયદાની રૂએ સ્થપાયેલી છે કે કેમ તે અંગેની માહિતી સાથે ફરી રજૂ કરવી."

આ યુનિવર્સિટી કાયદાની રૂએ સ્થપાયેલી છે, તેવું સેક્રેટરી, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સચિવે તેમના તા. ૬-૪-૧૯૬૬ના પત્રાંક એફ-૨-૧-૬૬-સીડીએ-૧-પીટી-IIથી જણાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબત હાલ મુલતવી રાખવી અને ફરીથી રજૂ કરવી.

૮. કલકત્તા યુનિવર્સિટીની એમ.બી.,બી.એસ. અને બી.એસસી. (ફિઝિયોલોજી) પદવી પરીક્ષાઓ પસાર કરીને આવનાર શ્રી. એન. કે. દત્ત સીધા એમ.એસસી. (મેડિકલ) પદવી પરીક્ષા માટે પ્રવેશ આપવા વિનંતી કરે છે તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.— આપણા એમ.એસસી. (મેડિકલ) ડિગ્રી પરીક્ષા અંગેના નિયમ મુજબ એમ.એસસી. (મેડિકલ) ડિગ્રી પરીક્ષામાં બેસતાં પહેલાં વિદ્યાર્થીએ બી.એસસી. (મેડિકલ) પરીક્ષા પસાર કરવી જરૂરી છે.

ફેકલ્ટી ઑફ મેડિસિનના ડીને આ પ્રમાણે પરવાનગી આપી શકાય તેવો અભિપ્રાય દર્શાવ્યો છે.

બી.એસસી. (ફિઝિયોલોજી), કલકત્તાની પરીક્ષા માન્ય ગણી એમ.એસસી.(મેડિસિન)ના પ્રવેશ અંગે વિચારવાનું છે.]

કલકત્તા યુનિવર્સિટીની બી.એસસી. (ફિઝિયોલોજી) પરીક્ષાને આપણી બી.એસસી (મેડિકલ) પરીક્ષા તુલ્ય પરસ્પરની માન્યતાને ધોરણે માન્ય કરવા અંગે એકૅડેમિક કાઉન્સિલને આથી ભલામણ કરવામાં આવે છે.

૯. ભારત સરકાર સંચાલિત "રુરલ સર્વિસીઝ" ધરાવનારને આપણી યુનિવર્સિટીના એલએલ.બી.ના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા અંગે લૉ ફૅકલ્ટીની તા. ૨૫-૪-૧૯૬૬ની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

લૉ ફૅકલ્ટીની ભલામણ

"ભારત સરકાર સંચાલિત 'રુરલ સર્વિસીઝ ડિપ્લોમા' ધરાવનારને આપણી યુનિવર્સિટીના એલએલ.બી.ના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવાની બાબતમાં આ વિદ્યાશાખા સહમત નથી."

(નોંધ.—ઉપરોક્ત બાબત તા. ૪-૩-૧૯૬૬ના રોજ મળેલી ઇક્વિવેલેન્સ સમિતિ સમક્ષ મૂકવામાં આવેલી. તેનો ઠરાવ નીચે મુજબ કરવામાં આવ્યો હતો :

"આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબત ધારાશાસ્ત્રની વિદ્યાશાખાને તેમના અભિપ્રાય માટે મોકલી આપવી.")

ભારત સરકાર સંચાલિત 'રુરલ સર્વિસીઝ ડિપ્લોમા' ધરાવનારને એલએલ.બી.ના અભ્યાસક્રમ માટે પ્રવેશપાત્ર ગણવા નહિ તેમ એકૅડેમિક કાઉન્સિલને આથી ભલામણ કરવામાં આવે છે.

૧૦. કેમ્બ્રિજ ઓવરસીઝ સ્કૂલ સર્ટિફિકેટ (ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ), જનરલ સર્ટિફિકેટ ઑફ એજ્યુકેશન, સ્કૂલ સર્ટિફિકેટ, સિલોન, જનરલ સર્ટિફિકેટ ઑફ એજ્યુકેશન (ઑર્ડિનરી લેવલ) તથા લંડન મૅટ્રિકયુલેશન પરીક્ષામાં ઇંગ્લિશમાં પાસ થવાનું રાખેલ છે, તો તે ઇંગ્લિશ લેંગ્વેજ અગર તો ઇંગ્લિશ લિટરેચર પૈકી ગમે તે એકને આવશ્યક ગણવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઉપરોક્ત પરીક્ષા નીચેની શરતે માન્ય કરી છે :

If passed in English, an additional Language, History or Geography, Mathematics and one other subject, if passed in any five or more subjects of which English shall be one but with credit in at least four of them at one and the same examination.)

ઓવરસીઝ સ્કૂલ સર્ટિફિકેટ (ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ), જનરલ સર્ટિફિકેટ ઑફ એજ્યુકેશન, સ્કૂલ સર્ટિફિકેટ, સિલોન, જનરલ સ્કૂલ સર્ટિફિકેટ ઑફ એજ્યુકેશન (ઑર્ડિનરી લેવલ) તથા લંડન મૅટ્રિકયુલેશન પરીક્ષાઓમાં પાસ થવાના જુદા જુદા વિષયો દર્શાવ્યા છે તે પૈકી ઇંગ્લિશ એટલે ઇંગ્લિશ લેંગ્વેજ અગર તો ઇંગ્લિશ લિટરેચર એમ ગણી તે રીતે પરીક્ષા પસાર કરી હોય અને બીજી રીતે નિયમ મુજબ હોય તો એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવું.

૧૧. દિલ્હી યુનિવર્સિટીની બી.એસસી. (હોમ સાયન્સ) પરીક્ષાને આપણી બી.એ. (હોમ સાયન્સ) પરીક્ષાને પરસ્પરના ધોરણે માન્ય કરવા માટેના શ્રી. સુરેન્દ્ર બી. એસ. પૃથા, અમદાવાદના તા. ૧૬-૬-૧૯૬૬ના પત્રથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

દિલ્હી યુનિવર્સિટીની બી.એસસી. (હોમ સાયન્સ) પરીક્ષાને પરસ્પરની માન્યતાને ધોરણે આપણી યુનિવર્સિટીની બી.એ. (હોમ સાયન્સ) પરીક્ષા તુલ્ય ગણવી અને એમ.એ. (હોમ સાયન્સ)માં પ્રવેશ માટે લાયક ગણવા ઍકૅડેમિક કાઉન્સિલને આથી ભલામણ કરવામાં આવે છે.

૧૨. નાતાલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટની, નાતાલ સીનિયર સર્ટિફિકેટ એકઝામિનેશન્સની (ગ્રેડ ઑર્ડિનરી) પરીક્ષા પસાર કરીને આવનાર બહેન કુ. કમલાદેવી સી. પારેખને પ્રી-યુનિ. પરીક્ષામાં પ્રવેશ આપવા અંગે ઍલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવા વિચારણા કરવા બાબત.

નાતાલ એજ્યુકેશન ડિપાર્ટમેન્ટની નાતાલ સીનિયર સર્ટિફિકેટ એકઝામિનેશન્સની (ગ્રેડ ઑર્ડિનરી) પરીક્ષા પસાર કરીને આવનાર બહેન કુ. કમલાદેવીને, ખાસ કેસ તરીકે પ્રી-યુનિ.ના વર્ગમાં પ્રવેશ આપવા અંગે ઍલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કં. ચં. પરીખ,
યુનિવર્સિટી રજિસ્ટ્રાર.

R. 7 (relevant amendment) :

Following examinations are included in R. 7 in the respective plans:

Name of the University	*Examinations recognised*
Baroda	Second B.A., Second B.Sc.
Calcutta	B.Sc. (Physiology) B.Sc. (Medical) of Gujarat University
Delhi	B.Sc. (Home Science) B.A. (Home Science), Gujarat University for admission to M.A. (Home Science)
Sardar Patel University	Second B.A., Second B.Sc., Second B.Com., B.Ed., M.Ed., M.E. (M. & E.) and M.Com.
U. P. Agriculture, Pantnagar	M.Sc. (Agri.)

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૯.

G.U.P. 1013-375-1-67

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલની સને ૧૯૬૬ની ચોથી સભા, ગુરુવાર, તા. ૨૪-૧૧-૧૯૬૬ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. લાલભાઈ ૨. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૪-૧૧-૧૯૬૬
૧.	શ્રી. લાલભાઈ ૨. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	શ્રી. ક્રં. ચં. પરીખ, રજિસ્ટ્રાર	હાજર
૩.	પ્રો.ફે. ઉમાશંકર જે. જોશી	હાજર
૪.	આચાર્ય રૉ. આર. ડી. દેસાઈ	હાજર
૫.	આચાર્ય પી. એચ. કલવચવાલા	હાજર
૬.	આચાર્ય એન. એસ. પંડ્યા	હાજર
૭.	આચાર્ય રૉ. એમ. ડી. દેસાઈ	ગેરહાજર
૮.	આચાર્ય સી. એન. હકાણી	હાજર
૯.	આચાર્ય વી. આર. દ્વિવેદી	ગેરહાજર
૧૦.	આચાર્ય રૉ. એચ. જી. પંડ્યા	હાજર
૧૧.	પ્રો. બી. આર. શિનોય	ગેરહાજર
૧૨.	રૉ. પી. એચ. પ્રભુ	હાજર
૧૩.	રૉ. જે. જે. મિનોય	હાજર
૧૪.	આચાર્ય એમ. એમ. શુકલ	હાજર
૧૫.	આચાર્ય એમ. એન. તોલાની	હાજર
૧૬.	આચાર્ય એસ. આર. ભટ્ટ	હાજર
૧૭.	આચાર્ય એચ. એ. ડિસોઝા	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	૨૪-૧૧-૬૬ના
૧૮.	શ્રી. ડી. ડી. માલવણિયા	હાજર
૧૯.	ડૉ. સી. આર. નાયક	હાજર
૨૦.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર
૨૧.	ડૉ. ડી. એચ. સુતરિયા	હાજર
૨૨.	ડૉ. તારાબહેન પટેલ	હાજર
૨૩.	આચાર્ય આઈ. વી. ત્રિવેદી	હાજર
૨૪.	આચાર્ય ડૉ. કે. જી. દેસાઈ	ગેરહાજર
૨૫.	આચાર્ય ય. પ્રા. શુકલ	હાજર
૨૬.	ડૉ. લીલાબહેન શાહ	હાજર
૨૭.	શ્રી. સી. પી. પટેલ	હાજર
૨૮.	શ્રી. વી. જે. ત્રિવેદી	હાજર
૨૯.	શ્રી. જશવંત ઠાકર	હાજર
૩૦.	આચાર્ય એ. એચ. આઈ. વોરા	ગેરહાજર
૩૧.	ડૉ. કે. જી. નાયક	ગેરહાજર
૩૨.	આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર
૩૩.	આચાર્ય સી. જે. પટેલ	ગેરહાજર
૩૪.	આચાર્ય ડી. એમ. શીખ	હાજર
૩૫.	શ્રી. એમ. પી. પંડ્યા	હાજર
૩૬.	આચાર્ય ડી. જી. વકીલ	ગેરહાજર
૩૭.	આચાર્ય એન. એમ. પરીખ	હાજર
૩૮.	શ્રી. જી. એસ. દેસાઈ	હાજર
૩૯.	ડૉ. પી. સી. વૈદ્ય	હાજર
૪૦.	આચાર્ય ડૉ. વાય. જી. નાયક	હાજર
૪૧.	આચાર્ય ડૉ. એન. એમ. શાહ	હાજર
૪૨.	આચાર્ય ડૉ. એચ. ડી. નોરોન્હા	હાજર
૪૩.	આચાર્ય બી. પી. મેનન	હાજર
૪૪.	આચાર્ય સી. સી. શાહ	હાજર
૪૫	આચાર્ય એસ. આર. મહેતા	હાજર
૪૬.	આચાર્ય એમ. સી. શાહ	હાજર
૪૭.	આચાર્ય ડૉ. કે. એમ. તલાટી	હાજર
૪૮.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર
૪૯.	આચાર્ય એચ. એસ. સંઘવી	ગેરહાજર
૫૦.	આચાર્ય ટી. એમ. પરીખ	હાજર
૫૧.	શ્રી. ટી. એ દેસાઈ	ગેરહાજર
૫૨.	ડૉ. એચ. એચ. શાહ	હાજર

ક્રમાંક	સભ્યનું નામ	૨૪-૧૧-૧૯૬૬
૫૩.	આચાર્ય ડૉ. એસ. એમ. સેન	ગેરહાજર
૫૪.	આચાર્ય સી. એસ. શાહ	હાજર
૫૫.	ડૉ. એ. એમ. ભલાવવાલા	હાજર
૫૬.	ડૉ. જી. એ. પટેલ	ગેરહાજર
૫૭.	શ્રી. આર. જે. ખારા	હાજર
૫૮.	આચાર્ય એ. આર. દેસાઈ	હાજર
૫૯.	આચાર્ય વી. એ. વ્યાસ	ગેરહાજર
૬૦.	આચાર્ય જે. બી. સાણ્ડિલ	હાજર
૬૧.	શ્રી. આર. સી. પરીખ	હાજર
૬૨.	ડૉ. એસ. સી. પંડ્યા	ગેરહાજર
૬૩.	ડૉ. જે. એસ. જેતલી	હાજર.

૧. તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૬૬ની તૃતીય સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ના રોજ મળેલી એકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૬૬ની તૃતીય સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. એમ.એ. પદવી પાર્ટ ૧ના (૨) સોસિયલ સાયન્સીઝના મથાળા હેઠળ રેગ્યુ. એમ.એ.-૫ના (૧૨) સાયકોલોજીના મથાળા હેઠળ આપવામાં આવેલ નીચેની જોગવાઈ રદ કરવા અંગે વિચારણા કરવા બાબત:

"External students cannot offer Psychology for the M.A. Degree."

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. પદવી પાર્ટ ૧ના (૨) સોસિયલ સાયન્સીઝના મથાળા હેઠળ રેગ્યુ. એમ.એ.-૫ના (૧૨) સાયકોલોજીના મથાળા હેઠળ આવતી નીચેની જોગવાઈ રદ કરવા તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"External students cannot offer Psychology for the M.A. Degree."

૩. એમ.એ. પરીક્ષા ભાગ ૧ના અભ્યાસક્રમના પાના નં ૨ ઉપર (૨) હિસ્ટરી, ઇકોનોમિક્સ, સોસિયોલોજી, પોલિટિકસના મથાળા નીચે પાર્ટ ૧ અને ૨ હેઠળ અનુક્રમે (૨) ગ્રુપ 'સી'—'ઇકોનોમિક્સ' અને ગ્રુપ 'ડી'—'એડવાન્સ્ડ ઇકોનોમિક્સ' જણાવવામાં આવ્યું છે તેને બદલે નીચે પ્રમાણે તે ભાગ વંચાય તે રીતે સુધારવા બાબત :

Part I Examination	*Part II Examination*
Gr. 'C' — Economics, Papers I & II	Gr. 'C' — Economics, Papers III & IV
Gr. 'D' — Advanced Economics Paper I. Each from any two selected subjects.	Gr. 'D' — Economics, Paper I. Each from any two selected subjects.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. પરીક્ષા ભાગ ૧ના અભ્યાસક્રમના (૧) હિસ્ટરી, ઇકૉનોમિક્સ, સોસિયોલોજી, પોલિટિક્સના મથાળા હેઠળ પાર્ટ ૧ અને પાર્ટ ૨ નીચે અનુક્રમે "(૨) ગ્રુપ 'સી'—'ઇકૉનોમિક્સ' અને ગ્રુપ 'ડી'—'એડવાન્સ્ડ ઇકૉનોમિક્સ'" જણાવવામાં આવ્યું છે તેને બદલે નીચે જણાવ્યા પ્રમાણે તે ભાગ વંચાય તે રીતે સુધારવા તથા સુધારેલા તે રેગ્યુલેશનને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

Part I Examination	*Part II Examination*
Gr. 'C'—Economics, Papers I & II	Gr. 'C'—Economics, Papers III and IV
Gr. 'D'—Advanced Economics, Paper I. Each from any two selected subjects.	Gr. 'D'—Economics, Paper II. Each from any two selected subjects.

૪. અનુસ્નાતક પરીક્ષામાં પ્રશ્ન દીઠ વિકલ્પ આપવાનું સિન્ડિકેટે તેની તા. ૧-૫-૧૯૬૫ની સભામાં નક્કી કરેલ હોઈ સદરહુ ઠરાવનો અમલ ચાલુ વર્ષ પૂરતો નહિ કરવા અંગે આંકડાશાસ્ત્ર સાથે એમ.એસસી.ના અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૮-૧૦-૧૯૬૬ની સભામાં સદરહુ પ્રશ્નની વિચારણા માટે એકૅડેમિક કાઉન્સિલને મોકલવાનું ઠરાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસસી.માં આંકડાશાસ્ત્રના વિષયમાં પ્રશ્ન દીઠ વિકલ્પ આપવા કે કેમ તે બાબત સદરહુ વિષયના પ્રાધ્યિકો પર છોડવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. એમ.એ. પદવીને લગતા ઑ. એમ.એ.-૧ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા વિચારણા કરવા બાબત:

O. M.A.-1 :

Candidates for the Degree of Master of Arts must have (1) obtained the Degree of Bachelor of Arts of this University or a degree recognised as equivalent thereto; and (2) passed the M.A. Degree Examination (Parts I & II) after keeping as per requirements laid down in that behalf terms which shall be two for the Part I Examination and two for the Part II Examination.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. એમ.એ.-૧ ઉપર જણાવ્યા પ્રમાણે વંચાય તે રીતે મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. એમ.એસસી. પદવી રસાયણવિજ્ઞાનના સુધારેલા અભ્યાસક્રમને અનુલક્ષીને યોજવામાં આવેલા તે વિષયના પરિસંવાદમાં થયેલી નીચેની ભલામણ તથા તેને અનુલક્ષીને તે પદવીના રસાયણવિજ્ઞાન વિષયના નિયત અભ્યાસક્રમમાં સૂચવ્યા મુજબ

સુધારાવધારા કરવા અંગે વિચારણા કરવા બાબત :

Resolution No. 1

"This meeting of the post-graduate teachers in Chemistry requests the Vice-Chancellor to delete the following from the syllabi of the M.Sc. (Previous) and inform the different post-graduate centres so that the resolution may come into effect for the year 1966-67 [the modified course will form the syllabi for the M.Sc. (Previous) Examination to be held in April, 1967] :

M.Sc. (Previous)—Paper I

Ref. : M.Sc. Syllabus

Paper I—Inorganic Chemistry :

Item No. 3. Organic Metallic compounds, metal alkyl, aryls, etc. Item No. 3 to be deducted.

Item No. 1 : Practicals, p. 18 :

After the words 'preparation and determination of purity of' add 'salts including'.

Item No. 2 : Practicals, p. 18 :

Delete 'Pin-steel'.

Item No. 4 : Practicals, p. 18 :

Delete 'H_2'.

Paper II : Organic Chemistry, p. 18 :

Item No. 1 : Delete 'Tautomerism'.

Item No. 4 : 'Alicylic compounds and their derivatives'

Item No. 4 to be deleted.

Item No. 7 : Delete the words 'configuration of' and 'glycosies'.

Practicals : As the practical examination will be for one day (7 hours), it is proposed that exercises based on preparation and estimation may be set.

Paper III : Physical Chemistry p. 19 :

Item No. 4 : 'Van der Waal's absorption and chemisorption, Gibb's adsorption is other. *Item No. 4 : to be deleted.*

Practicals : Add the following words after 'any four of the following eight' of which any two shall be from 1, 2 and 3."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત રસાયણવિજ્ઞાનના વિષયની અભ્યાસસમિતિની વિચારણા માટે મોકલવી.

૭. સેકન્ડ બી.એસસી.ની પરીક્ષાના ભૌતિકવિજ્ઞાનના વિષયમાં ઉત્તીર્ણ થયાને આધારે પોતાને એપ્રિલ ૧૯૬૭ની થર્ડ બી.એસસી.ની પરીક્ષા માટે મુખ્ય વિષય તરીકે ભૌતિકવિજ્ઞાન વિષય રાખવા દેવા અંગેની તે વિદ્યાર્થીઓની અરજી પરની ગુજરાત કૉલેજના આચાર્યની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઑ. સાયન્સ-૫ અનુસાર આ વિદ્યાર્થીઓએ ફર્સ્ટ બી એસસી. તથા સેકન્ડ બી.એસસી.માં ગણિતશાસ્ત્રનો વિષય રાખેલ નથી. વધુમાં તેઓ સેકન્ડ બી.એસસી.માં ભૌતિકવિજ્ઞાન મુખ્ય વિષય તરીકે રાખી શકે નહિ છતાં તે વિષય મુખ્ય વિષય તરીકે તેમને કૉલેજની ભૂલથી રાખવા દેવામાં આવ્યો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ અને સેકન્ડ બી.એસસી. માં ગૌણ વિષય તરીકે ગણિતશાસ્ત્રનો વિષય, સામાન્ય નિયમો હેઠળ નહિ રાખી શકનાર વિદ્યાર્થીઓને, સેકન્ડ બી.એસસી.ની પરીક્ષાના ભૌતિકવિજ્ઞાનના વિષયમાં ઉત્તીર્ણ થયાને આધારે, એપ્રિલ ૧૯૬૭ની થર્ડ બી.એસસી.ની પરીક્ષા માટે મુખ્ય વિષય તરીકે ભૌતિકવિજ્ઞાનનો વિષય અપવાદરૂપે રાખવા દેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. પ્રી-યુનિવર્સિટી પાલિ ઑક્ટોબર ૧૯૬૬ના વર્ષની પરીક્ષા માટે તથા એપ્રિલ ૧૯૬૭ના વર્ષની પરીક્ષા માટે નિદાનકથા (સુમેધાન્તા સુમેધકથા સુધી), સંપાદક ભિક્ષુ ધર્મરક્ષિત, પ્રકા. માસ્ટર એલાડીલાલ, બનારસ નિયત કરવાના આ અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રી માલવણિયાના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પાલિ વિષયની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીનું ઉપરનું સૂચન મંજૂર કરવું.

૯. (૧) જિયોલોજી વિષયની અભ્યાસસમિતિ હાલ, શિક્ષણસહિતની વિનયન તથા વિજ્ઞાનની સંયુક્ત વિદ્યાશાખા હેઠળ છે તેને બદલે શિક્ષણ સહિતની વિનયન, વિજ્ઞાન અને ઇજનેરીની સંયુક્ત વિદ્યાશાખા હેઠળ મૂકવા; તથા

(૨) શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખા હેઠળ ભાષાશાસ્ત્રના વિષયની અભ્યાસ-સમિતિ ઉમેરવા તથા તે પ્રમાણે સ્ટે. ૧૦૮ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) શિક્ષણસહિતની વિનયન તથા વિજ્ઞાનની સંયુક્ત વિદ્યાશાખા હેઠળ જિયોલોજીની અભ્યાસ-સમિતિ છે તેને બદલે શિક્ષણસહિતની વિનયન, વિજ્ઞાન અને ઇજનેરીની સંયુક્ત વિદ્યાશાખા હેઠળ મૂકવા તથા તે પ્રમાણે સ્ટે. ૯૯ તથા સ્ટે. ૧૦૮ સુધારવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

(૨) ભાષાવિજ્ઞાનના વિષયની જુદી અભ્યાસસમિતિ રચવાની જરૂર જણાતી નથી.

૧૦. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૬-૧૦-૧૯૬૬ની સભાના ઠરાવ અનુસાર નીચેના વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ

મહાનિબંધ તપાસવા રેફરીઓની નિમણૂક કરવા અંગેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	વિષય	ધ્યાનર્લ રેફરીનું નામ	સૂચવાયેલ રેફરીઓનાં નામ
શ્રી. આર. એચ. પરમાર	"Studies in Dextrinization"	ડૉ. એચ. સી. શ્રીવાસ્તવ	(1) Dr. C. L. Mehltretter, Head, Starch Products Investigations, Cereal Products Laboratory, Northern Utilization Research & Development Division, United States, Department of Agriculture, Agricultural Research Service 1815, North University Street, Peoria, Illinois, 61604. (2) Prof. D. Horton, Department of Chemistry, The Ohio State University, 88, West, 18th Avenue, Columbus, Ohio, 43210. *For Viva-voce* (1) Dr. J. L. Bose, National Chemical Laboratory, Poona-8. (2) Dr. A. K. Mitra, Department of Food Technology & Biochemical Engineering, Jadavpur University, Calcutta-32.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીના મહાનિબંધ માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૬-૧૦-૧૯૬૬ની સભાના ઠરાવ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા અંગેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ઇન્ડન્ટલ રેફરી	સૂચવાયેલ રેફરીઓનાં નામ
શ્રી. એચ. એસ. સતપંથી	પીએચ.ડી.	રસાયણ-વિજ્ઞાન "Studies in Quinazoleues"	ડૉ. જે. જે. ત્રિવેદી	(1) Dr. Prout Franklin, Department of Chemistry, De Paul University, Belden Avenue, Chicago-14, Illinois (U.S.A.). (2) Dr. M. W. Klohs, Riker Laboratories, North Ridge, California (U.S.A.). (3) W. L. F. Armarego, The John Curtin School of Medical Research, Institute of Advanced Studies, The Australian National University, Canberra A. C. T., Australia. (4) Dr. T. A. Williamson, Agricultural Specialities Inc., Dallas, Texas (U.S.A.). *For Viva-voce* (1) Dr. S. R. Patel, University Department of Chemistry, Sardar Patel University, Vallabh Vidyanagar, Via Anand. (2) Dr. J. R. Merchant, Institute of Science, Mayo Road, Bombay.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીના મહાનિબંધ માટે તેના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૨૯-૯-૧૯૬૬ની સભાના ઠરાવ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા માટે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા અંગેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ઇન્ટર્નલ રેફરી	સૂચવાયેલ રેફરીઓ
શ્રીમતી વી. એ. વોરા	પીએચ.ડી.	ગુજરાતી : "ઉત્તર અપભ્રંશ યુગના સાહિત્યનો પશ્ચિમ ભારતમાં વિકાસ"	શ્રી. કે. કા. શાસ્ત્રી	(૧) ડૉ. બી. જે. સાંડેસરા, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા. (૨) શ્રી. મધુસૂદન મોદી. (૩) શ્રી. અગરચંદ નાહટા, નાહરોકી ગવાડ, બિકાનેર (રાજસ્થાન).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીના મહાનિબંધ માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૨૯-૯-૧૯૬૬ની સભાના ઠરાવ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા માટે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા અંગેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ઇન્ટર્નલ રેફરી	સૂચવાયેલ રેફરીઓ
શ્રી એચ. પી. પટેલ	પીએચ.ડી.	ગુજરાતી : "ઈ. સ. ૧૯૨૦ સુધીની ગુજરાતી અને હિંદી ઐતિહાસિક નવલકથાઓનો તુલનાત્મક ઇતિહાસ"	શ્રી. કે. કા. શાસ્ત્રી	(૧) ડૉ. પ્રભાકર માચવે, આસિ. સેક્રેટરી, સાહિત્ય અકાદમી, ન્યૂ દિલ્હી. (૨) શ્રી. ઇન્દ્ર વસાવડા, ડિરેક્ટર, ગુજરાત રાજ્ય, અમદાવાદ. (૩) ડૉ. સુરેશ જોશી, અધ્યાપક કુટીર, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા.

(નોંધ.—આ વિદ્યાર્થીએ ઑર્ડિ. ૩૨૭ અન્વયે મહાનિબંધ રિસબમિટ કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીના મહાનિબંધ માટે તેના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૪. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૨૯-૯-૧૯૬૬ની સભાના ઠરાવ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા માટે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા અંગેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ઇન્ટર્નલ રેફરી	સૂચવાયેલ રેફરીઓ
શ્રીમતી એસ. આર. મારફતિયા	પીએચ.ડી.	ગુજરાતી : "અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં નારીભાવનાનો વિકાસ : ૧૮૨૫-૧૯૧૫"	શ્રી. વી. આર. ત્રિવેદી	(૧) શ્રીમતી શારદાબહેન મહેતા (૨) શ્રી. ગટુભાઈ ભટ્ટ (૩) શ્રી. વિજયરાય વૈદ્ય.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીના મહાનિબંધ માટે તેમના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૫. લલિતકળાની અભ્યાસસમિતિની તા. ૨૮-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"કથ્થક નૃત્યનો ત્રણ વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે લલિતકળાની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર કથ્થક નૃત્યનો ત્રણ વર્ષનો ડિપ્લોમા અભ્યાસક્રમ મંજૂર કરવા તથા તે અંગેના રેગ્યુ. ૨૬૧-એ, રેગ્યુ. ૨૬૧-બી અને રેગ્યુ. ૨૬૧-સી મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સદરહુ રેગ્યુલેશનોનો પાઠ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૧૬. લલિતકળાની અભ્યાસસમિતિની તા. ૨૮-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આ યુનિવર્સિટીના હાલના નિયમ મુજબ જો વિદ્યાર્થી ડિગ્રી સ્નાતક કોર્સનો અભ્યાસ કરતો હોય તો તેને લલિતકળાના ડિપ્લોમા કોર્સમાં પ્રવેશ આપવામાં આવતો નથી. આ અભ્યાસસમિતિ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોની સાથે લલિતકળાના ડિપ્લોમા કોર્સમાં પ્રવેશ આપવા ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, લલિતકળા વિષયની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા લલિતકળાના ડિપ્લોમા અભ્યાસક્રમમાં, સ્નાતક અભ્યાસક્રમની સાથે વર્ગો ભરવામાં અંતરાય ન આવે તે શરતે પ્રવેશ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૭. લલિતકળાની અભ્યાસસમિતિની તા. ૨૮-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"નાટચવિદ્યાનો ત્રિવાર્ષિક અભ્યાસક્રમ નક્કી કરવામાં આવ્યો છે તે જોતાં તેના અનુસંધાનમાં પ્રી-યુનિ. આર્ટ્સમાં રેગ્યુ. આર્ટ્સ-૧ ગ્રુપ ૭ અને ૮માં ભારતીય લલિતકળાનો વિકાસ (Outline of the Indian Fine Arts) વિષય દાખલ કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

સદરહુ બાબત નીચેના સૂચન સાથે વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી :

"ભારતીય લલિતકળાનો વિકાસ એ વિષય વૈકલ્પિક વિષય તરીકે દાખલ કરવા માટેની શક્યતા તપાસવા જેવી જણાય છે."

૧૮. ગૃહવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૭-૧૦-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"ગૃહવિજ્ઞાનના એમ.એ.ના અભ્યાસક્રમમાં લગ્ન અને કુટુંબના પ્રશ્નપત્રમાં સંદર્ભગ્રંથ તરીકે 'લગ્ન અને કૌટુંબિક સંબંધો' (લે. ડૉ. લીલા શાહ) રાખવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ગૃહવિજ્ઞાનની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૯. ગણિતની અભ્યાસસમિતિની તા. ૬-૧૦-૧૯૬૬ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"(ક) જૂના અભ્યાસક્રમ મુજબની એમ.એ. અને એમ.એસસી. પદવી પરીક્ષા ગણિતશાસ્ત્રના વિષય એક જૂથ સાથે પસાર કર્યા બાદ ફરીથી નવા અભ્યાસક્રમ મુજબની મજકૂર વિષયની પદવી પરીક્ષામાં નવા જૂથ સાથે વિદ્યાર્થી આપવા ઇચ્છે તો નવા જૂથના પાર્ટ ૨ નાં બે સત્રો રાખ્યા બાદ પાર્ટ ૧ અને પાર્ટ ૨ ની બંને પરીક્ષાઓમાં એકસાથે તેને બેસવા પરવાનગી આપવી એમ ગણિતશાસ્ત્ર વિષયની અભ્યાસસમિતિ ભલામણ કરે છે.

(ખ) નવા અભ્યાસક્રમ મુજબ એમ.એ. અને એમ.એસસી. પદવી પરીક્ષા, પાર્ટ ૧ અને પાર્ટ ૨ બંને ગણિતશાસ્ત્ર વિષયના એક જૂથ સાથે પસાર કર્યા પછી, નવા અભ્યાસક્રમ મુજબની મજકૂર વિષયની પદવી પરીક્ષામાં નવા જૂથ સાથે વિદ્યાર્થી આપવા ઇચ્છે તો એ વિદ્યાર્થીએ પાર્ટ ૨ પરીક્ષાનાં બે વધુ સત્રો રાખવાં અને પછી પાર્ટ ૨ પરીક્ષામાં નવા જૂથ સાથે બેસવા માટે તેને પરવાનગી આપવી. આવા વિદ્યાર્થીએ પાર્ટ ૧ પરીક્ષામાં જે માર્ક્સ અગાઉ મેળવ્યા હતા તે જ આ નવા જૂથની પરીક્ષાના પાર્ટ ૧ના માર્ક્સ તરીકે ગણતરીમાં લેવા એમ આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે. પાર્ટ ૧ના પેપર્સ ગણિતશાસ્ત્રનાં બંને જૂથોમાં સામાન્ય હોવાથી આ વિદ્યાર્થીએ માત્ર પાર્ટ ૨ ના પેપરો નવા જૂથ સાથે આપવાના રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે —

(ક) ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે ઑર્ડિ. એમ.એ.-૨ અને ઑર્ડિ. એમ.એસસી.-૨ સુધારવા તથા તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા ઑર્ડિ. એમ.એ.-૨ અને ઑર્ડિ. એમ.એસસી.-૨ની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

(ખ) સદરહુ બાબત ગણિતશાસ્ત્રની અભ્યાસસમિતિની વિચારણા માટે મોકલવી.

૨૦. ફાર્મસીની અભ્યાસસમિતિની તા. ૧૬-૯-૧૯૬૬ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, ફાર્મસી કાઉન્સિલની જરૂરિયાતોમાં ડિપ્લોમા ઇન ફાર્મસી માટે હિંદી વિષય અભ્યાસક્રમના વિષયોમાં નહિ હોવાથી આ અભ્યાસસમિતિ એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે ફર્સ્ટ ઇયર ડિપ્લોમા ઇન ફાર્મસીના ફાર્મ. રેગ્યુ. ૩, ફાર્મ. રેગ્યુ. ૪ અને ફાર્મ. રેગ્યુ. ૬ તથા ઇન્ટર ફાર્મ. ડિપ્લોમા પરીક્ષાના ફાર્મ. રેગ્યુ. ૧૧, ફાર્મ. રેગ્યુ. ૧૨ અને ફાર્મ. રેગ્યુ. ૧૪માંથી હિંદી વિષય રદ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે, (૧) ફર્સ્ટ ઇયર ડિપ્લોમા ઇન ફાર્મસીના અભ્યાસક્રમમાંથી હિન્દી વિષયને બદલે અર્વાચીન ભારતીય ભાષા (Modern Indian Language) અથવા Additional English રાખવા તથા તે પ્રમાણે ફર્સ્ટ ઇયર ડિપ્લોમા ઇન ફાર્મસીના ફાર્મ. રેગ્યુ. ૩, ફાર્મ. રેગ્યુ. ૪ અને ફાર્મ. રેગ્યુ. ૬ સુધારવા માટે, તથા (૨) ઇન્ટર ફાર્મ.ના અભ્યાસક્રમમાંથી હિન્દી વિષય રદ કરવા તથા તેને લીધે ફાર્મ. રેગ્યુ. ૧૧, ફાર્મ. રેગ્યુ. ૧૨ તથા ફાર્મ. રેગ્યુ. ૧૪માં ઘટતો સુધારો કરવા તથા આ રેગ્યુલેશનોનો અમલ જૂન ૧૯૬૭થી કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૭ની ઇન્ટર ફાર્મ.ની પરીક્ષામાં હિન્દીની પરીક્ષા કૉલેજે લેવાનું રાખ્યું અને તેમાં ઉત્તીર્ણ થવું વિદ્યાર્થીને માટે આવશ્યક ગણવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૧. ઝૂલોજીની અભ્યાસસમિતિની તા. ૬-૧૦-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"પરીક્ષકોએ તેમના અહેવાલમાં જણાવ્યા મુજબ દ્વિતીય વર્ષ બી.એસસી.ની પ્રાયોગિક પરીક્ષાનો સમય અભ્યાસક્રમને જોતાં ચાર કલાકનો અપૂરતો હોવાથી આ અભ્યાસસમિતિ ભલામણ કરે છે કે તે પાંચ કલાકનો રાખવો."

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રાણીવિજ્ઞાનની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૨. માયક્રોબાયોલોજી વિષય માટે દ્વિતીય વર્ષ બી.એસસી.માં ત્રણ પ્રૅક્ટિકલ માટે પાંચ કલાક, તૃતીય વર્ષ બી.એસસી.માં ત્રણ પ્રૅક્ટિકલ માટે છ કલાક અને એમ.એસસી.માં ભાગ ૧, ત્રણ પ્રૅક્ટિકલ માટે છ કલાકનો સમય રાખવાના માયક્રોબાયોલોજીની અભ્યાસ-સમિતિની તા. ૬-૧૦-૧૯૬૬ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કીટાણુવિજ્ઞાનની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૩. એમ.એ. ભાગ ૨ની પરીક્ષાના ડિઝર્ટેશન માટે પાના દીઠ ૨૫૦ શબ્દો હોવા જરૂરી છે તેવી ભૂગોળની તા. ૩૦-૯-૧૯૬૬ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે કશું કરવાની જરૂર જણાતી નથી.

૨૪. એજ્યુકેશનની અભ્યાસસમિતિની તા. ૨૭-૯-૧૯૬૬ની સભાના ઠરાવ અનુસાર નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય તથા પદવી સંબંધી આવેલા મહાનિબંધ તપાસવા નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા અંગેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Name of the candidate	*Degree*	*Subject*	*Internal Referee*	*Suggested Referees*
Shri D. M. Bhavsar	Ph.D.	*Education* : "The construction and standardisation of Non-verbal group test of intelligence for Standards IX, X & XI"	Prin. Dr. K. G. Desai	(1) Dr. Luis Long, Professor of Psychological Testing, City College of New York (U.S.A.). Home Address : Apartment 4–3, Clairmount Avenue, New York, 27, N.Y. (U.S.A.). (2) Dr. P.E. Vernon, University College, P. O. Box No. 9184, Daresalam, Tanzania, East Africa. (3) Prof. T. P. Lele, Examination Section, M. S. University, Baroda-2.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા તથા તે પ્રમાણે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૫. આચાર્ય ય. ગુ. નાયક તરફથી આવેલ નીચેના પ્રસ્તાવો પર વિચારણા કરવા બાબત :

"(૧) જૂના કોર્સ પ્રમાણે જેમણે ટર્મ રાખી હોય અને જે તે અભ્યાસક્રમ પૂરો કર્યો હોય તે પરીક્ષા નવા કોર્સ મુજબ ટર્મ રાખ્યા વિના આપી શકશે. આવા વિદ્યાર્થીઓના માર્ક ૧૦૦માંથી ગણી તેનું પરિણામ જાહેર થશે.

(૨) વિજ્ઞાનના વિદ્યાર્થીઓ એસ.વાય.બી.એસસી.માં જો મુખ્ય વિષયમાં નાપાસ થાય અને તેમને એ.ટી.કે.ટી. મળી હોય તો તે ટી.વાય.બી.એસસી.માં તે વિષય મુખ્ય વિષય તરીકે ચાલુ રાખી શકશે, પરંતુ એસ.વાય.બી.એસસી.ના એ વિષયમાં ટી.વાય.બી.એસસી.ની પરીક્ષા સાથે અગર તે પહેલાં એ પરીક્ષામાં પાસ થવું જરૂરી છે. જો તે વિદ્યાર્થી એસ.વાય.બી.એસસી.ના પેપરોમાં ફરીથી નાપાસ થશે તો તે ટી.વાય.બી.એસસી.ના તે વિષયમાં પણ નાપાસ થયેલો ગણાશે.

(૩) આંતરિક ગુણાંકન અંગે નીચેના બે વિકલ્પો સૂચવું છું:

(અ) દરેક વિદ્યાર્થીએ આંતરિક ગુણાંકનમાં દરેક વિષયમાં પાસ થવું ફરજિયાત છે, તેમ જ યુનિવર્સિટી પરીક્ષામાં દરેક વિષયમાં પાસ થવું ફરજિયાત છે. છેવટનું પરિણામ અને વર્ગ નક્કી કરવામાં નીચેની પદ્ધતિ રાખવામાં આવે છે:

દરેક વિષયના કુલ માર્ક માટે યુનિવર્સિટી પરીક્ષા લેવામાં આવશે.

આંતરિક ગુણાંકન માટે એક પેપરના માર્ક જેટલી, એટલે કે, ૧૦૦ માર્ક જેટલી ક્રેડિટ આપવામાં આવશે અને તે માર્ક કૉલેજમાં આંતરિક ગુણાંકન માર્કના જેટલા ટકા (એટલે કે, ૩૦ ટકામાંથી જે કુલ બધા વિષયના માર્ક મળ્યા હોય તેના ટકામાં માર્ક) છેવટના રિઝલ્ટમાં ઉમેરવામાં આવશે, અને ત્યાર બાદ એ વિદ્યાર્થીને જે તે વર્ગમાં પાસ અગર નાપાસ થયેલો જાહેર કરવામાં આવશે.

વિકલ્પ

(બ) આંતરિક ગુણાંકમાં માર્ક યુનિવર્સિટી રિઝલ્ટમાં ઉમેરવામાં આવશે નહિ, પરંતુ યુનવર્સિટીની વાર્ષિક પરીક્ષા પૂરા માર્કની લેવામાં આવશે. વર્ગો યુનિવર્સિટીના માર્ક ઉપર જ આધાર રાખશે.

જે વિદ્યાર્થી આંતરિક ગુણાંકનમાં ૪૮ ટકા કરતાં જેટલા ટકા વધુ માર્ક મેળવશે તેને દર બે ટકા વધુ માર્કે ૧ ટકો માર્ક વર્ગ મેળવવા માટે ઉમેરી આપવામાં આવશે. આવા માર્કનો વધારો વધુમાં વધુ ૫ ટકા જેટલો જ મળી શકશે, જેથી જો વિદ્યાર્થીના યુનિવર્સિટીના માર્ક ૪૩ ટકાથી ઓછા હોય તો તેને કોઈ પણ સંજોગોમાં સેકન્ડ ક્લાસ મળશે નહિ. જે વિદ્યાર્થી આંતરિક ગુણાંકનમાં ૬૦ ટકા કરતાં જેટલા ટકા વધુ માર્ક મેળવશે તેને દર બે ટકા વધુ માર્કે ૧ ટકો માર્ક વર્ગ મેળવવા માટે ઉમેરી આપવામાં આવશે.

આવા માર્કનો વધારો વધુમાં વધુ ૫ ટકા જેટલો જ મળી શકશે, જેથી જો વિદ્યાર્થીના યુનિવર્સિટીના માર્ક ૫૫ ટકાથી ઓછા હોય તો તેને કોઈ પણ સંજોગોમાં ફર્સ્ટ ક્લાસ મળશે નહિ.

(૪) એમ.એ., એમ.એસસી. તથા એમ.કૉમ. પરીક્ષાઓમાં બેવડું પરીક્ષણ દૂર કરવું."

(૧) ચર્ચાવિચારણાને અંતે આચાર્ય ડૉ. ય. ગુ. નાયકે ઉપરનો પોતાનો પ્રસ્તાવ નં. ૧ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો, તેથી તે પર વિચારણા કરવામાં આવી નહિ.

(૨) ચર્ચાવિચારણાને અંતે આચાર્ય ડૉ. ય. ગુ. નાયકે ઉપરનો પ્રસ્તાવ નં. ૨ પાછો ખેંચી લીધો, તેથી તે પર વિચારણા કરવામાં આવી નહિ.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત આંતરિક ગુણાંકન અંગેની સિન્ડિકેટે નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એ., એમ.એસસી. તથા એમ.કૉમ.ની પરીક્ષાઓમાં દાખલ કરવામાં આવેલા બેવડા પરીક્ષણની પદ્ધતિમાં હાલ કોઈ ફેરફાર કરવો નહિ.

૨૬. સુધારેલા સ્ટે. ૧૧૮ને કુલપતિશ્રીએ મંજૂરી આપી હોવાથી સ્ટે. ૧૧૮(૭) અનુસાર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ પર આઠ સભ્યોની નિમણૂક કરવા બાબત :

સ્ટે. ૧૧૮(૭) :

"Eight recognised Post-graduate teachers to be nominated one from each faculty, by Academic Council from amongst the members of the Senate for a period of three years in such a way that at least three of them shall be teachers working in affiliated colleges or recognised institutions or University Departments but shall not be Principals of Colleges or Heads of Recognised Institutions or University Departments."

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૧૧૮ (૭) અનુસાર બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ પર ઍકૅડેમિક કાઉન્સિલે નીમવાના આઠ માન્ય અનુસ્નાતક શિક્ષકો પૈકી નીચે જણાવ્યા પ્રમાણે સાત સભ્યોની નિમણૂક કરવી :

ક્રમાંક	વિદ્યાશાખાનું નામ	માન્ય અનુસ્નાતક શિક્ષકનું નામ
૧.	શિક્ષણ સહિતની વિનયન	આચાર્ય ય. પ્રા. શુક્લ
૨.	વિજ્ઞાન	આચાર્ય ડૉ. એચ. ડી. નોરોન્હા
૩.	ઇજનેરી	પ્રોફેસર કે. જે. ભટ્ટ
૪.	કૃષિ	પ્રોફેસર એન. એમ. પટેલ
૫.	ધારાશાસ્ત્ર	આચાર્ય એમ. એસ. પંડિત
૬.	તબીબી	ડૉ. પી. એલ. શાહ
૭.	વાણિજ્ય	આચાર્ય એ. આર. દેસાઈ
૮.	આયુર્વેદ	—

૨૭. ભૂગોળની અભ્યાસસમિતિની તા. ૩૦–૯–૧૯૬૬ની સભામાં એમ.એ.ના અભ્યાસક્રમના ડિઝર્ટેશન અંગે કરેલ નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"(૧) વિદ્યાર્થી પોતાના ડિઝર્ટેશનની બે નકલ કેન્દ્ર દ્વારા યુનિવર્સિટીને મોકલે તે પછી તે નકલો પરીક્ષકોને વેળાસર અગાઉથી જ મોકલી આપવી જેથી પરીક્ષામાં તેનું સાચું અને સમયસર મૂલ્યાંકન થઈ શકે.

(૨) ડિઝર્ટેશનના વિષયની પરીક્ષા લેવાય ત્યારે તે અંગેની ઓછામાં ઓછી ૫૦ માર્કસની મૌખિક પરીક્ષા રાખવી અને બાકીના માર્કસ વિદ્યાર્થીને તેમના ડિઝર્ટેશનના લખાણમાંથી આપવા.

(૩) ડિઝર્ટેશનની મૌખિક પરીક્ષા લેવાય ત્યારે વિદ્યાર્થીદીઠ યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે પરીક્ષકને વેતન આપવું."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત શિક્ષણ સહિતની વિનયનની વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૨૮. ક્રાતાર વિભાગમાંથી સેનેટ પર ચૂંટાયેલા શ્રી. આત્મારામ ભોગીલાલ સુતરિયાને કોઈ એક વિદ્યાશાખાનું સભ્યપદ આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આત્મારામ ભોગીલાલ સુતરિયાને શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાનું સભ્યપદ આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૯. અનુસ્નાતક પરીક્ષાઓના પરિણામમાં પાસ વર્ગ ફરીથી દાખલ નહિ કરવા અંગેના એકૅડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાના ઠરાવ પર સિન્ડિકેટે તેની તા. ૨૭-૮-૧૯૬૬ની સભાએ કરેલ નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત:

સિન્ડિકેટનો ઠરાવ (તા. ૨૭-૮-૧૯૬૬)

(૨) વિનયનની વિદ્યાશાખામાં જોડાણ માગતી કૉલેજોએ પ્રતિવર્ષ ક્રમશઃ ઉપરના વર્ગો માટે જોડાણ માગવું આવશ્યક રહેશે અને એફ.વાય.બી.એ.માં જે વિષયો માટે જોડાણ મળેલું હોય તે વિષયો માટે એસ.વાય.બી.એ.માં ઓછામાં ઓછું ગૌણ વિષય તરીકે જોડાણ માગવું તેને માટે આવશ્યક રહેશે.

તે પછી બાબત નં. ૩ અંગે વિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭ થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. અંગ્રેજીના પૂરા સમયના વધારાના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૪. શ્રી. હ. કા. આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિ.) અને (સબો.)માં આંકડાશાસ્ત્ર; તથા બી.એ. (પ્રિન્સિ.)માં નાટ્યવિદ્યાનો ડિગ્રી કોર્સ શીખવવા માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ. અને સબો.)માં આંકડાશાસ્ત્ર; તથા નાટ્યવિદ્યાના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૨) નાટ્યવિદ્યાના એક વ્યાખ્યાતા
   (૩) નાટ્યવિદ્યાના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. વધારાના જોડાણના પ્રત્યેક વિષય દીઠ રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. નાટ્યની પ્રયોગશાળાઓ માટે જરૂર મુજબ વધારાના ખર્ચની જોગવાઈ કરવામાં આવે;

૪. આંકડાશાસ્ત્રના વિષય માટે પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક કૅલ્કયુલેટિંગ મશીન વસાવવામાં આવે.

૫. શ્રી શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકાને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને સંસ્કૃત; તથા બી.એ. (સબો.)માં ગુજરાતી, હિન્દી અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (ગૌણ) ગુજરાતી, હિંદી અને મનોવિજ્ઞાનના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) સંસ્કૃતના બંડ સમયના એક વ્યાખ્યાતા

(૨) હિન્દીના પૂરા સમયના એક વ્યાખ્યાતા;

૨. જોડાણના વિષયોનાં પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે, તથા પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. આચાર્યશ્રી માટે યોગ્ય રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૪. કૉલેજના સંચાલનમાં જે ખામી આવે જે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૬. સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (સબો.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે સિટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (સબો.)માં અંગ્રેજીના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. અંગ્રેજીના એક પૂરા સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. વધારાના જોડાણના અંગ્રેજીના વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૭. મ્યુઝિક કૉલેજ, રાજકોટને તૃતીય વર્ષ સંગીતના ડિપ્લોમા અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે મ્યુઝિક કૉલેજ, રાજકોટ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને સંગીત-ગાયન-વાદનના વિષયો શીખવવા માટેનું

તા. ૧૫-૬-૧૯૬૭ થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે અને સંગીતનાં ઉપયોગી સામાયિકો વસાવવામાં આવે;

૨. વધુમાં કૉલેજે પોતાનું મકાન હજુ સુધી તૈયાર કર્યું નથી તે હકીકતની આ સભા ગંભીરતા-પૂર્વક નોંધ લે છે અને વિશેષમાં ઉમેરે છે કે તા. ૩૧મી મે ૧૯૬૮ સુધીમાં કૉલેજ તે શરતનું પાલન કરશે નહિ તો ભવિષ્યમાં જોડાણ આપવાનું શક્ય બનશે નહિ;

૩. સાઉન્ડ ફિઝિક્સની પ્રયોગશાળા સુસજ્જ કરવા અને સંગીતનાં સાધનો ખરીદવા માટે આવશ્યક ખર્ચ કરવામાં આવે;

૪. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૫. રમતગમતનું મેદાન તૈયાર કરવામાં આવે;

૬. કૉલેજની આર્થિક સદ્ધરતા અંગે સંચાલકો તરફથી બાંયધરી આપવામાં આવે.

૮. આર્ટ્સ કૉલેજ, સંખેડાને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ કૉલેજ, સંખેડા, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ઇતિહાસના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. અર્થશાસ્ત્રના વિષયના મુલાકાતી પ્રાધ્યાપકની જગ્યાએ જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપક નીમવામાં નહિ આવે તો હવે પછી તે વિષયમાં નવા વિદ્યાર્થીઓ દાખલ કરી શકાશે નહિ;

૨. વધુમાં કૉલેજે પોતાનું મકાન હજુ સુધી તૈયાર કર્યું નથી તે હકીકતની આ સભા ગંભીરતા-પૂર્વક નોંધ લે છે અને વિશેષમાં ઉમેરે છે કે તા. ૩૧મી મે ૧૯૬૮ સુધીમાં કૉલેજ તે શરતનું પાલન કરશે નહિ તો ભવિષ્યમાં જોડાણ આપવાનું શક્ય બનશે નહિ;

૩. ગ્રંથાલય માટે અલાયદા ખંડની વ્યવસ્થા કરી તથા તેમાં વાંચન માટેની સગવડો ઊભી કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૯. શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલીને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, ઇતિહાસ, માનસશાસ્ત્ર અને હિન્દીના

અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, હિંદી અને ઇતિહાસનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃતના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા

(૨) સંસ્કૃતના એક ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. અગાઉની શરત મુજબ તા. ૩૧મી મે ૧૯૬૭સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;

૩. સંસ્કૃતના વિષયનાં પુસ્તકો માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૧૦. વિદ્યામંદિર કૉલેજ ફૉર વિમેન, સુરતને બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસના; તથા બી.એ. (સબો.)માં અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યામંદિર કૉલેજ ફૉર વિમેન, સુરત, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ઇતિહાસ; તથા બી.એ.(ગૌણ)માં અર્થશાસ્ત્રના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) ઇતિહાસના એક પ્રાધ્યાપક

(૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા, અને

(૩) વ્યાયામશિક્ષક.

૨. છાત્રાલયના મકાનથી અલગ એવા કૉલેજના મુખ્ય મકાનમાં નીચે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે :

(૧) આચાર્યનો ખંડ

(૨) કાર્યાલયનો ખંડ

(૩) શિક્ષક અંગેનો ખંડ

(૪) પુસ્તકાલયનો ખંડ
(૫) વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ, અને
(૬) જરૂરી વર્ગખંડો;

૩. અગાઉની શરત મુજબ તા. ૩૧મી મે ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;

૪. વધારાના જોડાણના ઇતિહાસના મુખ્ય વિષય માટે રૂા. ૨,૦૦૦નો તથા અર્થશાસ્ત્રના (ગૌણ) વિષય માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૧૧. મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદને પ્રથમ વર્ષ બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવાનું જોડાણ ચાલુ રાખવા માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસ-સમિતિનો અહેવાલ.

(નોંધ.—ગયા વર્ષે ફક્ત પ્રી-યુનિ. આર્ટ્સના વર્ગો જ શરૂ કરેલા.)

આથી ઠરાવવામાં આવે છે કે મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. સુધીના અભ્યાસક્રમ શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૨) હિંદીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૫) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૭) એક વ્યાયામશિક્ષક;

૨. પુસ્તકો, સંદર્ભગ્રંથો અને સામયિકો માટે રૂા. ૪,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. અગાઉની શરત મુજબ તા. ૩૧મી મે ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;

૪. વધારાના બે વર્ગ-ખંડોની જોગવાઈ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૧૨. ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થ શાસ્ત્ર, માનસશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં ગુજરાતી, હિન્દી, સંસ્કૃત,

અંગ્રેજી, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર અને સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને એફ.વાય.બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિનિસ.)માં ગુજરાતી, મનોવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સમો.)માં અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, આંકડાશાસ્ત્ર તથા સમાજશાસ્ત્રના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭ થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક
   (૨) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૩) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૪) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
   (૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
   (૬) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૭) હિન્દીના એક વ્યાખ્યાતા
   (૮) ઇતિહાસના ખંડ સમયના એક વ્યાખ્યાતા
   (૯) ગુજરાતીના એક વ્યાખ્યાતા
   (૧૦) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૧૧) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૧૨) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૧૩) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો	ગૌણ વિષયો	
૧. ગુજરાતી	૧. અંગ્રેજી	૬. અર્થશાસ્ત્ર
૨. મનોવિજ્ઞાન	૨. સંસ્કૃત	૭. મનોવિજ્ઞાન
૩. અર્થશાસ્ત્ર	૩. હિન્દી	૮. ઇતિહાસ
	૪. ગુજરાતી	૯. આંકડાશાસ્ત્ર
	૫. રાજ્યશાસ્ત્ર	૧૦. સમાજશાસ્ત્ર;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા માટે અલાયદા ખંડની વ્યવસ્થા કરવામાં આવે અને રૂા.૨,૫૦૦ની પ્રયોગસામગ્રી અને આર્ટ્સ મેડેલ્સ વગેરે વિકસાવવામાં આવે;

૫. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૬. અગાઉની શરત મુજબ તા. ૩૧મી મે ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે.

૧૩. મહિલા આર્ટ્સ કૉલેજ, પોરબંદરને પ્રથમ વર્ષ બી.એ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.) તથા (સબો.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, માનસશાસ્ત્ર, સંસ્કૃત અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજ માટેની સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આવ્યેથી જોડાણની શરતો સૂચવતો અૅકૅડેમિક કાઉન્સિલનો ઠરાવ ઘડવા માટે ઘટતું કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૧૪. એમ. એન. કૉલેજ, વીસનગરને નીચેના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજીઓ તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ :

(અ) બી.એ., બી.એસસી. (મુખ્ય)માં આંકડાશાસ્ત્ર; તથા બી.એ. (જન.)માં સ્ટેટિસ્ટિકલ મેથડ્ઝ તથા બી.એસસી. (રૂપે. અને જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો માટે વધારાનું જોડાણ;

(બ) બી.એ. (પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો માટે વધારાનું જોડાણ.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એન કૉલેજ, વીસનગર, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં પ્રાણી-વિજ્ઞાન અને આંકડાશાસ્ત્ર; તથા બી.એ.(પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને આંકડાશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં આંકડાપદ્ધતિના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) પ્રાણીવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૨) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૩) તત્ત્વજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૪) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક (હાલના પ્રાણીવિજ્ઞાનના પ્રાધ્યાપકને બદલે)
   (૫) આંકડાશાસ્ત્રના એક ટ્યૂટર
   (૬) આંકડાશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર
   (૭) ઝૂલોજીના એક ડેમોન્સ્ટ્રેટર
   (૮) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા (જૂન ૧૯૬૮થી);
૨. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો	ગૌણ વિષય
૧. પ્રાણીવિજ્ઞાન	આંકડાપદ્ધતિ;
૨. આંકડાશાસ્ત્ર	
૩. તત્ત્વજ્ઞાન	

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રાણીવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. આંકડાશાસ્ત્રના વિષયના પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક કૅલ્કયુલેટિંગ મશીન ખરીદવામાં આવે તથા તેની પ્રયોગશાળા માટે જુદો ખંડ ફાળવવામાં આવે.

૧૫. આર. આર. લાલન કૉલેજ, ભૂજને બી.એ. (સબો.)માં હિન્દી, માનસશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે આર. આર. લાલન કૉલેજ, ભૂજ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેની બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, હિન્દી, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક

(૨) જૂન ૧૯૬૭થી ગણિતશાસ્ત્રના વિષયના યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપક નીમવામાં નહિ આવે તો હવે પછી તે વિષયમાં નવા વિદ્યાર્થીઓ દાખલ કરી શકાશે નહિ.

(૩) અંગ્રેજીના એક વ્યાખ્યાતા

(૪) વ્યાયામશિક્ષક;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૧૬. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને બી.એસસી. (રૂપે.)માં પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનમાં વધારાનું જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં ભૌતિકવિજ્ઞાન; અને બી.એસસી.(જન.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી કાયમી જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૨) પ્રાણીવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૩) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૪) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. પ્રાણીવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાનનાં પુસ્તકો માટે વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રયોગશાળા માટે જરૂર મુજબ વધારાના ખર્ચની જોગવાઈ કરવામાં આવે;

૫. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૬. દર ત્રણ વિદ્યાર્થીઓ દીઠ એક કૅલ્કયુલેટિંગ મશીન ખરીદવામાં આવે;

૭. મ્યુઝિયમ, હર્બેરિયમ, બોટેનિકલ ગાર્ડન વગેરેની સુવિધા વિકસાવવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાનના વિષયોમાં સ્પેશિયલ વિષયો તરીકે લઈને આવતા વિદ્યાર્થીઓ માટે જે તે વિજ્ઞાનની પ્રયોગશાળાના વર્ગમાં ૧૫ની સંખ્યામાં મર્યાદિત રહીને વિદ્યાર્થીઓને કૉલેજ-પ્રવેશ આપે તેવી વ્યવસ્થા કરવી.

૧૭. શ્રી. એમ. પી. શાહ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગરને બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી; તથા બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. પી. શાહ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગર, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં હિંદી તથા બી.એસસી.(રૂપે.)માં ભૌતિકશાસ્ત્રના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) હિંદીના એક પ્રાધ્યાપક
(૨) હિંદીના એક વ્યાખ્યાતા (જૂન ૧૯૬૮થી)
(૩) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૪) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા (જૂન ૧૯૬૮થી)
(૫) ભૌતિકવિજ્ઞાનના ત્રણ ડેમોન્સ્ટ્રેટર (એક ડેમોન્સ્ટ્રેટર જૂન ૧૯૬૮થી)
(૬) એક લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
મુખ્ય વિષયો : (૧) હિંદી
(૨) ભૌતિકવિજ્ઞાન.

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રયોગશાળાને હાલના કોઈ વ્યાખ્યાનખંડમાં સજ્જ કરવામાં આવે તો તેને બદલે વધારાના વ્યાખ્યાનખંડની વ્યવસ્થા કરવામાં આવે;

૫. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૧૮. સર પી. ટી. સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાનું જૂન ૧૯૬૭થી (૧) શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા, તથા (૨) સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા—એમ વિભાગીકરણ કરવા, તથા (૧) શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાને બી.એ. (સબો.)માં રાજ્યનીતિશાસ્ત્ર શીખવવાનું વધારાનું જોડાણ આપવા; તથા તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી; તથા બી.એ. (સબો.)માં અંગ્રેજી, ઇતિહાસ, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાનના વિષયોમાં મળેલ જોડાણ ચાલુ રાખવા; તથા (૨) સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસાને તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિ-વિજ્ઞાનના વિષયોમાં મળેલ જોડાણ ચાલુ રાખવા આવેલ જોડાણ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે સર પી. ટી. સાયન્સ કૉલેજ ઍન્ડ શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાનું જૂન ૧૯૬૭થી (૧) શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા; અને (૨) સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા—એમ વિભાગીકરણ કરવા; તથા (૧) શ્રી એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાને સ્વતંત્ર કૉલેજ તરીકે તા. ૧૫-૬-૧૯૬૮ સુધીનું બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, સંસ્કૃત, હિન્દી; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, ઇતિહાસ, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાનના અભ્યાસક્રમમાં મળેલ જોડાણ ચાલુ રાખવા; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, ઇતિહાસ; તથા બી.એ. (સબો.)માં રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમ શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ, તથા (૨) સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસાને સ્વતંત્ર કૉલેજ તરીકે તા. ૧૫-૬-૧૯૭૧ સુધીનું બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમોમાં મળેલ જોડાણ ચાલુ રાખવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

શ્રી. એસ. કે. શાહ ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસા

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૨) ઇતિહાસના એક પ્રાધ્યાપક
(૩) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૪) ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત તથા હિન્દી—આ ચારે ભાષાઓના શિક્ષકો સહિત વિનયન વિદ્યાશાખા માટે શિક્ષકગણ આ કૉલેજ માટે નીમવામાં આવે;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની અલગ વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્યનો ખંડ
(૨) કાર્યાલયનો ખંડ
(૩) શિક્ષકોનો ખંડ
(૪) વિદ્યાર્થીઓનો ખંડ
(૫) વિદ્યાર્થિનીઓનો ખંડ
(૬) ગ્રંથાલયનો ખંડ
(૭) જરૂરી વર્ગખંડો;

૩. પુસ્તકો અને સામયિકો માટે નીચે જણાવેલ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
(૧) અંગ્રેજી ... રૂા. ૨,૦૦૦
(૨) ઇતિહાસ ... રૂા. ૨,૦૦૦
(૩) રાજ્યશાસ્ત્ર ... રૂા. ૧,૦૦૦;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. આચાર્યને સંચાલકસમિતિના હોદ્દાગત સભ્ય બનાવવામાં આવે;

૬. આચાર્યને ભાડામુક્ત યોગ્ય રહેઠાણ આપવામાં આવે;

૭. કૉલેજ માટે રમતગમતનું યોગ્ય મેદાન તૈયાર કરવામાં આવે.

સર પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા

૧. નીચે જણાવ્યા પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
(૧) અલગ આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિંદીના એક વ્યાખ્યાતા
(૫) વિજ્ઞાનની વિદ્યાશાખાનો શિક્ષકગણ આ કૉલેજ માટે નીમવામાં આવે;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની અલગ વ્યવસ્થા કરવામાં આવે :
(૧) આચાર્યનો ખંડ
(૨) કાર્યાલયનો ખંડ
(૩) શિક્ષકોનો ખંડ
(૪) વિદ્યાર્થીઓનો ખંડ
(૫) વિદ્યાર્થિનીઓનો ખંડ
(૬) ગ્રંથાલયનો ખંડ
(૭) પ્રયોગશાળા માટેના ખંડો
(૮) જરૂરી વર્ગખંડો;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. આચાર્યને સંચાલકસમિતિના હોદ્દાગત સભ્ય બનાવવામાં આવે;

૫. આચાર્યશ્રીને ભાડામુક્ત યોગ્ય રહેઠાણ આપવામાં આવે;

૬. કૉલેજ માટે રમતગમતનું યોગ્ય મેદાન તૈયાર કરવામાં આવે.

૧૯. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.-(પ્રિન્સિ.)માં અંગ્રેજીનો વિષય શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂક કરવામાં આવે :
   અંગ્રેજીના એક પ્રાધ્યાપક;
૨. વધારાના જોડાણના અંગ્રેજીના મુખ્ય વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૨૦. કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલને પ્રથમ વર્ષ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એસસી. (પ્રિન્સિ.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (સબો.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે કલોલ મ્યુ. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, કલોલ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૨) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૩) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૪) વ્યાયામશિક્ષક;
૨. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
   મુખ્ય વિષય : રસાયણવિજ્ઞાન
   ગૌણ વિષયો : (૧) ભૌતિકવિજ્ઞાન, (૨) ગણિતશાસ્ત્ર;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :
   (૧) રસાયણવિજ્ઞાન માટે રૂા. ૪૦,૦૦૦,
   (૨) ભૌતિકવિજ્ઞાન માટે રૂા. ૧૫,૦૦૦.

૨૧. પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ ઍન્ડ શાહ કેશવલાલ સોમાભાઈ આર્ટ્સ કૉલેજ, કપડવંજને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ ઍન્ડ શાહ કેશવલાલ સોમાભાઈ આર્ટ્સ કૉલેજ, કપડવંજ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્રના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. અર્થશાસ્ત્રના વિષયના મુલાકાતી પ્રાધ્યાપકની જગ્યાએ જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપક નીમવામાં નહિ આવે તો હવે પછી તે વિષયમાં નવા વિદ્યાર્થીઓ દાખલ કરી શકાશે નહિ;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૭,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૨૨. મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળાને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સમો.)માં હિન્દી, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન તથા સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન અને હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે મહારાજા રાજેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, રાજપીપળા, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સમો.)માં હિન્દી, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને સંસ્કૃતના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન તથા હિન્દી વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :
   (૧) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૨) હિન્દીના એક પ્રાધ્યાપક
   (૩) હિન્દીના એક ખંડ સમયના વ્યાખ્યાતા
   (૪) રાજ્યનીતિશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૫) માનસશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. માનસશાસ્ત્રની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે :
   મુખ્ય વિષય : (૧) મનોવિજ્ઞાન, (૨) હિન્દી;

૪. પુસ્તકો તથા સામયિકો માટે પ્રતિવર્ષ વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને વિજ્ઞાન વિદ્યાશાખામાં આ અંગે ગત વર્ષની ખોટ પૂરી કરવામાં આવે, તથા સામયિકોની સંખ્યા વધારવામાં આવે તેમ જ ગ્રંથાલયને વધુ સુવ્યવસ્થિત પાયા પર મૂકવામાં આવે;

૫. રૂા. ૨,૫૦૦ના ખર્ચે મનોવિજ્ઞાનની પ્રયોગશાળા, જરૂરી સાધનસામગ્રીઓથી સુસજ્જ કરવામાં આવે.

૨૩. ભારતીય વિદ્યાભવન આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડાકોરનું જૂન ૧૯૬૭થી (૧) ભારતીય વિદ્યાભવન્સ આર્ટ્સ કૉલેજ, ડાકોર, તથા (૨) ભારતીય વિદ્યાભવન્સ સાયન્સ કૉલેજ, ડાકોર—એમ વિભાગીકરણ કરવા, તથા (૧) ભારતીય વિદ્યાભવન્સ આર્ટ્સ કૉલેજ, ડાકોરને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા તા. ૧૫-૬-૧૯૬૮ સુધીનું બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગણિતશાસ્ત્ર, હિન્દી; તથા બી.એ. (સબો.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે મળેલ જોડાણ ચાલુ રાખવા, તથા (૨) ભારતીય વિદ્યાભવન્સ સાયન્સ કૉલેજ, ડાકોરને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનનું ચાલુ જોડાણ, તથા તા. ૧૫-૬-૧૯૬૮ સુધીનું બી.એસસી.(રૂપે.)માં ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે મળેલ જોડાણ ચાલુ રાખવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજ માટેની સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આવ્યેથી જોડાણની શરતો સૂચવતો એકૅડેમિક કાઉન્સિલનો ઠરાવ ઘડવા માટે ઘટતું કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૨૪. શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુરને પ્રથમ વર્ષ બી.એ., તથા પ્રથમ વર્ષ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાનના વિષયો માટે તેમ જ બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાનના વિષય માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ચાલુ તેમ જ બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન અને બી.એસસી. (રૂપે.)માં ભૌતિકવિજ્ઞાનના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક
   (૨) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૩) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૪) ભૌતિકવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર તેમ જ એક લેબોરેટરી આસિસ્ટન્ટ (જૂન ૧૯૬૮થી);

૨. અગાઉની શરત મુજબ તા. ૩૧મી મે ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;

૩. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦ નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦ નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો		ગૌણ વિષય
(૧) ગુજરાતી	રૂા. ૨,૦૦૦	મનોવિજ્ઞાન રૂા. ૧,૦૦૦
(૨) ભૌતિકવિજ્ઞાન	રૂા. ૨,૦૦૦	

૪. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૩૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે.

૨૫. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણને બી.એ. (સબો.)માં સંસ્કૃત; તથા બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (સબો.)માં સંસ્કૃત અને બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્રના વિષયોનું વધારાનું જોડાણ તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના વિષયના મુલાકાતી પ્રાધ્યાપકની જગ્યાએ જૂન, ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપક નીમવામાં નહિ આવે તો હવે પછી તે વિષયમાં નવા વિદ્યાર્થીઓ દાખલ કરી શકાશે નહિ.
(૨) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૩) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૪) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૫) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૬) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૭) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૮) ગુજરાતીના એક ટ્યૂટર
(૯) અંગ્રેજીના એક ટ્યૂટર;

૨. વધારાના જોડાણના ગણિતશાસ્ત્રના મુખ્ય વિષય માટે રૂા. ૨,૦૦૦નો તથા સંસ્કૃતના વિષય માટે રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૨૬. બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુરને જૂન ૧૯૬૭થી ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીનું; તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્રનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં હિન્દી, તત્ત્વજ્ઞાન, અંગ્રેજીના અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એસસી. (રૂપે.)માં

રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો માટે વધારાનું જોડાણ આપવા આવેલ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે, બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર. નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સમો.)માં ઇતિહાસ અને રાજ્યનીતિશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સમો.)માં હિન્દી, તત્ત્વજ્ઞાન અને અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) સંસ્કૃતના પ્રાધ્યાપક
   (૨) ગુજરાતીના પ્રાધ્યાપક
   (૩) અર્થશાસ્ત્રના વિષયના મુલાકાતી પ્રાધ્યાપકની જગ્યાએ જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપક નીમવામાં નહિ આવે તો હવે પછી તે વિષયમાં નવા વિદ્યાર્થીઓ દાખલ કરી શકાશે નહિ.
   (૪) રસાયણવિજ્ઞાનના પ્રાધ્યાપક
   (૫) ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા
   (૬) વનસ્પતિવિજ્ઞાનના વ્યાખ્યાતા
   (૭) ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૮) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૯) રસાયણવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર
   (૧૦) અંગ્રેજીના વ્યાખ્યાતા
   (૧૧) ગુજરાતીના વ્યાખ્યાતા
   (૧૨) સંસ્કૃતના વ્યાખ્યાતા
   (૧૩) હિન્દીના ટ્યૂટર
   (૧૪) લૉજિક અને ફિલોસોફી બંનેમાં એક એક ટ્યૂટર
   (૧૫) રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનમાં એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. અગાઉની શરત મુજબ તા. ૩૧મી મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;

૩. વધારાના જોડાણના નીચે જણાવેલા પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો		ગૌણ વિષયો
(૧) સંસ્કૃત	(૩) અર્થશાસ્ત્ર	(૧) ભૌતિકવિજ્ઞાન
(૨) ગુજરાતી	(૪) રસાયણવિજ્ઞાન	(૨) વનસ્પતિવિજ્ઞાન

૪. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પ્રયોગશાળાઓ માટે જરૂર મુજબ વધારાના ખર્ચની જોગવાઈ કરવામાં આવે;

૬. પ્રયોગશાળા સુસજ્જ કરવા નીચે પ્રમાણેના ખર્ચ કરવામાં આવે :

(અ) રસાયણવિજ્ઞાન	...	રૂા. ૪૦,૦૦૦
(બ) વનસ્પતિવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
(ક) ભૌતિકવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦.

૨૭. શ્રી. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડાને પ્રથમ વર્ષ બી.એ. તથા બી.એસસી. સુધીના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં હિન્દી, માનસશાસ્ત્ર, ઇતિહાસ, અંગ્રેજી, સંસ્કૃત અને ગણિતશાસ્ત્ર; તેમ જ બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજ માટેની સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આવ્યેથી જોડાણની શરતો સૂચવતો એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ ઘડવા માટે ઘટતું કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૨૮. શ્રી. કે. વી. પારેખ સાયન્સ કૉલેજ એન્ડ માતુશ્રી ટી. કે. પારેખ આર્ટ્સ કૉલેજ, મહુવાને પ્રથમ વર્ષ બી.એ., તથા બી.એસસી. સુધીના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં માનસશાસ્ત્ર, હિંદી, રાજ્યશાસ્ત્ર અને સંસ્કૃત, તેમ જ બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે કે. વી. પારેખ સાયન્સ કૉલેજ એન્ડ ટી. કે. પી. આર્ટ્સ કૉલેજ, મહુવા, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફર્સ્ટ યર બી.એ., ફર્સ્ટ યર બી.એસસી. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.એ.(સબો.)માં મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, હિંદી, સંસ્કૃત; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક

(૩) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૪) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૫) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૬) હિંદીના એક વ્યાખ્યાતા
(૭) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૮) રસાયણુવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાન—એ પ્રત્યેક માટે એક એક ડેમોન્સ્ટ્રેટર તથા લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. અગાઉની શરત મુજબ તા. ૩૧મી મે ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;

૩. વધારાના જોડાણુના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો	ગૌણ વિષયો
(૧) ગુજરાતી	(૧) મનોવિજ્ઞાન
(૨) અર્થશાસ્ત્ર	(૨) રાજ્યશાસ્ત્ર
(૩) રસાયણુવિજ્ઞાન	(૩) હિંદી
	(૪) સંસ્કૃત
	(૫) ભૌતિકવિજ્ઞાન
	(૬) વનસ્પતિવિજ્ઞાન:

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :

(૧) રસાયણુવિજ્ઞાન	...	રૂા. ૪૦,૦૦૦
(૨) ભૌતિકવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
(૩) વનસ્પતિવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦;

૫. વનસ્પતિબાગ તૈયાર કરવામાં આવે;

૬. રમતગમતનું યોગ્ય મેદાન તૈયાર કરવામાં આવે;

૭. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૨૯. શ્રી. જે. એમ. ભક્ત એન્ડ શ્રી. કે. એમ. ભક્ત આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રી. એ. એન. શાહ સાયન્સ કૉલેજ, ખોલવડને પ્રથમ વર્ષ બી.એ. તથા બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.) તથા (સબો.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં હિન્દી, પર્શિયન, માનસશાસ્ત્ર, ઇતિહાસ, અને રાજ્યશાસ્ત્ર; તથા બી.એસસી. (રૂપે. તથા જન.)માં રસાયણ-વિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. એમ. ભક્ત એન્ડ કે. એમ. ભક્ત આર્ટ્સ એન્ડ શ્રી. એ. એન. શાહ સાયન્સ કૉલેજ, ખોલવડ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં

સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.એસસી. સુધીનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર તથા બી.એ.(સબૅ.)માં હિન્દી, ફારસી, માનસશાસ્ત્ર, ઇતિહાસ અને રાજ્યનીતિશાસ્ત્ર; તથા બી.એસસી.(૨પે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાનના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂક કરવામાં આવે :

(અ) નીચેના પ્રત્યેક વિષય દીઠ પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે :

અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર; તથા

(બ) નીચેના પ્રત્યેક ગૌણ વિષય દીઠ વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

હિન્દી, ફારસી, માનસશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાન;

(ક) રસાયણવિજ્ઞાન તથા ભૌતિકવિજ્ઞાન માટે જરૂરી ડેમોન્સ્ટ્રેટરો તથા લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો	ગૌણ વિષયો
અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર	હિન્દી, ફારસી, માનસશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યનીતિશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવામાં નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

(અ) રસાયણવિજ્ઞાન	...	રૂા. ૪૦,૦૦૦
(બ) ભૌતિકવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
(ક) વનસ્પતિવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
(ડ) પ્રાણીવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
	કુલ	રૂા. ૮૫,૦૦૦;

૫. વનસ્પતિવિજ્ઞાન માટે બાગ તૈયાર કરવામાં આવે;

૬. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૩૦. નવયુગ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, સુરતને પ્રથમ વર્ષ બી.એ. તથા બી.એસસી.ના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ. અને સબૅ.)માં અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ. (સબૅ.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન,

સંસ્કૃત, હિન્દી, અંગ્રેજી અને આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી. (ગણિતશાસ્ત્ર) તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે નવયુગ કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, સુરત, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફર્સ્ટ યર બી.એ. તથા ફર્સ્ટ યર બી.એસસી. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, સમાજશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન, સંસ્કૃત, સમાજશાસ્ત્ર, હિંદી, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર; તથા બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના વિષયો શીખવવા માટેનું વધારાનું જોડાણ તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધી આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૩) સમાજશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૪) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૫) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૬) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૭) ઇતિહાસના એક વ્યાખ્યાતા
(૮) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૯) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૧૦) સમાજશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૧) હિંદીના એક વ્યાખ્યાતા
(૧૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૧૩) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૪) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૫) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૬) રસાયણવિજ્ઞાન તથા ભૌતિકવિજ્ઞાન તે પ્રત્યેક માટે એક એક ડેમોન્સ્ટ્રેટર.

૨. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો	ગૌણ વિષયો
(૧) અર્થશાસ્ત્ર	(૧) ઇતિહાસ
(૨) ગુજરાતી	(૨) મનોવિજ્ઞાન
(૩) સમાજશાસ્ત્ર	(૩) સમાજશાસ્ત્ર
(૪) રસાયણવિજ્ઞાન	(૪) સંસ્કૃત

મુખ્ય વિષયો	ગૌણ વિષયો
(૫) આંકડાશાસ્ત્ર	(૫) હિંદી
(૬) ગણિતશાસ્ત્ર	(૬) અંગ્રેજી
	(૭) ભૌતિકવિજ્ઞાન
	(૮) વનસ્પતિવિજ્ઞાન;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાન	..	રૂા. ૪૦,૦૦૦
(૨) ભૌતિકવિજ્ઞાન	..	રૂા. ૧૫,૦૦૦
(૩) વનસ્પતિવિજ્ઞાન	..	રૂા. ૧૫,૦૦૦;

૫. સુયોગ્ય વનસ્પતિબાગ તૈયાર કરવામાં આવે.

૩૧. ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, દમણને પ્રથમ વર્ષ બી.એ. તથા બી.એસસી. સુધીના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી તથા તે પરના સ્થાનિક તપાસસમિતિના અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે ગવર્નમેન્ટ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, દમણ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફર્સ્ટ યર બી.એ., તથા ફર્સ્ટ યર બી.એસસી.ના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગુજરાતીના એક વ્યાખ્યાતા
   (૨) અંગ્રેજીના એક ટ્યૂટર
   (૩) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર
   (૪) ગણિતશાસ્ત્રના એક ટ્યૂટર;

૨. અગાઉની શરત મુજબ તા. ૩૧મી મે, ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;

૩. જનરલ એજ્યુકેશનના વિષય માટે યોગ્ય શિક્ષણની વ્યવસ્થા કરી રૂા. ૫૦૦નો ખર્ચ પુસ્તકો માટે કરવામાં આવે;

૪. પ્રયોગશાળા માટેના રૂા. ૧,૦૦,૦૦૦ની ગત વર્ષની શરત પેટે બાકી રહેલ રૂા. ૬૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. આચાર્યશ્રી તથા ગૃહપતિ માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે તથા ગત વર્ષમાં તેમની પાસેથી ભાડું લેવાયું હોય તો તે મજરે આપવામાં આવે.

૩૨. કમાણી સાયન્સ કૉલેજ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલીને બી.એ. (સબ્સિ.)માં માનસશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન; તથા બી.એસસી. (રેપ્યુ.)માં રસાયણવિજ્ઞાન;

તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે કમાણી સાયન્સ એન્ડ પ્રતાપરાય આર્ટ્સ કૉલેજ, અમરેલી, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને (૧) બી.એ.-(સબો.)માં માનસશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના વિષયો; તથા (૨) બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. અર્થશાસ્ત્રના વિષયના મુલાકાતી પ્રાધ્યાપકની જગ્યાએ જૂન, ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપક નીમવામાં નહિ આવે તો હવે પછી તે વિષયમાં નવા વિદ્યાર્થીઓ દાખલ કરી શકાશે નહિ;

૨. વિદ્યાશાખા દીઠ પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૩. વનસ્પતિબાગ તૈયાર કરવામાં આવે.

૩૨. મણિબહેન ભીખાભાઈ કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ શ્રી. ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામને પ્રથમ વર્ષ બી.એ. તથા બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ. તથા સબો.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, હિંદી, માનસશાસ્ત્ર, ઇતિહાસ અને સ્ટેટિસ્ટિકલ મેથડ્ઝના અભ્યાસક્રમો; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ એન્ડ શ્રી. જી. એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી કૉમ. સુધીનું ચાલુ જોડાણ આપવા તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિન્દી, મનોવિજ્ઞાન, ઇતિહાસ અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
(૩) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૪) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૫) હિન્દીના એક વ્યાખ્યાતા
(૬) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૭) ઇતિહાસના એક વ્યાખ્યાતા

(૮) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૯) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૧૦) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૧૧) પૂરા સમયના ગ્રંથપાલ;

૨. અગાઉની શરત મુજબ ૩૧મી મે, ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;

૩. પુસ્તકાલય અને અધ્યાપકો માટેના મોટા ખંડો સાથે વધુ આઠ વર્ગખંડોની વ્યવસ્થા કરવામાં આવે;

૪. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો	ગૌણ વિષયો
(૧) અર્થશાસ્ત્ર	(૧) સંસ્કૃત
(૨) ગુજરાતી	(૨) હિંદી
(૩) એડવાન્સ્ડ એકાઉન્ટન્સી એન્ડ ઑડિટિંગ	(૩) મનોવિજ્ઞાન
	(૪) ઇતિહાસ
	(૫) આંકડાશાસ્ત્ર;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૬. આંકડાશાસ્ત્રના વિષય માટે દરેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક કૅલ્કયુલેટિંગ મશીન ખરીદવામાં આવે;

૭. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૮. રમતગમતના મેદાનને વ્યવસ્થિત કરવામાં આવે.

૩૪. શ્રી. કે. એચ. માધવાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદરને બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. એચ. માધવાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, પોરબંદર, નીચેની શરતનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃતનો વિષય શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૩૫. શ્રી. રજની પારેખ આર્ટ્સ એન્ડ શ્રી. કેશવલાલ બુલાખીદાસ કૉમર્સ કૉલેજ, ખંભાતને બી.એ. (પ્રિન્સિ. તથા સબો.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિંદી અને પ્રાચીન

ભારતીય સંસ્કૃતિના વિષયો માટે; તથા બી.એ. (સંયો.)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર, સમાજ-શાસ્ત્ર, અને અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલી અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. પી. આર્ટ્સ એન્ડ શ્રી. કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી, હિન્દી, પ્રાચીન ભારતીય સંસ્કૃતિ; તથા બી.એ.(સંયો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, અંગ્રેજી, ઉર્દૂ અને સમાજશાસ્ત્રના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) કૉમર્સના પ્રાધ્યાપક
   (૨) બંધ સમયના એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૩) બંધ સમયના મર્કન્ટાઇલ લૉના વ્યાખ્યાતા
   (૪) ઉર્દૂના એક વ્યાખ્યાતા;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૩૬. અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને એફ.વાય.બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં બૅન્કિંગ અને એકાઉન્ટન્સી; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજીનું વધારાનું તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીનું ચાલુ અને બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટન્સી અને બૅન્કિંગનું વધારાનું જોડાણ તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
   (૨) વાણિજ્યના એક વ્યાખ્યાતા (બિઝનેસ ઍડમિનિસ્ટ્રેશન સાથે)
   (૩) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
   (૪) મર્કન્ટાઇલ લૉના એક બંધ સમયના પ્રાધ્યાપક;
૨. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે તથા મનોવિજ્ઞાનના વિષય માટે પહેલાંના જોડાણની શરતનાં ઊણપ માટે રૂા. ૧,૦૦૦ ખર્ચવામાં આવે :

મુખ્ય વિષય

(૧) અંગ્રેજી, (૨) બૅન્કિંગ, (૩) એકાઉન્ટન્સી

૩. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ટી.વાય.બી.એ. માટે મનોવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂા. ૧,૫૦૦ ખર્ચ કરવામાં આવે.

૩૭. ઉપલેટા મ્યુ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટાને બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, સંસ્કૃત અને હિંદી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપલેટા મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઉપલેટા, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટન્સી એન્ડ ઑડિટિંગનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ તથા બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન; તથા બી.એ.(સબો.)માં અંગ્રેજી, રાજ્યશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમ માટે તા. ૧૫-૬-૧૯૬૬થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં હિન્દી અને રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) હિન્દીના એક વ્યાખ્યાતા
(૨) રાજ્યશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) સંસ્કૃતના એક ટ્યૂટર;

૨. વિદ્યાર્થિનીઓ માટે સ્વતંત્ર અલગ ખંડની વ્યવસ્થા કરવામાં આવે તથા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે અદ્યતન સેનિટરી બ્લૉકની વ્યવસ્થા કરવામાં આવે;

૩. વધારાના જોડાણના હિન્દી અને રાજ્યશાસ્ત્રના પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૩૮. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકાને બી.એ. (પ્રિન્સિ.)માં હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલી અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં

હિન્દીનો વિષય શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) હિન્દીના એક પ્રાધ્યાપક
   (૨) હિન્દીના એક વ્યાખ્યાતા;
૨. વધુમાં કૉલેજનું પોતાનું મકાન હજુ સુધી તૈયાર કર્યું નથી તે હકીકતની આ સભા ગંભીરતાપૂર્વક નોંધ લે છે અને વિશેષમાં ઉમેરે છે કે ૩૧મી મે, ૧૯૬૮ સુધીમાં કૉલેજ તે શરતનું પાલન કરશે નહિ તો ભવિષ્યમાં જોડાણ આપવાનું શક્ય બનશે નહિ;
૩. હિન્દીના મુખ્ય વિષયના વધારાના જોડાણ માટે રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. પુસ્તકો તથા સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦ આવર્તક ખર્ચ કરવામાં આવે.

૩૬. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી; તથા બી.એ. (સંયો.)માં સંસ્કૃત અને હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ (મિયાગામ), નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં, સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી; તથા બી.એ.(સંયો.)માં હિન્દી અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્ર વિષયના મુલાકાતી પ્રાધ્યાપકની જગ્યાએ જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપક નીમવામાં નહિ આવે તો હવે પછી તે વિષયમાં નવા વિદ્યાર્થીઓ દાખલ કરી શકાશે નહિ.
   (૨) ગુજરાતીના એક પ્રાધ્યાપક
   (૩) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
   (૪) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૫) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
   (૬) અંગ્રેજીના એક ખંડ સમયના વ્યાખ્યાતા;
૨. અગાઉની શરત મુજબ તા. ૩૧મી મે ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;
૩. પુસ્તકાલય માટે ગુજરાતીના મુખ્ય વિષય માટે રૂા. ૨,૦૦૦નો તથા હિન્દી અને સંસ્કૃતના વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. આચાર્યશ્રી તથા ગૃહપતિ માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૪૦. જે. એમ. શાહ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, જંબુસરને બી.કૉમ.માં એકાઉન્ટસી (મુખ્ય વિષય) શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે જે. એમ. શાહ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, જંબુસર, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટન્સી ઍન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:
   (૧) વાણિજ્યના પ્રાધ્યાપક
   (૨) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૩) અર્થશાસ્ત્રના ટ્યૂટર;
૨. અગાઉની શરત મુજબ ૩૧મી મે, ૧૯૬૭ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;
૩. એકાઉન્ટન્સીના વધારાના મુખ્ય વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. ગત વર્ષના બાકી રહેલ રૂા. ૩,૦૦૦ના ખર્ચ ઉપરાંત પુસ્તકો અને સામયિકો માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૪૧. શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝાને બી.એ. (પ્રિન્સિ. અને સબો.)માં ગુજરાતી; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, ઇતિહાસ, હિંદી, અંગ્રેજી અને સંસ્કૃત; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ ઍન્ડ એ. એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝા, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીનું તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, બી.એ.(સબો.)માં રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, હિન્દી તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટન્સી ઍન્ડ ઑડિટિંગ ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી અને ગુજરાતી તથા બી.એ.(સબો.)માં હિન્દી અભ્યાસક્રમ શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે:
   (૧) અંગ્રેજીના પ્રાધ્યાપક
   (૨) ગુજરાતીના પ્રાધ્યાપક
   (૩) હિન્દીના વ્યાખ્યાતા
   (૪) વાણિજ્યના પ્રાધ્યાપક
   (૫) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા

(૬) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
(૭) એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા
(૮) સંસ્કૃતના ટચૂટર;

૨. અગાઉની શરત મુજબ તા. ૩૧મી મે, ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;

૩. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો	ગૌણ વિષય
(૧) અંગ્રેજી	હિન્દી;
(૨) ગુજરાતી	
(૩) એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ	

૪. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૪૨. શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ ઍન્ડ હિંમતનગર કૉમર્સ કૉલેજ, હિંમતનગરને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, અને ગુજરાતી; તથા બી.એ. (સબો.)માં મનોવિજ્ઞાન, આંકડાશાસ્ત્ર, સંસ્કૃત, પરિશિયન અને હિંદી તેમ જ બી.કૉમ.માં એકાઉન્ટન્સીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ ઍન્ડ શ્રી હિંમતનગર કૉમર્સ કૉલેજ, હિંમતનગર, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.એ. તથા ફર્સ્ટ ઇયર બી.કૉમ. સુધીના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સ.)માં અંગ્રેજી, ગુજરાતી અને અર્થશાસ્ત્ર; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત, હિન્દી, ફારસી, મનોવિજ્ઞાન તથા આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટન્સી ઍન્ડ ઑડિટિંગના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) અંગ્રેજીના એક પ્રાધ્યાપક
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૪) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૫) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૬) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર
(૭) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૮) હિન્દીના એક વ્યાખ્યાતા
(૯) ફારસીના એક વ્યાખ્યાતા
(૧૦) મનોવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૧) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૨) એકાઉન્ટન્સીના એક પ્રાધ્યાપક
(૧૩) કૉમર્સના એક પ્રાધ્યાપક
(૧૪) મર્કન્ટાઈલ લૉના એક ખંડ સમયના પ્રાધ્યાપક;

૨. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો	ગૌણ વિષયો
(૧) અંગ્રેજી	(૧) સંસ્કૃત
(૨) ગુજરાતી	(૨) હિન્દી
(૩) અર્થશાસ્ત્ર	(૩) ફારસી
(૪) એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ	(૪) મનોવિજ્ઞાન
	(૫) આંકડાશાસ્ત્ર.

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. અગાઉની શરત મુજબ તા. ૩૧મી મે, ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે.

૪૩. શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ)ને પ્રથમ વર્ષ બી.કૉમ.ના અભ્યાસક્રમો; તથા બી.એ. (પ્રિન્સિ. અને સબો.)માં ગુજરાતી, હિંદી, ઇતિહાસ, મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમો માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે બારેના સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ), નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ બી.એ. અને પ્રથમ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, ઇતિહાસ, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના અભ્યાસ-ક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) ગુજરાતીના એક પ્રાધ્યાપક
(૨) હિન્દીના એક પ્રાધ્યાપક

(૭) ઇતિહાસના એક પ્રાધ્યાપક
(૪) માનસશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૫) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૬) રાજ્યશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૭) એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના એક વ્યાખ્યાતા;

૨. આગાઉની શરત મુજબ તા. ૩૧મી મે ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે :

૩. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો

(૧) ગુજરાતી	...	રૂા. ૨,૦૦૦
(૨) હિન્દી	...	રૂા. ૨,૦૦૦
(૩) ઇતિહાસ	...	રૂા. ૨,૦૦૦
(૪) માનસશાસ્ત્ર	...	રૂા. ૨,૦૦૦
(૫) અર્થશાસ્ત્ર	...	રૂા. ૨,૦૦૦
(૬) રાજ્યશાસ્ત્ર	...	રૂા. ૨,૦૦૦
(૭) એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ માટે	...	રૂા. ૧,૦૦૦

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૪૪. શ્રી. સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.એ. તથા પ્રથમ વર્ષ બી.કૉમ.ના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત, માનસશાસ્ત્ર; તથા બી.એ. (સબો.)માં ગુજરાતી, હિંદી, ઇતિહાસ, અંગ્રેજી અને આંકડાશાસ્ત્ર; તેમ જ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર અને બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને એફ.વાય.બી.એ. તથા એફ.વાય.બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સંસ્કૃત અને મનોવિજ્ઞાન; તથા બી.એ.(સબો.)માં ગુજરાતી, હિન્દી, ઇતિહાસ, અંગ્રેજી અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ તથા બૅન્કિંગના વિષયો શીખવવા માટેનું

તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
(૨) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૩) અર્થશાસ્ત્રના એક ટ્યૂટર
(૪) મનોવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૫) સંસ્કૃતના એક પ્રાધ્યાપક
(૬) સંસ્કૃતના એક વ્યાખ્યાતા
(૭) સંસ્કૃતના એક ટ્યૂટર
(૮) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૯) ગુજરાતીના એક ટ્યૂટર
(૧૦) હિંદીના એક ટ્યૂટર
(૧૧) એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના એક પ્રાધ્યાપક
(૧૨) બૅન્કિંગના એક પ્રાધ્યાપક
(૧૩) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના એક પ્રાધ્યાપક
(૧૪) વાણિજ્યના એક વ્યાખ્યાતા (બિઝનેસ ઍડમિનિસ્ટ્રેશન માટે)
(૧૫) આંકડાશાસ્ત્રના એક વ્યાખ્યાતા;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વધારાના ખંડોની જોગવાઈ કરવામાં આવે :

(૧) વ્યાખ્યાનખંડો–૬
(૨) ટ્યુટોરિયલ ખંડો–૪;

૩. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો અને પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો	ગૌણ વિષયો
(૧) અર્થશાસ્ત્ર	(૧) ગુજરાતી
(૨) સંસ્કૃત	(૨) અંગ્રેજી
(૩) મનોવિજ્ઞાન	(૩) હિન્દી
(૪) એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ	(૪) ઇતિહાસ
(૫) બૅન્કિંગ	(૫) આંકડાશાસ્ત્ર;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિદ્યાશાખા દીઠ રૂા. ૩,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. મનોવિજ્ઞાનનો સ્પેશિયલ વિષય શીખવવા માટે મનોવિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂા. ૨,૫૦૦નો ખર્ચ કરવામાં આવે.

૪૫. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૭થી (૧) સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ, અને (૨) ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા, તથા (૧) સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદને જે વિષયોમાં કાયમી જોડાણ મળેલ છે તે કાયમ રાખવા, તથા (૨) ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ, ગુજરાતી; તથા બી.એ. (સબ્સે.)માં સંસ્કૃત, હિન્દી, આંકડાશાસ્ત્ર અને રાજ્યશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને જૂન ૧૯૬૭થી (૧) સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ; અને (૨) ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ—એમ વિભાગીકરણ કરવા, તથા (૧) સર એલ. એ. શાહ લૉ કૉલેજને તા. ૧૫-૬-૧૯૬૭થી દ્વિતીય એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો માટે મળેલ કાયમી જોડાણ કાયમ રાખવા; તથા (૨) ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજને બી.એ.(પ્રિન્સિ.)માં અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇતિહાસ અને ગુજરાતી; તથા બી.એ.(સબ્સે.)માં સંસ્કૃત, હિન્દી, આંકડાશાસ્ત્ર તથા રાજ્યશાસ્ત્રના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. વિનયનની કૉલેજ માટે આચાર્યની નિમણૂક કરવામાં આવે;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિનયન કૉલેજ માટે રૂા. ૩,૦૦૦ અને કાયદાની કૉલેજ માટે રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. વિનયન વિદ્યાશાખા માટે અંગ્રેજીનાં પુસ્તકો માટે રૂા. ૨,૫૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. વિનયન કૉલેજના આચાર્યને ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવે;
૫. વિનયન કૉલેજના આચાર્યને સંચાલકસમિતિના હોદ્દાગત સભ્ય બનાવવામાં આવે.

૪૬. શ્રી. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ શ્રી. એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટને બી.એ. (પ્રિન્સિ. અને સબ્સે.)માં પરિશિષ્ટના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ ઍન્ડ એ. એમ. પી લૉ કૉલેજ, રાજકોટ, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં ફારસીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. હાલના ફારસીના બે વ્યાખ્યાતાઓને બદલે એક પ્રાધ્યાપક અને વ્યાખ્યાતાની વ્યવસ્થા કરવામાં આવે;
૨. વધારાના જોડાણ: ફારસીના વિષય માટે રૂા. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિનયનની વિદ્યાશાખા માટે રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૪૭. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, અમદાવાદને ટી.ડી.ના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, અમદાવાદ, નીચેની શરતોનું પાલન; તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ટી.ડી.ના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૨. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે, તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૪૮. માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગરને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે માધ્યમિક શિક્ષણ મહાવિદ્યાલય, ભાવનગર, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એડ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. દૃશ્ય-શ્રાવ્ય શિક્ષણ માટે એક અલાયદો ખંડ કરવામાં આવે અને જરૂરી સાધનો વસાવવામાં આવે તેમ જ શિક્ષણ પદ્ધતિ અને વિશિષ્ટ શિક્ષણ ક્ષેત્રના ઓરડાઓની કાયમી સગવડ થઈ શકે એવો પ્રબંધ કરવામાં આવે;
૪. પ્રયોગશાળા કૉલેજની નજીક બાંધવા માટે ઘટતાં પગલાં લેવામાં આવે;
૫. છાત્રાલય માટે જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૪૯. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને બી.એસસી. (રૂપે. અને જન.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ, નીચેની શરતનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને બી.એસસી.(રૂપે.)માં આંકડાશાસ્ત્રના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૫૦. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદને બી.એસસી. (રૂપે.)માં ગણિત-શાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો

સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદને બી.એસસી. (રૂપે.)માં ગણિતશાસ્ત્રનો વિષય શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૫૧. સાયન્સ કૉલેજ, કડીને બી.એસસી. (રૂપે. અને જન.)માં રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને પ્રાણી-વિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે સાયન્સ કૉલેજ, કડી, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને એફ.વાય.બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં રસાયણવિજ્ઞાન, વનસ્પતિ-વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૨) રસાયણવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર
(૩) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
(૪) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૫) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૬) ભૌતિકવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર
(૭) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૮) પ્રાણીવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર
(૯) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૧૦) ગણિતશાસ્ત્રના એક ટ્યૂટર
(૧૧) ગુજરાતીના પૂરા સમયના વ્યાખ્યાતા
(૧૨) હિન્દીના પૂરા સમયના વ્યાખ્યાતા
(૧૩) વ્યાયામ શિક્ષક;

૨. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો	ગૌણ વિષયો
(૧) રસાયણવિજ્ઞાન	(૧) ભૌતિકવિજ્ઞાન
(૨) વનસ્પતિવિજ્ઞાન	(૨) પ્રાણીવિજ્ઞાન
	(૩) ગણિતશાસ્ત્ર;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાન	...	રૂા. ૪૦,૦૦૦
(૨) વનસ્પતિવિજ્ઞાન	...	રૂા. ૩૦,૦૦૦
(૩) ભૌતિકવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
(૪) પ્રાણીવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦;

૫. કૉલેજના હાલના મકાનમાં નીચે પ્રમાણે વધારાના ખંડોની વ્યવસ્થા કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાન માટે વધારાનો સ્ટોર રૂમ તથા બૅલેન્સ રૂમ
(૨) એક મોટો વ્યાખ્યાન ખંડ (૧૦૦ વિદ્યાર્થીઓ માટે) અને બે નાના વ્યાખ્યાન ખંડો;

૬. બોટેનિકલ ગાર્ડન તૈયાર કરવામાં આવે.

૫૨. સી. યુ. શાહ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને એફ.બી.એસસી. સુધીના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ તથા બી.એસસી. (રૂપે.) રસાયણવિજ્ઞાન તથા બી.એસસી. (જન.) ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ યર બી.એસસી. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના વધારાના જોડાણના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો	ગૌણ વિષયો
(૧) રસાયણવિજ્ઞાન	(૧) ભૌતિકવિજ્ઞાન
	(૨) વનસ્પતિવિજ્ઞાન;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પ્રયોગશાળા સુસજ્જ કરવા નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાન	...	રૂા. ૪૦,૦૦૦
(૨) ભૌતિકવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
(૩) વનસ્પતિવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦;

૪. વનસ્પતિ બાગ તૈયાર કરવામાં આવે;

૫. વિદ્યાર્થીઓ માટે અલગ છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે;

૬. જૂન, ૧૯૬૮થી તૃતીય વર્ષ વિજ્ઞાનના વર્ગો ચાલુ કરવામાં આવશે તેવી બાંયધરી સંચાલક-મંડળ તરફથી આપવામાં આવે;

૭. જૂન ૧૯૬૭થી એસ.વાય.બી.એસસી. અને જૂન ૧૯૬૮થી ટી.વાય.બી.એસસી.ના વર્ગો ચાલુ કરવામાં આવશે એવી લેખિત બાંયધરી આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે દ્વિતીય વર્ષ વિજ્ઞાનના વર્ગમાં વધુમાં વધુ ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે.

૫૩. નવયુગ સાયન્સ કૉલેજ, પોરબંદરને નીચેના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટે આવેલ નીચે મુજબની અરજીઓ તથા તે પરના સ્થાનિક તપાસસમિતિના અહેવાલો :

(અ) પ્રથમ વર્ષ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ

(બ) બી.એસસી. (રૂપે.)માં રસાયણશાસ્ત્ર, તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો માટે વધારાનું જોડાણ.

આથી ઠરાવવામાં આવે છે કે નવયુગ સાયન્સ કૉલેજ, પોરબંદર, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ બી.એસસી. સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (ગૌણ) ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક, એક ડેમોન્સ્ટ્રેટર તથા લેબોરેટરી આસિસ્ટન્ટ
(૨) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા તથા ડેમોન્સ્ટ્રેટર તથા લેબોરેટરી આસિસ્ટન્ટ
(૩) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા તથા લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષય : રસાયણવિજ્ઞાન
ગૌણ વિષયો : ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાન ... રૂા. ૪૦,૦૦૦
(૨) ભૌતિકવિજ્ઞાન ... રૂા. ૧૫,૦૦૦
(૩) વનસ્પતિવિજ્ઞાન ... રૂા. ૧૫,૦૦૦;

૫. વનસ્પતિવિજ્ઞાન માટે બાગ તૈયાર કરવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વધારાના જોડાણને અનુલક્ષીને રસાયણવિજ્ઞાનના વિષય માટે વધુમાં વધુ ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે.

૫૪. બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદને પ્રથમ વર્ષ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ તથા બી.એસસી. (રૂપે. અને જન.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર,

તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસ-સમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે બોરસદ સાયન્સ કૉલેજ, બોરસદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને એફ.વાય.બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(રૂપે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્રના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :
   (૧) રસાયણવિજ્ઞાનના એક પ્રાધ્યાપક
   (૨) ગણિતશાસ્ત્રના એક પ્રાધ્યાપક
   (૩) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૪) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૫) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૬) ગણિતશાસ્ત્રના એક વ્યાખ્યાતા
   (૭) રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાન—એ દરેક વિષયના એક એક ડેમોન્સ્ટ્રેટર (ઇનઓર્ગેનિક અથવા ફિઝિકલ વિષય ધરાવતા);
૨. અગાઉની શરત પ્રમાણે તા. ૩૧મી મે, ૧૯૬૯ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે;
૩. વિદ્યાર્થી તથા વિદ્યાર્થિનીઓ માટે અલગ ખંડની વ્યવસ્થા કરવામાં આવે;
૪. વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

   મુખ્ય વિષયો : ૧. રસાયણવિજ્ઞાન
   ૨. ગણિતશાસ્ત્ર
   ગૌણ વિષયો : ૧. ભૌતિકવિજ્ઞાન
   ૨. વનસ્પતિવિજ્ઞાન;
૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૬. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :

(૧) રસાયણવિજ્ઞાન	...	રૂા. ૪૦,૦૦૦
(૨) ભૌતિકવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
(૩) વનસ્પતિવિજ્ઞાન	...	રૂા. ૧૫,૦૦૦
		કુલ રૂા. ૭૦,૦૦૦;

૭. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, એસ.વાય.બી.એસસી. તથા ટી.વાય.બી.એસસી.માં ૩૦થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ.

૫૫. મહારાજા શ્રી. મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબીને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મહારાજા મહેન્દ્રસિંહજી સાયન્સ કૉલેજ, મોરબી, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન; અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૭૦ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. ગણિતના એક વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૫૬. પી. ડી. માલવિયા કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટને બી.કૉમ.માં બૅન્કિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી તથા તે પરની સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.કૉમ.માં બૅંકિંગનો વિષય શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધી ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી:

૧. નીચેની નિમણૂક કરવામાં આવે :
બૅન્કિંગના એક કાયમી પ્રાધ્યાપક;
૨. બૅન્કિંગના વિષય માટે તા. ૩૧મી માર્ચ ૧૯૬૮ પહેલાં રૂા. ૩,૦૦૦નાં પુસ્તકો ખરીદ કરવામાં આવે તથા વધારાનાં સામયિકો ખરીદવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૫૭. પ્રભુદાસ ઠક્કર કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ તથા બી.એસસી. (રૂપે. અને જન.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પ્રભુદાસ ઠક્કર કૉમર્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને ફર્સ્ટ

૧૯૬૨ બી.એસસી. સુધીના તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમ માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા; તથા બી.એસસી. (રૂપે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ગણિતશાસ્ત્ર, ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન તથા વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) અર્થશાસ્ત્ર વિષયના મુલાકાતી પ્રાધ્યાપકની જગ્યાએ જૂન ૧૯૬૭થી યોગ્ય લાયકાત ધરાવતા પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં નહિ આવે તો હવે પછી તે વિષયમાં નવા વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહિ.
(૨) એકાઉન્ટન્સીના પૂરા સમયના એક પ્રાધ્યાપક
(૩) રસાયણવિજ્ઞાનના પૂરા સમયના એક પ્રાધ્યાપક
(૪) ગણિતશાસ્ત્રના પૂરા સમયના એક પ્રાધ્યાપક
(૫) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૬) વનસ્પતિવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૭) રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના પ્રત્યેક વિષય માટે એક એક ડેમોન્સ્ટ્રેટર તથા એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ;

૨. પુસ્તકો અને સામયિકો માટે વધારાના જોડાણના નીચે જણાવેલ પ્રત્યેક મુખ્ય વિષય દીઠ રૂા. ૨,૦૦૦નો તથા પ્રત્યેક ગૌણ વિષય દીઠ રૂા. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

મુખ્ય વિષયો	ગૌણ વિષયો
(૧) રસાયણશાસ્ત્ર	(૧) ભૌતિકવિજ્ઞાન
(૨) ગણિતશાસ્ત્ર	(૨) વનસ્પતિવિજ્ઞાન;

વધુમાં ગ્રંથાલયને વધુ સમૃદ્ધ કરવા માટે વાણિજ્યની વિદ્યાશાખા માટે રૂા. ૬,૦૦૦ (રૂા. ૧,૦૦૦નાં સામયિકો સહિત)નો તથા વિજ્ઞાન વિદ્યાશાખા માટે રૂા. ૭,૦૦૦ (રૂા. ૧,૦૦૦નાં સામયિકો સહિત)નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ વિદ્યાશાખા દીઠ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે :
(૧) રસાયણવિજ્ઞાન ... રૂા. ૪૦,૦૦૦
(૨) ભૌતિકવિજ્ઞાન ... રૂા. ૧૫,૦૦૦
(૩) વનસ્પતિવિજ્ઞાન ... રૂા. ૧૫,૦૦૦;

૫. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની જોગવાઈ કરવામાં આવે :
(૧) સ્ટાફ તથા લાઇબ્રેરી માટે વધુ સગવડતાવાળા ઓરડાઓ બાંધવામાં આવે;
(૨) વનસ્પતિવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન—એ દરેક માટે જુદી વધારાની પ્રયોગશાળા ફર્નિચર ફિટિંગ સહિત તૈયાર કરવામાં આવે;

(૩) ડાર્ક રૂમ જરૂરી ફર્નિચર ફિટિંગ સહિત તૈયાર કરવામાં આવે;
(૪) રસાયણશાસ્ત્ર માટે બે પ્રયોગશાળા (એક ફિઝિક્સ-કેમિસ્ટ્રી સહિત) તૈયાર કરવામાં આવે.

૫૮. નવગુજરાત કૉમર્સ કૉલેજ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૬૭થી પ્રથમ અને દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ મેળવવા આવેલ જોડાણ અરજી.

આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ અને દ્વિતીય એલએલ.બી.ના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. કાયદાનાં પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૨. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૫૯. સિટી લૉ કૉલેજ, અમદાવાદને પ્રથમ તથા દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે સિટી લૉ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને પ્રથમ એલએલ.બી. તથા દ્વિતીય એલએલ.બી.ના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૨. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે.

૬૦. ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદને પ્રથમ તથા દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો તથા ડિપ્લોમા ઇન લેબર લૉઝ એન્ડ પ્રૅક્ટિસ તથા ડિપ્લોમા ઇન ટેક્સેશન લૉઝ એન્ડ પ્રૅક્ટિસના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે ન્યૂ લૉ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને સેકન્ડ એલએલ.બી. સુધીના તથા ડિપ્લોમા ઇન ટેક્સેશન લૉઝ એન્ડ પ્રૅક્ટિસ અને ડિપ્લોમા ઇન લેબર લૉઝ એન્ડ પ્રૅક્ટિસના વિષયો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમ માટે રૂા. ૨,૦૦૦નો

તથા ડિપ્લોમા અભ્યાસક્રમ માટે આવર્તક રૂા. ૫૦૦નો ખર્ચ કરવામાં આવે;

૨. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે, તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૬૧. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદને બી.ડી.એસ. ડિગ્રીના ચારે વર્ષના અભ્યાસક્રમો માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ચતુર્થ બી.ડી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણેની નિમણૂકો કરવામાં આવે :

(૧) સીનીયર લેક્ચરર ઑફ પેરીયોડોન્શીયા એન્ડ પ્રીવેન્ટીવ ડેન્ટીસ્ટ્રી;
(૨) સીનીયર લેક્ચરર ઑફ ઓરલ ડાયેાગ્નોસીસ.

૨. વધારાના એક વૉર્ડનો કબજો મેળવવામાં આવે;

૩. હૉસ્પિટલ અને ઓ.પી.ડી.ના મકાનનું બાંધકામ તાત્કાલિક શરૂ કરવામાં આવે જેથી કૉલેજ, વ્યાખ્યાનખંડો, હૉસ્પિટલ અને ઓ.પી.ડી.નાં મકાનો જૂન ૧૯૬૮ સુધીમાં તૈયાર થઈ જાય;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂા. ૬,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૬૨. ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરતને ફાઇનલ એમ.બી.,બી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટે આવેલ અરજી તથા તે પરનો સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે ગવર્નમેન્ટ મેડિકલ કૉલેજ, સુરત, નીચેની શરતોનું પાલન તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને થર્ડ એમ.બી.,બી.એસ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૯ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :

(૧) ગાયનેકોલોજી એન્ડ ઑબ્સ્ટેટ્રિકસના એક પ્રોફેસર
(૨) ફોરેન્સિક મેડિસિનના એક આસિસ્ટન્ટ પ્રોફેસર
(૩) પ્રિવેન્ટિવ એન્ડ સોશિયલ મેડિસિનના એક આસિસ્ટન્ટ પ્રોફેસર
(૪) ડર્મેટોલોજીના એક આસિસ્ટન્ટ પ્રોફેસર
(૫) ઓર્થોપેડિકસના એક આસિસ્ટન્ટ પ્રોફેસર
(૬) સાઇકિયેટ્રીના એક આસિસ્ટન્ટ પ્રોફેસર
(૭) ડેન્ટિસ્ટ્રીના એક આસિસ્ટન્ટ પ્રોફેસર

(૮) જૂનિયર લેક્ચરરની હાલની ખાલી જગ્યાઓ પૂરવામાં આવે
(૯) પ્રી-ક્લિનિકલ વિષયોમાં પાર્ટ-ટાઇમને બદલે પૂરા સમયના શિક્ષકો નીમવામાં આવે;

૨. જૂન ૧૯૬૮ સુધીમાં કૉલેજનું પોતાનું મકાન તથા હૉસ્પિટલ બ્લૉક્સ અચૂક તૈયાર કરવામાં આવે ;

૩. પૂરતા પ્રમાણમાં પથારીઓની વ્યવસ્થા કરવામાં આવે.

૬૩. ધી સુરત એજ્યુકેશન સોસાયટી, સુરત, તરફથી જૂન ૧૯૬૭થી સુરત મુકામે શરૂ કરાનાર કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજને ફર્સ્ટ ઇયર બી.કૉમ. તથા ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ મેળવવા આવેલ અરજી.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે આચાર્ય જે. બી. સાંડીલે કાનુની મુદ્દો ઉઠાવ્યો કે સદરહુ કૉલેજે વાણિજ્ય અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓમાં અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ પોતાને જોઈએ છે તે મતલબની માગણી તા. ૨૯-૧૦-૬૬ના રોજ કરેલી છે તે જોતાં આ પ્રસ્તાવ કાનુનસર ગણાય ખરો ?

ઉપકુલપતિશ્રીએ ચુકાદો આપ્યો કે સદરહુ કૉલેજે તેની તા. ૧૨-૩-૧૯૬૬ની મૂળ અરજીમાં જે વિદ્યાશાખાઓના અભ્યાસો શીખવવા માગણી કરી છે તે વિદ્યાશાખાઓમાં વાણિજ્ય અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલો છે તે જોતાં સદરહુ પ્રસ્તાવ કાનુન બહાર ઠરાવી શકાય નહિ.

આથી ઠરાવવામાં આવે છે કે ધી સુરત એજ્યુકેશન સોસાયટી, સુરત, તરફથી સુરત ખાતે શરૂ કરાનાર કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, સુરતને, નીચેની શરતોનું પાલન, તા. ૩૧-૫-૧૯૬૭ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે, કરે તો તેને ફર્સ્ટ ઇયર બી.કૉમ. તથા ફર્સ્ટ ઇયર બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૭થી તા. ૧૪-૬-૧૯૬૮ સુધીનું જોડાણ આપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચેની નિમણૂકો કરવામાં આવે :
(૧) આચાર્ય
(૨) અંગ્રેજીના એક વ્યાખ્યાતા
(૩) ગુજરાતીના એક વ્યાખ્યાતા
(૪) હિન્દીના એક વ્યાખ્યાતા
(૫) કૉમર્સના એક વ્યાખ્યાતા
(૬) એકાઉન્ટન્સીના એક વ્યાખ્યાતા
(૭) અર્થશાસ્ત્રના એક વ્યાખ્યાતા
(૮) ગણિતના એક વ્યાખ્યાતા
(૯) સ્ટેટિસ્ટિક્સના એક વ્યાખ્યાતા
(૧૦) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૧) રસાયણવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૨) જીવવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
(૧૩) ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન અને જીવવિજ્ઞાન — દરેકને માટે એક ડેમોન્સ્ટ્રેટર તથા એક એક લેબોરેટરી આસિસ્ટન્ટ

(૧૪) એક વ્યાયામશિક્ષક;

[નોંધ.—(૧) ઉપરના વિષયો સિવાયના વધારાના વિષયો શીખવવા ધારવામાં આવ્યા હોય તેવા દરેક વિષય માટે જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરી યુનિવર્સિટીને જાણ કરવી;

(૨) આચાર્ય જે વિષય શીખવી શકે તે માટે અલગ શિક્ષક નીમવાની જરૂર નથી.]

૨. મે, ૧૯૬૭ સુધીમાં નીચેની સગવડવાળું કૉલેજનું અલાયદું પોતાનું મકાન તૈયાર કરવામાં આવે:

(૧) આચાર્યનો ખંડ
(૨) કાર્યાલયનો ખંડ
(૩) શિક્ષકોનો ખંડ
(૪) ગ્રંથાલયનો ખંડ
(૫) વિદ્યાર્થીઓનો ખંડ
(૬) વિદ્યાર્થિનીઓનો ખંડ
(૭) જરૂરી વર્ગખંડો (ટ્યુટોરિયલ્સ સહિત)

(નોંધ.—વિદ્યાર્થીઓની સંખ્યાના પ્રમાણમાં જરૂરી માપના (વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ ફૂટ પ્રમાણે) વર્ગખંડો તથા ટ્યુટોરિયલ્સ ખંડો અને પ્રયોગશાળા માટેના ખંડો રાખવા આવશ્યક રહેશે.)

૩. મે, ૧૯૭૦ સુધીમાં કૉલેજનું પોતાનું સ્વતંત્ર મકાન તૈયાર કરવાની બાંયધરી આપવામાં આવે;

૪. પ્રયોગશાળાઓ સુસજ્જ કરવા માટે રૂા. ૧,૦૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૫. ઓછામાં ઓછા પચીસ (૨૫) વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે;

૬. રમતગમત માટે સુયોગ્ય મેદાનની વ્યવસ્થા કરવામાં આવે;

૭. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂા. ૭,૦૦૦નો નીચે પ્રમાણે ખર્ચ કરવામાં આવે:

(૧) પુસ્તકો માટે	...	રૂા. ૫,૦૦૦
(૨) સંદર્ભગ્રંથો માટે	...	રૂા. ૧,૦૦૦
(૩) સામયિકો માટે	...	રૂા. ૧,૦૦૦;

૮. આચાર્ય અને ગૃહપતિ માટે કૉલેજની નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૯. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક કમિટીના સભ્ય બનાવવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે ભરપાઈ કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૧. કૉલેજ અને શાળાના સમય વચ્ચે ઓછામાં ઓછો ૪૫ મિનિટનો ગાળો રાખવામાં આવે.

૬૪. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૬૭થી વિજ્ઞાન વિદ્યાશાખાના પ્રથમ વર્ષ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલ અરજી સેનેટે તેની તા. ૨૫/૧૬-૧૦-૧૯૬૬ની સભામાં પુનર્વિચારણા માટે મોકલેલ તે સિન્ડિકેટે તેની તા. ૭-૧-૧૯૬૭ની સભામાં એકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

બાબત નં. ૫૭ અને ૬૪ની વિચારણા સાથે કરવામાં આવી હતી. બાબત નં. ૫૭નો ઠરાવ આગળ બાબત નં. ૫૬ની પછી દર્શાવવામાં આવ્યો છે; જ્યારે બાબત નં. ૬૪નો ઠરાવ નીચે મુજબ છે :

આથી ઠરાવવામાં આવે છે કે પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ કૉલેજ, અમદાવાદને તેઓના હાલના મકાનમાં વિજ્ઞાન વિદ્યાશાખાના વર્ગો શરૂ કરીને ક્રમશઃ પદવી-કક્ષા સુધીના વર્ગોની વ્યવસ્થા માટે અવકાશ નથી તે હકીકતના સંદર્ભ માટે ઠરાવે છે કે સદરહુ કૉલેજને વિનયન વિદ્યાશાખામાં ફર્સ્ટ બી.એસસી. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેનું વધારાનું જોડાણ આપવું નહિ, એમ સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

આ પછી પ્રમુખશ્રીની પરવાનગીથી અને સભાગૃહની સંમતિથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૬૪. (અ) ભક્ત વલ્લભ-ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત અને અર્થશાસ્ત્ર તથા બી.એ. સબૅાર્ડિનેટમાં તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, સ્ટેટિસ્ટિકલ મેથડ્ઝ તથા બી.કૉમ.માં ઍડવાન્સ્ડ ઍકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટે આવેલ જોડાણઅરજી :

સદરહુ બાબત અંગે નિમાયેલ સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આવેલો નહિ હોવાથી તે સભાગૃહ સમક્ષ રજૂ થઈ શકયો નહિ. આથી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર કૉલેજ માટેની સ્થાનિક તપાસસમિતિનો અહેવાલ આવ્યેથી જોડાણની શરતો સૂચવતો ઍકૅડેમિક કાઉન્સિલનો ઠરાવ ઘડવા માટે ઘટતું કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬૫. (૧) તા. ૩-૧૨-૧૯૬૬ની સિન્ડિકેટની સભાના ઠરાવ અન્વયે ટ્રાન્ઝિટરી રેગ્યુલેશન એમ.એ., એમ.એસસી., એમ.કૉમ. (ઑલ્ડ)૨નો કાર્યાલયે સૂચવેલ પાઠ મંજૂર કરવા બાબત, અને

(૨) સિન્ડિકેટના નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"કોઈ વિદ્યાર્થી ઓછામાં ઓછા કોઈ પણ ચાર પ્રશ્નપત્રોમાં, પ્રત્યેકમાં ૪૮ ટકા કે તેથી વધુ ગુણાંક મેળવે તે શરતને બદલે કોઈ વિદ્યાર્થી ઓછામાં ઓછા ચાર પ્રશ્નપત્રોમાં, પ્રત્યેકમાં ઓછામાં ઓછા ૩૬ ટકા અને તેની, સરવાળે ૪૮ ટકા કે તેથી વધુ ગુણાંક મેળવે એ મુજબની શરત રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે આ સાથેનો ટ્રાન્ઝિટરી રેગ્યુલેશન એમ.એ., એમ.એસસી., એમ.કૉમ. (ઑલ્ડ) ૧ મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા ટ્રાન્ઝિટરી રેગ્યુલેશનની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૬૬. (ક) સિન્ડિકેટની તા. ૩/૪-૭-૧૯૬૬ની સભાએ ૧૯૬૬ની ત્રિવર્ષીય પદ્ધતી પરીક્ષાનાં પરિણામો પર આંતરિક ગુણાંકન તથા બીજાં પરિબળોની અસર તપાસવા નિમાયેલ આંતરિક ગુણાંકન સમિતિનો અહેવાલ, સિન્ડિકેટે તેની તા. ૭-૧-૧૯૬૭ની સભામાં ઍકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

(ખ) સિન્ડિકેટની તા. ૬/૪-૬-૧૯૬૬ની સભાએ નીચેની આંતરિક ગુણાંકન સમિતિ આંકડાશાસ્ત્રીય એ થર્ડ બી.એ., થર્ડ બી.એસસી. તથા થર્ડ બી.કૉમ. પરીક્ષામાં આંતરિક કસોટી પરીક્ષાઓમાં ૬૦ ટકા ઉપરાંત ગુણ મેળવનાર વિદ્યાર્થીઓના કેસોનો અભ્યાસ કરી રજૂ કરેલ અહેવાલ, સિન્ડિકેટે તેની તા. ૬-૧-૧૯૬૭ની સભાએ એકૅડેમિક કાઉન્સિલની જાણ માટે મોકલેલ હોઈ તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૭. મનોવિજ્ઞાન અભ્યાસસમિતિની તા. ૨૬-૬-૧૯૬૬ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(1) Resolved to recommend that it is the considered view of this Board that marks in internal evaluation need to be given with great caution and judiciousness. It is necessary to evolve a system of relative weightage of internal and external evaluation which will be fair to the students' real merit.

(2) Resolved to recommend that in view of the fact that it will not be possible for a single college to subscribe to several important journals in Psychology and also in view of the fact that every important text-book is accompanied by a text film to facilitate learning the subject — the University may make suitable arrangements to establish circulating Library of journals and films for the use of all the affiliated colleges.

(3) Resolved to recommend that at the Second B.A. and the Third B.A. in the Experimental Psychology paper, as there are two Parts — Part I, Theory including Statistics and Part II, Practicals. For each part two periods per week should be assigned.

(4) Resolved to recommend that at M.A. Part II Psychology, a teacher should not be permitted to guide more than five dissertations.

For every dissertation which is passed in the examinations, the guide should be remunerated with an honorarium of Rs. 100/-.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ બાબતની વિચારણા ઉપર બાબત નં. ૬૬ની સાથે વિચારણા માટે લેવી.
(૨) સદરહુ ભલામણો સિન્ડિકેટની વિચારણા માટે મોકલવી.
(૩) સદરહુ ભલામણો સિન્ડિકેટની વિચારણા માટે મોકલવી.
(૪) સદરહુ ભલામણો સિન્ડિકેટની વિચારણા માટે મોકલવી.

૬૮. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, એકૅડેમિક કાઉન્સિલના સભ્યપદેથી ફારેગ થતાં, તેમની જગ્યાએ માધ્યમિક શાળાંત પરીક્ષાના બોર્ડ પર તેના ધારાની કલમ ૩ની પેટા-કલમ ૩(૨)(સી) અન્વયે એકૅડેમિક કાઉન્સિલના અન્ય સભ્યને પ્રતિનિધિ તરીકે ચૂંટવા બાબત.

(નોંધ.—એકૅડેમિક કાઉન્સિલની તા. ૧૨/૧૩-૩-૧૯૬૬ની સભાએ સદરહુ બોર્ડ પર (૧) શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, તથા (૨) આચાર્ય જે. બી. સાણ્ડલને એકૅડેમિક કાઉન્સિલના પ્રતિનિધિઓ તરીકે ચૂંટ્યા હતા.)

એસ.એસ.સી. બોર્ડ, ગુજરાત, પર સદરહુ જગ્યા માટે એકૅડેમિક કાઉન્સિલના પ્રતિનિધિ તરીકે ચૂંટવા માટે નીચેના ત્રણ સભ્યોનાં નામ સભાગૃહમાં રજૂ થયાં:

૧. આચાર્ય એમ. સી. શાહ
૨. પ્રોફેસર વી. જે. ત્રિવેદી
૩. આચાર્ય કે. જી. દેસાઈ.

તે પછી પ્રોફેસર વી. જે. ત્રિવેદીએ સભાગૃહની સંમતિથી પોતાની ઉમેદવારી પાછી ખેંચી લીધી.

તે પછી ઉપકુલપતિશ્રીએ નીચેના સભ્યોને ચકાસણીદાર તરીકે નીમ્યા:

૧ આચાર્ય ટી. એમ. પરીખ
૨. પ્રોફેસર ડૉ. પી. સી. વૈદ્ય.

તે પછી ગુપ્ત મતદાન યોજવામાં આવ્યું, અને નીચે મુજબ પરિણામ જાહેર થતાં આચાર્ય એમ. સી. શાહને પ્રમુખશ્રીએ ચૂંટાયેલા જાહેર કર્યા.

૧. આચાર્ય એમ. સી. શાહ...૧૬ મત
૨. આચાર્ય કે જી. દેસાઈ...૧૧ મત

કુલ ૨૭ મત.

૬૯. સેનેટ પરની કુલપતિ-નિયુક્ત શ્રેણીમાં ખાલી રહેલ એક જગ્યા પર કુલપતિશ્રીએ શ્રી. ડાહ્યાભાઈ જે. નાયક, એમ.પી.ની નિમણૂક કરી હોઈ તેમને કોઈ એક વિદ્યાશાખાનું સભ્યપદ આપવા બાબત.

(**નોંધ.**—શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાનું સભ્યપદ માટે તેમણે ઇચ્છા દર્શાવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડાહ્યાભાઈ જે. નાયકને શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાનું સભ્યપદ આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૭૦. વિજ્ઞાન ભવનના ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રિપોર્ટ સિન્ડિકેટ તથા સેનેટની વિચારણા માટે મોકલી આપવો.

(સદરહુ રીપોર્ટની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સાસેલ છે.)

૬૧. ગુજરાતીની અભ્યાસસમિતિની તા. ૨૬-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને ખેતીવાડી ફર્સ્ટ ઇયર બી.એસસી. (ઍગ્રિ.) ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ., થર્ડ બી.એ., તથા એમ.એ., ભાગ ૧ની ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી પરીક્ષાઓના તથા એમ.એ., ભાગ ૨ની ૧૯૬૯ના વર્ષમાં લેવાનારી ગુજરાતી વિષયની પરીક્ષાનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કરવા ભલામણ કરવામાં આવે છે."

(**નોંધ.**—પ્રી-યુનિ.ના વર્ગો માટે ગુજરાતી વિષયમાં ગદ્યપદ્યસંગ્રહ નિયત નહિ કરતાં એક સળંગ પુસ્તક નિયત કરવાની ભલામણ વિનયન વિદ્યાશાખાએ તેની તા. ૧૫-૯-૧૯૬૬ની સભામાં સ્વીકારી હોઈ પ્રી-યુનિ.ના વર્ગો માટે એક સળંગ પુસ્તક નિયત કરવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ ભલામણ કર્યા મુજબ પાઠ્યપુસ્તકોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

બાબત નં. ૬૨ અને ૬૩ની વિચારણા સાથે કરવામાં આવી :

૬૨. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૨૬-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"પ્રી-યુનિ. વિનયન, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ. અને થર્ડ બી.એ. ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી સંસ્કૃત વિષયની પરીક્ષાનાં પાઠ્યપુસ્તકો તથા ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી એમ.એ., ભાગ ૧ અને ૧૯૬૯ના વર્ષમાં લેવાનારી એમ.એ., ભાગ ૨ની પરીક્ષાનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કરવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ પસાર કરેલા સુધારા સાથે પાઠ્યપુસ્તકોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલા સુધારા સાથેની પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૬૫. સંસ્કૃતની અભ્યાસસમિતિની તા. ૨૬-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"થર્ડ બી.એ.ના રેગ્યુ. આર્ટ્સ-૧૨ માં સંસ્કૃત વિષયના અભ્યાસક્રમનો પ્રશ્નપત્ર ૬ નીચે મુજબ સુધારવો :

Paper VI :

(1) Grammar .. 35 marks

(2) Linguistics .. 35 marks.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસ સમિતિની ભલામણ મંજૂર કરવી તથા તે પ્રમાણે રેગ્યુ. આર્ટ્સ-૧૨ સુધારવો અને તેને જૂન ૧૯૬૭થી અમલમાં લાવવો.

૭૩. હિંદીની અભ્યાસસમિતિની તા. ૧૩-૧૦-૧૯૬૬ની સભાની ભલામણ મુજબ પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, ખેતીવાડી અને પ્રથમ વર્ષ (ડિપ્લોમા) ફાર્મસી, ફર્સ્ટ ઇયર બી.એ., ફર્સ્ટ ઇયર બી.એસસી. (એગ્રિ.) અને ફર્સ્ટ ઇયર બી.એસસી. (એગ્રિ.) (વધારાનું હિંદી), સેકન્ડ બી.એ., સેકન્ડ ઇયર ડિપ્લોમા ફાર્મસી; અને થર્ડ બી.એ. ૧૯૬૮ના વર્ષની તથા એમ.એ., ભાગ ૧ ૧૯૬૮ના વર્ષની અને એમ.એ., ભાગ ૨ ની ૧૯૬૯ના વર્ષનો પરીક્ષાનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ ભલામણ કર્યા મુજબ પાઠ્યપુસ્તકોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલા પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૭૪. મરાઠીની એડ-હોક સમિતિની તા. ૨૭-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય, ફર્સ્ટ ઇયર બી.એ., સેકન્ડ બી.એ., થર્ડ બી.એ.ની ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી મરાઠી વિષયની પરીક્ષાનાં પાઠ્યપુસ્તકો અંગે સમગ્ર રીતે વિચાર કરી સાથેના પરિશિષ્ટ મુજબ નિયત કરવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ ભલામણ કર્યા મુજબ પાઠ્યપુસ્તકોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૭૫. પ્રાકૃત-પાલિની અભ્યાસસમિતિની તા. ૨૬-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિ. વિનયન, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ., થર્ડ બી.એ.ની ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી પ્રાકૃત-પાલિ વિષની પરીક્ષાઓનાં પાઠ્યપુસ્તકો તેમજ ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી એમ.એ., ભાગ ૧ તથા ૧૯૬૯ના વર્ષમાં લેવાનારી એમ.એ., ભાગ ૨ની પરીક્ષાનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ ભલામણ કર્યા મુજબ પાઠ્યપુસ્તકોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૭૬. પ્રાકૃત-પાલિની અભ્યાસસમિતિની તા. ૨૬-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"એમ.એ., ભાગ ૨ ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી પ્રાકૃત વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૬ માટે નીચેનાં પાઠ્યપુસ્તકો નિયત કરવા ભલામણ કરવામાં આવે છે:

પ્રશ્નપત્ર ૬ (૧૯૬૮ની પરીક્ષા માટે)

૧. ગણધરવાદ : પ્રથમ પાંચ ગણધરવાદ
૨. પંચાસ્તિકાય."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૭. બંગાળીની અભ્યાસસમિતિની તા. ૮-૧૦-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય તથા ફર્સ્ટ ઇયર, સેકન્ડ ઇયર અને થર્ડ ઇયર બી.એ.ની ૧૯૬૭ના વર્ષ માટે લેવાનારી પરીક્ષા માટે નિયત કરેલ પુસ્તકો ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી પરીક્ષાઓ માટે ચાલુ રાખવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિએ ભલામણ કર્યા મુજબ પાઠ્યપુસ્તકોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૭૮. પર્શિયન, અરેબિક અને ઉર્દૂની અભ્યાસસમિતિની તા. ૨૬-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિ. વિનયન, ફર્સ્ટ બી.એ. સેકન્ડ બી.એ. અને થર્ડ બી.એ.ની પર્શિયન અને અરેબિક વિષયની ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી પરીક્ષાનાં પાઠ્યપુસ્તકો તથા પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને ખેતીવાડી, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ. અને થર્ડ બી.એ.ની ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી ઉર્દૂ વિષયની પરીક્ષાનાં પાઠ્યપુસ્તકો તથા ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી એમ.એ., ભાગ ૧ની અને ૧૯૬૯ના વર્ષમાં લેવાનારી એમ.એ., ભાગ ૨ની પર્શિયન, અરેબિક અને ઉર્દૂ વિષયની પરીક્ષાનાં પાઠ્યપુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કરવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ ભલામણ કર્યા મુજબ પાઠ્યપુસ્તકોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "ટ" તરીકે સામેલ છે.)

૭૯. સિંધીની અભ્યાસસમિતિની તા. ૨૯-૧૦-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"પ્રી-યુનિ., ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ., થર્ડ બી.એ.ની ૧૯૬૮ના વર્ષની પરીક્ષા માટે તથા એમ.એ. ભાગ ૧ની ૧૯૬૮ના વર્ષની પરીક્ષા માટે તથા એમ.એ., ભાગ ૨ની ૧૯૬૯ના વર્ષની પરીક્ષા માટેનાં સિંધી વિષયનાં પુસ્તકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ નિયત કરવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ ભલામણ કર્યા મુજબ પાઠ્યપુસ્તકોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠ્યપુસ્તકોની યાદી પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૮૦. ફ્રેન્ચ-જર્મનની અભ્યાસસમિતિની તા. ૨૮-૧૧-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર પ્રી-યુનિ. વિનયન, ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ બી.એ.ની ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી

પરીક્ષા માટે આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ પુસ્તકો નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ ભલામણ કર્યા મુજબ પાઠયપુસ્તકોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલાં પાઠયપુસ્તકોની યાદી પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

આ પછી બાબત નં. ૯૯ની વિચારણા હાથ ધરવામાં આવી.

૯૯. લૉજિક-ફિલોસોફીની અભ્યાસસમિતિની તા. ૨૯-૬-૧૯૬૬ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત:

"પ્રી-યુનિ. આર્ટ્સ તર્કવિજ્ઞાન(લૉજિક)નો સુધારેલો અભ્યાસક્રમ આપેલ છે તે મુજબ બરાબર છે તેમાં કોઈ ફેરફારની આવશ્યકતા નથી. પ્રી-યુનિ. આર્ટ્સ—જગતના ધર્મોની રૂપરેખાનો અભ્યાસક્રમ આ સાથે આપ્યા પ્રમાણે મંજૂર કરવા ભલામણ છે.

ઉપર જણાવેલા બંને વિષયોના અભ્યાસક્રમ તથા સંદર્ભગ્રંથોની યાદી આ સાથે સામેલ છે તે મુજબ મંજૂર કરવા વિનંતી છે."

ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે તમામ અભ્યાસસમિતિઓને નીચે મુજબ માર્ગદર્શન આપવું:

(૧) ભાષા સિવાયના કોઈ પણ વિષયમાં પાઠયપુસ્તકો મંજૂર કરી શકાશે નહિ પણ કેવળ સંદર્ભગ્રંથો જ મંજૂર કરી શકાશે.

(૨) સંદર્ભગ્રંથોમાં કેવળ વિશિષ્ટ કૃતિઓ (Classical books)ની જ ભલામણ કરવી યોગ્ય થશે અને તે માટે જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં વિષય (Topics) દીઠ પ્રકરણ અને પાનાનો નિર્દેશ કરવો.

(૩) પ્રત્યેક અભ્યાસસમિતિએ પોતાના વિષયના અભ્યાસક્રમોમાં મુદ્દાવાર વિગતો અંદાજે ૧૦થી ૧૬ પાનામાં તૈયાર કરીને આપવી.

તે પછી સદરહુ બાબત અંગે ઠરાવવામાં આવ્યું કે ઉપરનાં સૂચનોને અનુલક્ષીને પોતાની ભલામણો મંજૂર કરવા માટે સદરહુ અભ્યાસસમિતિઓને જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિએ ભલામણ કર્યા મુજબનો 'લૉજીક' અને 'જગતના ધર્મોની રૂપરેખા'નો અભ્યાસક્રમ મંજૂર કરવો.

(મંજૂર કરેલા અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "ડ-૧" તરીકે સામેલ છે.)

૮૧. લૉજિક-ફિલોસોફીની અભ્યાસસમિતિની તા. ૨૯-૬-૧૯૬૬ની સભાની ભલામણ અનુસાર સેકન્ડ બી.એ. ૧૯૬૭ની પરીક્ષાના તથા ૧૯૬૮ અને તે પછીની પરીક્ષાઓની ફિલોસોફી વિષયના અભ્યાસક્રમો, પ્રશ્નપત્રોના સંદર્ભગ્રંથો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિએ સૂચવેલા સંદર્ભગ્રંથો અંગેની ભલામણ ઉપર બાબત નં. ૯૯માં જણાવેલાં સૂચનો સાથે સદરહુ અભ્યાસસમિતિને પુનર્વિચારણા માટે મોકલવી.

૮૨. વાણિજ્યની અભ્યાસસમિતિની તા. ૧૨-૧૨-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, તૃતીય વર્ષ બી.કૉમ.ના પબ્લિક ફાઇનાન્સ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન વિષયના નિબંધના ૨૫ મુદ્દાઓ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલા મુદ્દાઓની યાદી પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૮૩. સેકન્ડ બી.એસસી.ની જૂના અભ્યાસક્રમની પરીક્ષામાં પાસ થઈ નવા સુધારેલા અભ્યાસક્રમની થર્ડ બી.એસસી. પરીક્ષા આપનાર વિદ્યાર્થી થર્ડ બી.એસસી.ના વર્ગમાં તે જે મુખ્ય વિષય રાખે તે વિષયના પ્રશ્નપત્ર ૫ માટે સેકન્ડ બી.એસસી.ની પરીક્ષા આપવાની રહે કે કેમ તે અંગે તથા આવા વિદ્યાર્થીએ મજકૂર પ્રશ્નપત્ર માટે સેકન્ડ બી.એસસી.ના વર્ગમાં બે સત્રો નવેસરથી રાખવાં જરૂરી ગણવાં કે કેમ તે અંગે એકૅડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની સભાએ કરેલ નીચેની ભલામણ પર પુનર્વિચારણા કરવા બાબત.

એકૅડેમિક કાઉન્સિલની તા. ૧૦/૧૧-૮-૧૯૬૬ની બાબત ક્રમાંક ૭૪ પરની ભલામણ

"ક્રમાંક ૭૧, ૭૪, ૭૬, અને ૭૮નો ભેગો વિચાર કરવામાં આવ્યો અને તે વિષે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) ઉપરોક્ત બાબતોમાં જણાવેલા બધા કેસોમાં સેકન્ડ બી.એસસી.નાં સત્રો ભરવાનું વિદ્યાર્થીઓ માટે આવશ્યક ગણવું નહિ.

(૨) દરેક કેસમાં વિદ્યાર્થી જે મુખ્ય વિષય લે તેના સેકન્ડ બી.એસસી.ના સુધારેલા હાલના અભ્યાસક્રમના પાંચમા પ્રશ્નપત્રની પરીક્ષામાં પાસ થવાનું ફરજિયાત રાખવું.

(૩) ઉપરોક્ત સિદ્ધાંતોના આધારે આ પ્રકારના બધા જ કેસોમાં આગળ ઘટતાં પગલાં લેવાનું રાખવું."

[નોંધ.—આ અંગે આચાર્ય રે. ય. ગુ. નાયકના તા. ૫-૯-૧૯૬૬ના પત્રમાંની નીચેની ભલામણ સ્વીકારવા વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૫-૯-૧૯૬૬ની સભાએ ભલામણ કરી છે :

"Students who have passed with three subjects at S.Y.B.Sc. should be allowed to select any one of those subjects as his special subject. He should, however, be required to pass the S.Y.B.Sc. Examination in the Paper V and Practicals V of subject changed by him *after keeping the terms* and one practical or two papers, as the case may be."

આમ, એકૅડેમિક કાઉન્સિલની ભલામણ તથા વિજ્ઞાન વિદ્યાશાખાની ભલામણમાં વિરોધાભાસ હોઈ આ બાબત એકૅડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે રજૂ કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓને માટે એસ.વાય.બી.એસસી.માં નવેસરથી સત્રો ભરવાનું આવશ્યક ગણવું નહિ પણ તેમને માટે મુખ્ય વિષયના પાંચમા પ્રશ્નપત્રમાં બેસવાનું આવશ્યક ગણવું.

બાબત નં. ૮૪ અને ૮૫ની વિચારણા સાથે કરવામાં આવી. તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૮૪. ગણિતની અભ્યાસસમિતિની તા. ૬-૧૦-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

(ક) યુનિવર્સિટીના પ્રવેશ અંગેના સ્ટે. ૧૭૩માં જણાવેલી ઓછામાં ઓછી લાયકાતને નજરમાં રાખીને પ્રી-યુનિ. કે તેની આગળનાં વર્ષો માટે ગણિતનો હાલનો અભ્યાસક્રમ તે ઓછામાં ઓછી લાયકાતને સુસંગત નથી અને અભ્યાસક્રમમાં સુધારાવધારા કરી તેને સુસંગત બનાવવાનું શક્ય પણ નથી, એમ આ અભ્યાસસમિતિનો અભિપ્રાય છે.

(ખ) આ અભ્યાસસમિતિનો સ્પષ્ટ અભિપ્રાય છે કે પ્રી.-યુનિ. સાયન્સમાં અને પ્રી.-યુનિ. આર્ટ્સના ગણિતના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે એસ.એસ.સી.માં બીજગણિત-ભૂમિતિના પ્રશ્નપત્ર સાથે પાસ થવું જરૂરી લેખાવું જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ "ક"ની નોંધ લેવી.
આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ "ખ" મંજૂર કરવી.

૮૫. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૫-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"The faculty reiterates its recommendation to the Academic Council, dated 27-1-1966 and that for admission to Pre-Uni. Science, a student must have passed S.S.C. Examination with English and in addition (1) Elementary Mathematics, or Algebra-Geometry, and (2) Physics-Chemistry or General Science and recommends to Academic Council to modify the existing Statute 173 accordingly."

સદરહુ બાબતની વિચારણા ઉપર બાબત નં. ૮૪ (ખ) અંગે થયેલા ઠરાવના સંદર્ભમાં કરવામાં આવી અને તે પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"સ્ટે ૧૭૩ આ સાથેના પરિશિષ્ટ "ત" મુજબ વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."
(સુધારેલા સ્ટે. ૨૭૩ની નકલ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૮૬. એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૭-૧-૧૯૬૬ની સભાની નીચેની બાબત અંગે વિજ્ઞાન વિદ્યાશાખાએ તેની તા. ૧૫-૯-૧૯૬૬ની સભાએ કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આ યુનિવર્સિટીની સેકન્ડ બી.એસસી.ની પરીક્ષા એક વાર પાસ કરી વિષય બદલી ફરીથી સદરહુ પરીક્ષા નવેસરથી સત્રો ભરી વિદ્યાર્થી આપવા માગે તો તેણે અગાઉ જે વિષય પાસ કર્યા હોય તે વિષય ગૌણ વિષય તરીકે રાખે તો તેને ગૌણ વિષયમાં તેમ જ ફરજિયાત અંગ્રેજી અને જનરલ એજ્યુકેશનના ફરજિયાત પ્રશ્નપત્રોમાં મુક્તિ આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત."

ડીનનો અભિપ્રાય

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૦-૭-૧૯૬૭	તા. ૧૧-૭-૧૯૬૭
૧૫.	શ્રી. ડી. ડી. માલવણિયા	હાજર	હાજર
૧૬.	આચાર્ય ડી. પી. ઠાકર	હાજર	હાજર
૧૭.	ડૉ. સી. આર. નાયક	હાજર	હાજર
૧૮.	ડૉ. એચ. જી. શાસ્ત્રી	હાજર	હાજર
૧૯.	ડૉ. ડી. એચ. સુતરિયા	હાજર	ગેરહાજર
૨૦.	ડૉ. તારાબહેન પટેલ	ગેરહાજર	ગેરહાજર
૨૧.	આચાર્ય ડૉ. કે. જી. દેસાઈ	હાજર	હાજર
૨૨.	ડૉ. લીલાબહેન સી. શાહ	ગેરહાજર	ગેરહાજર
૨૩.	શ્રી. સી. પી. પટેલ	હાજર	હાજર
૨૪.	શ્રી. વી. જે. ત્રિવેદી	હાજર	હાજર
૨૫.	શ્રી. જશવંત ઠાકર	હાજર	હાજર
૨૬.	આચાર્ય એ. એચ. આઈ. વોરા	ગેરહાજર	ગેરહાજર
૨૭.	આચાર્ય એચ. કે. ત્રિવેદી	હાજર	હાજર
૨૮.	આચાર્ય ડી. એમ. શીખ	હાજર	હાજર
૨૯.	શ્રી. એમ. પી. પંડ્યા	હાજર	હાજર
૩૦.	આચાર્ય એન. એમ. પરીખ	હાજર	હાજર
૩૧.	શ્રી. જી. એસ. દેસાઈ	હાજર	ગેરહાજર
૩૨.	ડૉ. પી. સી. વૈદ્ય	હાજર	હાજર
૩૩.	આચાર્ય ડૉ. વાય. જી. નાયક	હાજર	હાજર
૩૪.	આચાર્ય ડૉ. એન. એમ. શાહ	હાજર	હાજર
૩૫.	આચાર્ય ડૉ. સી. સી. શાહ	હાજર	હાજર
૩૬.	આચાર્ય એસ. આર. મહેતા	હાજર	હાજર
૩૭.	આચાર્ય એમ. સી. શાહ	હાજર	હાજર
૩૮.	આચાર્ય કે. એમ. તલાટી	હાજર	હાજર
૩૯.	આચાર્ય એમ. એસ. પંડિત	હાજર	હાજર
૪૦.	આચાર્ય ટી. એમ. પરીખ	હાજર	હાજર
૪૧.	શ્રી. ટી. એ. દેસાઈ	હાજર	ગેરહાજર
૪૨.	આચાર્ય ડૉ. સી. એસ. શાહ	હાજર	હાજર
૪૩.	ડૉ. એ. એમ. ભલાવવાલા	ગેરહાજર	ગેરહાજર
૪૪.	ડૉ. જી. એ. પટેલ	ગેરહાજર	ગેરહાજર
૪૫.	ડૉ. આર. જે. ખારા	હાજર	ગેરહાજર
૪૬.	આચાર્ય વી. એ. વ્યાસ	ગેરહાજર	ગેરહાજર
૪૭.	આચાર્ય ડૉ. જે. બી. સાણ્ડિલ	હાજર	ગેરહાજર
૪૮.	શ્રી. આર. સી. પરીખ	ગેરહાજર	ગેરહાજર
૪૯.	ડૉ. એસ. સી. પંડ્યા	હાજર	ગેરહાજર.

૧. ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ના રોજ મળેલી અને ૧૯૬૭ની પ્રથમ સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ના રોજ મળેલી ઍકૅડેમિક કાઉન્સિલની સને ૧૯૬૭ના વર્ષની પ્રથમ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. ડૉ. એ. એમ. ત્રિવેદીના નીચેના પ્રસ્તાવો સિન્ડિકેટે તેની તા. ૧-૭-૧૯૬૭ની સભામાં ઍકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"(૧) એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ.ના પાર્ટ ૧ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓના પ્રત્યેક પેપર અને પ્રૅક્ટિકલમાં ૩૬ ટકા માર્ક આવ્યા હોય તો તેને પાર્ટ ૨ની પરીક્ષામાં બેસવા માટે છૂટ આપવી. આ ઠરાવ ૧૯૬૭થી અમલમાં મૂકવો.

(૨) Resolved to recommend that a minimum experience of at least two years in the subject be required for a Professor irrespective of the degrees. Syndicate, however, may waive this clause in special case by passing a suitable resolution."

(૧) લાંબાણ ચર્ચાવિચારણાને અંતે ઉપરના પ્રસ્તાવ નં. ૧ અંગે ઠરાવવામાં આવ્યું કે એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ., પાર્ટ ૧ની પરીક્ષાઓનાં પરિણામને લગતા રેગ્યુ. એમ.એ. ૬, એમ.એસસી. ૫, એમ.કૉમ. ૬માં નીચેનો પ્રોવિઝો ઉમેરવા તથા તે પ્રમાણે સુધારીને તે રેગ્યુલેશનોને જૂન ૧૯૬૭ની પરીક્ષાઓનાં પરિણામોને પણ લાગુ પડે તે રીતે અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"Provided that a candidate who has obtained 36% in each paper or practical and 42% in the aggregate shall, at his option, be allowed to keep terms for Part II Examination, on a clear understanding that a candidate who has exercised his option to keep terms for Part II Examination shall not be permitted to appear again in the Part I Examination and that the marks so obtained by him shall be carried forward."

(૨) ઉપરના પ્રસ્તાવ નં. ૨ અંગે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજોના શિક્ષકોની નિમણૂક માટેની ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધારાધોરણો સમગ્ર રીતે જોઈતપાસીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. આચાર્ય ય. પ્રા. શુક્લ
૨. આચાર્ય એસ. આર. ભટ્ટ
૩. આચાર્ય રૉ. ય. ગુ. નાયક.

સદરહુ સમિતિને ઉપરના પ્રસ્તાવ પર પણ વિચારણા કરવા માટે સૂચવવું.

૩. પૂર્વસ્નાતક અને અનુસ્નાતક પરીક્ષાઓ માટેના કન્વેન્શન્સ, તબીબી વિદ્યાશાખાની ભલામણ અનુસાર, આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ સુધારવા અંગેની બાબત સિન્ડિકેટની તા. ૧-૭-૧૯૬૭ની સભાએ ઍકૅડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તબીબી વિદ્યાશાખામાં પૂર્વસ્નાતક અને અનુસ્નાતક પરીક્ષાઓમાં પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂક અંગેના "કન્વેન્શન્સ" અંગે વિદ્યાશાખાની સદરહુ ભલામણો સભાગૃહે કરેલા ફેરફાર સાથે મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(મંજૂર કરવામાં આવેલા "કન્વેન્શન્સની" નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

આ પછી બાબત નં. ૧૦ પર વિચારણા કરવામાં આવી.

૧૦. અનુસ્નાતક પરીક્ષાઓમાં આસ કરીને મેડિકલ ફેકલ્ટીમાં છ વખત પ્રાશ્નિક-પરીક્ષક તરીકે કામગીરી બજાવી હોય તેને ઓછામાં ઓછા એક વખત કોઈ પરીક્ષામાં ન નીમવા એવી જે પ્રથા છે તેને બદલે ચાર વખત પ્રાશ્નિક-પરીક્ષક તરીકે કામગીરી બજાવી હોય તો તેને ઓછામાં ઓછા એક વર્ષ કોઈ પરીક્ષામાં ન નીમવા અંગેના ડો. જે. બી. હરિભક્તિના સૂચન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ "ઉચ્ચ શિક્ષણના મૂલ્યાંકન" અંગેના રિપોર્ટ પર સિન્ડિકેટે તેની તા. ૧-૭-૧૯૬૭ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

અને

૮ (ક). સિન્ડિકેટની તા. ૩/૪-૭-૧૯૬૬ની સભાએ ૧૯૬૬ની ત્રિવર્ષીય પદ્ધતી પરીક્ષાનાં પરિણામો પર આંતરિક ગુણાંકન તથા બીજાં પરિબળોની અસર તપાસવા નિમાયેલ આંતરિક ગુણાંકન સમિતિનો અહેવાલ, સિન્ડિકેટે તેની તા. ૭-૧-૧૯૬૭ની સભામાં એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

(ખ) સિન્ડિકેટની તા. ૩/૪-૭-૧૯૬૬ની સભાએ નીચેની આંતરિક ગુણાંકન સમિતિ (આંકડાશાસ્ત્રીય) એ થર્ડ બી.એ., થર્ડ બી.એસસી. તથા થર્ડ બી.કોમ. પરીક્ષામાં આંતરિક કસોટી પરીક્ષાઓમાં ૯૦ ટકા ઉપરાંત ગુણ મેળવનાર વિદ્યાર્થીઓના કેસોનો અભ્યાસ કરી રજૂ કરેલ અહેવાલ, સિન્ડિકેટે તેની તા. ૭-૧-૧૯૬૭ની સભાએ એકેડેમિક કાઉન્સિલની જાણ માટે મોકલેલ હોઈ તેની નોંધ લેવા બાબત.

સદરહુ બાબત અને બાબત નં. ૮ એ પર સાથે વિચારણા કરવાનું કામ બીજા દિવસે, એટલે કે તા. ૧૧-૭-૧૯૬૭ના રોજ રાખવાનું સભાગૃહે નક્કી કર્યું અને તે અનુસાર, તા. ૧૧-૭-૧૯૬૭ના રોજ તે બાબતો અંગે બાબત નં. ૪૧ પછી વિચારણા કરવામાં આવી અને જુદા જુદા સભ્યોએ પોતાનાં મંતવ્યો વ્યક્ત કર્યાં તે પછી ઠરાવવામાં આવ્યું કે તે બાબતો હવે પછીની સભાની વધુ વિચારણા માટે મોકૂફ રાખવી.

૫. ઉપલી પરીક્ષામાં એ.ટી.કે.ટી. મળી હોવાને કારણે જે વિદ્યાર્થીઓનું પરિણામ તેણે નીચલી કક્ષાની પરીક્ષાના બાકીના વિષયની પરીક્ષામાં પાસ નહીં થવાને કારણે ઉપલી પરીક્ષાનું પરિણામ ઓ. ૧૨૭ (જેમાં એ.ટી.કે.ટી. મળેલ) હેઠળ અનામત હતું તેમને ઉપરની પરીક્ષાના બાકીના વિષયની પરીક્ષા જેમાં આપવાની હોય તેની જાણ કરી નીચેની પરીક્ષાના બાકીના વિષયની પરીક્ષા સાથે આપવા જણાવેલ તેથી આવા વિદ્યાર્થીઓના

કેસમાં જે વર્ષે તેનું પરિણામ અનામત રહ્યું હોય તેથી બે વર્ષમાં નીચલી પરીક્ષા પાસ ન કરે તો તેનું ઉપલી પરીક્ષાનું પરિણામ રદ થાય, પરંતુ પ્રશ્ન એ રહે છે કે જેમનું પરિણામ એ.ટી.કે.ટી. મળતી હોવાને કારણે પણ એ. ૧૨૭ હેઠળ અનામત રહેલ તેઓ ત્યાર બાદ ઉપલી પરીક્ષાના બાકીના વિષયમાં બીજે વર્ષે બેઠેલ હોય તો તેમના કેસમાં બે વર્ષની મુદત જે વર્ષે પરિણામ અનામત રહ્યું ત્યારથી ગણવી કે જે વર્ષે ઉપલી પરીક્ષામાં છેલ્લે બાકીના વિષયમાં બેઠા હોય ત્યારથી ગણવી તે અંગે વિચારણા કરવા અંગેની બાબત સિન્ડિકેટે તેની તા. ૧-૭-૧૯૬૭ની સભાએ એકૅડેમિક કાઉન્સિલની વિચારણા કરવા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓને તેમની ઉપરની પરીક્ષાના બાકીના વિષયની પરીક્ષા ક્યા વિષયમાં આપવાની રહે છે તેની જાણ જે તારીખે કરવામાં આવી હોય તે તારીખથી બે વર્ષ માટે અનામત રાખવું, અને તે સમય સુધીમાં તેઓ નીચલી પરીક્ષાના બાકીના વિષય કે વિષયોમાં ઉત્તીર્ણ થાય નહીં તો ઉપલી પરીક્ષાનું સમય પરિણામ રદ કરવું.

૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૮-૫-૧૯૬૫ના પત્રાંક એફ.૭-૭-૧૯૬૫ (એલ)ની સાથે આવેલ અંગ્રેજીની રિવ્યુ કમિટીના રિપોર્ટમાં જણાવેલી કેટલીક ભલામણો પરત્વે વિચારણા કરી અંગ્રેજીની અભ્યાસસમિતિએ તેની તા. ૨૭-૬-૧૯૬૬ની સભામાં કરેલી નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ભલામણ કરવામાં આવે છે કે પ્રી-યુનિ. વર્ષમાં પ્રત્યેક વિદ્યાશાખામાં અંગ્રેજી ભાષા અને લેખનનો એક વધારાનો પ્રશ્નપત્ર ફરજિયાત બનાવવો. આમ થતાં યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને અંગ્રેજી ભાષાનો પરિચય વધારે સુકર થશે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના અભિપ્રાય માટે મોકલવી.

૭. સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એકઝામિનેશન્સની તા. ૨૧-૧૨-૧૯૬૬ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા તેમ જ સદરહુ ભલામણોને અનુલક્ષીને રેગ્યુ. ૭માં ઘટતો ફેરફાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૧-૧૨-૧૯૬૬ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી તથા તે ભલામણોને અનુલક્ષીને સુધારેલો રેગ્યુ. ૭ મંજૂર કરવા અને તેને ૧૫મી જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા રેગ્યુ. ૭ની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૮. સદરહુ બાબત અંગેની વિચારણા આગળ બાબત નં. ૪ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૯. જૂના અભ્યાસક્રમની બી.કૉમ.ની પરીક્ષામાં નાપાસ થનાર વિદ્યાર્થીને જે વિષય કે વિષયોમાં મુક્તિ મળી હોય તે આધારે નવા અભ્યાસક્રમની થર્ડ બી.કૉમ. પરીક્ષામાં

કયા વિષયોમાં મુક્તિ આપવી તે અંગેના વાણિજ્ય વિદ્યાશાખાના ડીનના અભિપ્રાય પ્રમાણે કાર્યાલયે સૂચવેલ નીચેનો આર. કોમ. ૧૨-એ નો પાઠ મંજૂર કરવા બાબત :

R.Com. 12-A :

A candidate who has earned exemption in the following subject or subjects at the B Com. (Old Course) Examination shall, at his option, be excused from appearing in the corresponding subjects of the Third B.Com. Examination shown against respective subject as under :

Subject at B.Com (Old Course) Examination	*Subject at Third B.Com. Examination*
1. Optional subject (which offered)	1. Optional subject papers 3 & 4 (as offered in B.Com.) (Old Course) Examination.
2. Mercantile Law	2. Mercantile Law
3. English	3. English
4. Business Organisation	4. Business Administration, Paper II

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. કોમ. ૧૨-એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિકે અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૦. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૩ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

તે પછી બાબત નં. ૨૨ અંગે વિચારણા કરવામાં આવી.

૨૨. તબીબી વિદ્યાશાખાની તા. ૨૭-૭-૧૯૬૬ની સભાએ કરેલી ભલામણ અનુસાર બી.એસસી. (પોસ્ટ-બેઝિક) કોર્સ ઇન નર્સિંગના અભ્યાસક્રમો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સદરહુ અભ્યાસક્રમોની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૧. એગ્રિકલ્ચરની અભ્યાસસમિતિની તા. ૧૩-૯-૧૯૬૬ની સભામાં થયેલા નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"The Chairman's reports of the examination were gone through and it was observed that Chairman being internal examiner, their reports may become biased. It is suggested that in future the external examiner may be required to give his comment on the performance of candidates."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિના ઉપરના ઠરાવની નોંધ લેવી.

૧૨. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષની સૂચના અનુસાર સ્ટે. ૧૧૩-ઈ અન્વયે નીચે જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી

આવેલ મહાનિબંધ અંગે નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે અભ્યાસસમિતિના અધ્યક્ષે પત્રવ્યવહારથી કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત :

Sr.No.	*Name of the candidate*	*Degree*	*Subject*	*Internal Referee*	*External Referee*
1.	Shri K. C. Amin	Ph.D.	*Chemistry* : "Studies in complexes of ketoximes and their Analytical Application"	Dr. V. M. Thakore, Gujarat College, Ahmedabad-6	1. Dr. Charles, V. Banks, Institute of Atomic Research and Department of Chemistry, Iowa State College, A.M.E.S., Iowa (U.S.A.) 2. Ray F. Wilson, Department of Chemistry, Texas Southern University, Huston 4, Texas (U.S.A.) *For viva-voce* 1. Dr. B. C. Haldar, Professor of Inorganic Chemistry, The Institute of Science, Bombay-1, B.R. 2. Dr. R. D. Patel, Prof. of Chemistry and Head of the Chemistry Department, Sardar Vallabhbhai University, Vallabh Vidyanagar (Via Anand).

Sr. No.	*Name of the candidate*	*Degree*	*Subject*	*Internal Referee*	*External Referee*
2.	Shri R. S. Shah	Ph.D.	"Studies in Corrosion of Brass"	Dr. A. M. Trivedi	1. Dr. G. J. Schafer, Dominion Laboratory, Wellington (New Zealand) 2. Dr. F. P. A. Robinson, University, Witwatersrand, Johannesburg (South Africa). 3. Dr. J. Bumbulis, University Toranto, Toranto (Canada) 4. Dr. Norman Hackerman, University of Texas, Austin (Texas State) (U.S.A.) *For viva-voce* 1. Dr. T. L. Ramachar, Indian Institute of Science, Banglore-12. 2. Dr. K. S. Rajgopalan, Central Electrochemical Research Institute, Karaikudi-3 (S. India)

Sr. No.	*Name of the candidate*	*Degree*	*Subject*	*Internal Referee*	*External Referee*
					3. Dr. A. K. Laniri, Corrosion Advisory Bureau, Metals Committee (C.S.I.R.) C/o. Tata Iron & Steel Co. Ltd., Jamshedpur.
3.	Shri N. A Patel	Ph.D.	"Studies in Saline & Alkali soils of Gujarat"	Dr. A. M. Trivedi	1. Dr. Leland H., Gile soil Scientist Soil Conservation Service, U.S.A. University Park, New Mexeco, U.S.A. 2. Dr. Hans Brawand Hoblitzelle, Agricultural Laboratory, Texas Research Foundation, Renner, Texas, U.S.A. 3. Dr. Milton Fireman, 831, 14th Street, Denver, Coloraco, 80202, U.S.A. 4. Dr. M. N. Arca, Univeridad, Agraria Lima, Feru, South America.

Sr. No.	*Name of the candidate*	*Degree*	*Subject*	*Internal Referee*	*External Referee*
					For viva-voce
					1. Dr. B. V. Mehra, Head of the Chemistry Dept., B.A. Institute of Agriculture, Anand, W. Rly.
					2. Dr. S. Aditya, Reader in Chemistry, Department of Applied Chem, University College of Science and Technology, 92, Acharya Prafullachandra Rd., Culcutta–9.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મુજબ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩. ગુજરાતીની અભ્યાસસમિતિના અધ્યક્ષની સૂચના અનુસાર સ્ટે. ૧૧૬-૬ અન્વયે નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે તેની નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે અભ્યાસસમિતિના અધ્યક્ષે પત્રવ્યવહારથી કરેલ ભલામણ પર વિચારણા કરવા બાબત:

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ઇન્ટર્નલ રેફરી	એકસ્ટર્નલ રેફરી સૂચિત રેફરીઓ
શ્રી. કે. વી. શેઠ	પીએચ.ડી.	ગુજરાતી : "જયંત પંડિતકૃત શૃંગાર મંજરી રાસ, શીલવતી ચરિત્ર રાસ પાઠ પ્રવેશક ટિપ્પણ"	ડૉ. બી. જે. ઝવેરી	(૧) ડૉ. ભોગીલાલ જે. સાંડેસરા, અધ્યાપક નિવાસ, પ્રતાપગંજ, વડોદરા–૨ (૨) ડૉ. મંજુલાલ ર. મજમુદાર, "ચૈતન્ય ધામ", પ્રતાપ ગંજ, વડોદરા–૨

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ઇન્ટર્નલ રેફરી	એક્સ્ટર્નલ રેફરી સૂચિત રેફરીઓ
				(૩) શ્રી. મધુસૂદન ચિ. મોદી, વસંતકુંજ સોસાયટી, સંજીવની રોડ, અમદાવાદ-૭
				(૪) ડૉ. ટી. એન. દવે, મુ. મૂળી, વાયા સુરેન્દ્રનગર (સૌરાષ્ટ્ર)
				(૫) મુનિશ્રી જિનવિજયજી, "અનેકાન્ત વિહાર", સરદાર પટેલ સ્ટેડિયમ સામે, નવરંગપુરા, અમદાવાદ-૯.

[નોંધ.—(૧) અને (૨)માંથી કોઈ એકને થીસિસના એક્સ્ટર્નલ રેફરી તરીકે અને બાકીનામાંથી કોઈ બેને વિવાવોસ માટે ક્રમાનુસાર નીમવા સૂચવ્યું છે.]

[નોંધ.—આ અભ્યાસસમિતિના સભ્યશ્રી આર. બી. શાહે નીચે મુજબ રેફરીઓ સૂચવ્યા હતા. આ અંગે અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીને જાણ કરી હતી. તેઓએ તેમના તા. ૧૭-૩-૧૯૬૭ના પત્રાંક ૪૨૦૫થી જણાવ્યું છે કે શ્રી. આર. બી. શાહે સૂચવેલ નામોની નોંધ જરૂર પડયે ઉપયોગ કરવા સારુ રાખશો તેમ સૂચવ્યું છે :

(૧) શ્રી. પુન્યવિજયજી મહારાજ, અમદાવાદ

(૨) ડૉ. મંજુલાલ મજમુદાર, વડોદરા

(૩) ડૉ. રમણલાલ સી. શાહ, સેન્ટ ઝેવિયર્સ, મુંબઈ (યુનિ.)]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ/મૌખિક પરીક્ષા માટે નીચે મુજબ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. ડૉ. ભોગીલાલ જે સાંડેસરા, અધ્યાપકનિવાસ, પ્રતાપગંજ, વડોદરા-૨.

૨. ડૉ. મંજુલાલ ર. મજમુદાર, "ચૈતન્યધામ", પ્રતાપગંજ, વડોદરા-૨.

૩. શ્રી. મધુસૂદન ચિ. મોદી, વસંતકુંજ સોસાયટી, સંજીવની રોડ, અમદાવાદ-૭.

૪. ડૉ. ટી. એન. દવે, મુ. મૂળી (વાયા સુરેન્દ્રનગર), સૌરાષ્ટ્ર.

૫. મુનિશ્રી જિનવિજયજી, અનેકાન્ત વિહાર, સરદાર પટેલ સ્ટેડિયમ સામે, નવરંગપુરા, અમદાવાદ-૯.

૬. શ્રી. પુન્યવિજયજી મહારાજ, અમદાવાદ.

૭. ડૉ. રમણલાલ સી. શાહ, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, મુંબઈ યુનિવર્સિટી.

૧૪. બી.એડ. પરીક્ષા અંગે કૃપાગુણ અંગેનો નીચેનો રે. ૫૧-એ રદ કરવા અંગે વિચારણા કરવા બાબત :

"R. 51-A :

A deficiency of one mark in either part shall be condoned for every one per cent, by which the total marks gained by a candidate in the whole examination are in excess of 40% of the total marks for the examination provided that the deficiency so condoned shall not exceed 10 marks."

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરનો રેગ્યુ. ૫૧-એ તાત્કાલિક રદ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૫. આયુર્વેદ યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી. વિનાયક જ્યાનંદ ઠાકરને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૩(૨) અનુસાર કોઈ એક વિદ્યાશાખાનું સભ્યપદ આપવા બાબત :

(નોંધ.—આયુર્વેદ વિદ્યાશાખાનું સભ્યપદ તેમણે માગ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. વિનાયક જ્યાનંદ ઠાકરને આયુર્વેદ વિદ્યાશાખાનું સભ્યપદ આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૬. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) થર્ડ બી.એ.ની ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી હિન્દી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર-૬ માટે નિયત કરવામાં આવેલ "ઉદ્ધવશતક" (લે. જગન્નાથદાસ "રત્નાકર")ને બદલે "ભ્રમરગીતસાર" (પદ ૧થી ૧૫૦) (લે. સૂરદાસ, સંપાદક : રામચંદ્ર શુકલ) અભ્યાસક્રમ માટે નિયત કર્યાના;

(૨) થર્ડ બી.એસસી.ના અભ્યાસક્રમ અંગેના માળખાના રેગ્યુ. સાયન્સ ૧૪ના સ્પેશિયલ ડિગ્રી અભ્યાસક્રમમાં બોટાની, ઝૂલોજી અને જિયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષાઓ માટે ત્રણ પ્રયોગોને બદલે ચાર પ્રયોગો નિયત કર્યાના; અને

(૩) પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રીની વરણીસમિતિ ઉપર હાલના રસાયણ વિભાગના પ્રાધ્યાપક તરીકે કામ કરતા શ્રી. બી. કે. વૈદ્યની ઑ. ૬૬ પ્રમાણે વરણીસમિતિના સભ્યો તરીકે નિમણૂક કર્યા અંગેના.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૭. માસ્ટર ઑફ લેબર વેલ્ફેર પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓના એક્ઝેમ્પ્શન માર્ક્સ કેરી ફોરવર્ડ કરવા અંગેના રે. ૨૩૩-એ ના પાઠમાં, અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓમાં પાસ વર્ગ કાઢી નાખવામાં આવેલ છે તેના સંદર્ભમાં બદલો સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

[રે. ૨૩૩-એ નો સુધારેલો પાઠ નીચે પ્રમાણે થશે :

(1) A candidate who has passed in papers but failed in viva-voce test shall, at his option, be exempted from re-appearing for examination in papers.

(2) A candidate who has passed in viva-voce test but failed in papers, shall at his option, be exempted from re-appearing for examination in viva-voce test.

Provided that a candidate whose marks are carried over in viva-voce or in papers as mentioned in (1) and (2) above shall not be eligible for the First Class or for any University awards.]

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. ૨૩૩–એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૮. એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૨૪-૧૧-૧૯૬૬ની સભામાં બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ પર નીમેલા સભ્યો પૈકી નીચેના સભ્યો, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીઓના વિસ્તારો તા. ૨૩-૫-૧૯૬૭થી જુદા પડયા હોઈ, મજકૂર બોર્ડ પરથી ફારેગ થતા હોવાથી અન્ય સભ્યોની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) શ્રી. એચ. ડી. નોરોન્હા (સૌરાષ્ટ્ર)

(૨) શ્રી. એન. એમ. પટેલ, એગ્રિકલ્ચર કૉલેજ, નવસારી (સુરત)

(૩) શ્રી. એ. આર. દેસાઈ, આચાર્ય, કે. પી. કૉમર્સ કૉલેજ, સુરત (સુરત).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડ પર ડૉ. એચ. ડી. નોરોન્હાની જગ્યાએ ડૉ. એ. એમ. ત્રિવેદીને અને આચાર્ય એ. આર. દેસાઈની જગ્યાએ આચાર્ય એસ. આર. મહેતાને તા. ૨૩-૧૧-૧૯૬૯ સુધી સભ્યો તરીકે નીમવા.

(**નોંધ.**—શ્રી. એન. એમ. પટેલની જગ્યા પર અન્ય કોઈની નિમણૂક થઈ શકે તેમ નહીં હોવાથી તે ખાલી રહે છે.)

૧૯. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૫-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"એમ.કૉમ. થયેલાને બી.કૉમ. તથા બી.એ. કક્ષા સુધી અર્થશાસ્ત્ર શીખવવાની છૂટ આપવા ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી નહિ.

૨૦. વાણિજ્ય વિદ્યાશાખાની તા. ૧૨-૧-૧૯૬૭ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"કૉમર્સ ફૅકલ્ટી સર્વાનુમતે ઠરાવે છે કે વાણિજ્યના પ્રાધ્યાપકને ફર્સ્ટ બી.કૉમ.માં 'કૉમર્શિયલ કૉરસ્પૉન્ડન્સ' શીખવવાની છૂટ આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી નહિ.

૨૧. ઉપકુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) સેન્કડ બી.એ. ઍન્ડ થર્ડ બી.એ.ના મનોવિજ્ઞાન વિષય અંગેના રેગ્યુ. આર્ટ્સ ૭ અને રેગ્યુ. આર્ટ્સ–૧૨ માટે પ્રશ્નપત્રોની ગોઠવણ નીચે મુજબ રાખવામાં આવી છે અને પ્રશ્નપત્રો માટેનો વિગતવાર

અભ્યાસક્રમ સાથે આપેલા પરિશિષ્ટ "ઘ-૧" મુજબ નિયત કર્યાના :

સેક્ન્ડ બી.એ. અંગેનો રેગ્યુ. આર્ટ્સ-૭ જૂન ૧૯૬૭થી અમલમાં આવે છે અને થર્ડ બી.એ. અંગેનો રેગ્યુ. આર્ટ્સ-૧૨ જૂન ૧૯૬૮થી અમલમાં આવે છે.

Second B.A. R. Arts-I (Relevant Part)
(in force from June 1967)

Paper III : Psychology of Personal Adjustment

Paper IV : Applied Psychology

Paper V : Physiological Psychology

Third B.A. R. Arts-12 (Relevant Part)
(in force from June 1968)

Compulsory :

Paper VI : Experimental Psychology, Paper I—Theory & Statistics.

Paper VII : Experimental Psychology, Paper II—Practicals

Paper VIII : Advanced General Psychology

Paper IX : Child Psychology

Paper X : Optional Paper --Any one of the following :

(1) Schools and Theories of Psychology
(2) Educational Psychology
(3) Introduction to Industrial Psychology
(4) Introduction to Indian Psychology
(5) Introductory Abnormal Psychology

(૨) થર્ડ બી.એ. ૧૯૬૮ના વર્ષની પરીક્ષાના ગુજરાતી વિષયના પ્રશ્નપત્ર ૭ની પાઠ્યસૂચિમાં મુદ્દા ૧ના પેટામુદ્દા (૩), (૪) અને (૫)માં નીચે મુજબનાં વિગતો ઉમેર્યાના :

(૩) ભારત-યુરોપીય (ઇન્ડો-યુરોપિયન)થી ભારતીય આર્ય (ઇન્ડો-આર્યન) અને ભારતીય આર્ય (ઇન્ડો-આર્યન)ની પ્રાચીન, મધ્યમ ને અર્વાચીન ભૂમિકાઓ;

(૪) અપભ્રંશ :
જૂની ગુજરાતીનો ઉદ્ગમ અને વિકાસ, ગુજરાતીની ભૂમિકાઓ મારુ ગુર્જર, અર્વાચીન ગુજરાતીનો આરંભ, અન્ય ભાષાઓનો પ્રભાવ.

સદરહુ મુદ્દાઓને અંગે આપવામાં આવેલી પાઠ્યસૂચિ ત્રણે મુદ્દાઓના અભ્યાસક્રમને આવરી લે છે. પૃષ્ઠ ૪ ઉપરના મુદ્દા (૨)ના પેટામુદ્દા (૪) શબ્દસિદ્ધમાં પૂર્વગ-તદ્ધિત અને કૃત પ્રત્યયો તથા વ્યુત્પત્તિનો સમાવેશ થાય છે.

(૩) થર્ડ બી.એ.ના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. આર્ટ્સ ૧૨માં આપેલા ગૃહવિજ્ઞાન વિષયના અભ્યાસક્રમ માટે પ્રશ્નપત્રોની ગોઠવણ નીચે મુજબ રાખ્યાના :

Paper VI : Food and Nutrition–III (Dietherapy)

Paper VII : " " " –IV (Preservation & Theory & Practical)

Paper VIII : Home Management–III

Paper IX : Family Health & Child Psychology

Paper X : Family Health–III

પ્રશ્નપત્ર ૬ : ફૂડ ઍન્ડ ન્યુટ્રિશન–૩ (ડાયાથેરાપી), અને

પ્રશ્નપત્ર ૭ : ફૂડ ઍન્ડ ન્યુટ્રિશન–૪ (પ્રિઝર્વેશન થિયરી ઍન્ડ પ્રૅક્ટિકલ)નો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ છે.

પ્રશ્નપત્ર ૮ : હોમ મૅનેજમેન્ટ–૩નો અભ્યાસક્રમ અગાઉના પ્રશ્નપત્ર–૭ પ્રમાણે રહે છે.

પ્રશ્નપત્ર ૯ : ફૅમિલી હૅલ્થ ઍન્ડ ચાઇલ્ડ સાયકૉલોજીનો અભ્યાસક્રમ અગાઉના પ્રશ્નપત્ર ૮ પ્રમાણે રહે છે.

પ્રશ્નપત્ર ૧૦ : ફૅમિલી હૅલ્થ–૩નો અભ્યાસક્રમ અગાઉના પ્રશ્નપત્ર ૯ પ્રમાણે રહે છે. પ્રશ્નપત્ર ૬ અને ૭ના અભ્યાસક્રમની વિગતો પરિશિષ્ટ "ઘ–૨" તરીકે સામેલ છે.

(૪) સેકન્ડ બી.એસસી.ના રેગ્યુ. સાયન્સ ૮માં આપેલા કેમિસ્ટ્રી વિષયના અભ્યાસક્રમના પ્રશ્નપત્ર ૫ના સેક્શન ૨માં (પુસ્તિકાના પાના નં. ૬૮)માં આપેલી નીચેની ૭ ધાતુઓ તેમજ પ્રશ્નપત્રના સેક્શન ૧ના પેટાવિભાગ ૨માં વેનેડિયમ પછી ઉમેરવી અને આ ૭ ધાતુઓ સેક્શન ૨માંથી રદ કર્યાના :

'Molybdenum, tungston, Paliadium,
Platinum, Germanium, Tellurim.'

(૫) થર્ડ બી.એ., અને બી.એસસી.ના મૅથેમેટિક્સ વિષયના પ્રશ્નપત્રો અંગે નીચે મુજબ સ્પષ્ટતા કર્યાના :

(૧) થર્ડ બી.એ. અને બી.એસસી.ના મૅથેમેટિક્સ વિષયના પ્રશ્નપત્ર ૮–એનાલિટિકલ જ્યોમેટ્રીના અભ્યાસક્રમમાં નીચેના મુદ્દાઓ છે :

Paper VIII : Analytical Geometry includes the complete paper of Plane Geometry, Solid Geometry and Differential Geometry.

(૨) થર્ડ બી.એ. અને બી.એસસી.ના પેપર ૬–એ અને પેપર ૬–બી ના શિક્ષણ માટે નીચે મુજબ પીરિયડ રાખવા પૂરતા છે :

Paper VI : (*a*) Three periods of 45 minutes each per week

Paper VI : (*b*) 25 Practicals during the whole year, each practical being of about 90 minutes' duration.

(૬) સેકન્ડ બી.એ.ના મનોવિજ્ઞાન વિષયના પ્રશ્નપત્ર ૫ ફિઝિયોલોજિકલ સાયકૉલોજીના અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ "ઘ–૩" મુજબ સુધારી તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવાના;

(૭) સેકન્ડ બી.એ. અને થર્ડ બી.એ.ના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. આર્ટ્સ ૭ અને ૧૨માં આવતા "ઇન્ડિયન કલ્ચર" વિષયનો અભ્યાસક્રમ તથા એમ.એ., ભાગ ૨ના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. એમ.એ. ૮માં આવતો "ઇન્ડિયન કલ્ચર" વિષયનો અભ્યાસક્રમ આ સાથે આપેલા **પરિશિષ્ટ "ઘ-૪"** મુજબ સુધાર્યાના.

સેકન્ડ બી.એ. તથા એમ.એ., ભાગ ૨નો અભ્યાસક્રમ જૂન ૧૯૬૭થી અમલમાં આવે છે અને થર્ડ બી.એ.નો અભ્યાસક્રમ જૂન ૧૯૬૮થી અમલમાં આવે છે.

(૮) એમ.એ., એમ.એસસી., ભાગ ૨ના ગણિત વિષયમાં સ્પેશિયલ પેપરની યાદીમાં "થિયરી ઑફ નંબર્સ"નો એક વધારાનો પ્રશ્નપત્ર અભ્યાસક્રમમાં રાખી તેને જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવાના.

અભ્યાસક્રમ આ સાથે **પરિશિષ્ટ "ઘ-૫"** તરીકે સામેલ છે.

(૯) એમ.એ., ભાગ ૨ની ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી અંગ્રેજી વિષયની પરીક્ષાના પ્રશ્નપત્ર ૫ માટે નીચે મુજબનાં પાઠ્યપુસ્તકો અભ્યાસક્રમ માટે નિયત કર્યાના :

Paper V :

(1) Hardy : "Tess of the D'urbervilles" Macmillan : St. Martin's Library
(2) A. Huxley : "Ends and Means" (Chalto and Windus)
(3) Angus Wilson : "Anglo-Saxon Attitudes" (Penguin)
(4) "New Poetry" (,,)
(5) Eliot : "Murder in the Cathedral" (Faber & Faber)
(6) W. Churchill : "Great Contemporaries" (Collins Fontana paperback)

(૧૦) (અ) ફર્સ્ટ યર ડિપ્લોમા ઇન ફાર્મસીના ફાર્મ. રેગ્યુ. ૪માં વિષયોના માળખામાં ૬ઠ્ઠા વિષય તરીકે "ભારતીય ભાષા" અથવા "વધારાના અંગ્રેજી" માટે સેશનલ સહિત ૧૦૦ ગુણનો પ્રશ્નપત્ર અભ્યાસક્રમમાં રાખ્યાની જાણ કર્યાના;

(બ) ફાર્મ. રેગ્યુ. ૬માં "ભારતીય ભાષા" અથવા "વધારાના અંગ્રેજી"નો અભ્યાસક્રમ નીચે મુજબ રાખ્યાના :

A text-book (Prose)	..	50 marks
Essay	..	20 marks.

(ક) "ભારતીય ભાષા" અથવા "વધારાના અંગ્રેજી"ના પ્રશ્નપત્ર માટે અઠવાડિયામાં ઓછામાં ઓછા બે પીરિયડ લેવા જોઈશે, તેવી જાણ કર્યાના;

(ડ) ફર્સ્ટ યર ડિપ્લોમા ફાર્મસીની ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી ગુજરાતી વિષયની પરીક્ષા માટે "માણસાઈના દીવા" (લે. ઝવેરચંદ મેઘાણી) અભ્યાસક્રમ માટે નિયત કર્યાના;

રેગ્યુ. ન્યૂ ૫(બી) નીચે મુજબ સુધાર્યાના :

(*a*) Languages : grammar composition નામક પરિચ્છેદમાં છાપભૂલ હોવાથી રેગ્યુ. ન્યૂ. ૫(બી)(*b*)નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ સુધાર્યાના;

(*b*) Languages : grammar and composition	..	40 marks
Precis writing	..	15 marks
Amplification	..	15 marks
Report writing	..	10 marks.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૨૨. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૦ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૨૩. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર રૂટે. ૧૧૩-ઈ અન્વયે નીચે જણાવેલા વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા તે સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Name of the candidate	*Degree*	*Subject*	*Internal Referee*	*External Referee*
Shri V. P. Pandya	Ph.D.	'Study of Silicates'	Dr. D. J. Mehta, Central Salt & Marine Chemicals Research Inst., Bhavnagar	1. Dr. J. J. Chessick, Lehigh University, Bethlehem, Pennsylvenia, (U.S.A.) 2. J. A. Hockey, Department of Chemistry, Manchester College of Science Technology, University of Manchester, Manchester, England. 3. Dr. S. A. Greenberg, Mechrolah Inc., Mountain View, California, U.S.A.

Name of the candidate	*Degree*	*Subject*	*Internal Referee*	*External Referee*
				Referees for Viva 1. Prof. S. K. Bhattacharya, Indian Institute of Technology, Kharagpur. 2. Prof. R. C. Mehrotra, University of Rajasthan, Jaipur 3. Dr. J. Gupta, Deputy Director, National Chemical Laboratory, Poona–8.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મુજબ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૪. સંસ્કૃતની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર સ્ટે. ૧૧૩-ઈ અન્વયે નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા તે સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ઇન્ટર્નલ રેફરી	સૂચિત રેફરીઓ
શ્રી. યુ. જી. અંબાણી	પીએચ.ડી.	સંસ્કૃત "બિલ્હણ: તેનું જીવન અને કવન"	પ્રો. આર. બી. આથવલે	૧. શ્રી. જી. સી. ઝાલા, મુંબઈ ૨. શ્રી. એ. ડી. પુસાલકર, પૂના ૩. શ્રી. ડી. આર. માંકડ, ઉપકુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

(નોંધ.—૨૩ સભ્યોમાંથી ૪ સભ્યોની અનુમતિ આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મુજબ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૫. ફિઝિકસની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર સ્ટે. ૧૧૩-ઈ અન્વયે નીચે જણાવેલ વિદ્યાર્થી ના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા તે સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Name of the candidate	*Degree*	*Subject*	*Internal Referee*	*Recommended Referees*
Shri P. D. Angreji	Ph.D.	"Studies in Atmospheric Ozone and air-glow"	Dr. K. R Ramnathan	1. Prof. Dr. A. Ehmert, Max-Planck-Institution fur Aeronomie (20b) Lindau uber Northeim, Honnover-Germany (F.R.) *or* 2. Dr. Y. Miyake, Geophysical Laboratory, Meteorological Research Institute, Mabashi, Suginami-K, Tokyo-Japan.

(નોંધ.— ૩૧ સભ્યોમાંથી ૧૫ સભ્યોની અનુમતિ આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મુજબ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૬. શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિએ તેની તા. ૨૭-૬-૧૯૬૭ની સભામાં નીચે જણાવેલ વિદ્યાર્થી ના નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે તેની સામે જણાવેલ રેફરીઓની નિમણૂક કરવા ભલામણ કરી છે તે અંગે વિચારણા કરી રેફરીની નિમણૂક કરવા બાબત :

Name of the candidate	*Degree*	*Subject*	*Referees*
Shri M. B. Karnik	Ph.D.	*Education* Educational development in the State of Gujarat during the period 1951-1961 in the light of the eco-	1. Dr. I. S. Bangdiwala, Superior Educational Council, University of Puerto Rico Rio Piedras Puerto Rico (U.S.A.) 2. Dr. S. N. Mukerji, Head of the Dept. of

Name of the candidate	*Degree*	*Subject*	*Referees*
		nomic growth of the state	Educational administration, NCERT, NIE building Mehrauli Road, New Delhi-16 3. Dr. Madhuri R. Shah 'Anupam', Manav Mandir Road, Bambay.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મુજબ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૭. ફાર્મસીની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર રૂ. ૧૧૩-૬ અન્વયે નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ તપાસવા તે સામે જણાવેલ રેફરીઓનો ક્રમાનુવર્તી નિમણૂક કરવા પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Name of the candidate	*Degree*	*Subject*	*Internal Referees*	*Names of Referees*
Shri K. H. Pandya	Ph.D.	*Pharmacology* "Mechanism of Potentiation of certain Pharmacological effects of catecholaminas following chloroquine and amodiaquine."	ડૉ. એમ. એન. જિન્દાલ, પ્રોફેસર ઓફ ફાર્માકોલોજી, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	1. Prof. C. Heymans, Editor, Archives Internationales de Pharmacodynamie-et de Therapie, Editorial Office, Albert Baertsoenkaai, 3, Gent. Belgium 2. Prof. George Brownlay, Dept. of Pharmacology, King's College, Strand, London WC-2 (U.K.) 3. Prof. E. M. Boyd Head of the Dept. of Pharmacology, Queen's University, Kingston, Outario (Canada)

Name of the candidate	*Degree*	*Subject*	*Internal Referees*	*Names of Referees*
				Referee in India
				4. Dr. C. L. Malhotra, Prof. of Pharmacology, Lady Harding Medical College, New Delhi.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મુજબ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૮. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઓફ સ્ટેટિસ્ટિક્સની જગ્યા ઊભી કરવા વિજ્ઞાન-વિદ્યાભવનના અધ્યક્ષશ્રી તરફથી આવેલ પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઓફ સ્ટેટિસ્ટિક્સની એક જગ્યા ઊભી કરવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી.

૨૯. ભારત સરકારે કરેલ નિર્ણયને અનુલક્ષીને આ યુનિવર્સિટીમાં પણ સાર્વત્રિક ધોરણે દાખલ કરેલ એન.સી.સી. તાલીમ ત્રણ વર્ષને બદલે બે વર્ષની કરવાનું સિન્ડિકેટના તા. ૧-૭-૬૯ની બેઠકમાં ઠરાવવામાં આવ્યું છે તેના અનુસંધાનમાં આ તાલીમ અંગેના ઑર્ડિ. ૧૩૫-એ માં જરૂરી સુધારા કરી નીચે પ્રમાણે વંચાય તે રીતે મંજૂર કરવા બાબત :

ઑ. ૧૩૫-એ :

કલમ ૧ : It shall be the duty of every male student studying in the Pre-Uni. class or the First Year of the diploma classes and for one year immediately following thereafter in any of the colleges affiliated. . . . . colleges.

કલમ : : It shall be the duty of every female student studying in the Pre-Uni. class or the First Year of the diploma classes and for one year immediately following thereafter in any of the colleges. . . . . University.

કલમ ૮ : Notwithstanding anything contained above, a student who has undergone N.C.C. training for *two* years shall not be required to join N.C.C. . . . . First aid.

આથી ઠરાવવામાં આવે છે કે એન.સી.સી.ની તાલીમનો **ક્રમ** ત્રણ વર્ષને બદલે બે વર્ષનો કરવા માટે અને તે પ્રી-યુનિવર્સિટી અને તેની તરત જ પછીના બીજા એક વર્ષ માટે એમ કુલ બે વર્ષો માટે

સશક્ત પુરુષ વિદ્યાર્થીઓ માટે સાર્વત્રિક ધોરણે લાગુ પાડવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી, તથા આ ફેરફારને અનુલક્ષીને ફિઝિકલ ટ્રેનિંગનો સમય પણ બે વર્ષ માટેનો રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ઉપરની ભલામણોને અનુલક્ષીને ઑર્ડિ. ૧૩૫-એ સુધારવા તથા તેને ૧૫મી જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા રેગ્યુ. ૧૩૫-એની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૧૦-૭-૧૯૬૭ના રોજ બંધ રાખવામાં આવ્યું અને તા. ૧૧-૭-૧૯૬૭ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે સભા ફરી મળતાં બાકીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૩૦. શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિએ તેની તા. ૨૭-૬-૧૯૬૭ની સભામાં કરેલ નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"એજ્યુકેશનની કૉલેજો માટે પ્રાધ્યાપકો, વ્યાખ્યાતા અને ટ્યૂટરોનું પ્રમાણ ૨ : ૫ : ૩નું રાખવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૧. શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૨૭-૬-૧૯૬૭ની ભલામણ અનુસાર બી.એડ. અને એમ.એડ.ના સુધારેલા અભ્યાસક્રમો મંજૂર કરવા તથા તે માટે રેગ્યુ. ૪૩, રેગ્યુ. ૪૪, રેગ્યુ. ૪૫, રેગ્યુ. ૪૬, રેગ્યુ. ૪૭, રેગ્યુ. ૪૮, રેગ્યુ. ૪૯, રેગ્યુ. ૫૦, રેગ્યુ. ૫૧ અને ઑ. ૧૮૫, ઑ. ૧૮૬, તેમ જ રેગ્યુ. ૫૮, રેગ્યુ. ૫૯, રેગ્યુ. ૬૦, રેગ્યુ. ૬૧, રેગ્યુ. ૬૨, રેગ્યુ. ૬૩, રેગ્યુ. ૬૪ અને ઑ. ૧૮૮ મંજૂર કરવા અને તેને જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ સ્વીકારીને તે અનુસાર ઉપર જણાવેલા રેગ્યુલેશનો સુધારવા અને સુધારેલા તે રેગ્યુલેશનોને ૧૫મી જૂન ૧૯૬૮થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(સુધારેલા રેગ્યુલેશનોની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૩૨. શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિએ તેની તા. ૨૭-૬-૧૯૬૭ની સભામાં કરેલ નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

' એજ્યુકેશનની કૉલેજોમાં લેક્ચરરની જગ્યા માટેનાં લાયકાતનાં ધોરણ નીચે પ્રમાણે રાખવા એકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે :

Lecturer :

1. M.Ed. with First class.
2. (*a*) M.Ed., and
   (*b*) two years' teaching experience as a Tutor in a Secondary Teachers' College or two years' experience of research or three years' administative experience.

3. (*a*) M.A., M.Sc., M.Com. and B.Ed. with Second Class; and
(*b*) five years' post-B.Ed. teaching experience in a high school or a Primary Teachers' College.

4. (*a*) (*i*) B.A., B.Sc., B.Com. with Second Class, and B.Ed. with Second Class and M.Ed.

or

(*ii*) B.Ed. with First Class and M.Ed.

or

(*iii*) M.Ed. with Second Class

or

(*iv*) Ph.D. in Education; and

(*b*) five years' post-B.Ed. experience in a high school *or* a Primary Teachers' College.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મુજબ શિક્ષણશાસ્ત્રની કૉલેજોમાં કામ કરતા લેક્ચરરોની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૩. પ્રત્યેક કૉલેજમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની ગુરુતમ સંખ્યા ૧૫૦૦થી વધારી ૧૦૦૦ રાખવા અંગે શ્રી. મણિશંકર પંડ્યા તરફથી આવેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરીને રિપોર્ટ રજૂ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ રચવી :

૧. ઉપકુલપતિશ્રી, અધ્યક્ષ
૨. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક
૩. શ્રી. મણિશંકર પી. પંડ્યા
૪. આચાર્ય એસ. આર. ભટ્ટ
૫. આચાર્ય ય પ્રા. શુક્લ
૬. આચાર્ય હરિહર શુક્લ
૭. આચાર્ય ડૉ. આર. ડી. દેસાઈ
૮. આચાર્ય એમ. એસ. પંડિત
૯. આચાર્ય એમ. સી. શાહ
૧૦. આચાર્ય જે. બી. સાણ્ડિલ
૧૧. આચાર્ય ડૉ. ધીરુભાઈ પી. ઠાકર.

૩૪. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રીની સૂચના અનુસાર રૂ. ૧૧૩-ઈ અન્વયે નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ વિષય સંબંધી પીએચ.ડી. પદવી માટે આવેલ મહાનિબંધ અંગે નીચે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા

પત્રવ્યવહારથી મેળવેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

Sr. No.	*Name of the candidate*	*Degree*	*Subject*	*Internal Referee*	*External Referees*
1.	Shri A. Y. Kulkarni	Ph.D.	***Chemistry*** "Ceric Ion Induced Redox Polymeritation of Acrylonitrile on Cellulose"	Dr. P. C. Mehta	1. Dr. G. Mino, American Cyanamid Co., Research Division, Bound Brook, New Jersey (U.S.A.) 2. Dr. S. Kaizerman American Cyanamid Co., Research Division Bound Brook, New Jersey (U.S.A.) 3. Dr. V. Stannett, Camille Dregfus Labo., Research Traiangle Institute, Dusham, North Carolina (U.S.A.) 4. Dr. R. H. Marchassault, Cellulose Research Institute, State University, College of Forestry, Syracuse, New York (U.S.A.) ***Referees for Viva*** 1. Dr. R. D. Patel, Professor of Chemistry, Dept.

Sr. No.	*Name of the candidate*	*Degree*	*Subject*	*Internal Referee*	*External Referees*
					of Chemistry, Sardar Patel University, Vallabh Vidya-nagar, Via Anand 2. Dr. K. H. Shah University Dept. of Chemical Technology, Matunga (C.R.), Bombay.
2.	Shri M. V. Chandorikar	Ph.D.	Chemistry : "Recovery of Anhydrous Sodium Sul-phate by the Floration Process"	Dr. D. S. Datar	1. Dr. Brad Gunn, National Research Council, Sussex Street, Ottawa -Ont (Canada) 2. Dr. Robert H. Dettre, Organic Chemicals Department, E-I du Pout de Nemours and Co. Wilmington-98, Delawara, U.S.A. 3. Dr. J. Rogers, University of Cambridge, Cambridge (England) *Referees for Viva* 1. Dr. G. D. Shah, Associate Profes-sor of Chemistry,

Sr. No.	*Name of the candidate*	*Degree*	*Subject*	*Internal Referee*	*External Referees*
					Department of Chemistry, Indian Institute of Technology, Powai, Bombay 2. Dr. B. V. Shah, Chief Chemist, Atul Limited, Research Laboratory, P.O. Atul (Via Bulsar).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મુજબ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩૫. જનરલ એજ્યુકેશન અભ્યાસસમિતિની તા. ૩૦-૯-૧૯૬૬ની સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) The Board of General Education resolves to recommend that the subject of General Education should be made a part of University Examination, so as to serve the purpose of teaching the subject more effectively and fruitfully.

(૨) દ્વિતીય વર્ષ બી.એ.ના અભ્યાસક્રમમાં માનસશાસ્ત્રના વિષયમાં Gandhism પછી નીચેનો મુદ્દો ઉમેરવો :

નીચેનાં ત્રણ પુસ્તકોને આધારે શીખવવું :

1. "General introductory lectures on Psychoanalysis" by Signund Frend.
2. (*a*) "Man for Himself" by Erich Fromm
   (*b*) "Fear of Freedom" by Erich Fromm
3. "Neurosis and Human Growth" by Karen Horney
4. "Nature Mind" by Over Streat.

(૧) સદરહુ અભ્યાસસમિતિની ભલામણ નં. ૧ અંગે ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે જનરલ એજ્યુકેશનની પરીક્ષા અંગે હાલનાં ધારાધોરણોમાં કશો ફેરફાર કરવો નહિ.

(૨) સદરહુ સમિતિની ઉપરની ભલામણ નં. ૨ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે "સામાન્ય શિક્ષણ"નું શિક્ષણકાર્ય વધુ સારી રીતે કેમ ગોઠવાય તે અંગે ઘટતી વિચારણા કરવા તે અંગેની અભ્યાસસમિતિને સૂચવવું.

૩૬. પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય તથા પ્રથમ વર્ષ ડિપ્લોમા ઇન ફાર્મસીની ૧૯૬૮ના વર્ષમાં લેવાનારી પરીક્ષાના વધારાના અંગ્રેજી વિષય માટે નીચેનું પુસ્તક મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાયની નોંધ લેવા બાબત :

"The Strange Case of Dr. Jekyl and Mr. Hyde"—Stevenson (Simplified)—Longmans.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૩૭. નીચેના વિદ્યાર્થીઓનાં નામ સામે જણાવેલ પદવીના મહાનિબંધો અંગે રેફરીઓ તરફથી આવેલા અહેવાલો (જાણ માટે) :

ક્રમાંક	નામ	વિષય	પદવી
૧.	શ્રી. એસ. એન. હર્વે	ભૌતિકવિજ્ઞાન	પીએચ.ડી.
૨.	શ્રી. જી. એસ. વ્યાસ	ગુજરાતી	પીએચ.ડી.
૩.	શ્રી. પી. સી. પરીખ	પ્રાચીન ભારતીય સંસ્કૃતિ	પીએચ.ડી.
૪.	શ્રી. એચ. કે. નાયક	અર્થશાસ્ત્ર	પીએચ.ડી.
૫.	કુ. એસ. કે. દલાલ	રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૬.	શ્રી. એ. આર. પરીખ	રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૭.	શ્રી. એ. ડી. મનસૂરી	વનસ્પતિવિજ્ઞાન	પીએચ.ડી.
૮.	શ્રી. પી. જી. શુક્લ	સંસ્કૃત	પીએચ ડી.
૯.	શ્રી. એમ. પી. પટેલ	ગુજરાતી	પીએચ.ડી.
૧૦.	શ્રી. એસ. સનાતની	ભૌતિકવિજ્ઞાન	પીએચ ડી.
૧૧.	શ્રી. એમ. એ. અબ્દુ	ભૌતિકવિજ્ઞાન	પીએચ.ડી.
૧૨.	કુ. વી. એ. વોરા	ગુજરાતી	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલોની નોંધ લેવી.

(સદરહુ અહેવાલોની નકલ પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૩૮. સંલગ્ન શિક્ષણની કૉલેજોમાં પ્રથમ ૧૦૦ વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી : શિક્ષકનું પ્રમાણ ૧૦ : ૧ રાખવા અને તે પછીના વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થી : શિક્ષક પ્રમાણ ૧૫ : ૧

રાખવાના એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

૩૯. આચાર્યશ્રી એસ. આર. ભટ્ટના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત:

(૧) તૃતીય વર્ષ બી.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી બીજા કોઈ વિષય સાથે અભ્યાસ કરેલો હોય તો ફરજિયાત વિષયોમાં મુક્તિ રાખી શકાશે.

(૨) વિજ્ઞાનની સ્નાતક કક્ષાની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થિની ગૃહવિજ્ઞાનનો અભ્યાસ કરે તો એને બીજા વર્ષમાં (એસ.વાય.બી.એ.માં) પ્રવેશ મળશે અને અંગ્રેજી અને સામાન્ય જ્ઞાનમાં તે ઉત્તીર્ણ થયેલ હોઈ તે વિષયોમાં તે મુક્તિ મેળવી શકશે.

(૧) ઉપરના પ્રસ્તાવ નં. ૧ અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત વિનયન અને વિજ્ઞાનની વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવી.

(૨) ઉપરના પ્રસ્તાવ નં. ૨ અંગે ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત વિનયન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બે બાબતો, બાબત નં. ૪૦ અને ૪૧ તરીકે રજૂ કરવામાં આવી:

૪૦. એકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભામાં (બાબત ક્રમાંક ૧૨૩) ઓ. કૉમ. ૫-બી અંગે બે સત્રો સેકન્ડ બી.કૉમ. અને બે સત્રો થર્ડ બી.કૉમ.નાં ભરવા અને ફર્સ્ટ બી.કૉમ.ની પરીક્ષામાં પાસ ન થયા હોય અથવા જેનું સેકન્ડ બી.કૉમ.ની પરીક્ષાનું પરિણામ જાહેર થયું ન હોય તેવા વિદ્યાર્થીઓને થર્ડ બી.કૉમ.નાં સત્રો ન ભરવા દેવાય તેવી સ્પષ્ટતા કરી હતી, પરંતુ ઓ. કૉમ. ૫-બીનો પાઠ સુધારેલો નહિ હોવાથી ફર્સ્ટ બી.કૉમ.ની પરીક્ષામાં નાપાસ થયા હોય અથવા સેકન્ડ બી.કૉમ.ની પરીક્ષાનું પરિણામ જાહેર ના થયું હોય તેવા કેટલાક વિદ્યાર્થીઓ થર્ડ બી.કૉમ.ના વર્ગમાં જોડાયા હોવાથી તેમને અંગે શું કરવું તે માટે વિચારણા કરવા બાબત.

આથી સ્પષ્ટતા કરવામાં આવે છે કે ઑર્ડિ. કૉમ.-૫બીમાં એકૅડેમિક કાઉન્સિલની તા. ૨૩/૨૪/૨૫-૧-૧૯૬૭ની સભામાં કરવામાં આવેલી ભલામણને અનુલક્ષીને હજુ સુધી સુધારવામાં આવ્યો નથી, તે હકીકતના સંદર્ભમાં બી.એ.ની પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને બી.કૉમ.ની પરીક્ષા માટે ટી.વાય.બી.કૉમ.ના વર્ગમાં ચાલુ વર્ષે દાખલ થયેલા વિદ્યાર્થીઓને માટે ચાર સત્રો સળંગ રીતે ભરાય તે પર્યાપ્ત ગણવું અને તેમને એફ.વાય.બી.કૉમ.ની પરીક્ષામાં અને એસ.વાય. બી.કૉમ.ની પરીક્ષામાં ઑર્ડિનન્સ ૫-બીમાં જણાવેલ વિષયોમાં અને ટી.વાય.બી.કૉમ.ની સમગ્ર પરીક્ષામાં એકસાથે ભરવા માટે પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. કૉમ. ૫–બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અને તેને ૧૫મી જૂન ૧૯૬૭થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી :

O.Com. 5–b.

"A candidate who has passed the B.A. (Special) Examinations of this University in Economics either under the old Degree course regulations or under the existing Three-Year Degree Course regulations or in an examination of any other University considered equivalent thereto will be admitted to the Third B.Com. Examination of this University subject to the following conditions :

(*i*) That he produces a certificate of having attended for a period of 4 terms, two for second B.Com. class and two for T.Y.B.Com. class at a Commerce College affiliatsd to this University;

(*ii*) That he appears for the First B.Com. Examination in the following subjects and is declared successful therein either before or in the same examination season in which he appears at the 2nd B.Com. examination.

(*a*) Accountancy Paper I (Compulsory)

(*b*) Commercial Correspondence.

(*c*) Elements and Statistics, provided he has not offered statistics and Statistical Methods for his B.A. Examination.

(*d*) Optional Paper I in any one of the subjects under R.Com. 7.

(*iii*) That he appears for the Second B.Com. Examination in the following subjects and is declared successful therein either before or in the same examination season in which he appears at the T.Y.B.Com. examination.

(*a*) Accountancy Paper II (Compulsory)

(*b*) Business Administration Paper I

(*c*) Optional Paper II in the subject under R.Com. 7.

Explanation : The rules governing passing and allowing to keep terms shall aply mutatis-mutandis to these cases also.

A candidate who appears for the Third B.Com. Examination under the provisions of this ordinance will be entitled to claim exemption from

the papers in English and Indian Economic Problems (provided he has passed in this subject at the Third Year B.A. Examination). Candidate not availing the benefit of this clause of exemption and appearing in all subjects at B.Com. examination will be eligible for class but not for scholarship or award of any kind.

Note — Candidates appearing under this ordinance shall have no internal evaluation in subjects for First Year B.Com. Examination prescribed for them and will be awarded marks out of 100 in each of the subjects mentioned under (*ii*) above.

However for Second Year B.Com. and Third Year B.Com. Examinations the ordinaces regarding external and internal evaluation respectively shall apply to them for each one of the subjects prescribed for them."

૪૧. આચાર્ય એસ. આર. ભટ્ટના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

સંલગ્ન કૉલેજોના આચાર્યો માટેનાં શૈક્ષણિક લાયકાતનાં ધોરણો સુધારવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવી.

તે પછી બાબત નં. ૪ અને ૮ પર એક સાથે વિચારણા કરવામાં આવી. તે અંગેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એ.કા./૨૭૦૨૧/૧૯૬૭.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૯.
ઑગસ્ટ ૩, ૧૯૬૭.
શ્રાવણ ૧૨, ૧૮૮૯ (શક).

કું. ચં. પરીખ
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૩

GUJARAT UNIVERSITY CONVENTIONS

MEDICAL EXAMINATIONS

(a) First, Second and Third M.B.,B.S. Examinations

1. An Examiner should not be below the rank of an Assistant Professor or its equivalent.

   In Anatomy one of the Examiners may be a teacher in Surgery.

   In Physiology and Pharmacology one of the Examiners may be a teacher in Medicine.

2. In Clinical or non-Clinical subjects, a person may ordinarily be appointed for not more than two years consecutively, it being understood that the number of appointments are counted in the same subject at the same examination. Thereafter he should not be appointed at the same examination for a period of at least one year and in the case of internal Examiners, as far as possible, till all the names on the panel in the relevant subject are exhausted.

   One of the internal Examiners must have at least 10 years' teaching experience, and where because of absence of suitable person an Examiner has to be appointed to work as Senior Examiner in spite of the above rules, such appointment should not be for more than one year save in exceptional circumstances.

   A person is eligible to be appointed as an Examiner at the higher examination immediately after completing his normal turns or even earlier if he is otherwise eligible and his name stands on higher panel on usual terms that is for two years.

3. In the Clinical subjects, the same person may not be ordinarily appointed as an Examiner both in the Paper and Clinical and Oral.

4. Notwithstanding what is stated elsewhere, in Medical Faculty Seniority should be considered on the basis of only teaching experience as a Senior Lecturer or higher post after obtaining post-graduate qualification.

(*b*) Post-graduate Examination

5. No person shall be recommended as an Examiner or a Referee at a post-graduate examination, unless he holds a Doctor's or a Master's degree of this or any other recognised University or an equivalent qualification and has had subsequent to his obtaining the post-graduate qualification, at least 10 years' teaching experience as an Assistant Professor or Professor or their equivalent in the subject in a college or recognised institution of this or of any other recognised University or is a person of recognised eminence in the subject.

Diploma holders who have been recognised as full post-graduate teachers and have ten years' teaching experience as above will also be eligible for appointment as an Examiner.

6. Notwithstanding what is stated elsewhere, in Medical Faculty seniority should be considered on the basis of only teaching experience as a senior Lecturer or higher post after obtaining post-graduate qualification.

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૭

R. 7 :

The following are the examinations of other Universities and Bodies which have been recognised as equivalent to corresponding examinations of this University, as on 31st August 1966 *provided always that examinations were English is one of the subjectsto be passed at any examination in this University, equivalents as mentioned here-inafter to the corresponding examiuation of the other University or Board concerned shall be deemed to be given only, if the examinations in that other University or Board is also passed with English as one of the subject therein, or alte rnatively the entire examination is passed through English as the medium of examination.*

Name of the University or Body	*Examinations recognised equivalent to the corresponding examinations of this University*
1	2
Agra	: B.A., B.Sc., B.T., M.A., M.Sc., LL.B., B.Com., (for admission to M.Com., and LL.B. only), M.Com. (for admission to Ph.D.), M.B.,B.S.
Aligarh	: Pre-University Examinations Inter Arts (for admission to B.A.) Inter Science (for admission to B.Sc.) B.A. (for admission to M.A., First LL.B., B.Ed.) B.Ed., LL.B. B.Com. (for admission to First LL.B. only) B.Sc. (for admission to M.Sc.) M.Sc. (for admission to Ph.D., provided the candidate passes in the Second Divison.) M.A. (for admission to Ph.D. provided the candidate passes in the Second Division).
Allahabad	: Inter Arts, Inter Science, B.A., B.Sc., B.Sc. (Agri.), LL.B., M.A., M.Sc., M.B.,B.S.,+ M Ed., B.Com. (for admission to First LL.B. only)

+ For admission to the higher courses in the Faculty of Medicine.

1		2
Andhra	:	Pre-University Examinations, Inter Arts, Inter Commerce,++ Inter Science, B.A., B.Sc., M.A., M.Sc , M.B.,B.S., B.Ed. (B.T.), B.Sc. (Hons.) in French or German (=Language test for M.Sc.), Translation Test for M.Sc., B.Pharm. B.A., B.Sc., B.Com., Three-year Degree Course examinations and its part examinations provided they are taken by the University.
Annamalai	:	Pre-University Examinations Inter Arts,* Inter Science,* B.Ed., B.Sc (Hons.)
Baroda	:	All Examinations on reciprocal basis, so long as M. S. University of Baroda recognises the corresponding Examinations of our University. Inter Arts, Inter Science, Inter Commerce, B.A., B.Sc., B.Com., M.A., M.Sc., M.Com., T.D., B.Ed., M.Ed., F.E., S.E., B.E., I, II and III M.B.,B.S, Certificate of Dean Faculty of Home Science after completion 2 years' course is recognised for admission to Jr. B.A. class with Home Science. First Year of Three-year Degree Course=Intermediate Examination in respective faculties. Preparatory Arts, Science and Commerce, F.Y.B.A , F.Y.B.Com., F.Y.B.Sc. (for admission to Law and Science), Pre-Engineering (F.E. New Course)=Inter Science 'A' group, Pre-Medical or F.Y.B.Sc.=Inter Science 'B' group (for admission to Pharmacy or Ayurved Courses only), First LL.B., First Year B.Sc.=First B Sc. (for admission to S.B.Sc. course only), S.Y.Com., LL.B., Second B.Sc., Second B.A., B.A., B.Sc., B.Com., Three-years Degree Course, B.Text. (Tech.) Degree (for admission to First LL.B.)

++ If passed in Economics, Geography, Banking and Accountancy.

* If passed in Arts subject=Inter Arts and if passed in Science subjects = Inter Science.

1		2
Banaras	:	Pre-University Examinations Inter Arts, B.A., M.A., Inter Commerce, B.T., I.Sc., B.Sc., M.Sc. (for admission to the LL.B. Course), B.E. (Mech. & Elect.), LL.B., M.Sc., B.Pharm., M.Pharm. B.Com., M.Com., LL.M. (Provided the examination passed with 50% of marks), M.B.,B.S., M.D.,M.S.
Bihar	:	Inter Arts, Inter Science, Inter Commerce, B.A., B.Sc., B.Com., M.A.,M.Sc., B.L.=LL.B., M.B.,B.S. and B.Sc. (Engineering).
Birla Institute of Technology and Science, Pilani (Rajasthan) Bangalore	:	B Com., M.Com., Inter Pharm., M.Pharm., B.E. (Civil, Mech. & Elect.), M.E., M.Sc.
	:	B.A. (Old and New) B.Sc. „ „ „ B.Com. „ „ „ M.A. M.Sc. B.E. (Civil, Mech. & Elect.) M.E., M.B.,B.S., B.Pharm., M.D., M.Sc., B.D.S., B.L. (LL.B.), M.L. (LL.M.), B.Ed., B.A. (Hons.) B.Sc. (Hons.), Ph.D.
